व्याप्तिपञ्चक-प्रथमलक्षणोपरि

# गूढामृतलीला



मुनि राजधर्मविजयः

॥ ॐ ह्रीं श्रीं कलिकुण्ड पार्श्वनाथाय नमः ॥

॥ श्री जित-हीर-बुद्धि-तिलक-शान्तिचन्द्रसूरीश्वरेभ्यो नमः ॥

ॐ ऐँ नमः ।

"शशीशीला" गुर्जरव्याख्यया संवलिता

# गूढामृतलीला



**ग्रन्थकर्ता**

कलिकुण्डतीर्थोद्धारक प. पू. आ. वि. **राजेन्द्रसूरीश्वराणां**

शिष्यरत्नानां पन्न्यासप्रवर**राजपद्मविजय**गणिवर्याणां शिष्यः

मुनि राजधर्मविजयः

# GUDHAMRUTLILA

By

MUNI RAJDHARM VIJAY

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | **શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ**<br>૧૩, વિમલનાથ ફ્લેટ, ૧ શ્રીમાળી સોસાયટી,<br>નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯. |
| પ્રાપ્તિસ્થાન | : | **ચંપકભાઈ કે. શેઠ - રાજેન્દ્ર ટ્રેડીંગ કું.**<br>૧૦૫, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ,<br>અમદાવાદ. ફોન ૨૫૩૫૨૩૪૧,<br>મો: ૯૪૨૬૦૧૦૩૨૩ |
| | | **પ્રમોદભાઈ ગાંધી - પી. ગૌતમ એન્ડ કું.**<br>નંદનવન, ટાઉનહોલની સામે, એલીસબ્રીજ,<br>અમદાવાદ. ફોન : ૨૬૫૭૭૬૬૭, ૨૬૫૭૭૫૫૬ |
| | | **પ્રવીણભાઈ સી. ગાંધી**<br>બી-૩૨, કીર્તિસાગર ફ્લેટ, ઉસ્માનપુરા સર્કલ.<br>આશ્રમ રોડ, અમદાવાદ. મો. ૯૩૭૪૦ ૧૯૬૯૧ |
| | | **સુબોધભાઈ એલ. શાહ**<br>આઈ-૭, સ્વસ્તીક એપાર્ટમેન્ટ, બેરેજ રોડ,<br>વાસણા, અમદાવાદ-૭. મો. ૯૪૨૭૩ ૩૩૧૭૦ |
| | | **પંડિતવર્ય મનીષભાઈ પનુભાઈ**<br>૧૬, તીર્થભૂમિ એપાર્ટમેન્ટ, સર્વોદય સોસાયટી,<br>અચેર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.<br>મો. ૯૮૨૪૪ ૩૨૪૦૯ |
| મુદ્રક | : | **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિન શાહ-જય જિનેન્દ્ર)<br>૩૦,સ્વાતિ સોસાયટી,સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,<br>નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો.૯૮૨૫૦ ૨૪૨૦૪<br>ફોન : (ઓ) ૨૫૬૨૧૬૨૩ (ઘર) ૨૬૫૬૨૭૯૫<br>E-mail : jayjinendra90@yahoo.com |

# ગ્રંથકાર પરિચય

| | | |
|---|---|---|
| નામ | : | પૂ. મુનિશ્રી રાજધર્મવિજયજી મ.સા. |
| દીક્ષાદાતા | : | કલિકુંડ તીર્થોદ્ધારક<br>પ.પૂ.આ.ભ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. |
| ગુરુદેવ | : | પ.પૂ. પન્ન્યાસ પ્રવર શ્રી રાજપદ્મવિજયજી ગણિ |
| જન્મ | : | આસો શુક્લા ષષ્ઠી<br>૧૫-૧૦-૧૯૮૦<br>બુધવાર<br>માડકા |
| દીક્ષા | : | વિ. સં. ૨૦૫૬<br>કાર્તિક કૃષ્ણા દ્વાદશી,<br>૪-૧૨-૧૯૯૯<br>શનિવાર<br>માડકા (બનાસકાંઠા) |
| વડીદીક્ષા | : | વિ. સં.૨૦૫૬<br>માઘ શુક્લા ત્રયોદશી,<br>૧૭-૨-૨૦૦૦, સોમવાર<br>દોસા (રાજ.) |
| મૂલ્ય | : | અધ્યયન, અધ્યાપન |

★★★

# सारस्वताष्टकम्

**शी**तला शीतला शान्ता, शर्मदा शीलभूषणा ।
शोभिता शतपद्मेन, शरण्यानां शिवङ्करी ।। १ ।।

**ल**वणिम - समायुक्ता, सद्गुणवरदायिनी ।
पद्मस्थिता करेपद्मा, "**पद्मा**" प्रज्ञां प्रयच्छतु ।। २ ।।

**व**रदा विमला वन्द्या, लोकत्रयहितैषिणी ।
सुरेन्द्रै र्या सदा स्तुत्या, "**प्रीतिः**" प्रेक्षां प्रयच्छतु ।। ३ ।।

**ती**र्थकरमुखाब्जे या, संवसिता समुज्ज्वला ।
अज्ञानतमसो हन्त्री "**शीला**" मतिं प्रयच्छतु ।। ४ ।।

**शा**न्तिशातस्य दात्री या, दुरितवृन्द-नाशिनी ।
सौम्यमुखारविन्दा मे, "**शमा**" ज्ञानं प्रयच्छतु ।। ५ ।।

**र**म्य रमा-प्रसादेन, जडा भवन्ति पण्डिताः ।
हंसयाने समारूढा, "**गूढा**" ज्ञप्तिं प्रयच्छतु ।। ६ ।।

**दा**सित्री प्रतिभाबुद्ध्यो वीणापुस्तक-धारिणी ।
बिभ्रती मालिकां हस्ते, "**सीमा**" मेधां प्रयच्छतु ।। ७ ।।

राजेन्द्रसूरिसच्छिष्याः पन्न्यासराजपद्मकाः ।
सुविनेयाय तेषां हि, "**भद्रा**" दद्याद् वरं कदा ? ।। ८ ।।

# || સમર્પણમ્ ||



येषां प्रत्युपकाराय न शक्तोऽस्मि कदाचन।
तथापि चरणो तेषां पुष्पमेकं समर्पये ॥



# શુભાશીર્વચનમ્

પ્રાચીન ન્યાય અને નવ્ય ન્યાય બંને ન્યાયો ન્યાયના વિશ્વમાં પ્રસિદ્ધ છે. પ્રાચીન ન્યાયમાં કોઈપણ વસ્તુને સિદ્ધ કરવા માટે તર્કનું તર્કથી નિરુપણ થાય છે. તર્કનું તર્કથી ખંડન થાય છે. જ્યારે નવ્ય ન્યાયની નીતિ કાંઈક કઠિનતાપૂર્ણ **"અવચ્છેદકાવચ્છિન્ન"** વાળી હોવાથી મૂળવસ્તુને ફેરવી ફેરવીને સિદ્ધ કરવાની વૃત્તિ હોય છે.

જૈન જગતમાં **હરિભદ્રસૂરીશ્વરજી** મ.સા. પ્રાચીન ન્યાયના પુરસ્કર્તા ગણાય છે. જ્યારે સિદ્ધસેન **દિવાકર સૂરીશ્વરજી** મ.સા.જૈન ન્યાયના આદ્યપુરુષ ગણાય છે. તે પછી કાશીમાં અભ્યાસ કરીને આવેલ મહોપાધ્યાયજી **યશોવિજયજી** મ.સા. પણ નવ્ય ન્યાયના નિષ્ણાત બન્યાં. અજૈનોમાં તો પહેલેથી નવ્ય ન્યાય ખૂબ પ્રચલિત હતો. મારી ધારણા પ્રમાણે નવ્યન્યાયમાં જ્ઞાન ઓછું પણ બુદ્ધિની કસોટી વધારે. જ્યારે પ્રાચીન ન્યાયમાં બુદ્ધિની કસોટીની સાથે જ્ઞાનની પ્રાપ્તિ વિશેષ પ્રકારે થઈ શકે છે.

પ્રાચીન ઋષિ મુનિઓએ તર્ક દ્વારા વસ્તુની સિદ્ધિ કરવા માટે સતત અને સખત પ્રયત્ન કર્યો છે. જૈનાગમોમાં કોઈપણ વસ્તુની ક્યારેય સિદ્ધિ કરવી હોય તો તર્કની પ્રધાનતા કાયમમાટે રહી છે. એટલે જ **"तर्कप्रधानो हि आगमः"** આગમનો અર્થ જ આ છે. નય, પ્રમાણ વગેરેથી શુદ્ધ ન થયેલો એકપણ શબ્દ ક્યારેય પણ પ્રવૃત્તિમત્ બની શકતો નથી.

બુદ્ધિગમ્ય હોય છતાંય જે વ્યવહારગમ્ય ન હોય તે ક્યારેય પણ સત્ય સ્વરૂપે સ્વીકારી શકાતું નથી. છતાંય બુદ્ધિની કસોટી માટે નવ્ય ન્યાયનું અધ્યયન પણ અતિઆવશ્યક છે. જેનાથી બુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે.

મુનિરાજશ્રી **રાજધર્મવિજયે** ન્યાયનો સુંદરકોટિનો અભ્યાસ કર્યો. વ્યાકરણ, ન્યાય, સાહિત્ય સાથે કર્મગ્રન્થ વગેરેનો પણ અભ્યાસ કર્યો છે. નાની ઉંમરમાં પણ વ્યુત્પન્નમતિના કારણે તેઓ એક એક પદાર્થમાં ઉંડા ઉતરી તેના રહસ્યનું ઉદ્દ્ઘાટન કરે છે. તેમનો આ ગ્રંથ **"ગૂઢાભૃતલીલા"** જ્ઞાનપિપાસુ જીવોને, ન્યાયના અભ્યાસુ જીવોને સુંદર માર્ગદર્શક બનશે એવી આશા સાથે આશીર્વાદ.

મુનિશ્રી પણ બાહ્ય પદાર્થોની પક્કડમાંથી મુક્ત બની સુંદર કોટિના ગ્રંથોના અભ્યાસ સાથે ન્યાયશાસ્ત્રનો પણ અભ્યાસ કરે, અને શાસ્ત્રીય પદાર્થોનું સુંદર રહસ્યોદ્દ્ઘાટન કરે એવી આશા સાથે આશીર્વાદ.

કલિકુંડતીર્થોદ્ધારક પ.પૂ.આ.વિ.
શ્રી **રાજેન્દ્રસૂરીશ્વરજી** મ.સા.
રાજેન્દ્ર સૂરિ
કાર્તિક શુક્લા ચતુર્દશી
**1/11/2009**, ગુરુવાર,
સમેતશિખરજી મહાતીર્થ

# किञ्चित्प्रास्ताविकम्

इह जगति सर्वेऽपि प्राणिनः सुखाभिलाषिणः । व्याबाधारहित-सुखप्राप्तिः किल मोक्ष एव । तदवाप्त्युपायभूतमपास्तसर्वतीर्थान्त-रीयमतकर्दमं सर्वदर्शनप्रासादशिखरकलशायमानमनेकान्तसिद्धान्तात्मकं जिनमतम् ।

अस्य जिनमतस्य प्ररुपणा प्राच्यन्यायशैल्यां आचार्यश्रीहरिभद्रसूरीश्वर-सिद्धसेनदिवाकरसूरीश्वर-वादिदेवसूरीश्वर-मल्लवादिक्षमाश्रमण-मल्लिषेणसूरि-प्रमुखैः कृता । नव्यन्यायशैल्यां तु महोपाध्याय श्रीयशोविजयवाचकैः कृता । तेषां नव्यन्यायाधिपत्यं तु स्याद्वादरहस्य-वादमाला शास्त्रवार्तासमुच्चयादिग्रन्थेषु स्पष्टम् । साङ्गोपाङ्गजैनदर्शनाध्येतृणामेषा रुचि र्भवति । यदुत महोपाध्यायप्रवराणां ग्रन्थानां वयं रहस्यं प्राप्नुयाम । साध्यग्रन्था ह्येते । तेषां सोपानसदृशाः साधनग्रन्थाः पुनः सन्ति बहवः । तेषु व्याप्तिपञ्चकग्रन्थोऽपि शोभते ।

पूज्यपादकलिकुण्डतीर्थोद्धारक-आचार्यश्रीराजेन्द्रसूरीश्वराणां शिष्यरत्नाः पन्न्यासप्रवरश्रीराजपद्मविजयाः तेषां पुनः शिष्याः मुनिप्रवरश्री राजधर्मविजयाः तैः दशवर्षदीक्षापर्यायमध्ये प्रयास एष समीचिनः कृतः । ते शतशः साधुवादार्हाः । अनुमोदयामि तेषां स्वाध्यायरसम् । तैः ग्रन्थ संशोधनं ग्रन्थप्रस्तावना च मार्गिता । व्यस्ततावशादेकमेव कार्यं कर्तुमशक्नवम् । तच्च कृत्यं प्रस्तावना-लेखनम् ।

अवच्छेदकावच्छिन्नप्रतियोगितानुयोगिताविषयताविषयिता निरूपकता निरूपिततादिपरिभाषासंगोपिताङ्गनव्यन्याय दूर्गेऽध्येतृणां प्रवेशः सरलीभूतःस्यात्ततः पूज्यपादमत्प्रगुरु न्यायविशारदाचार्यदेव-

श्रीभुवनभानुसूरीश्वररचित न्यायभूमिकातः शाब्दबोधप्रक्रियाजटिलता निवारणौषधकल्पोपमया देवगुरुप्रसत्त्या नव्यन्यायचित्ररेखापद्धति-र्विकसिता... अत्रोपयोगित्वाद्दिग्दर्शनं क्रियते...

यथा...




रामनिष्ठपितृत्वनिष्ठनिरूपकतानिरूपितनिरूपिततावत्पुत्रत्ववान् लवः ।

अवच्छेदकावच्छिन्नघटितोदाहरणो यथा...




घटनिष्ठघटत्वनिष्ठावच्छेदकतानिष्ठनिरूपकतानिरूपित निरूपिततावदवच्छिन्नतावद्विषयतावद् घटः ।

सम्बन्धघटितोदाहरणो यथा -




संयोगनिष्ठसंसर्गतानिष्ठनिरूपकतानिरूपितजलनिष्ठप्रकारता-निष्ठनिरूपिततानिरूपितनिरूपिततावद् विशेष्यतावद् भूतलम् । समनियतधर्मयोः सामानाधिकरण्यमिति प्राच्याः, ऐक्यमिति जगदीश-

तर्कालङ्काराः अवच्छेद्यावच्छेदकभाव इति गदाधर भट्टाचार्याः ।

(इति पारिभाषिक सर्वस्वे ।)




जलनिष्ठप्रकारतानिरूपितघटनिष्ठविशेष्यतासमानाधिकरण प्रकारतानिरूपितविशेष्यतावद्भूतलम् इति प्राचीनाः । जलनिष्ठ प्रकारता-निरूपितघटनिष्ठविशेष्यताऽभिन्नप्रकारतानिरूपितविशेष्यतावद् भूतलम् ।

यद्वा जलनिष्ठप्रकारतानिरूपितघटनिष्ठप्रकारतानिरूपित विशेष्यतावद् भूतलमिति जगदीशतर्कालङ्कारमतम् । जलनिष्ठप्रकारता निरूपितघटनिष्ठविशेष्यत्वावच्छिन्नप्रकारतानिरूपितविशेष्यतावद् भूतलमिति गदाधर भट्टाचार्याः ।

अनया रीत्या यदि ग्रन्थस्थ सर्वेऽपि शाब्दबोधाः विद्यालिप्सुभिः चित्ररुपेण परावर्त्त्याध्ययनविषयीक्रियेरन् तदाऽस्खलिता गतिःस्यात् । क्रियतां पुरुषार्थः नात्र संशयः । शिवास्ते पन्थानः । व्याप्तिपञ्चकस्य लक्षण परिष्कारमय एष ग्रन्थः । विविध परिष्कारै र्ग्रन्थस्य तीक्ष्णशेमूषी गम्यत्वं प्रख्यापितं टीकानुवादकृद्विद्वन्मुनिवरेण ।

**शतोपरि अष्ट कोटी टीका** एषा रम्या. मनोहरा हृद्याह्लादकरा विद्वज्जनमनश्चमत्कारकारणरुपा च।

आशासे विद्वान् मुनिरन्यान् अपि जैनशासनस्थ न्यायग्रन्थान् स्वकरे गृहीत्वाऽतिकर्कशतर्कशास्त्रनिकषरुपनव्यन्यायामृतेनाभिषिच्य जगति मोक्षमार्गप्रस्थित तर्कानुसारिसाधकवृन्दम्लायमानकमलवनाय सूर्यातिशायी महिमावान् भवेत्... अनन्त तीर्थंकर गणधर सुविहिताचार्याणामाशिषवर्षा सदैव सत्कृत्यकरणैकनिबद्धचेतसामुपरि वर्तते एव हि ।

संदेहनिष्ठप्रतियोगितानिरूपकाभावनिष्ठाभावत्वनिष्ठावच्छेदकता विशिष्टनिरूपिततावदवच्छिन्नतावदाधेयतानिष्ठनिरूपकतानिरूपित निरूपिततावदाधारवानहम् ।

वैशिष्टयञ्च स्वनिरूपितत्व-स्वनिष्ठ निरूपकतानिरूपितनिरूपितता-वत्त्व - स्वनिरूपितनिरूपितत्ववत्त्वान्यतमसम्बन्धेन ।

इति शुभं भूयाच्छ्रीसङ्घस्य ।

तपागच्छाधिराजश्रीप्रेम
भुवनभानुजयघोषजितेन्द्रसूरि
शिष्य २७५ दीक्षा दानेश्वरी आ.
श्री गुणरत्नसूरिशिष्यलव
आचार्यरश्मिरत्नसूरिः
आचार्य रश्मिरत्न सूरिः
ता. २-११-२००९
साबरमती (गुज.)

# અવસરને આવકાર

**-પ.પૂ. આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા**

જિનશાસનથી તદ્દન વિપરીત એવી ન્યાયદર્શનની માન્યતા છે કે 'दोषाः वाच्याः गुरोरपि ।'

ગુરુ પણ ક્યાંય ભૂલતા હોય તો 'तदसत्, न सम्यक् કહી સ્પષ્ટ પ્રતિપાદન કરવું એ ન્યાયદર્શનની ગળથૂંથીમાં છે. અને એટલે જ આજ સુધીમાં ગંગેશથી લઈ રઘુનાથ શિરોમણિ - જગદીશ - ગદાધર - ધર્માનંદ ઝા સુધીના બધાજ પંડિતોએ પૂર્વોક્ત માન્યતાઓ પર તર્ક - વિતર્કોની ઝડીઓ વરસાવી છે ને મુખ્યતયા પૂર્વના મત-મતાંતરોની કડક સમાલોચનાઓ કરીછે. તેથી જ ન્યાયના પ્રકાંડ પંડિતો સ્થાપિત સિદ્ધાંતોને ननु नच કર્યા વિના તહત્તિ કરવા કરતા તેની અસંગતિઓ સિદ્ધ કરવાનું પડકાર રૂપ કાર્ય કે જે પૂર્વે ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગ.મ.સા. એ કર્યું છે, તેને આગળ ધપાવવાની જવાબદારી આજે જૈન વિદ્વાન નૈયાયિકોની બની રહે છે.

સર્વત્ર સારગ્રાહી જગજ્જયવંત પ્રભુના શાસનમાં વર્તમાનમાં ન્યાયદર્શનનો અભ્યાસ બહુલતયા તો બુદ્ધિને વધુ તીક્ષ્ણ બનાવવા માટે જ થાય છે, જે સારુ છે - આવકાર્ય પણ છે કે જેથી જિનશાસનના પદાર્થો વધુ તર્કબદ્ધ અને સુસંગતપણે સાધી સમજી શકાય.

છતાં અહીં એટલો વિવેક અને ઔચિત્ય જરૂરી છે કે સર્વજ્ઞનું અનાદિ-નિધન નિત્ય પ્રતિષ્ઠિત શાસન તર્ક ને શ્રદ્ધા ઉભયને સ્વીકારે છે. સન્મતિપ્રકરણમાં પણ જૈનન્યાયના આદ્ય પ્રણેતા ગણાતા પ.પૂ. આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી જણાવે છે કે

**जो हेउवाचयपवक्खे हेउओ, आगमे अ आगमिओ ।**

**सो ससमयपण्णवओ, सिद्धंतविराहओ अण्णो ॥**

અર્થાત્ તર્કગ્રાહ્ય પદાર્થો તર્ક દ્વારા અને આજ્ઞાગ્રાહ્ય પદાર્થો આજ્ઞાથી જ ગ્રાહ્ય બને અન્યથા પ્રરૂપણા કરતા સિદ્ધાંતની વિરાધના થાય.

જિનવચનની શ્રદ્ધા - સંવેગ - વૈરાગ્ય દૃઢ કર્યા વિના જ ન્યાયદર્શનની થતી વધુ પડતી ભાવિતતા જો જિનમતમાં જ સંદેહ - સંશય કરાવનાર બને તો સ્વહસ્તે જ સ્વઘાત થાય. અસ્તુ.

ન્યાયદર્શનથી તીક્ષ્ણ થયેલી બુદ્ધિનો ઉપયોગ જિનમતમાં શ્રદ્ધા દૃઢ કરવા માટે થાય તો જ આશયશુદ્ધિ દ્વારા સમ્યક્ત્વની શુદ્ધિ થઈ મોક્ષ સમીપ બને. ન્યાયપરિકર્મિત પરિણતિવાળા વિદ્વાનો પાસે શ્રીસંઘની અપેક્ષા એ હોઈ શકે કે -

✱ શાસ્ત્રવાર્તા સમુચ્ચય - જૈનદર્શન સ્તબકમાં પ.પૂ. મહોપાધ્યાય યશોવિજયજીએ અન્યાન્ય દર્શનોના જિનમત વિપરીત પદાર્થોનું સ્પષ્ટતાપૂર્વક સચોટપણે ખંડન કર્યું છે. જૈનમતનું મંડન કર્યું છે. આ પદાર્થોને વધુ સરળ ભાષામાં ન્યાયના પ્રારંભિક અભ્યાસીઓને પણ સમજાય તે રીતે ટીકા-અનુવાદ ગ્રંથોના સર્જન થવા જોઈએ.

✱ અનેકાંત વ્યવસ્થા પ્રકરણ, અનેકાંત જયપતાકા જેવા કેટલાય શિરમોર ગ્રંથરત્નોના વિશુદ્ધ પાઠાંતરો - પરિશિષ્ટો સહ સંપાદન થાય તથા ન્યાયપરિણિત બુદ્ધિથી તે પર કલમ ચલાવી

તેના અનુવાદો શ્રીસંઘને મળે.

✸ મહો. યશોવિજયજી મ. સાહેબે તેમના જીવનકાળ દરમ્યાનમાં થયેલા દિગ્ગજ નૈયાયિકોના મતોની સમાલોચનાઓ કરી છે. ત્યાર પછીના કાળે થયેલા નૈયાયિકોના મતોની સમીક્ષાઓ પણ નૂતન સૃજિત થતા ગ્રંથોમાં થાય તો વિદ્વાનોને મનભાવતું ભોજન મળે.

કોણ સ્વીકારશે આ **Challanging Job** ને !

કોણ પૂરા કરશે જિનશાસનનાં આ અરમાનોને !

અનેક વિષયોને ઉપલક સ્પર્શ કરવા કરતા એક જ વિષયમાં ઊંડાણમાં જવું વધુ કપરુ હોય છે, જે પ્રસ્તુત ગ્રંથમાં દૃષ્ટિગોચર છે. વ્યાપ્તિપંચકની પ્રથમ વ્યાપ્તિ પર જ ૧૦૮ પૂર્વપક્ષ ઉત્તરપક્ષ પુરસ્સર ગ્રંથરચનાથી વ્યાપ્તિપંચક ટીકા જેટલો જ નૂતન ગ્રંથ વિદ્વાન મુનિ શ્રી રાજધર્મ વિજયજી દ્વારા તૈયાર થયો છે.

અનુવાદ સહિતના આ સરળ ટીકાગ્રંથની મુખ્ય વિશેષતા એ હશે કે વ્યાપ્તિપંચક -સિદ્ધાંતલક્ષણ કર્યા બાદ વાંચશો તો બંને ગ્રંથનું રીવીઝન થઈ જશે. અને પહેલા વાંચશો તો આગળના ગ્રંથમાં પ્રવેશ સરળ થઈ જશે.. આમ અહીં તો ઉભયપક્ષે બેય હાથમાં લાડુ જ છે.

મહાન શાસન પ્રભાવક આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના **74** મા જન્મદિવસે થતું આ પ્રકાશન અનેકને અજન્મા બનવા મોક્ષમાર્ગના પથિક સમ બની રહે એવી શુભેચ્છા અને અપેક્ષા.

કારતક સુદ-૧, ૨૦૬૬
રવિવાર
વિરમગામ.

## प्रसिद्धपाण्डित्यानां विद्वद्धर्याणां
## प्रो.श्री वशिष्ठत्रिपाठीमहाशयानां सम्मतयः

व्याप्तिपञ्चकग्रन्थमवलम्व्य साध्याभाववद-वृत्तित्वरुपा व्याप्तिज्ञानाय मुनिश्रीराजधर्मेण विर-चितम् । व्याप्तिपञ्चकलक्षणविषयकपदार्थविवेचनं सम्यगवलोकितं मया । लक्षणेऽस्मिन् न्यायशास्त्र-प्रविविक्षूणाम् अन्तेवासीनां महदुपकारकम् एतद्विवेचनम् मन्ये । एतादृशग्रन्थरचनया न्यायशास्त्रे बहूनां जनानां प्रवेशो भवितुमर्हति । ऐते महानुभावाः धन्यवादार्हाः । यत् एवंविधेन लेखनेन ग्रन्थप्रवेशे जनानाम् सौकर्येण प्रवेशमार्गप्रशस्तो भवेत् । इति

**वशिष्ठ त्रिपाठी**

भूतपूर्व - प्रतिकुलपतिः,
न्यायविभागाध्यक्षः
सम्पूर्णानन्दसंस्कृत विश्व विद्यालयः
वाराणसी

## मदीयं किञ्चित्

### अनाद्यन्तानेकान्तवादप्ररूपक-अर्हत्परमात्मन आशीरालभ्य महाव्रतपञ्चकधारि-मनोनियन्तृ-मुनिमहात्मनो वन्दित्वा उपकारिभ्यश्चोपास्य

## किञ्चिदिदं प्रस्तूयते

सप्तनयालङ्कारैः शोभायमान-सर्वज्ञतीर्थकृन्निरूपित-स्याद्वादधर्मे प्रमेय-पदार्थप्रतीतिहेतुभूतप्रमाणस्य द्वैविध्यमुक्तम् । भाषितञ्च हरिभद्राचार्यैः षड्दर्शनसमुच्चये "प्रत्यक्षं च परोक्षं च द्वे प्रमाणे तथा मते" ।। ५५ ।। पूर्वार्धे ।

तत्र परोक्षस्य पञ्चप्रकारमध्ये एकमनुमानमस्ति । किं तावदनुमानम् ? व्याप्तिविषयकं यज्ज्ञानं तदेवानुमानम् । अनुमानं व्याप्तिज्ञानमित्यनर्थान्तरम् । तद्व्याप्तिस्वरूपज्ञापयन् पञ्चलक्षणस्वरूपव्याप्तिपञ्चकग्रन्थो वर्णितः । तेषु पञ्चलक्षणेषु मध्ये प्रथमलक्षणसम्बन्धिविचारणा ग्रन्थेऽस्मिन् विवेचिता ।

→ ननु ग्रन्थेऽस्मिन् शब्दै वीतरागगुणानां कथनमकृतं तेन आर्हद्धर्मिणाम् ग्रन्थस्यास्य उपादेयतायाऽसिद्धत्वमिति चेन्न । ग्रन्थादौ एव वीतरागगुण-कथनरूपमङ्गलश्लोकस्योक्तत्वात् । न च मङ्गलरूपश्लोकस्य वीतरागगुणमयत्वेऽपि ग्रन्थस्यान्तः तस्याभावादनुपादेयता तदवस्थैव इति वाच्यम् । मङ्गले ग्रन्थस्याभिन्नताया विद्यमानत्वात् ।

अस्तु तावत् यदि मङ्गले ग्रन्थस्य भिन्नता विद्यते तथापि गुणानां कथनं ग्रन्थेऽस्त्येव । शब्दैर्नोक्तं किन्तु भावरूपेण तु उक्तमेव । तथाहि - पञ्चपरमेष्ठिनः गुणारष्टाधिकशतानि, तत्सङ्ख्यकानि प्रश्नोत्तराणि ग्रन्थेऽस्मिन् सन्ति । अतः गुणकथनं तु जातमेव, तेन च ग्रन्थस्योपादेयता सिद्धा जाता ।

→ ननु तथापि स्याद्वादास्वीक्रियमाणनैयायिकानां शास्त्रेण अलम् इतिचेन्न । स्याद्वादस्य सर्वपदार्थान्तः स्थितत्वाद् । आर्हतैः स प्रकाश्यते अन्यैश्च नाविष्क्रियते, एकनयबद्धत्वात् । अतो ग्रन्थोऽयमनादरणीय इति न, स्याद्वादशैलीभिरध्येतव्यः ।

→ ननु शास्त्रीयपदार्थविरहितत्वाद् आत्मिकलाभाभावाच्च न एषणीय इति चेन्न । अभिप्रायानभिज्ञत्वात् । प्रथमं तु ग्रन्थेऽस्मिन् शास्त्रीयपदार्थ-विरहितत्वाभाव एव, अर्थात् शास्त्रीयपदार्थसंयुक्तत्वमेव । पूर्वधरप्रणीत-तत्त्वार्थादिसूत्रेऽपि अनुमानादिप्रमाणानां निरूपितत्वात् । अस्मिन् ग्रन्थेऽपि अनुमान-जन्यअनुमितिसाधकव्याप्तेः प्रतिपादकता वर्तते । तेन भवत्प्रदत्तशास्त्रीयपदार्थ-विरहितत्वरूपहेतो नैष्फल्यमेव ।

अस्तुतावत् शास्त्रीयपदार्थविरहितत्त्वम् । तथापि ईद्दशग्रन्थाध्ययनस्य कुशाग्रबुद्धिजनकत्वात् । कुशाग्रबुद्धेस्तु जटिलशास्त्रीयपदार्थाध्ययने प्रकृष्टहेतुत्वात् । जटिलशास्त्राध्ययनरूपं - यत्कार्यं, शास्त्राध्ययने - कार्यता, ताद्दशकार्यतात्वावच्छिन्नकार्यतानिरूपितकारणता कुशाग्रबुद्धौ विद्यमानत्वात्, एतादृशग्रन्थाध्ययनं समुचितमेव ।

→ अपरहेतुः आत्मिकलाभाभावः । एतदपि न समुचितः । पूर्वोक्त-युक्त्यैव तस्यापि व्यावृत्ति र्भवितुमर्हति ।

अनेन ग्रन्थाध्ययनेन शीघ्रं साध्याभावाधिकरणनिरूपित वृत्तित्वाभाव-स्वरूप व्याप्ते र्व्याप्तिः मयि सर्वेषु जीवेषु च भवतादिति परमात्मानं प्रार्थयामहे।

→ कथं व्याप्ते र्व्याप्तिः ?

तथाहि-साध्यः-कर्ममुक्तत्वम्, साध्याभावः-कर्ममुक्तित्वाभावोऽर्थात् कर्म युक्तत्वम्, तदधिकरणम् - संसारिजीवाः, तन्निरूपित वृत्तिता - संसारे, वृत्तित्वाभावः मुक्तौ, तर्स्मिश्चास्माकं सर्वात्मप्रदेशस्य व्याप्ति र्भूयात् - अर्थात् मुक्तेरुप-लक्षणान्मुक्तात्मभिस्सहास्मदात्मप्रदेशाणामभेदभाव इष्यते ।

तदभेदभावस्य वि = विशेषेण आप्तिः = प्राप्ति र्भवतादिति ।

# રચનાની રહસ્યોક્તિ

**વિ.સં. ૨૦૬૦...**
**પાલીતાણા...**
**વચ્છરાજવિહારમાં ચાતુર્માસ...**
**આસો સુદ ૬ જન્મદિન...**

નૂતન જન્મવર્ષના પ્રવેશ સાથે કાશીના પંડિતજી દુર્ગેશજી પાઠક પાસે ન્યાયાધ્યયનનો શુભારંભ...... ન્યાયદર્શનના અભ્યાસ માટે કાશી વિશ્વપ્રસિદ્ધિને પામેલું છે.

કાશીમાં ન્યાયની એક અનોખી શૈલી છે. સુંદર શૈલી હોવા છતાંય વિષયની શુષ્કતાના કારણે ચિત્ત તેમાં ચોટ્યું નહિ અને "ન્યાયનો અભ્યાસ ન કરવો" એવો નિર્ણય કરવા મન તત્પર બન્યું.

ગુરુદેવને કહ્યું : "ગુરુદેવ ! હું ન્યાય નહીં ભણી શકું."

ગુરુદેવે કહ્યું : "તારે ન્યાય ભણવાનો જ છે. આ મારી આજ્ઞા છે."

આશીર્વાદ પૂર્વકની આજ્ઞાને તહત્તિ કરી ન્યાયનો અભ્યાસ ચાલુ રાખ્યો. આ જ આશીર્વચન મને ૧ ગ્રંથના રચયિતા બનાવશે, તેવો ક્યાં ખ્યાલ હતો ?

આ જ ચાતુર્માસમાં તર્કસંગ્રહના પૃથ્વીના લક્ષણ ઉપર પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ રૂપે ૧ જાહેર શાસ્ત્રાર્થની વિચારણા કરી તેની પૂર્વ

તૈયારીઓ કરી. સહાધ્યાયી મુનિ શ્રી રાજહર્ષ વિ. તથા રાજસુંદર વિ. અને હું એમ ત્રણ વચ્ચે શાસ્ત્રાર્થ શરૂ થયો. પૂર્વપક્ષ - ઉત્તરપક્ષની શ્રેણિઓ ચાલી.

એ દૃશ્ય દર્શનીય બની ગયું.

શાસ્ત્રાર્થની સમાપ્તિ થતાં જ અંતઃકરણમાં ૧ ભાવના પ્રગટે કે પૂર્વાચાર્યોની શૈલીને અનુસરતા-પૂર્વપક્ષ-ઉત્તરપક્ષીય ચર્ચા સભર એક ગ્રન્થનું સર્જન કરવું.

પણ મારી આ ઈચ્છા અપૂર્ણ જ જાણે ન રહેવાની હોય તેવી સ્થિતિ સર્જાતી હતી. કેમકે પંડિતજી અભ્યાસ કરાવવા માટે ચાતુર્માસમાં જ આવી શકતાં હતાં. તેમાં પણ મારે પ્રથમ ચાતુ. પછી તૃતીય ચાતુ. માં પંડિતજીનો સંયોગ થયો, ત્યારે તો ઈચ્છા ઓછી થઈ ગઈ હતી. ઓળી અમદાવાદ કરાવવા જવાનું થયું અને ત્યારે પંડિતવર્ય મનીષભાઈનો સંપર્ક થયો. તેમની ભણાવવાની શૈલી અદ્‌ભૂત હતી તેમણે પુનઃ ભાવના જાગૃત કરી. ત્યારબાદ પુનઃ અભ્યાસ ચાલુ થયો.

ચાલુવર્ષનું ચાતુર્માસ સમેતશિખરમાં થયું. એક પાઠ પ્રસ્તુત ગ્રંથ ઉપર ગોઠવ્યો, પાઠની પૂર્ણાહૂતિ બાદ તે પદાર્થોને હું રફમાં તૈયાર કરતો ગયો. વિચાર આવ્યો કે આ અણમોલ પદાર્થોને ગ્રન્થસ્થ કરવામાં આવે તો અનેક વિદ્યાર્થીવર્ગને ઉપયોગી બને.

પંડિતજીની પણ પ્રેરણા હતી સાથે ગુરુદેવે પણ આશિષ આપતાં કહ્યું : "તું એકવાર સંસ્કૃતમાં તૈયાર કર ગુરુદેવના આ આશિષે જ ગ્રંથની પૂર્ણાહૂતિ કરાવી છે."

એ જ આશા આજે સાકાર બની રહી છે.

# પ્રેરક પીઠબળ

**વિ.સં. ૨૦૬૬...**
**સમેતશિખર ચાતુર્માસ...**
**અષાઢ કૃષ્ણા તૃતીયા...**
**જીવનનો એક યાદગાર દિન...**

પૂજ્યશ્રીએ અર્પ્યા મને અંતરના આશીઃ અને આપી સરસ્વતીની સાધના માટે અનુજ્ઞા.

આ જ દિવસથી માઁ ભગવતીની ૪૨ દિનની આરાધના શરૂ થઈ.

આરાધના દરમ્યાન અંતઃસ્ફુરણા થઈ કે જે પાઠ ચાલે છે તેના પદાર્થોનું ગૂંથન કરી ૧ ગ્રન્થ બનાવવો.

આરાધના પૂર્વે ગ્રંથલેખન માટે કોઈ જ વિચાર નહોતો, સાધનાથી ૧ નવી શક્તિ પ્રગટ થઈ હોય એવું મને લાગ્યું.

શત્રુંજયની ભાવના સમેતશિખરે પૂર્ણ ન થઈ રહી હોય એવું જણાતું હતું. ખરેખર શાશ્વતભૂમિમાં સેવેલી ભાવના નશ્વર બની શકતી નથી. સાધના અન્તર્ગત જ પ્રાયઃ અડધા ઉપર ગ્રંથનું નિર્માણ થયું.

આ ગ્રંથરચના પાછળ પીઠબળ હોય તો એક ગુરુની કૃપા અને બીજા ભગવતીના આશીર્વાદ છે.

એકદા વિચાર પ્રગટયો જેની તે સાધના કરી છે, વળી જેની કૃપાથી ગ્રંથનું સર્જન થયું છે તે સરસ્વતી દેવીના ગુણોની સ્તવનાને મંગલશ્લોકરૂપે રચું. શ્લોક બનાવવાનું કાર્ય મારા માટે તો પ્રથમવખત જ ઉપસ્થિત થયું હતું. પરંતુ... સરસ્વતીની કૃપાથી અષ્ટક પણ સાહજિક રીતે પૂર્ણતાને પામ્યું.

યોગાનુયોગ અભ્યાસની શરૂઆત તીર્થભૂમિમાં અને જન્મદિને થઈ અને ગ્રંથનું લેખન પણ તીર્થભૂમિમાં અને જન્મદિને પૂર્ણ થયું.

# નોંધ

→ સંસ્કૃત ટીકામાં દરેક સ્થાને લક્ષણ આપવામાં આવ્યું છે જ્યારે ગુજરાતીમાં દરેક સ્થાને લક્ષણનું પુનરાવર્તન કર્યું નથી. તેથી જ્યાં લક્ષણ ન આપ્યું હોય ત્યાં સંસ્કૃત ટીકામાંથી દેખી લેવું.

→ ગુજરાતીમાં કેવલ શબ્દાનુવાદ નથી કર્યો. જ્યાં શંકાનું સ્થાન લાગતું હતું ત્યાં સંસ્કૃત પંક્તિને માત્ર અક્ષરશઃ ન ખોલતાં તેનો ભાવાર્થ પણ ખોલ્યો છે.

→ ગ્રંથ કઠીન તો છે જ તેથી સંસ્કૃતનું ગુજરાતી આવશ્યક બન્યું છે. શક્ય છે વાચકવર્ગને ક્યાંક ગુજરાતી સરળ પડશે તો ક્યાંક સંસ્કૃત પણ સરળ બનશે. પરંતુ ખાસ લક્ષ્યમાં રાખવું કે પ્રથમ તો સંસ્કૃત ઉપરથી બેસાડવાં પ્રયત્ન કરવો જ્યાં સંસ્કૃત ઉપરથી ન બેસે ત્યાં ગુજરાતી વાંચવું. કેમકે ન્યાયની શૈલી મેળવવા માટે સંસ્કૃતપંક્તિ આવશ્યક બનશે.

→ ગ્રંથમાં **86** થી **108** સુધી પર્યાપ્તિ ઘટિત કલ્પ ચાલે છે તે જલ્દી ખ્યાલ નહીં પણ આવે તેથી શક્ય છે કે તેને બેથી ત્રણ વાર વાંચવો પડશે. તેમાં પણ **94** થી **105** માં પર્યાપ્તિના લક્ષણનું પદકૃત્ય ચાલે છે. તેમાં એક એક સંબંધને ખાસ ખ્યાલમાં રાખવો પડશે. એક સંબંધ ન મૂકતાં ક્યાં ક્યાં દોષ સંભવે છે તેની વિચારણા ખાસ કરવા જેવી છે.

→ કોટિ એટલે પૂર્વપક્ષ અથવા ઉત્તરપક્ષ અથવા પૂર્વપક્ષ ઉત્તરપક્ષનું મિશ્રણ આ કોટિ શબ્દનો અર્થ જણાવો.

→ આધારભૂત ગ્રન્થ તરીકે - **સંગમેશ્વરકોડપત્ર** અને **વ્યાપ્તિપંચક ગંગાટીકા** લેવામાં આવ્યા છે.

# - રહસ્યોદ્ઘાટન -

**★ ગૂઢામૃતલીલા**

**જન્મદાતા - અમૃતભાઈ**

**જન્મદાત્રી - લીલાબેન**

જેમના ઉપકારને તો હું કેવી રીતે ભૂલી શકું ? મારા જીવનમાં જેમણે સંસ્કારોનું આધાન કર્યું જેને કારણે આજે હું સંયમના પથ પર પ્રગતિ કરી રહ્યો છું. તેમના ઉપકારના ઋણને ચૂકવવા માટેનો અવસર જયારે સાંપડયો છે ત્યારે હું તેને કેવી રીતે જતો કરી શકું ? કંઈક અંશે ઉપકારનો બદલો વળે તેના માટે તેમના નામથી જ ગ્રંથનું નામ રાખ્યું છે.

અહીં શ્લેષ એ જાણવો કે અમૃતની લીલા અર્થાત્ ક્રીડા જેમ વિબુધો (દેવો) જ કરી શકે છે તેમ ગૂઢ એવા ગ્રંથના પદાર્થ રૂપી અમૃત તેની લીલા વિબુધ (પંડિત) પુરુષો જ કરી શકશે.

**★ उक्तमपि - काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् इति।**

## શશીશીલા

જેમના ચારિત્ર્ય જીવનથી હું આકર્ષિત બનેલો છું - વિકટ પરિસ્થિતિઓમાં પણ જેમણે સ્વ આરાધના ક્યારેય છોડી નથી એવા **★ સ્વ. શશીપ્રભાશ્રીજી મ.સા.**

તેમજ

જેમનું વાત્સલ્ય મારા ઉપર સતત રહ્યું છે. સેવા અને સમતા જેમણે આત્મસાત્ કરી લીધાં છે. એવા સાધ્વીવર્યા **★ શીલપૂર્ણાશ્રીજી મ.સા.** ના ગુણોના સંસ્મરણ નિમિત્તે ગુર્જર ટીકાનું નામ "શશીશીલા" રાખ્યું છે.

# વિષય નિદર્શન

તત્વ ચિંતામણી ગ્રંથની થોડીક જ પંક્તિ ઉપર મથુરાનાથે વ્યાપ્તિપંચક ગ્રંથનું સર્જન કર્યું. જેમાં પૂર્વપક્ષ વ્યાપ્તિના પાંચ લક્ષણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્યારે સિદ્ધાન્તવ્યાપ્તિનું નિરૂપણ સિદ્ધાન્તલક્ષણમાં કરવામાં આવે છે. પ્રસ્તુત ગ્રંથ પૂર્વપક્ષવ્યાપ્તિના પાંચ લક્ષણમાંથી પ્રથમલક્ષણ ઉપર છે.

પ્રથમ લક્ષણ - **"साध्याभावाधिकरण निरूपित वृत्तित्वाभावो व्याप्तिः"** । આ પ્રથમ લક્ષણ ઉપર **108** કોટિ (પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ) મૂકવામાં આવી છે. અહીં ઉલ્લેખનીય છે કે મથુરાનાથે જે પ્રથમલક્ષણ ઉપર શંકા. સમા. કર્યા છે તેને કોટિ રૂપે ગણવામાં નથી આવ્યાં. તેનાં સિવાયનાને અહીં ગ્રહણ કર્યા છે.

યદ્યપિ અહી અતિ વિસ્તૃત વિચારણા કરવામાં નથી આવી. જો અતિવિસ્તૃત વિચારણા કરવામાં આવત તો શતકોટિને બદલે સહસ્રકોટિ થઈ જાત. બાલજીવોને માટે તે અતિવિસ્તાર ઉપકારક બની શકત નહિ તેથી તેનો ત્યાગ કર્યો છે.

પ્રથમ લક્ષણમાં સાધ્યાભાવાધિકરણ નિરૂપિત વૃત્તિતા માટેનો નિયામક સંબંધ "હેતુતાવચ્છે. સંબં." છે.

→ **1st કોટિમાં** આ સંબંધનો અર્થ જણાવ્યો છે. ત્યારબાદ પૂર્વપક્ષ ઉત્તરપક્ષ રૂપે **14** કોટિ સુધી કેવલ "હેતુતાવચ્છે. સંબંધાવચ્છિન્નત્વ" નું પદકૃત્ય જ ચાલે છે.

→ **15 થી 40 કોટિમાં** સાધ્યાભાવીય જે સાધ્ય નિષ્ઠ પ્રતિયોગિતા છે તે પ્રતિયોગિતા કેવી કેવી હોવી જોઈએ તેના

વિશેષણો જણાવ્યાં છે, સાધ્યતાવચ્છે. ને વ્યાપક, સાધ્યતાવચ્છે. ધર્માવચ્છિ, ઈત્યાદિ... આ વિશેષણો ન મૂકવાથી ક્યાં ક્યાં દોષ સંભવી શકે છે, મૂકવાથી કેવીરીતે દૂર થાય છે, તેમજ મૂકવા છતાં પણ અન્ય ઠેકાણે દોષ આવે છે તેનું નિરૂપણ કર્યુ છે. દરેકનું પદકૃત્ય કરવામાં આવ્યું છે.

→ **41, 42, 43 માં** સાધ્યતાવચ્છે. નિષ્ઠાવચ્છેદકતામાં સંબંધનું નિયમન કરવામાં ન આવે તો ક્યાં દોષ આવે છે તેનું નિરૂપણ છે તેમજ મૂકવાથી દોષનું વારણ થાય છે અને મૂકવા છતાંપણ અન્ય સ્થાને દોષ આવે છે તેનું નિરૂપણ કર્યું છે.

→ **44** થી પર્યાપ્તિ ઘટિત લક્ષણ સ્વીકારવામાં આવે છે.

→ **45** માં પર્યાપ્તિ ઘટિત લક્ષણ સ્વીકારવાથી **41** માં જે સાધ્યતાવચ્છે. નિષ્ઠાવચ્છે. માં સંબંધનુ નિયમન ન કરતાં દોષ આવતો હતો તે નહીં આવે. આથી સંબંધનો નિવેશ વ્યર્થ જશે. તેનું નિરૂપણ છે.

→ **46** માં પુનઃ સંબંધનો નિવેશ આવશ્યક બતાવ્યો છે.

→ **47** માં વસ્તુતસ્તુકારનો મત જણાવ્યો છે.

→ **48,49** માં સંબંધનો નિવેશ કરવા છતાંપણ દોષ બતાવ્યો છે.

→ **50** માં સાધ્યતાવચ્છે. સંબં.નો વિસ્તૃત અર્થ કર્યો છે તેના દ્વારા **48,49** ની અવ્યાપ્તિ દૂર કરવામાં આવે છે.

→ **51** માં સાધ્યતાવચ્છે. વચ્છે. સંબંધનો જે અર્થ કર્યો તેમાં વિશેષ્યદલનું ઉપાદાન ન કરવામાં આવે તો શું દોષ થાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

→ **52** માં વિશેષ્યદલોપાદાન ન કરતાં દોષ આપવામાં આવ્યો છે તેમજ તેનું ઉપાદાન કરો તો દોષ દૂર કેવીરીતે થાય છે તે જણાવવામાં આવ્યું છે.

→ **53** માં આ પ્રમાણે લક્ષણ કરવા છતાંપણ અવ્યાપ્તિ આવે છે તે જણાવેલ છે.

→ **53** માં આવેલ અવ્યાપ્તિને દૂર કરવા માટે **54** માં સાધ્યતાવચ્છેદકતાવચ્છે. સંબંધનો અર્થ અલગ કરવામાં આવે છે.

→ **55** માં પૂર્વે **(53)** માં જે પદ્ધતિથી દોષને દૂર કર્યો તે પદ્ધતિ ખોટી છે તેના માટેનો નિયમ જણાવે છે અને આ નિયમથી **53** માં આવેલ દોષ તાદવસ્થ્ય જ રહેશે.

→ **56** માં લક્ષણનું સ્વરૂપ બદલવામાં આવે છે જેથી **53** માં આવેલ દોષ દૂર થઈ જાય છે.

→ **57** માં પુનઃ દોષોદ્‌ભાવન કરવામાં આવે છે.

→ **58 થી 64** સુધી કેવલ પૂર્વ પૂર્વના આવેલ દોષને દૂર કરવા નૂતન લક્ષણ સ્વીકારવામાં આવે છે તે જણાવ્યું છે.

→ **65** માં સાધ્યાભાવીય જે સાધ્ય નિષ્ઠ પ્રતિયોગિતા છે તેમાં "સાધ્યતાવચ્છેદકાવચ્છિ" નો પ્રવેશ કરવામાં આવે તો જ તદ્ તદ્ વહ્ન્યભાવ લઈને દોષ ન આવી શકે તે જણાવ્યું છે પણ તેની સામે આ નિરુક્ત પદનો પ્રવેશ કરતાં પ્રમેયવહ્નિમાનમાં સાધ્યાભાવની જ અપ્રસિદ્ધિ આવી જશે.

→ **66** માં અપ્રસિદ્ધિ દોષનું વારણ કરવામાં આવે છે.

→ **67** માં જે રીતે **66** માં દોષ દૂર કરવામાં આવ્યો તે જ પદ્ધતિથી મહાનસીયવહ્નિમાનમાં અતિવ્યાપ્તિ આવી જશે.

→ **68** માં પર્યાપ્તિનો પ્રવેશ કરવામાં આવે છે તેના દ્વારા પૂર્વોક્ત અતિવ્યાપ્તિ દૂર કરવામાં આવે છે.

→ **69** માં પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનવાથી પ્રમેયવહ્નિમાનમાં દોષ આવી જશે તેની સ્પષ્ટતા કરવામાં આવી છે.

→ **70** માં ન્યૂનવારક પર્યાપ્તિ અનાવશ્યક બતાવવામાં આવે છે જેના દ્વારા પૂર્વમાં પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવતાં **પ્રમેયવહ્નિમાન**માં દોષ આવતો હતો અને પર્યાપ્તિ ઘટિત લક્ષણ ન બનાવતાં **મહાનસીયવહ્નિમાન**માં દોષ આવતો હતો તે બંનેનું વારણ કરવામાં આવ્યું છે.

→ **71** થી **78** સુધી માત્ર ન્યૂનવારક પર્યાપ્તિ આવશ્યક અને અનાવશ્યક જ જણાવવામાં આવે છે. ન્યૂનવારક પર્યાપ્તિ જ્યાં આવશ્યક બનશે ત્યાં **પ્રમેયવહ્નિમાન**માં દોષ આવશે તે દૂર કરવા પર્યાપ્તિ ઘટિત લક્ષણ અનાવશ્યક બનાવવામાં આવે છે.

→ **79** માં "વસ્તુતસ્તુકાર"નો મત જણાવવામાં આવ્યો છે.

→ **80** માં સાધ્યતાવચ્છેદકાવચ્છિ. નો અર્થ બતાવવામાં આવે છે.

→ **81** માં **(80)** માં જે અર્થ કરવામાં આવ્યો છે તે અર્થ કરતાં દોષ સંભવે છે તેથી તે અર્થ ત્યાજય બનશે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

→ **82** માં **80** માં જે રીતે અર્થ બતાવ્યો હતો તેમાં થોડું પરિવર્તન કરવામાં આવે છે, જેથી પૂર્વોક્ત અવ્યાપ્તિ દૂર થાય છે.

→ **83** માં આ પ્રમાણે લક્ષણ કરવા છતાં દોષ તો આવે જ છે તે જણાવ્યું છે તેમજ તે દોષનું વારણ કરવા માટે પ્રતિયોગિતામાં "સાધ્યતાવચ્છે. વન્નિષ્ઠ ભેદ પ્રતિયોગિતાકાનવચ્છે. નવચ્છિ." નો પ્રવેશ કરવામાં આવે છે. જેથી અવ્યાપ્તિ દૂર થઈ જશે તેનું નિરૂપણ કર્યું છે.

→ **83** માં આ પ્રમાણે અર્થ કરવા છતાંપણ **84** માં અવ્યાપ્તિ આવી જશે.

→ **85** માં પૂર્વમાં આવતી અવ્યાપ્તિનું વારણ કરવામાં આવે છે.

→ **86 થી 108** સુધી પર્યાપ્તિઘટિત લક્ષણ કરવામાં આવે છે. તેમાં પણ **94 થી 105** સુધીમાં કેવલ સંબંધનું પદકૃત્ય ચાલે છે. **94** ના પર્યાપ્તિ ઘટિત લક્ષણમાં જે સંબંધો છે તેના ઉપર જ પદકૃત્ય ચાલે છે. એક એક સંબંધ ન મૂકતાં ક્યાં ક્યાં દોષ સંભવે છે અને મૂકવાથી દોષ દૂર કેવી રીતે થાય છે તે જણાવ્યું છે.

# ઉપકારીઓના ઉપકારની ઉપબૃંહણા

**सुसंयमाभिलाषीनं गुरु राजेन्द्रसूरिणम् ।**
**नत्वा तेषाञ्च पार्श्वेऽहं याचे शश्वन्निरीहताम् ॥**

**સર્વતોમુખી પ્રતિભાસંપન્ન કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ.આ.વિ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. :-**

પૂજ્યશ્રીનો ઉપકાર સદાય અવિસ્મરણીય રહેશે. જેઓની કૃપાદૃષ્ટિને કારણે જ આ ગ્રંથનું સર્જન થયું છે વળી, ગ્રંથમાં આશીર્વચનો આપીને જેમણે ગ્રંથને જીવંત બનાવ્યો છે.

**સૂરિમંત્ર સમારાધક રાજશેખરસૂરીશ્વરજી મ.સા. :-**

જેમણે ભણાવવા માટેની ખૂબ જ અનુકૂળતા ઊભી કરી આપી મને અધ્યયન માટે પ્રોત્સાહિત કર્યો.

**શાસન પ્રભાવક રત્નાકરસૂરીશ્વરજી મ.સા. :-**

સ્વાધ્યાય માટેની તેમની સતત પ્રેરણા મારા ઉપર રહેલી છે.

**સંયમરસિક ગુરુદેવ પ.પૂ. પન્યાસ પ્ર. રાજપદ્મ વિજયજી ગણિ :-**

જેમનો ઉપકાર મારા ઉપર અતૂટ રહ્યો છે જેમણે મારા જીવનનું જ નહી પરંતુ સંયમજીવનનું પણ સુંદર રીતે ઘડતર કર્યું છે. જ્ઞાનોપાર્જન માટે જે રુચિ પ્રગટી છે તેમાં કારણ પરમોપકારી ગુરુદેવ જ છે. સંઘાચાર ભાષ્ય ઉપર સંશોધન અને ગુજરાતીનું પોતાનું કાર્ય ચાલુ હોવા છતાં તેને ગૌણ બનાવીને ગ્રંથમાં ક્યાંય પણ વ્યાકરણ સંબંધી ખામી ન રહી જાય તેના માટે સાદ્યન્ત ગ્રંથનું નિરીક્ષણ કર્યું છે.

**વિચક્ષણ પ્રજ્ઞા સંપન્ન પ.પૂ.આ.વિ. રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. :-**

શાસન પ્રભાવનાના કાર્યોમાં વ્યસ્ત હોવા છતાંપણ અલ્પ જ સમયમાં જેમણે સંસ્કૃતમાં પ્રસ્તાવના લખી આપી છે. તેઓશ્રીના ઉપકારને હું કેમ વિસરી શકું ?

**સૌમ્યમૂર્તિ પ.પૂ.આ.વિ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા. :-**

સમયનો અભાવ હોવા છતાં પણ જેમણે સ્નેહપૂર્વક પ્રસ્તાવના માટે હા પાડીને પ્રસ્તાવના લખી આપી છે તેઓશ્રીના ઉપકારને હું કેમ ભૂલી શકું ?

**સહવર્તી મુનિવૃંદ :-**

જેઓની સહાયતાને કારણે આ ગ્રંથ શીઘ્ર રીતે પૂર્ણતાને પામ્યો છે. **મુનિશ્રી રાજસુંદર વિજય**ની ગ્રંથ માટેની પ્રેરણા સુંદર રહી છે.

**વિદૂષી સા. શ્રી નયનિપુણાશ્રીજી**નો પણ ખૂબ સુંદર સહયોગ મળેલ છે તેમજ **વિદૂષી સા. શ્રી. શીલભદ્રાશ્રીજી** સ્વ અભ્યાસને ગૌણ બનાવીને જેમણે સંપૂર્ણ ગ્રંથને તપાસ્યો અને તેમાં જરૂરી સુધારા-વધારા કર્યા છે તેમનો સહયોગ પ્રશંસનીય રહ્યો છે. તેમની અનુમોદના પણ અસ્થાને નહિ ગણાય.

**તર્કસમ્રાટ વિદ્યાદાતા દુર્ગેશજી પાઠક :-**

જેમણે નાની ઉંમરમાં જ ન્યાય વ્યાકરણનો અભ્યાસ કરીને મને કરાવ્યો છે. કાશીની પ્રણાલિકાથી જેમણે ગ્રંથનું અધ્યાપન કરાવ્યું છે. તેમની પ્રેરણાથી આ ગ્રંથનો પ્રાદુર્ભાવ થયો છે. તેમના આ ચિરસ્મરણીય ઉપકારને કેમ વિસરી શકાય ?

**શાસનદાઝ જેમના અણુએ અણુમાં પ્રસરેલી છે એવા મનીષભાઈ પંડિત :-**

જેમણે ગ્રંથને પોતાનો ગણીને નિઃસ્વાર્થભાવે સેવા બજાવી છે. સંપૂર્ણ મેટર તેમણે શીઘ્રતાથી તપાસ્યું. જેના કારણે ગ્રંથનું વિમોચન શીઘ્રતાથી થઈ શક્યું.

**જયજિનેન્દ્ર ગ્રાફિક્સ (નીતિનભાઈ) :-**

જેમની સેવા પણ અનુમોદનીય રહી છે.

પ્રાન્તે વિદ્વાનવાચકવર્ગને નિવેદન છે કે ગ્રંથની અંદર મતિદોષ કે મુદ્રણદોષથી ક્યાંય પણ ક્ષતિ હોય તો તે કૃપાદૃષ્ટિથી જણાવે જેથી તેનું નિષ્કાશન થઈ શકે.

મુનિ
રાજધર્મ વિ.

ॐ शुद्धात्मने नमः

# गूढामृतलीला

विश्वोद्योतकरं भवामयहरं सज्ज्ञानत्वं दायकं,
राग-द्वेषरते विकाररहितं यं युग्मनेत्राम्बुजम् ।
व्यालस्याङ्क सुशोभितं वरतनुं यः पूजितो वासवैः,
तं कम्रं **कलिकुण्डपार्श्वमधिपं** वन्दे सदाहं मुदा ॥१॥

**पु**नन्तं **पा**प्मनः **पि**ण्डं **पु**ष्करिणा **प्र**पूजितम् ।
**पु**रुषपुङ्गवं **पार्श्वं** **प्र**णमामि **पु**नः **पु**नः ॥ २॥

या पूज्या भुवने गुरोरपिगुरु र्या चेतनादायिनी
या संपूजिततीर्थनाथनिचया या लोचनानन्दिनी ।
या तीर्थङ्करपादपद्मवसिता या पाप्मनः नाशिनी,
सा पद्मासनसंस्थिता **भगवती** दद्याद् वरं सर्वदा ॥ ३॥

**रा**जीवरिव **रो**रुच्या, **रु**चिरा **रा**जरश्मिवद् ।
**र**त्नाकरा **र**हस्याणां, **राजेन्द्रा** ! **रा**जतेतराम् ॥ ४ ॥

**श्रीराजशेखराः** सूरिमन्त्रास्य समुपासकाः ।
तेषां पार्श्वे सदा याच्ये निर्लोभता गुणाग्रणी ॥ ५॥

सुप्रभावकसूरीन्द्रं **रत्नाकराभिधानकम्** ।
भक्त्या तेषां समीपे तु याचेऽहं समतां सदा ॥ ६॥

**पालयन्तं परिव्रज्यां पापपुञ्जप्रणाशकम्** ।
**पन्न्यासपुष्कलं पद्मं प्रणौमि पुण्यशालिनम्** ।।७।।

ग्रन्थस्य रचनापृष्ठे श्लाघ्या यस्य सहायता ।
तं गुरुवर**दुर्गेशं** करोमि स्मरणं मुदा ।। ८ ।।

इत्येतैः प्रथितश्लोकैः कृत्वा मङ्गलमद्भुतम् ।
विरच्येते "शशीशीला" "गूढामृतलीला" मया ।। ९।।

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम् ।
आश्रयः सर्वधर्माणां सेयमान्वीक्षिकी मता ।।

इत्यादि वाक्यात् गौतमीयन्यायशास्त्र प्रमाणा-विद्या-तर्क शास्त्रान्वीक्षिकी-नामभिरपि ज्ञायते । मेयसिद्धेः मानाधीनत्वात् । सर्वशास्त्राणां प्रदीपकल्पा प्रमाणविद्येयं द्योतते ।

प्रमाणपदार्थप्राणाः खलु नैयायिका वर्धन्ते । यस्मात् प्रत्यक्ष सिद्धोपि पदार्थस्य धर्मः तमसाच्छन्नैरपि प्रतीयमानैः हेतुभिः सुस्थापितः सन् पदार्थधियं तनोति । तस्मात् पदार्थेषु अनुमानं विशिष्यते ।

उक्तमपि प्रत्यक्ष परिकलितमपि अर्थमनुमानेन बुभुत्सन्ति तर्करसिकाः इति वाचस्पतिना ।

येन सम्बन्धेन विना लोकव्यवहारे शास्त्रेषु च व्यवस्थाकल्पनापि उच्छिद्यते । तस्य सम्बन्धराजस्य स्वरूपनिरूपणार्थमागङ्गेशोपाध्यायाद् नैरन्तर्येण नव्यनैयायिकानां महती साधना प्रसूनवती दिव्येव लता विदूषां विस्मयायात्मानं तनोति ।

तत्र पूर्वपक्षत्वेन रूपेण, ननु अनुमितिहेतुव्याप्तिज्ञाने का व्याप्तिः ? इत्यादि विप्रतिपत्तिप्रशमनाय अव्यभिचरितत्वपदप्रतिपाद्यसाध्याभाववदवृतित्वरूप व्याप्तिनिरूपणं प्रतिजानीते ।

तथा च लक्षणस्वरूपम् ।

साध्याभावाधिकरणनिरूपितवृत्तित्वाभावो व्याप्तिः ।

पर्वतो वह्निमान् धूमात् इत्याकारकन्यायस्थलीयसद्धेतौ लक्षणसमन्वय प्रकारश्चेत्थम् । साध्योः-वह्निः, साध्याभावः-वह्न्यभावः, तदधिकरणञ्जलह्रदादिकम्, तन्निरूपित वृत्तिता मीनादौ वृत्तित्वाभावस्य धूमरूपहेतौ सत्त्वात् लक्षणसमन्वयः ।

लक्षणेऽस्मिन् यदि साध्याभावाधिकरणनिरूपितवृत्तिताया नियामकः कश्चन सम्बन्धो न निवेश्यते तदा पर्वतो वह्निमान् धूमात् इत्यत्र भवत्यव्याप्तिः। तथाहिः- साध्यो वह्निः, साध्याभावः वह्न्यभावः, तदधिकरणम् धूमावयवः तन्निरूपितसमवायसम्बन्धावच्छिन्नावृत्तितैव धूमे । यतोहि समवाय सम्बन्धावच्छिन्नधूमनिष्ठाधेयतानिरूपिताधिकरणतायाः धूमावयवे विद्यमानत्वात्। वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

अतस्तद् वारणाय साध्याभावाधिकरणनिरूपितवृत्तितायां हेतुतावच्छेदक सम्बन्धावच्छिन्नत्वं निवेशनीयम् । हेतुतावच्छेदक सम्बन्धश्च येन सम्बन्धेन हेतुः पक्षे तिष्ठति स सम्बन्धः, येन सम्बन्धेन हेतुः साध्यव्याप्यो भवति स सम्बन्धो वा ।

प्रकृते च धूमरूपहेतुः संयोगसम्बन्धेन पक्षभूते पर्वते भासते । अतः हेतुतावच्छेदकसम्बन्धः संयोगसम्बन्धः । तेनैव संयोग-सम्बन्धेन साध्याभावाधिकरण निरूपितवृत्तिताऽत्र विवक्षिता । तथा च साध्यो वह्निः, साध्याभावः वह्न्यभावः, तदधिकरणं धूमावयवः तन्निरूपित संयोगसम्बन्धावच्छिन्ना वृत्तिताऽपरधूमावयवे वृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वान्नाव्याप्तिः ।

यदि च लोकप्रसिद्धे ह्रदादिविपक्षस्थलेऽव्याप्तिदोषार्पणं सम्भवति तदा तदपेक्षयाऽप्रसिद्ध धूमावयवरूप विपक्षेऽव्याप्तिदानमनुचितम् । अथवा पूर्वोक्त

स्थले वह्न्यभावाधिकरणधूमावयवनिरूपितसमवायसम्बन्धावच्छिन्न वृत्तित्वमादाय दत्ताव्याप्तिवारणाय साध्याभावाधिकरणे "हेत्ववयवभिन्नम्" इति निवेश्यते । तथा च नाव्याप्तिः ।

तद्यथा - हेत्ववयवः - धूमावयवः, तद्भिन्नं - वह्न्यभावाधिकरणम् जलह्रदादिकम्, तन्निरूपितवृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वाद् लक्षण समन्वयः सुसिद्ध एव । अत एतद्दोषशमनार्थं वृत्तितायां हेतुतावच्छेदक-सम्बन्धस्य निवेशो व्यर्थ एव ।

तदा प्रसिद्धविपक्षह्रदादिमादाय दोषान्तरमुच्यते । साध्यो वह्निः, साध्याभावः वह्न्यभावः, तदधिकरणम् जलह्रदः, तन्निरूपितकालिकसम्बन्धावच्छिन्ना वृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः । (जन्यानां जनकः कालः जगतामाश्रयो मतः, इति (मुक्तावल्यां) जन्यमात्रं कालोपाधिः इति रीत्या धूमस्य कालिक सम्बन्धेन ह्रदादौ विद्यमानत्वात्)

अतस्तद् वारणाय साध्याभावाधिकरणनिरूपितवृत्तितायां हेतुतावच्छेदक-सम्बन्धावच्छिन्नत्वं प्रवेशनीयमेव । कृते च तन्निवेशे हेतुतावच्छेदकसम्बन्धः प्रकृते संयोगसम्बन्धः । तेन सम्बन्धेन वह्न्यभावाधिकरणे जलह्रदादौ विद्यमाना या वृत्तिता मीनादिनिष्ठा, वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः । **अधिकं तु अग्रे वक्ष्यामः** । अत एवोक्तं **मथुरानाथेन वृत्तिश्च** हेतुतावच्छेदकसम्बन्धेन विवक्षणीया । तेन वह्न्यभाववति धूमावयवे जलह्रदादौ च समवायेन कालिकविशेषणतादिना च धूमस्य वृत्तावपि न क्षतिः ।

(१) तथा च लक्षण स्वरूपम् : **साध्याभावाधिकरण निरूपित हेतुता-वच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तित्वाभावो व्याप्तिः।**

लक्षणेऽस्मिन् किञ्चिद् विचार्यते-यद्हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं तावद् **हेतुतानिरूपितसंसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति हेतुतानिरूपितसंसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपकत्वम् ।**

समन्वयप्रकारश्चेत्थम्-प्रकृते हेतुः धूमः, हेतुता-धूमनिष्ठा, हेतुता निरूपित संसर्गता-संयोगनिष्ठा संसर्गता, तादृशसंसर्गतावच्छेदकता-संयोगत्वनिष्ठा सा चावच्छेदकता पर्याप्त्याख्यसम्बन्धेन संयोगत्वे विलसति । अतः हेतुतानिरूपित-संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मः-संयोगत्वरूपो धर्मः तदवच्छिन्नत्वं संयोगे वर्तते । **अथ च** हेतुतानिरूपितसंसर्गता-संयोगनिष्ठा संसर्गता, संसर्गतायाः अवच्छेदको धर्मः संयोगत्वं, अनवच्छेदकं समवायत्वादिकं तेनानवच्छिन्ना या संसर्गता संयोगनिष्ठैव संसर्गता, तन्निरूपितत्वं वह्न्यभावाधिकरणजलह्रदादि-निरूपितमीनादि-निष्ठवृत्तितायां सत्त्वात् वृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वात् लक्षणसमन्वयः ।

## शशीशीला -

(૧) હેતુતાવચ્છેદક સંબંધનો પરિષ્કાર આ રીતનો છે.

**हेतुता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वे सति हेतुता निरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपकत्वम् ।**

હવે આ પરિષ્કારનો સમન્વય કરાય છે. પ્રસ્તુત સ્થળ પર્વતો વહ્નિમાન ધૂમાત્ માં હેતુ:-ધૂમ, હેતુતા ધૂમમાં, હેતુતા નિરુપિત સંસર્ગતા સંયોગ સંબંધમાં આ સંયોગમાં રહેલી સંસર્ગતાનો અવચ્છેદક:- સંયોગત્વ, અવચ્છેદકતા સંયોગત્વમાં આ અવચ્છેદ-કતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ ધર્મ:- સંયોગત્વ, તાદૃશ સંયોગત્વાવચ્છિન્ન:- સંયોગ થશે. આમ પ્રથમ દલ **(વિશેષણ**

**દલ)** જે હેતુતા નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્નત્વ **સંયોગ સંબંધમાં** જશે. હવે દ્વિતીય દલ **(વિશેષ્ય દલ)** હેતુતા નિરુપિતસંસર્ગતાવચ્છેદક ધર્મ:-સંયોગત્વ, તેનો અનવચ્છેદક: સમવાયત્વાદિ, તેનાથી અનવચ્છિન્ન જે સંસર્ગતા સંયોગ નિષ્ઠા સંસર્ગતા જ આવશે. આમ **દ્વિતીયદલ પણ સંયોગ સંબંધમાં** જશે, આથી હેતુતાવચ્છેદક સંબંધ પદથી સંયોગ સંબંધ ગ્રહણ કરી શકાશે. હવે લક્ષણનો સમન્વય કરીએ. સાધ્ય:- વહ્નિ, સાધ્યાભાવ:-વહ્ન્યભાવ, તદધિકરણ:-જલહ્રદાદિ, તન્નિરુપિત સંયોગ સંબંધાવચ્છિન્ન વૃત્તિતા: મીનાદિ નિષ્ઠવૃત્તિતા, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. કોઈ આપત્તિ નહીં આવે.

## गूढामृतलीला

(२) भवता हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वस्य हेतुतानिरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति हेतुतानिरूपित संसर्गताऽनवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरुपकत्वमित्यर्थः कृतः। **परिष्कारेऽस्मिन्** यदि विशेषण दलं नोपादीयते तदा को दोषः ? किमर्थञ्च तन्निवेशः ।

**अत्र सम्बन्ध मध्ये यदि विशेषणदलमर्थात् हेतुतानिरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वदलं न दीयते तदा पर्वतो वह्निमान् द्रव्यत्वात्** इत्यत्राव्याप्तिः । नात्र व्यभिचारशङ्का करणीया । हेतुतावच्छेदकसम्बन्धस्य पर्वतानुयोगिकसमवाय सम्बन्धरुपत्वात् सत्स्थलोऽयम् ।

स्थलेऽस्मिन् साध्यो-वह्निः, साध्याभावः-वह्न्यभावः, तदधिकरणं जलह्रदादिकं तन्निरूपितहेतुतानिरूपितसंसर्गता-पर्वतानुयोगिकसमवायनिष्ठ संसर्गता, तस्यानवच्छेदको यो धर्मः-संयोगत्वादिकः तेनानवच्छिन्ना संसर्गता शुद्धसमवायनिष्ठ संसर्गता तादृशसंसर्गतानिरूपितवृत्तितैव द्रव्यत्वरूपहेतौ सत्त्वात् ।

यतो हि जलादौ समवायेन द्रव्यत्वस्य वर्तमानत्वात् । वृत्तित्वाभावस्याभावादव्याप्तिः । अतः विशेषणदलोपादानमावश्यकम् ।

कृते च तन्निवेशेऽत्र नाव्याप्तिः । यतो हि हेतुतानिरूपितसंसर्गता प्रकृते पर्वतानुयोगिकसमवायनिष्ठसंसर्गता, तदवच्छेदकता-पर्वतानुयोगिकत्व समवायत्वनिष्ठावच्छेदकता, तदवच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेनाधिकरणं-पर्वतानुयोगिकत्वं समवायत्वञ्च, तद्धर्मावच्छिन्नासंसर्गता-पर्वतानुयोगिक-समवायनिष्ठ संसर्गतैव भवितुमर्हति, न तु शुद्धसमवायनिष्ठ संसर्गता । अतः समवायसम्बन्धावच्छिन्नवृत्तितामादाय नाव्याप्तिसम्भवः ।

## शशीशीला

(२) तमे हेतुतावच्छेदक संबंध माटे आटलो मोटो परिष्कार कर्यो पण तेमांथी तमे विशेषण दलनुं उपादान नहीं करो तो पण कोई ज तकलीफ नहीं पडे केमके बंने दल संयोग संबंधमां ज जाय छे. आथी तमे मात्र **विशेष्यदलने ज ग्रहण करो.** शा माटे विस्तृत परिष्कार तमारे करवो पड्यो ?

आटलो लांबो परिष्कार करवा पाछळनो आशय अमारो जुदो छे. जो **विशेषणदलनुं** उपादान करवामां न आवे तो अर्थात् **हेतुता निरुपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्व** दल ग्रहण न करीए तो **पर्वतो वह्निमान् द्रव्यत्वात्** आ स्थळमां ज अव्याप्ति आवी जशे.

**शंका :** तमे जे स्थळ बताव्युं छे ते तो असद्धेतु स्थळ छे केमके हेतु द्रव्यत्व तो जलह्रदमां पण छे अने त्यां वह्निरुप साध्य विद्यमान नथी आम असद्धेतु होवाथी लक्षण समन्वय नहीं थाय तो कोई ज दोष नहीं आवे.

**समाधान :** तमे अमारी वातने पूर्ण रीते समज्या नथी, अहीं अमे

હેતુ માટેનો વિશેષ સંબંધ ગ્રહણ કર્યો છે અને તે સંબંધ **પર્વતાનુયોગિક સમવાય સંબંધ** આ સંબંધથી કોઈપણ વસ્તુ પર્વતમાં જ રહેશે બીજે ક્યાંય નહીં રહે. આથી દ્રવ્યત્વ પણ પર્વત ઉપર જ રહેશે અને વહ્નિ પણ ત્યાં છે આમ સદ્ધેતુ બની જશે આથી વ્યભિચારની શંકા તમારે ન કરવી. હવે વાત રહી એ કે અવ્યાપ્તિ કેવી રીતે આવે છે તેના માટે લક્ષણનો સમન્વય કરાય છે.

પ્રસ્તુત સ્થળમાં હેતુ : દ્રવ્યત્વ, હેતુતાઃ દ્રવ્યત્વમાં હેતુતા નિરૂપિત સંસર્ગતાઃ પર્વતાનુયોગિકસમવાય નિષ્ઠા સંસર્ગતા, તેનો અવચ્છેદકઃ પર્વતાનુયોગિકત્વ અને સમવાયત્વ અનવચ્છેદકઃ સંયોગત્વાદિ તેનાથી અનવચ્છિન્ન જેમ પર્વતાનુયોગિક સમવાય બને છે તેમ શુદ્ધ સમવાય પણ બનશે. આથી સાધ્યાભાવાધિકરણ જલહ્રદ તન્નિરૂપિત વૃત્તિતા જ દ્રવ્યત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ તો લાગશે જ. આથી જ વિશેષણ દલનું ઉપાદાન કરવું આવશ્યક થઈ પડશે.

જ્યારે વિશેષણ દલનું ઉપાદાન કરશો ત્યારે અવ્યાપ્તિ દૂર થઈ જશે. કેમકે પ્રસ્તુતમાં હેતુતા નિરૂપિત સંસર્ગતા-પર્વતાનુયોગિકસમવાયનિષ્ઠા, તદવચ્છેદકતા-પર્વતાનુયોગિકત્વ અને સમવાયત્વમાં, આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ-પર્વતાનુયોગિકત્વ અને સમવાયત્વ, તાદૃશ ધર્માવચ્છિન્ન સંસર્ગતા-પર્વતાનુયોગિકસમવાય નિષ્ઠા સંસર્ગતા જ આવશે. શુદ્ધ સમવાય નિષ્ઠા સંસર્ગતા ગ્રહણ થશે નહીં. આથી સમવાય સંબંધાવચ્છિન્ન. વૃત્તિતાને ગ્રહણ કરીને જે દોષ આપતાં હતાં તે તો દૂર થઈ ગયો. કેમકે સાધ્યાભાવાધિકરણ જલહ્રદમાં પૂર્વમાં સમવાય સંબંધથી દ્રવ્યત્વની વૃત્તિતા લેતાં હતાં તે હવે નહી લઈ શકાય કેમકે વૃત્તિતા માટે તો પર્વતાનુયોગિક સમવાય સંબંધ છે. આમ આ સંબંધથી

સાધ્યાભાવાધિકરણ જલહ્રદમાં મીનાદિની વૃત્તિતા, વૃત્તિત્વાભાવ દ્રવ્યત્વમાં જતાં કોઈ જ દોષ નહીં આવે.

## गूढामृतलीला

(३) यत्कृतेऽपि विशेषणदलोपादानेऽव्याप्तितादवस्थ्यमेव । तथाहि पर्वतो वह्निमान् पर्वतानुयोगिकसमवायेन द्रव्यत्वात् इत्यत्र पर्वतानुयोगिकसमवाय-सम्बन्धावच्छिन्ना या वृत्तिता सा केवलसाध्यवन्निरूपितैव भवति न तु साध्याभाववन्निरूपिता । अतो वह्न्यभावाधिकरणनिरूपितहेतुता निरूपितसंसर्गता-वच्छेदकतापर्याप्त्यधिकरणपर्वतानुयोगिकत्वसमवायत्वरूपधर्मद्वयावच्छिन्न-संसर्गतानिरूपितवृत्तित्वाप्रसिद्ध्याऽव्याप्तितदवस्थमेव । अतः विशेषणदलोपादानन्तु निरर्थकमेव ।

## શશીશીલા

(૩) અહીં અમે બીજી રીતે તમને દોષ આપીએ છીએ. વિશેષણ દલનું ઉપાદાન તમે કરશો તો પણ તમને અવ્યાપ્તિ તો પૂર્વવત્ લાગશે જ. તે આ પ્રમાણે : પર્વતો વહ્નિમાન્ પર્વતાનુયોગિકસમવાયેન દ્રવ્યત્વાત્ આ સ્થળમાં પર્વતાનુયોગિક સમવાયસંબંધાવચ્છિન્ન-વૃત્તિતા જે છે તે કેવલ સાધ્યવત્ થી નિરૂપિત છે સાધ્યાભાવવત્ થી નિરૂપિત તો નથી જ આથી વહ્ન્યભાવાધિકરણ નિરૂપિત હેતુતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદક પર્યાપ્ત્યધિકરણ ધર્મ:-પર્વતાનુયોગિકત્વ સમવાયત્વ, તાદૃશ ધર્મદ્વયાવચ્છિન્ન સંસર્ગતાથી નિરૂપિત વૃત્તિતા જ અપ્રસિદ્ધ થતાં તે સંબંધથી તેનો અભાવ પણ કઈ રીતે લેવાય માટે અવ્યાપ્તિ તો લાગવાની જ છે. આથી વિશેષણ દલનું ઉપાદાન નિરર્થક જ થશે.

## गूढामृतलीला

(४) अतस्तद् वारणाय हेतुतावच्छेदकावच्छिन्नहेत्वधिकरणतानिरूपित हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नाधेयताप्रतियोगिकस्वरूपसम्बन्धेन वृत्तित्वाभावो विवक्षितः । तथा च प्रकृते हेतुतावच्छेदकावच्छिन्नहेत्वधिकरणता निरूपित अर्थात् द्रव्यत्वत्वावच्छिन्नद्रव्यत्वाधिकरणतानिरूपित हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्न अर्थात् पर्वतानुयोगिकसमवायसम्बन्धावच्छिन्ना याऽऽधेयता द्रव्यत्वनिष्ठाऽऽधेयता तादृशाऽऽधेयताप्रतियोगिकस्वरूपसम्बन्धेन द्रव्यत्वनिष्ठाधेयतैव तिष्ठति न तु साध्याभावाधिकरणजलहृदादिनिरूपितमीनादिनिष्ठा वृत्तिता । तस्या मीनादिनिष्ठवृत्तिताया व्यधिकरणसम्बन्धोऽयं पर्वतानुयोगिकसमवायसम्बन्धः । तेन च सम्बन्धेन वृत्तित्वाभावस्य केवलान्वयित्वात् । **येन सम्बन्धेन यस्य न वृत्तित्वं तत् सम्बन्धावच्छिन्नप्रतियोगिताकतदभावस्य केवलान्वयितया,** वह्न्यभावाधिकरणजलहृदादिनिरूपितपर्वतानुयोगिकसमवाय सम्बन्धावच्छिन्नवृत्तित्वाभावस्य द्रव्यत्वरूपहेतौ सत्त्वात् साध्याभावाधिकरण निरूपितहेतुतानिरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्न संसर्गता निरूपितवृत्तित्वप्रसिद्ध्या नाव्याप्तिसम्भवः । अतः हेतुता निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वदलं सार्थकमेव ।

## શશીશીલા

(૪) આથી આ દોષને દૂર કરવા માટે **હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેત્વધિકરણતા નિરુપિત હેતુતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન આધેયતા પ્રતિયોગિક સ્વરુપ સંબંધથી વૃત્તિત્વાભાવ જાણવો.** તેથી પ્રસ્તુત સ્થળ **પર્વતો વહ્નિમાન્ દ્રવ્યત્વાત્**માં હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેત્વધિકરણતા અર્થાત્ દ્રવ્યત્વત્વાવચ્છિન્ન દ્રવ્યત્વાધિકરણતા નિરૂપિત હેતુતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન અર્થાત્ પર્વતાનુયોગિક સમવાયસંબંધાવચ્છિન્ન તાદૃશ સંબંધાવચ્છિન્ના આધેયતા દ્રવ્યત્વ

નિષ્ઠ આધેયતા, આ આધેયતા છે પ્રતિયોગી જેમાં એવા સ્વરુપ સંબંધથી કેવલ દ્રવ્યત્વ નિષ્ઠ આધેયતા જ રહેશે, નહી કે સાધ્યાભાવાધિકરણ જલહ્રદાદિ નિરૂપિત મીનાદિનિષ્ઠવૃત્તિતા. કેમકે તે મીનાદિનિષ્ઠવૃત્તિતાનો આ વ્યધિકરણ સંબંધ છે. આ સંબંધથી તો કેવલ પર્વતમાં જ કોઈપણ વસ્તુ રહી શકે. અન્યત્ર સર્વઠેકાણે આ વ્યધિકરણ સંબંધથી અભાવ જ મળશે. આમ આ પર્વતાનુયોગિકસમવાયસંબંધથીવૃત્તિત્વાભાવ એ કેવલાન્વયી બની જશે. આથી સર્વત્ર વૃત્તિત્વાભાવ મળી જશે. (જે સંબંધથી જે ક્યાંય નથી રહેતુ તે સંબંધથી તેનો અભાવ સર્વત્ર રહે છે અર્થાત્ તે કેવલાન્વયી બને છે.) વહ્ન્યભાવાધિકરણ જલહ્રદાદિ નિરૂપિત પર્વતાનુયોગિકસમવાયસંબંધાવચ્છિન્નવૃત્તિત્વાભાવ દ્રવ્યત્વ રુપ હેતુમાં હોવાથી લક્ષણ સમન્વય થતાં કોઈ દોષ નહીં આવે. આમ વૃત્તિતા પ્રસિદ્ધ થતાં પૂર્વમાં જે અપ્રસિદ્ધિ રુપ અવ્યાપ્તિ આવી હતી. તે દૂર થઈ ગઈ. આથી જ હેતુતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્નત્વ દલ અર્થાત્ વિશેષણ દલ સાર્થક જ રહેશે.

## गूढामृतलीला

(५) अस्तु तावत् हेतुतावच्छेदकसम्बन्धावच्छिन्नस्यायमर्थः । ननु अस्मिन् सम्बन्ध मध्ये हेतुतानिरूपितसंसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गता निरूपकत्वदलं सार्थकम्, तथापि हेतुतानिरूपितसंसर्गतानवच्छेदकानवच्छिन्ना संसर्गतानिरूपकत्वदलन्तु निष्प्रयोजनमेव । यतो हि पूर्वोक्ताव्याप्तिवारणन्तु विशेषणदलोपादानेनैव सम्भवः इति चेन्न ।

## શશીશીલા

(૫) તમારી વાત અમે સ્વીકારી લીધી વિશેષણ દલ આવશ્યક છે તો પણ હેતુતાવચ્છેદક સંબંધાવચ્છિન્નનો જે અર્થ કર્યો છે તેમાં વિશેષ્ય દલ તો નિષ્પ્રયોજક જ છે કેમકે પૂર્વોક્ત અવ્યાપ્તિને દૂર કરવા માટે તો વિશેષણ દલ જ સમર્થ થવાનું છે. આથી વિશેષ્ય દલ નિરર્થક છે, જો આવું તમારું કથન હોય તો તે મિથ્યા જ જાણજો.

## गूढामृतलीला

(६) भवद्भिः विशेष्यदलोपादानं यदि न क्रियते तदा **पर्वतो वह्निमान् धूमात् इत्यत्रैवाव्याप्तिः** । तथा हि साध्यो वह्निः, साध्याभावः वह्न्यभावः, तदधिकरणं जलह्रदः, तन्निरूपितवृत्तिता हेतुतानिरूपितसंसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गतानिरूपिता विवक्षिता । तथा च प्रकृते हेतुः धूमः, हेतुतावच्छेदकसम्बन्धः संयोगसम्बन्धः, हेतुता निरूपिता संसर्गतावच्छेदकता-संयोगत्वनिष्ठा, तादृशावच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेनाधिकरणं-संयोगत्वं, तदवच्छिन्ना या संसर्गता, **(अधिकं प्रविष्टं न तु तद्धानिकरम्)** इति रीत्या संयोग-कालिकान्यतरनिष्ठा संसर्गता, तादृशसंसर्गतान्तर्गतकालिकसम्बन्धेन वह्न्यभावाधिकरणजलह्रदादिनिरूपितवृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः।

अतस्तद् वारणाय संसर्गतायां हेतुतानिरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्नत्वं निवेशनीयम् । कृते चैतादृशनिवेशे प्रकृते हेतुतानिरूपितसंसर्गता-संयोगनिष्ठा संसर्गता, तन्निरूपित संसर्गतायाः अवच्छेदकं-संयोगत्वं, अनवच्छेदकं कालिकत्वं तदवच्छिन्नैवेयं संयोगकालिकान्यतरनिष्ठा संसर्गता, न त्वनवच्छिन्ना । अतो नेयं संसर्गता लक्षणघटिका, अपि तु शुद्धसंयोगसंसर्ग एव । तेन संयोगसम्बन्धेन वह्न्यभावाधिकरणनिरूपितवृत्तितायाः मीनादौ एव, वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

(૬) તમે તો વિશેષ્યદલનું ઉપાદાન કરતા નથી તો **પર્વતો વહ્નિમાન્ ધૂમાત્** આ પ્રસિદ્ધ સ્થળમાં જ અવ્યાપ્તિ આવી જશે.

સાધ્ય : વહ્નિ, સાધ્યાભાવ : વહ્ન્યભાવ, તદધિકરણ : જલહ્રદ આ જલહ્રદમાં રહેલી વૃત્તિતા માટે તમે કેવલ વિશેષણ દલ અર્થાત્ હેતુતાનિરૂપિતસંસર્ગતાવચ્છેદકતાપર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્નસંસર્ગતા નિરૂપકત્વનો જ પ્રવેશ કર્યો છે.

પ્રસ્તુતમાં હેતુ :- ધૂમ, હેતુતા :- ધૂમમાં, હેતુતા નિરૂપિત સંસર્ગતા :- સંયોગ નિષ્ઠા, હેતુતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા સંયોગત્વમાં, આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ :- સંયોગત્વ આ **સંયોગત્વાવચ્છિન્ન સંસર્ગતા સંયોગ-કાલિકાન્યતરમાં પણ રહેશે. (અધિકનો પ્રવેશ કરવો એ હાનિકારક નથી.)** અહીં ધ્યાન રાખવું સંયોગત્વાવચ્છિ. તો સંયોગ જ થાય કાલિક ક્યારેય ન થાય પરંતુ સંયોગકાલિકાન્યતરાન્તર્ગત સંયોગ છે આથી સંયોગત્વાવચ્છિ. અન્યતર થશે અને આ સંયોગ કાલિકાન્યતર સંસર્ગતાની અંદર તો કાલિક સંબંધ પણ આપેલ છે. આથી સાધ્યાભાવાધિકરણ જલહ્રદાદિ નિરૂપિત કાલિક સંબંધથી વૃત્તિતા જ ધૂમમાં આવશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ.

આથી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે જ અમે **વિશેષ્ય દલ અર્થાત્ હેતુતા નિરૂપિત સંસર્ગતાનવચ્છેદકાનવચ્છિન્નત્વનો** પ્રવેશ કર્યો છે. આ દલનો પ્રવેશ કરવાથી જે અવ્યાપ્તિ આવતી હતી તે દૂર થઈ જશે. કેમકે હેતુતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદક-સંયોગત્વ, અનવચ્છેદક-કાલિકત્વ, તેનાથી અવચ્છિન્ન જ આ સંયોગ કાલિકાન્યતર સંબંધ બનશે, અનવચ્છિન્ન થશે નહીં. આથી આ સંસર્ગતા (સંયોગ કાલિકાન્યતર) લક્ષણ ઘટક નહીં બને પરંતુ શુદ્ધ

સંયોગ સંબંધ જ લક્ષણ ઘટક બનશે. આમ વહ્ન્યભાવાધિકરણ-જલહ્રદ તેમાં સંયોગ સંબંધથી વૃત્તિતા મીનાદિની, વૃત્તિત્વાભાવ ધૂમમાં જશે. કોઈ જ દોષ આવશે નહિ. અવ્યાપ્તિ દૂર થઈ જશે.

## गूढामृतलीला

(७) अत्रैवमाशङ्का जायते यदन्यतरत्वेन संसर्गतायां मानाभावात् संयोगकालिकान्यतरसम्बन्धमादाय **पर्वतो वह्निमान् धूमा**दित्यत्राव्याप्तिदानमनुचितम् । यद्यन्यतरत्वेन संसर्गता स्यात् तदा संयोग-कालिकान्यतर-सम्बन्धान्तर्गतकालिकसम्बन्धावच्छिन्नवह्न्यभावाधिकरणजलह्रदादिनिरूपित वृत्तितायाः धूमे सत्त्वादव्याप्तिः स्यात् । न सम्भवति चैतादृशं कार्यम् । अतः न तमादायाव्याप्तिः । अतस्तद् वारणाय विशेष्यदलं व्यर्थम् ।

## શશીશીલા

(૭) તમે દોષ દૂર કર્યો પણ વાસ્તવિક રીતે તે દોષ જ નથી આવતો. કેમ કે અન્યતરત્વ રુપ સંબંધમાં જ કોઈ પ્રમાણ નથી. આથી આ સંબંધ નહી માનો એટલે પૂર્વમાં સંયોગ. કાલિકાન્યતર સંબંધને ગ્રહણ કરીને પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આ સ્થળમાં જે અવ્યાપ્તિ આપી હતી તે અવ્યાપ્તિ નહી આપી શકાય. કેમકે જો અન્યતરત્વ સંબંધરુપે હોત તો તમે સંયોગ.કાલિકઅન્યતર સંબંધમાં રહેલ કાલિક સંબંધથી વહ્ન્યભાવાધિકરણ જલહ્રદાદિમાં ધૂમની વૃત્તિતા મેળવી શકત અને વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવત. પણ આ સંબંધ જ નથી મળતો આથી અવ્યાપ્તિ તમે જે આપી હતી તે અનુચિત થઈ પડશે. આથી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે તમે જે વિશેષ્ય દલ આપ્યું હતું તે પણ નિરર્થક જ જશે.

## गूढामृतलीला

(८) तत्र समाधत्ते । यत्संयोग-कालिकान्यतरसम्बन्धेन धूमवानिति प्रतीतेरेव अन्यतरत्त्वावच्छिन्नसंसर्गतायां मानम् । अत एतादृश्या प्रतीत्या अन्यतरत्त्वावच्छिन्न संसर्गतायां मानमस्त्येव । ततश्च तत्सम्बन्धावच्छिन्नवृत्तितामादायाव्याप्तिः सम्भवत्येव । तद् वारणाय हेतुतानिरूपितसंसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपकत्वदलमावश्यकम् ।

## શશીશીલા

(૮) તમે જે કથન કર્યુ તે ઉચિત નથી કેમકે આવી પ્રતીતિ તો સર્વને પણ થાય છે કે સંયોગ-કાલિક અન્યતર સંબંધથી પર્વત ધૂમવાળો છે. આ એ જ બતાવે છે કે અન્યતરત્વેન સંબંધ સ્વીકૃત કરેલ છે. આથી સંબંધ તરીકે તેનું અસ્તિત્વ તો સ્વીકાર કરવું પડશે. સંબંધ તરીકે અન્યતરત્વને સ્વીકારશો એટલે આ સંબંધથી વૃત્તિતા ગ્રહણ કરી લઈશું. તેથી અવ્યાપ્તિ તો આવી જ જશે. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે વિશેષ્યદલ સાર્થક થઈ પડશે.

## गूढामृतलीला

(९) न चेयं प्रतीति भवदीयैव । न हि संयोग-समवायान्यतर सम्बन्धेन पर्वतो धूमवान् इति प्रतीतिः कस्यापि जायते । तेनैव प्रकारेण संयोग-कालिकान्यतर सम्बन्धेन धूमवानिति प्रतीतिरपि न भवति इति वाच्यम् ।

## શશીશીલા

(૯) તમારી વાત યુક્ત નથી. આ પ્રતીતિ તો તમને થતી હોય તો ખબર નથી. જો આ પ્રતીતિનો તમે સ્વીકાર કરશો તો પછી સંયોગ-સમવાયાન્તર સંબંધથી પણ પર્વત ધૂમવાળો છે આવું

પણ તમારે સ્વીકારવું પડશે. જે તો તમને પણ અનિષ્ટ જ છે. આથી આ અન્યતરત્વ ને સંબંધ રુપે ન માની શકાય. આમ સંયોગ-સમવાયાન્યતર સંબંધની પ્રતીતિ જેમ પર્વત ઉપર નથી થતી. તેમ સંયોગ-કાલિકાન્યતર સંબંધની પણ પ્રતીતિ નથી થઈ શકતી આવું અમે સ્વીકાર કરીએ છીએ.

## गूढामृतलीला

(१०) इदन्तु न प्रतिभाति सम्यक् । यतो हि अन्याचार्यैरपि अन्यतरत्वावच्छिन्ना संसर्गता स्वीकृतैव । **यथोक्तं महादेवभट्टैः अभावलक्षणेसमवाय-स्वसमवायसमेवतत्वान्यतरसम्बन्धेन सत्तावत्वं यत् तदन्यत्वमभावत्वमिति ।** तस्यायमाशयः यत्सत्ता समवायसम्बन्धेन द्रव्य-गुण-कर्मषु विद्यते । एवं स्वसमवायसमेवतत्वसम्बन्धेन सा सत्ता सामान्य-विशेष-समवायेषु वर्तते । अतः समवाय-स्वसमवायसमवेतत्वान्यतरसम्बन्धेन सत्तावत्त्वं द्रव्य-गुण-कर्म-सामान्य-विशेष-समवायेषु, त एव भावाः तद्भिन्नोऽभावोऽस्ति । इत्यनया व्याख्यया अन्यतरस्यापि संसर्गतया स्वीकृतत्वात् ।

अनेनैव प्रकारेण सिद्धान्तलक्षणे प्रविष्टप्रतियोगितावच्छेदकतायां विशेषणीभूत साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धस्य न्यूनवारकपर्याप्तिनिवेश-आवश्यकः । अन्यथा **विषयित्वसमवायान्यतरसम्बन्धेन रूपत्व विशिष्टस्य समवायेन साध्यतायां आत्मघटान्यतरत्वहेतौ** आत्मघटान्यतरत्वाधिकरणे घटे विषयिता सम्बन्धेन रूपत्वविशिष्टाभावमादाय एवमात्मनि च समवाय सम्बन्धेन रूपत्वविशिष्टाभावमादाया**व्याप्तिः** । इत्यनेन प्रकारेण व्याख्यानं कृतं चन्द्रनारायणभट्टैः । व्याख्यायामस्यामन्यतरत्वे संसर्गत्वमभ्युपेत्य दोषः प्रदतः ग्रन्थकारेण । अतः सिध्यति यदन्यतरत्वे संसर्गत्वकल्पनं न केवलं स्वीय-कल्पनामात्रमपित्वन्येषामपि ग्रथकाराणा-मिष्टेयं कल्पना । अतोऽन्यतरत्वे संसर्गत्वमभ्युपेयमेव ।

यदि च संयोग कालिकान्यतरसम्बन्धेन धूमवान् पर्वतः इति प्रत्यये संयोगसम्बन्धावच्छिन्न धूम निष्ठधेयता निरूपिताधिकरणत्वस्यैव विषयो भासते, कालश्चतादृशान्यतरसम्बन्धेन धूमवानिति प्रत्यये च कालिकसम्बन्धावच्छिन्नधूम-निष्ठधेयतानिरूपित कालनिष्ठाधिकरणत्वस्यैव विषयावभासः इति ज्ञायते । तथा चान्यतरत्वस्य संसर्गत्वे न किमपि मानमित्युच्यते तदान्यतरत्वस्य संसर्गत्वे गुरुपादा एव शरणमिति ध्येयम् ।

## શશીશીલા

(૧૦) તમારી વાત યુક્તિયુક્ત નથી. કેમકે પર્વત ઉપર ધૂમની ભલે સંયોગ-સમવાયાન્યતર સંબંધથી પ્રતીતિ ન થાય પણ સંયોગ કાલિકાન્યતર સંબંધથી પ્રતીતિ થવામાં કોઈ જ આપત્તિ જણાતી નથી. વળી આવું અમે જ માનીએ છીએ એવું પણ નથી. અન્ય પણ આચાર્યો અન્યતરત્વમાં સંસર્ગતા સ્વીકારે જ છે.

મહાદેવ ભટ્ટે પણ અભાવના લક્ષણમાં કહ્યું છે : "સમવાય સ્વસમવાયસમવેતત્વાન્યતરસમ્બન્ધેન સત્તાવત્ત્વં યત્ તદન્યત્વમ્ અભાવત્વં । તેનો આશય આ પ્રમાણે છે : સત્તા સમવાય સંબંધથી દ્રવ્ય ગુણ કર્મમાં રહે છે. તેમજ સ્વ સમવાય સમવેતત્વ સંબંધથી તે સત્તા સામાન્ય, વિશેષ અને સમવાયમાં રહેશે. અહીં સ્વ પદથી સત્તા લેવી તે સત્તા સમવાય સંબંધથી દ્રવ્ય, ગુણ, કર્મમાં અને તેમાં સમવેત (સમવાય સંબંધથી રહે તે) સામાન્ય, વિશેષ, સમવાય છે. આથી સ્વ સમવાય સમવેતત્વ સંબંધથી સામાન્ય, વિશેષ, સમવાયમાં સત્તા રહેશે. આમ સમવાય, સ્વસમવાય સમવેતત્વાન્યતર સંબંધથી સત્તાવાળા દ્રવ્ય, ગુણ, કર્મ સામાન્ય, વિશેષ, સમવાય થશે. આ ભાવ થશે. અને તેનાથી ભિન્ન જે હશે તે અભાવ બનશે. અહીં જે અભાવનું લક્ષણ કર્યુ છે તેમાં અન્યતરત્વને

મૂકયો છે. આથી સ્પષ્ટ થાય છે કે અન્યતરત્વને પણ સંબંધ રુપે સ્વીકારેલો છે.

તમે એમ ન કહેતાં કે એક મહાદેવ ભટ્ટે કહ્યું છે એટલે અમે ન સ્વીકારીએ આવું જો કથન કરશો તો એ પણ અયુક્ત છે કેમ કે સિદ્ધાન્ત લક્ષણમાં પણ ચંદ્રનારાયણ ભટ્ટે આ અન્યતરત્વ સંબંધનો સ્વીકાર કરેલો જ છે.

પ્રતિયોગિતાવચ્છેદકતામાં વિશેષણ સ્વરૂપ સાધ્યતા-વચ્છેદકતાવચ્છેદક સંબંધની ન્યૂનવારક પર્યાપ્તિનો પ્રવેશ કરવો આવશ્યક થઈ પડશે. જો આ સંબંધ માટે પર્યાપ્તિનો નિવેશ નહીં કરીએ તો વિષયિત્વ સમવાયાન્યતર સંબંધથી રૂપત્વ વિશિષ્ટ રૂપને સમવાય સંબંધથી સાધ્ય અને આત્મઘટાન્યતરત્વ - હેતુ આ સ્થળમાં અવ્યાપ્તિ આવી જશે.

હેતુ જે આત્મઘટાન્યતરત્વ તેનું અધિકરણ અમે ઘટ લઈશું. તેમાં વિષયિતા સંબંધથી રૂપત્વ વિશિષ્ટાભાવ તો મળી જશે. કેમકે વિષયિતા સંબંધથી રૂપત્વ વિશિષ્ટ તો રૂપત્વ વિષયક જ્ઞાન થશે. તેનો અભાવ તો ઘટમાં મળી જ જશે. આમ હેત્વધિકરણ ઘટમાં સાધ્યાભાવ મળી જતાં અવ્યાપ્તિ આવશે.

તે જ રીતે આત્મઘટાન્યતરત્વ રુપ જે હેતુ છે તેનું અધિકરણ આત્મા લઈશું અને તેમાં સમવાય સંબંધથી રૂપત્વ વિશિષ્ટાભાવ ગ્રહણ કરશું. આ અભાવને ગ્રહણ કરતાં જ અવ્યાપ્તિ તો આવી જશે.

આના દ્વારા અમારે તો એટલું જ કહેવું છે કે ચંદ્રનારાયણ ભટ્ટે જે અવ્યાપ્તિ દોષ આપ્યો છે તે અન્યતરત્વને સંબંધ રૂપે સ્વીકાર્યો છે પછી આપ્યો છે. આથી સિદ્ધ થાય છે કે અન્યતરત્વને જે સંબંધ રૂપે અમે સ્વીકાર્યો છે તે કેવલ કપોલકલ્પિત નથી પરંતુ અન્ય પણ આચાર્યોને આ કલ્પના ઈષ્ટ જ છે. આથી તમે જો ના

કહેશો કે અન્યતરત્વ સંબંધ રૂપે ન સ્વીકારી શકાય તો તે વાત તમારી અનુચિત છે.

સંયોગ-કાલિકાન્યતર સંબંધથી ધૂમવાળો પર્વત છે. આ પ્રતીતિમાં સંયોગ સંબંધથી ધૂમમાં આધેયતા નિરૂપિત અધિકરણતા પર્વતમાં રહેશે. આ વિષય જ ભાસિત થશે અર્થાત્ સંયોગસંબંધથી જ પર્વત ધૂમવાન છે આવી પ્રતીતિ થશે.

આ જ પદ્ધતિથી કાલિક સંબંધથી ધૂમમાં રહેવાવાળી આધેયતાથી નિરૂપિત અધિકરણતા કાલમાં ભાસિત થાય છે. આથી અન્યતરત્વેન સંસર્ગતા માનવાની આવશ્યકતા નથી. જો આ પ્રમાણેની તમે શંકા કરો તો આનો નિષ્કર્ષ ગુરુની પાસે અથવા શ્રેષ્ઠ પુરુષોની પાસે જાણવો.

## गूढामृतलीला

(११) अस्तु तावदन्यतरत्वेन संसर्गत्वम् । तथापि संयोगकालिकान्यतरत्वन्तावत् संयोगकालिकभिन्नभिन्नत्वम् । **"संसर्गसाक्षात् विशेषणस्यैव संसर्गतावच्छेदकत्वात्"** इति रीत्या संयोग-कालिकान्यतरसम्बन्धेन धूमवान् पर्वत इति ज्ञाने संसर्गताया अवच्छेदकं न हि संयोगत्वम् । यतो हि संयोगत्वस्य संसर्गविशेषणीभूतान्यतरत्वात्मकभेद प्रतियोगिभूतभेद प्रतियोगिन्येव विशेषणत्वात् । न तु संयोग - कालिक भिन्नभिन्नत्वात्मक संयोग - कालिकान्यतर संसर्गे साक्षात् विशेषणम् । तत्र परम्परयैव संयोगत्वस्य भानं भवति । अतः संयोगकालिकान्यतरत्वावच्छिन्न संसर्गतायां हेतुता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरंण धर्मावच्छिन्नत्वमेव न सम्भवति । परम्परया संसर्गविशेषणस्य संसर्गतावच्छेदकतायामवच्छेदकत्वात् । तथा च पर्वतो वह्निमान् धूमादित्यत्र वह्न्यभावाधिकरण जलह्रदादिनिरूपितसंयोगकालिकान्यतरसम्बन्धमादायाव्याप्तिः सम्भवत्येव न हि । तेनास्मिन् सम्बन्धमध्ये हेतुतानिरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्नत्वदलमनर्थकमेव इति चेन्न ।

(૧૧) માની પણ લીધું કે અન્યતરત્વને તમે સંબંધ રુપે સ્વીકારો છો તો પણ વિશેષ્ય દલ નિરર્થક જ જશે. કેમકે સંયોગ-કાલિકાન્યતરત્વનો અર્થ તમે આ જ કરશો કે સંયોગ-કાલિક ભિન્ન ભિન્નત્વ.

હવે એક **નિયમ છે કે સંસર્ગમાં સાક્ષાત્ વિશેષણ જ સંસર્ગતાવચ્છેદક બની શકે.** આ નિયમનો સ્વીકાર કરશું એટલે "સંયોગ-કાલિકાન્યતરસંબંધથી ધૂમવાળો પર્વત" આ જ્ઞાનમાં સંસર્ગતાનો સાક્ષાત્ અવચ્છેદક સંયોગત્વ નહીં બની શકે. કેમકે સંયોગ-કાલિકાન્યતર સંબંધમાં સાક્ષાત્ અવચ્છેદક તો અન્યતરત્વ બને છે સંયોગત્વ નહી બને. કેમ કે સંયોગત્વ એ સંબંધના વિશેષણ સ્વરુપ જે અન્યતરત્વાત્મક ભેદ છે. તે ભેદનો પ્રતિયોગિ જે સંયોગ છે તેમાં સંયોગત્વ એ સાક્ષાત્ અવચ્છેદક બનશે. આથી સંયોગત્વ એ "સંયોગકાલિક ભિન્ન ભિન્નત્વ" રુપ સંબંધમાં સાક્ષાત્ અવચ્છેદક ન બનતાં પૂર્વોક્ત નિયમથી તે સંબંધનો અવચ્છેદકં ન બની શકે. આમ સંયોગ-કાલિકાન્યતર સંબંધને ગ્રહણ કરીને તમે જે અવ્યાપ્તિ આપતાં હતાં તે સંભવી નહી શકે.

અહીં સંયોગત્વએ પરંપરાથી સંસર્ગતાવચ્છેદક બને છે. આથી સંયોગ-કાલિકાન્યતર સંબંધમાં હેતુતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્નત્વ દલ સંભવી શકતુ નથી કેમકે નિયમ ના પાડે છે કે પરંપરાએ વિશેષણ હોય તે સંસર્ગતાવચ્છેદક ન બની શકે.

આથી પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ સ્થળમાં વહ્ન્યભાવાધિકરણ જલહ્રદાદિ તેમાં તમે જે રીતે કહેતાં હતાં કે સંયોગથી ભલે ધૂમ ન હોય પણ કાલિકથી તો ધૂમ છે જ. આથી વૃત્તિતા જ ધૂમમાં લાવતાં હતાં તે હવે નહીં લઈ શકો. કેમકે અહીં સંયોગત્વ કે કાલિકત્વ અવચ્છેદક નથી બનતાં પરંતુ અન્યતરત્વ અવચ્છેદક બને

છે. આથી જલહ્રદાદિ નિરૂપિત વૃત્તિતા મીનાદિમાં વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

આમ અવ્યાપ્તિ ન આવતાં તમે જે કહેતાં હતાં કે આ અવ્યાપ્તિ દૂર કરવા માટે અમે વિશેષ્યદલનું ઉપાદાન કરતાં હતાં તે પણ વ્યર્થ પુરવાર થશે. કેમકે અવ્યાપ્તિ આવતી જ નથી. અવ્યાપ્તિ આવે તો વિશેષ્યદલ ગ્રહણ કરવું પડે જો તમે આવું કથન કરતાં હો તો ન કરતાં.

## गूढामृतलीला

(१२) संसर्गसाक्षात् विशेषणस्यैव संसर्गतावच्छेदकत्वादित्यस्मिन्नियमे प्रमाणाभावेन परम्परया संसर्गविशेषणस्यापि संसर्गतावच्छेदकत्वमभ्युपेत्यमेव । संयोगकालिकान्यतरसम्बन्धेन धूमवान् पर्वत इति प्रतीतौ परम्परयान्यतरविशेषणस्यापि संसर्गतावच्छेदकत्वस्य सम्भवात् । तेन सम्बन्धेन वह्न्यभावाधिकरण ह्रदादिनिरूपितवृत्तितामादायाव्याप्तिः सम्भवत्येव । अतस्तद्वारणाय विशेष्यीभूतहेतुतानिरूपितसंसर्गतानवच्छेदकानवच्छिन्नत्वदलं सार्थकमेव ।

## શશીશીલા

(૧૨) સંબંધમાં સાક્ષાત્ વિશેષણ જ સંસર્ગતાવચ્છે. બની શકે. આવું તમે ક્યાંથી લાવ્યા ? આ નિયમમાં જ કોઈ પ્રમાણ નથી. અમે તો સંબંધનું પરંપરાએ હોય કે સાક્ષાત્ વિશેષણ હોય તો પણ અમે તો તેને સંબંધના અવચ્છેદક રુપે સ્વીકારીએ જ છીએ. આથી સંયોગ-કાલિકાન્યતર સંબંધથી ધૂમવાળો પર્વત છે આ પ્રતીતિમાં અમે પરંપરાથી અવચ્છેદક બનનાર સંયોગત્વ, કાલિકત્વનો સ્વીકાર કરશું. અને આ સંબંધથી વહ્ન્યભાવાધિકરણઃ- જલહ્રદાદિમાં કાલિક

સંબંધથી તો ધૂમની વૃત્તિ જ આવશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ તો આવશે જ.

આ અવ્યાપ્તિને દૂર કરવા માટે વિશેષ્ય દલ અર્થાત્ હેતુતા નિરૂપિત સંસર્ગતાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલ સાર્થક જશે.

## गूढामृतलीला

(१३) न च यद्येवमुच्यते यत्परम्परया संसर्गविशेषणस्यापि संसर्गतावच्छेदकत्वं स्वकल्पनामात्रमेव । न हि कुत्रापि भवत्येतादृशी प्रतीतिरिति वाच्यम् ।

## શશીશીલા

(૧૩) તમે એમ કહેતાં હોવ કે પરંપરાથી સંબંધનું વિશેષણ પણ સંસર્ગતાવચ્છેદક બની શકે આ વાત માત્ર મનઘડંત છે. કેમકે આવી પ્રતીતિ ક્યાંય પણ થતી નથી તેથી આવું તમે કથન ન કરતાં.

## गूढामृतलीला

(१४) परम्परया संसर्ग विशेषणस्यापि संसर्गतावच्छेदकत्वमित्यत्र न स्वकल्पनामात्रमपित्वनुमितिग्रन्थे गदाधरभट्टैरपि परामर्शजन्य साक्षादवच्छेदकीभूतजातिमत्त्वरूपानुमितिलक्षणघटकसाक्षात्पदप्रयोजन व्याख्यानावसरेऽनुमितौ परम्परया विशेषणीभूतवह्न्यावतिव्याप्ति-वारणार्थं साक्षात् पदमुट्टङ्कितम् । **उक्तं च परामर्शकार्यवह्नित्वावच्छिन्नविधेयताशाल्यनुमितौ परम्परया विशेषणीभूत वह्नित्वस्य परामर्शजन्यतावच्छेदकमादाय वह्न्यावतिव्याप्ति वारणाय साक्षादिति ।**

(૧૪) પરંપરાથી સંસર્ગનું વિશેષણ પણ સંસર્ગતાવચ્છેદક બની શકે છે આ વાત મનઘડંત કે કલ્પનામાત્ર નથી પરંતુ તેના માટે અમારી પાસે સાક્ષીપાઠ છે. જેથી અમારી વાત નિરર્થક નહી જાય.

**ગદાધર ભટ્ટાચાર્યે અનુમિતિ નામક ગ્રંથમાં** અનુમિતિનું લક્ષણ આપ્યું છે તેનાથી જ અમારી વાત સિદ્ધ થઈ જાય છે. લક્ષણ આવું છે કે परामर्शजन्य साक्षादवच्छेदकीभूत जातिमत्त्वम् · अनुमितित्वम् ।

→ આ લક્ષણ દ્વારા તમે શું સિદ્ધ કરવા માંગો છો ?

→ આ લક્ષણથી અમે એ વાત સિદ્ધ કરશું કે પરંપરાથી પણ સંસર્ગતાવચ્છેદક સ્વીકૃત થઈ શકે છે.

આ લક્ષણમાં ગ્રંથકાર **"સાક્ષાત્"** પદનું પ્રયોજન જણાવતાં કહે છે કે જો સાક્ષાત્ પદ ન મૂકવામાં આવે તો પર્વતો વહ્નિમાન્ ઈત્યાકારક અનુમિતિમાં પરંપરાથી અવચ્છેદક વહ્નિત્વ છે. કોઈ વહ્નિત્વ જાતિને ન લઈ લે તે માટે મૂકયું છે. જો વહ્નિત્વ જાતિને લે તો લક્ષણ અનુમિતિનું છે અને વહ્નિત્વમાં જતું રહે તો અતિવ્યાપ્તિ લાગે. આ અતિવ્યાપ્તિ દૂર કરવા માટે જ "સાક્ષાત્" પદનું ઉપાદાન કર્યું છે.

આ એ જ જણાવે છે કે જો પરંપરાથી અવચ્છેદકતા ગૃહીત થતી જ ન હોત તો અહીં સાક્ષાત્ પદનું ઉપાદાન જ નિરર્થક જાત છતાં સાક્ષાત્ પદ મૂકયું છે તે જ જણાવે છે કે પરંપરાથી પણ અવચ્છેદકતા ગ્રહણ કરી શકાય છે.

→ વહ્નિત્વ જાતિ પરંપરાથી કેવી રીતે અવચ્છેદક બને ?

તેનું સમાધાન આપતાં કહે છે કે પરામર્શથી જન્ય અનુમિતિ છે. આ અનુમિતિમાં વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિ વિશેષણ રુપે બને છે. આથી સાક્ષાત્ અવચ્છેદક (પરામર્શથી જન્ય જે અનુમિતિ તેમાં)

અનુમિતિત્વ બનશે અને પરંપરાથી અવચ્છેદક વહ્નિત્વ બનશે કેમકે **પર્વતો વહ્નિમાન્** અનુમિતિ થાય છે આ અનુમિતિમાં વિશેષણ વહ્નિ છે આથી વહ્નિત્વ અવચ્છેદક બનશે.

આમ પરંપરાથી જેમ અવચ્છેદક ધર્મ બની શકે તેમ સંસર્ગ પણ અવચ્છેદક બની શકશે. આથી પૂર્વમાં જે વિશેષ્ય દલ નિરર્થક જતું હતું તે હવે નહીં જાય.

## गूढामृतलीला

(१५) एवं लक्षणे कृते सति पुनः **पर्वतो वह्निमान् धूमादित्यत्रैवा व्याप्तिः ।** तथा हि साध्यो वह्निः, साध्याभावः वह्नित्वेन घटाभावः, तदधिकरणं पर्वतादिकं तन्निरूपितवृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः । यतो साध्यतावच्छेदकीभूत वह्नित्वधर्मावच्छिन्नेयं प्रतियोगिता । अतोऽभावोऽयं लक्षण घटकः । घटत्वेन पटाभावरिव वह्नित्वेन घटाभावोऽपि व्यधिकरणधर्मावच्छिन्न प्रतियोगिताकाभावतया केवलान्वयित्वात् । तदधिकरणं पर्वतादिकं भवत्येव । अतोऽव्याप्तिः ।

## શશીશીલા

(૧૫) આ પ્રમાણેનું લક્ષણ કરવા છતાં પણ અવ્યાપ્તિ તો પ્રસિદ્ધ સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્‌માં લાગવાની જ છે. પ્રસ્તુત સ્થળે સાધ્ય-વહ્નિ, સાધ્યાભાવઃ-અમે શુદ્ધ વહ્ન્યભાવ ન લેતાં વહ્નિત્વેન ઘટાભાવ લઈશું. આ વહ્નિત્વેન ઘટાભાવાધિકરણ તો પર્વતાદિ બની જશે. તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવશે.

સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ, તાદૃશ વહ્નિત્વાવચ્છિન્ન આ અભાવીય પ્રતિયોગિતા છે જ. આમ આ અભાવ લક્ષણ ઘટક બની જશે.

આ અભાવ કેવી રીતે લક્ષણ ઘટક બની શકે ? જેમ ઘટત્વેન પટાભાવ કેવલાન્વયી બને છે તેમ જયાં પટ છે (ત્યાં પટત્વેન પટાભાવ નહીં મળે,) પણ ઘટત્વેન પટાભાવ તો મળી જશે આમ પટ છે ત્યાં પણ પટાભાવ મળશે અને અન્યત્ર સર્વ ઠેકાણે પણ અર્થાત્ જયાં પટ નથી ત્યાં પણ પટાભાવ મળી જશે. આમ ઘટત્વેન પટાભાવ કેવલાન્વયી બનશે. તે જ રીતે વહ્નિત્વેન ઘટાભાવ પણ વ્યધિકરણ-ધર્માવચ્છિન્ન હોવાથી તાદૃશ અભાવીય પ્રતિયોગિતા કેવલાન્વયી બનશે. કેવલાન્વયી બનતાં સર્વત્ર તે રહેશે. આથી વહ્નિત્વેન ઘટાભાવાધિકરણ પર્વતાદિ પણ બની જશે.

આમ સાધ્યાભાવાધિકરણઃ-પર્વત તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવી જશે. લક્ષણમાં આટલો પરિષ્કાર કર્યો છતાં પણ દોષ ઉભો જ છે આથી તમારે લક્ષણમાં ફેરફાર કરવો પડશે.

## गूढामृतलीला

(१६) अतस्तद् वारणाय प्रतियोगितायां साध्यनिष्ठत्वं निवेश्यते । कृते च निवेशे प्रकृते वह्नित्वेन घटाभावीया प्रतियोगिता घट निष्ठ वर्तते । न तु साध्यभूत वह्नि निष्ठ । अतः वह्नित्वेन घटाभावो लक्षणघटकाभावपदेन धर्तुं न शक्यते । अपि तु वह्न्यभाव एव । तदधिकरणं जलह्रदादिकमेव । तन्निरूपितवृत्तिता मीनादौ वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૧૬) આવતી અવ્યાપ્તિને દૂર કરવા લક્ષણમાં પુનઃ પરિષ્કાર કરશું. પ્રતિયોગિતામાં અમે "સાધ્ય નિષ્ઠત્વ"નો પ્રવેશ કરશું. આ પદનો પ્રવેશ કરવાથી અવ્યાપ્તિ દૂર થઈ જશે.

પૂર્વમાં તમે વહ્નિત્વેન ઘટાભાવ લઈને જે દોષ પ્રદાન કરતાં હતાં તે હવે નહીં આપી શકાય કેમકે વહ્નિત્વેન ઘટાભાવીય પ્રતિયોગિતા ઘટનિષ્ઠા થશે. પરંતુ સાધ્યભૂત જે વહ્નિ છે તન્નિષ્ઠ અભાવીય પ્રતિયોગિતા નહીં થાય. જ્યારે અમારે તો સાધ્ય નિષ્ઠ હોય એવી જ પ્રતિયોગિતા જોઈએ. જે પ્રસ્તુત વહ્નિત્વેન ઘટાભાવીય પ્રતિયોગિતામાં નથી. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને.

પરંતુ શુદ્ધ વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે. આમ સાધ્યાભાવાધિકરણ જલહ્રદ તન્નિરુપિત વૃત્તિતા મીનાદિમાં વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં કોઈ દોષ નહીં આવે. આથી તમે આપેલ અવ્યાપ્તિ "સાધ્ય નિષ્ઠત્વ" પદથી દૂર થઈ જશે.

## गूढामृतलीला

(१७) **तथा च लक्षण स्वरूपम्** - **साध्य निष्ठ साध्याभावाधिकरण-निरूपितहेतुता निरूपितसंसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरण-धर्मावच्छिन्नत्वे सति हेतुतानिरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपितवृत्तित्वाभावो व्याप्तिः ।** एवल्लँक्षणे कृते सति **पर्वतो वह्निमान् धूमादित्यत्राव्याप्तिः** । तथा हि साध्यो वह्निः, साध्याभावः तद् तद् व्यक्तिर्नास्त्यभावः, तदधिकरणं पर्वतादिकं तन्निरूपित वृत्तितैव धूमे सत्त्वाद् वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૧૭) આમ લક્ષણનું સ્વરુપ આ રીતે થશે : साध्य निष्ठ साध्याभावाधिकरण निरूपित हेतुता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति हेतुता निरूपित संसर्गतानवच्छेदकान-वच्छिन्ना या संसर्गता तन्निरूपित वृत्तित्वाभावो व्याप्तिः । આવું લક્ષણ કરવાથી પૂર્વમાં જે દોષ આવતાં હતાં તે દૂર થઈ ગયાં.

આવુ લક્ષણ કરવા છતાં પણ તેમાં અવ્યાપ્તિ દોષ તો લાગવાનો જ છે. લક્ષણ અવ્યાપ્તિ ગ્રસિત બની જશે.

→ **સ્થળ : પર્વતો વહ્નિમાન્ ધૂમાત્** અહીં સાધ્યઃ વહ્નિ સાધ્યાભાવઃ તદ્ તદ્ વહ્નિ ર્નાસ્તિ આ અભાવ લઈશું પર્વત ઉપર પર્વતીય વહ્નિ સિવાય અન્ય સર્વના અભાવ મળી જવાના છે. આથી સાધ્યાભાવાધિકરણઃ પર્વત તેમાં ધૂમની વૃત્તિ જ મળશે. વૃત્તિત્વાભાવ ધૂમરુપ હેતુમાં ન જતાં અવ્યાપ્તિ આવી જશે.

## गूढामृतलीला

(१८) अतस्तद् वारणाय साध्यनिष्ठप्रतियोगितायां साध्यतावच्छेदक-व्यापकत्वन्निवेशनीयम् । साध्यतावच्छेदक व्याप्कत्वन्तावत् साध्यातावच्छेदका-धिकरणवृत्त्यत्यन्ताभावाप्रतियोगित्वम् । तथा च प्रकृते साध्यतावच्छेदकं - वह्नित्वं तच्च निखिल वह्निषु समवायेन तिष्ठति । तद्तद्वह्न्यभावीया प्रतियोगिता तु तत्तद्वह्नावेव वर्तते। तथा च साध्यतावच्छेदकव्यापिका तद् तद् वह्न्यभावीया प्रतियोगिता न जाता । अतः नायमभावो लक्षण घटकः । लक्षण घटकाभावश्च शुद्धवह्न्यभावः । यतो हि यत्र यत्र वह्नित्वं समवायेन तिष्ठति तत्र तत्र वह्न्यभावीय प्रतियोगित्वमपि स्वरूपेण तिष्ठत्येव । अतः साध्यतावच्छेदक व्यापिका प्रतियोगिता जाता । तादृशाभावाधिकरणन्न हि पर्वतादिकम् । अपितु जलह्रदादि एव तन्निरूपित वृत्तिता मीनादौ वृत्तित्वाभावो धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૧૮) તમે ચિંતા ન કરો. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે અમે લક્ષણમાં થોડો સુધારો કરશું. સાધ્યનિષ્ઠપ્રતિયોગિતામાં અમે સાધ્યતાવચ્છેદક વ્યાપકત્વનો પ્રવેશ કરશું. આ પ્રવેશ કરતાંની સાથે જ અવ્યાપ્તિ દોષ દૂર થઈ જશે.

તમે સાધ્યતાવચ્છેદક વ્યાપકત્વનો અર્થ શું કરો છો તે તો જણાવો.

**साध्यतावच्छेदक व्यापकत्वं तावत् साध्यतावच्छेदकाधिकरण वृत्त्यत्यन्ताभावाप्रतियागित्वम् ।**

પ્રસ્તુત સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ ત્યાં જ તમે અવ્યાપ્તિ આપી હતી તે હવે દૂર થઈ જશે કેમકે સાધ્ય-વહ્નિ સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ અને આ વહ્નિત્વ તો નિખિલ વહ્નિમાં રહેશે. કેમકે વહ્નિત્વ એ જાતિ છે. આથી સમવાય સંબંધથી દરેક વહ્નિમાં રહેશે. જયારે તદ્ તદ્ વહ્ન્યભાવીય પ્રતિયોગિતા એ તદ્ તદ્ વહ્નિમાં જ રહે છે તે નિખિલ વહ્નિમાં નહી રહે.

સાધ્યતાવચ્છેદક વ્યાપકત્વનો જે અર્થ કર્યો છે તે પણ જોઈ લઈએ. સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ તદધિકરણ વહ્નિ આ વહ્નિમાં વહ્ન્યભાવીય પ્રતિયોગિતા છે. પરંતુ તદ્ તદ્ વહ્ન્યભાવીય પ્રતિયોગિતા નથી. કેમકે તદ્ તદ વહ્ન્યભાવીય પ્રતિયોગિતાનો અત્યન્તાભાવ મળવાથી તદ્ તદ્ વહ્ન્યભાવ તેનો પ્રતિયોગિ બન્યો. આમ સાધ્યતાવચ્છેદકાધિકરણવૃત્તિ અત્યન્તાભાવાપ્રતિયોગિ સ્વરૂપ વ્યાપકત્વ ન ઘટતાં આ અભાવ લક્ષણ ઘટક નહીં બને તેથી તદ્ તદ્ વહ્ન્યભાવ લઈને તમે અવ્યાપ્તિ ન આપી શકો.

કેવલ શુદ્ધ વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે. આ વહ્ન્યભાવીય પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકને વ્યાપક બની જશે કેમકે જયાં જયાં વહ્નિત્વ સમવાય સંબંધથી રહે છે. ત્યાં ત્યાં વહ્ન્યભાવીય પ્રતિયોગિતા પણ સ્વરુપસંબંધથી રહે જ છે આથી સાધ્યતાવચ્છેદકને વ્યાપક પ્રતિયોગિતા બની જશે. આમ શુદ્ધ વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે. આ વહ્ન્યભાવનું અધિકરણઃ જલહ્રદ તન્નિરુપિત વૃત્તિતા મીનાદિમાં વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. આમ અવ્યાપ્તિ દૂર થઈ જશે.

## गूढामृतलीला

(१९) एवल्लँक्षणे कृते सति पुनः पर्वतो वह्निमान् धूमादित्यत्राव्याप्तिः । तथा हि साध्यो वह्निः, साध्याभावः-वह्नि-जलोभयाभावः सोभयाभावीयप्रतियोगिता साध्यतावच्छेदक व्यापिकास्त्येव । यतो हि **"अधिकंप्रविष्टं न तु तद्धानिकरम्"** इति रीत्या प्रतियोगित्वं यद्यपि जलेऽपि वर्तते तथापि साध्यतावच्छेदकं वह्नित्वं यत्र यत्र वर्तते तत्र तत्र वह्नि जलोभयाभावीयप्रतियोगिता विलसत्येव ।

अतः साध्यतावच्छेकव्यापिकाप्रतियोगिता जाता । तादृशप्रतियोगिताका-भावाधिकरणं पर्वतादिकं तन्निरूपित वृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावाद-व्याप्तिप्रसङ्गः ।

## શશીશીલા

(૧૯) આવું લક્ષણ કરવા છતાંપણ અવ્યાપ્તિ તો લાગવાની જ છે. **સ્થળ : पर्वतो वह्निमान् धूमात्** સાધ્ય-વહ્નિ, સાધ્યાભાવઃ વહ્નિ-જલઉભયાભાવ આ અભાવીય પ્રતિયોગિતા સાધ્યતા-વચ્છેદકને વ્યાપક જ છે કેમકે નિયમ છે "अधिकं प्रविष्टं न तु तद्धानिकरम्" આ નિયમથી પ્રતિયોગિતા જો કે જલમાં છે તો પણ સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ જયાં જયાં છે ત્યાં ત્યાં વહ્નિ-જલ ઉભયાભાવીય પ્રતિયોગિતા છે જ.

આથી સાધ્યતાવચ્છેદકને વ્યાપક પ્રતિયોગિતા થઈ. વ્યાપક બનવાને કારણે આ અભાવ લક્ષણ ઘટક બનશે. આથી સાધ્યાભાવા-ધિકરણઃ પર્વત બનશે કેમકે પર્વત ઉપર ભલે વહ્નિ છે પણ જલ વિદ્યમાન ન હોવાથી "एकसत्त्वेऽपि द्वयं नास्ति" આ ન્યાયથી વહ્નિ જલ ઉભયાભાવ મળી જશે. તન્નિરુપિતવૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(२०) अतस्तद् वारणाय साध्यतावच्छेदकधर्मेतरधर्मानवच्छिन्नत्वं प्रतियोगितायां निवेशनीयम् । कृते च निवेशे नाव्याप्तिः ।

तथा हि साध्यो वह्निः, साध्याभावः वह्निजलोभयाभावः, तादृशोभयाभावीय प्रतियोगिता साध्यतावच्छेदकधर्मेतरधर्मावच्छिन्नैव वर्तते । न त्वनवच्छिन्ना । यतो हि साध्यतावच्छेदकधर्मः वह्नित्वं तदितरं जलत्वं उभयत्वञ्च, तदवच्छिन्नैव वह्निजलोभयाभावीय प्रतियोगिता नत्वनवच्छिन्ना । अतः नाऽयमभावो लक्षण-घटकः । लक्षणघटकाभावश्च वह्न्यभावः, तदधिकरणं जलहृदादिकं तन्निरूपित वृत्तिता मीनादौ वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૨૦) આ અવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં થોડો વધુ પરિષ્કાર કરશું. લક્ષણાન્તર્ગત પ્રતિયોગિતામાં "સાધ્યતાવચ્છેદક ધર્મેતર ધર્માનવચ્છિન્નત્વ" પદ સ્થાપન કરશું. આ પદોપસ્થાપનપૂર્વકનું જે લક્ષણ બનશે તે નિર્દુષ્ટ બનશે. કેમકે પ્રસ્તુત સ્થળમાં સાધ્યઃ વહ્નિ, સાધ્યાભાવઃ વહ્નિ-જલ-ઉભયાભાવ આ ઉભયાભાવીય પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક ધર્મેતર ધર્માનવચ્છિન્ન નથી પરંતુ અવચ્છિન્ન જ છે કેમકે સાધ્યતાવચ્છેદક ધર્મ-વહ્નિત્વ તેનાથી ઈતર જલત્વ, ઉભયત્વ તેનાથી અવચ્છિન્ન જ વહ્નિ જલોભયાભાવીય પ્રતિયોગિતા બનશે. આમ આ અભાવ એ લક્ષણ ઘટક નહી બને, પરંતુ શુદ્ધ વહ્ન્યભાવ જ લેવાશે. આ શુદ્ધ વહ્ન્યભાવાધિકરણઃ-જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિતાઃ-મીન સેવાલાદિમાં વૃત્તિત્વાભાવ ધૂમમાં જવાથી કોઈ દોષ નહીં સંભવે. આમ આ લક્ષણ સમુચિત જ છે.

## गूढामृतलीला

(२१) भवता वह्निजलोभयाभावीयप्रतियोगितामादायाव्याप्ति-वारणाय साध्यतावच्छेदकधर्मेतरधर्मानवच्छिन्नत्वं प्रतियोगितायां विशेषितम् । तेनैव-विशेषणेन यदि तद् तद् वह्न्यभावमादाय पूर्वोक्ताव्याप्तिवारणसम्भवः तदा तद्वारणार्थं प्रतियोगितायां साध्यतावच्छेदकावच्छिन्नत्वदलं (व्यापकत्वं) निरर्थकमेव । तथा हि साध्यो वह्निः, साध्याभावः यः तद् तद् व्यक्तिर्नास्त्यभावः तदभावीया प्रतियोगिता साध्यतावच्छेदकधर्मेतरधर्मानवच्छिन्ना नास्ति । यतो हि साध्यतावच्छेदकीभूत वह्नित्वेतर तद् तद् व्यक्तित्वावच्छिन्नत्वात् । अतः नायमभावो लक्षणघटकः । अपि तु वह्न्यभाव एव । तदधिकरणम् जलह्रदादि तन्निरूपितवृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः । अतः प्रतियोगितायां साध्यतावच्छेदकावच्छिन्नत्वदलं निरर्थकमेव इति चेत् ।

## શશીશીલા

(૨૧) વાહ, તમે તો દોષને દૂર કરવા માટે "સાધ્યતાવચ્છે. ધર્મેતરધર્માનવચ્છિન્નત્વ"નો પ્રવેશ લક્ષણમાં કર્યો, પણ તમને એ ખ્યાલ નહીં આવ્યો કે આ સાધ્યતાવચ્છેદક ધર્મેતર ધર્માનવચ્છિન્નત્વ વિશેષણ દ્વારા જ જે પૂર્વમાં તમે તદ્ તદ્ વહ્‌ન્યભાવ લઈને અવ્યાપ્તિ આપતાં હતાં. તે પણ દૂર થઈ જશે. આથી તમે જે તદ્ તદ્ વહ્‌ન્યભાવને લઈને આવતી અવ્યાપ્તિ દૂર કરવા માટે પ્રતિયોગિતામાં સાધ્યાતાવચ્છેદકાવચ્છિન્ન દલનો પ્રવેશ કર્યો હતો તે પણ નિરર્થક જ જશે. કેવી રીતે નિરર્થક થશે તે બતાવે છે. અહીં સાધ્ય-વહ્નિ, સાધ્યભાવ-તદ્ તદ્ વ્યક્તિ નાસ્તિ આ અભાવની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકધર્મેતરધર્માનવચ્છિન્ન નથી. કેમકે અહીં સાધ્યતાવચ્છેદક ધર્મઃ વહ્નિત્વ તેનાથી ઈતરઃ-તદ્ તદ્ વ્યક્તિત્વ અને તેનાથી અભાવીય પ્રતિયોગિતા અવચ્છિન્ન જ છે. અનવચ્છિન્ન

નથી. આથી આ અભાવ તો લક્ષણ ઘટક નહીં બને. પરંતુ શુદ્ધ વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે. તદધિકરણઃ-જલહ્રદ તન્નિરુપિત વૃત્તિતાઃ-મીન સેવાલાદિમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં અવ્યાપ્તિ નહીં આવે. આથી તમે જે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન દલ આપ્યું છે તે નિરર્થક જશે. આથી આવું તમે કથન ન કરતાં.

## गूढामृतलीला

(२२) न, यदि प्रतियोगितायां साध्यतावच्छेदकावच्छिन्नत्व दलोपादानं न क्रियते तदा **पर्वतो वह्निमान् धूमादित्यत्रैवाव्याप्तिः** । यतो हि साध्यो वह्निः, साध्याभावः स्वरूपतः तद् व्यक्तिर्नास्तीत्याकारकाभावः, तदधिकरणं पुनः पर्वतादिकं तन्निरूपितवृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૨૨) કેમકે, જો પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ દલનું ઉપાદાન ન કરવામાં આવે તો પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આ પ્રસિદ્ધ સ્થળમાં જ અવ્યાપ્તિ આવી જશે. કેમકે સાધ્યઃ વહ્નિ, સાધ્યાભાવ સ્વરુપતઃ તદ્ વ્યક્તિ નાસ્તિ અહીં ધ્યાન રાખવું કે સ્વરુપતઃ જે અભાવ લેવામાં આવે તેમાં કોઈપણ અવચ્છેદક ન બની શકે આ અભાવ સાધ્યતાવચ્છેદક ધર્મઃ-વહ્નિત્વ તેનાથી ઈતરધર્મથી અવચ્છિન્ન નહીં બને. અર્થાત્ અનવચ્છિન્ન બનશે. આમ સાધ્યતાવચ્છેદક ધર્મેતર ધર્માનવચ્છિન્ન પદોપસ્થાપન કરવાથી તો નિરુકત અભાવ લઈ લેવાશે. આ અભાવ તો પર્વત ઉપર પણ મળી જશે. આમ સાધ્યાભાવાધિકરણઃ-પર્વત તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ તો આવી જશે. આથી "સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ" દલોપાદાન આવશ્યક છે.

## गूढामृतलीला

(२३) अतस्तद् वारणाय प्रतियोगितायां साध्यतावच्छेदकावच्छिन्नत्वं निवेशनीयम् । कृते च निवेशे प्रकृते स्वरूपतः तद्तद् व्यक्त्यभावीयप्रतियोगिताया निरवच्छिन्नत्वेन साध्यतावच्छेदकावच्छिन्नत्वन्नास्ति । अतः नायमभावो लक्षण-घटकः । अपि तु वह्नि र्नास्तीत्याकारकाभावः । तदधिकरणं न हि पर्वतादिकम्, अपि तु जलह्रदादिकमेव । तन्निरूपितवृत्तित्वाभावस्य धूमे सत्त्वाल्लक्षण समन्वयः ।

## શશીશીલા

(૨ ૩) "સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન" દલનું ઉપાદાન કરવાથી અવ્યાપ્તિ શું દૂર થઈ જશે? "હા" નિરુકત દલનો પ્રવેશ કરવાથી તમે સ્વરુપતઃ તદ્ તદ્ વ્યક્તિ ર્નાસ્તિ અભાવ નહીં લઈ શકો. કેમકે આ અભાવ સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન અર્થાત્ વહ્નિત્વાવચ્છિન્ન નથી. આથી નિરવચ્છિન્ન અભાવીય પ્રતિયોગિતા હોવાથી સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન નહીં બને. આમ આ અભાવ લક્ષણ ઘટક નહીં બને. તમારે અન્યાભાવ શુદ્ધ વહ્ન્યભાવ લેવો પડશે. વહ્ન્યભાવાધિકરણઃ-જલહ્રદાદિ તન્નિરૂપિત વૃત્તિતાઃ-મીન સેવાલાદિ, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. આમ સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વનો પ્રવેશ કરવાથી અવ્યાપ્તિ દૂર થઈ જશે.

## गूढामृतलीला

(२४) तथा च लक्षण स्वरूपम् - **साध्यतावच्छेदकधर्मेतर धर्मावच्छिन्न-साध्यतावच्छेदकावच्छिन्नसाध्यनिष्ठ प्रतियोगिताकाभावाधिकरणनिरूपितहेतुता-निरूपितसंसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति हेतुतानिरूपित-संसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपितवृत्तित्वाभावो व्याप्तिः ।**

एवं लक्षणे कृते सति **पर्वतो वह्निमान् धूमादित्यत्रैवाव्याप्तिः ।** यतो हि साध्यो वह्निः, साध्याभावः समवाय सम्बन्धेन वह्न्यभावः, तदधिकरणं पर्वतादिकम् । यतो हि वह्न्यवयव एव समवायेन वह्नेः विद्यमानत्वात् । पर्वते तस्याभावात् वह्न्यभावाधिकरणं पर्वतः । तन्निरूपित वृत्तिता धूमे वृत्तित्वाभावस्या-भावादव्याप्तिः ।

## શશીશીલા

(૨૪) અહીં લક્ષણનું સ્વરુપ આ પ્રમાણે છે. સાધ્યતાવચ્છેદક ધર્મેતરધર્માનવચ્છિન્ન સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નસાધ્યનિષ્ઠ પ્રતિ-યોગિતાકાભાવધિકરણનિરૂપિતહેતુતાનિરૂપિતસંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્નત્વે સતિ હેતુતા નિરૂપિત સંસર્ગતાનવચ્છેદકાનવચ્છિન્ના યા સંસર્ગતા તન્નિરૂપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિ.

આ પ્રમાણેનું લક્ષણ કરવા છતાં પણ તમારા લક્ષણમાં અવ્યાપ્તિ દોષ તો ઉભો જ છે. સ્થળઃ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ સાધ્ય-વહ્નિ, સાધ્યાભાવ-સમવાયેન વહ્ન્યભાવ, અહીં તમારી સ્પષ્ટતા તો નથી કે સાધ્યાભાવ કયા સંબંધથી લેવો. આથી અમે સમવાયેન વહ્ન્યભાવ લઈ શકશું અને આ સમવાયેન વહ્ન્ય-ભાવાધિકરણ તો પર્વતાદિ પણ બની જશે.

કેમકે સમવાય સંબંધથી વહ્નિ વહ્ન્યવયવમાં જ રહેશે. અવયવ અવયવીમાં સમવાય સંબંધ મનાયેલો છે. આથી સાધ્યાભાવ-સમવાયેન વહ્ન્યભાવ, તદધિકરણ તો પર્વત પણ બની જશે કેમકે પર્વતમાં વહ્નિ સમવાય સંબંધથી રહેતી નથી. માત્ર સંયોગ સંબંધથી જ રહે છે. આમ વહ્ન્યભાવાધિકરણ પર્વત તન્નિરૂપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવી જશે.

## गूढामृतलीला

(२५) अतस्तद् दोषशमनार्थं साध्य निष्ठ प्रतियोगितायां साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नत्वं निवेश्यते । कृते च निवेशे प्रकृते साध्यो वह्निः, स च संयोग-सम्बन्धेन धूमस्य व्यापकः । अतः साध्यतावच्छेदकसम्बन्ध संयोग सम्बन्धः तेन सम्बन्धेन वह्न्यभावाधिकरणं जलह्रदादिकम् । तन्निरूपित वृत्तिता मीनादौ वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૨૫) તમે ચિંતા ન કરો. આ અવ્યાપ્તિ દોષને દૂર કરવા પુનઃ લક્ષણમાં પરિષ્કાર કરશું સાધ્ય નિષ્ઠ પ્રતિયોગિતામાં અમે "સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ" પદનો નિવેશ કરશું. આ પદનો નિવેશ કરતાં જ અવ્યાપ્તિ દોષ દૂર થઈ જશે.

સાધ્ય જે સંબંધથી હેતુનો વ્યાપક બને તે સંબંધને સાધ્યતાવચ્છેદક સંબંધ કહેવાય છે. અથવા સાધ્ય જે સંબંધથી પક્ષમાં રહે તેને સાધ્યતાવચ્છેદક સંબંધ કહેવાય છે.

પ્રસ્તુતમાં સાધ્ય વહ્નિ તે સંયોગ સંબંધથી જ ધૂમનો વ્યાપક છે નહીં કે સમવાયાદિ સંબંધથી આથી સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ સંબંધ ગણાશે. તેમજ પ્રસ્તુત સ્થળ પર્વતો વહ્નિમાન્માં વહ્નિ રુપ સાધ્ય સંયોગ સંબંધથી પર્વત રુપ પક્ષમાં રહે છે આથી સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ સંબંધ ગણાશે.

હવે અવ્યાપ્તિ દૂર કેવી રીતે થાય તે બતાવે છે. પૂર્વમાં તમે સમવાયેન વહ્ન્યભાવ લેતા હતાં તે હવે ગ્રહણ નહીં કરી શકો કેમકે સાધ્યતાવચ્છેદક સંબંધ તો અહીં સંયોગ સંબંધ છે. આથી તમારે અભાવ લેવો હોય તો સંયોગ સંબંધથી જ વહ્ન્યભાવ લેવો પડે.

આમ સંયોગેન વહ્ન્યભાવાધિકરણઃ-જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતાઃ મીનાદિમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. કોઈ દોષ નહીં આવે.

## गूढामृतलीला

(२६) भवता साध्यनिष्ठप्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं प्रवेश्य पूर्वोक्ताव्याप्तिवारणं कृतम् । तथापि पर्वतो वह्निमान् धूमादित्यत्रैव संयोग-समवायएतदुभयसम्बन्धेन साध्याभावमादायाव्याप्तितादवस्थ्यमेव । तथा हि साध्यो वह्निः, साध्याभावः संयोग-समवायैतदुभयसम्बन्धेन वह्न्यभावः, तदधिकरणं पर्वतादिकम् । **"एकसत्त्वेऽपि द्वयं नास्ति"** इति रीत्या संयोग-सम्बन्धेन वह्नेः पर्वतादि वृत्तित्वेऽपि समवायसम्बन्धेन तस्याभावात् संयोगसमवायैतदुभय सम्बन्धेन पर्वते वह्न्यभावः सम्भवत्येव । तन्निरूपित-वृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૨૬) તમે સાધ્યનિષ્ઠપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વનો પ્રવેશ કરીને પૂર્વમાં આવતી અવ્યાપ્તિ દૂર કરી તો પણ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્‌માં અવ્યાપ્તિ તાદવસ્થ્ય જ રહેવાની છે.

તે આ પ્રમાણે પ્રસ્તુતમાં સાધ્ય વહ્નિ, સાધ્યાભાવ સંયોગેન વહ્ન્યભાવ ન લેતાં અમે સંયોગ-સમવાય આ ઉભય સંબંધથી વહ્ન્યભાવ લઈશું. સંયોગ સંબંધથી ભલે વહ્ન્યભાવાધિકરણ પર્વત ન બને પણ સંયોગ સમવાય આ ઉભય સંબંધથી તો વહ્ન્યભાવાધિકરણ પર્વત બની જ જશે.

શંકા - અમે સાધ્યતાવચ્છેદક સંબંધનો નિવેશ કર્યો છે.

આથી સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ સંબંધ થશે, નહીં કે સંયોગ સમવાય ઉભય સંબંધ, આથી તમે આ સંબંધ લઈને અવ્યાપ્તિ ન આપી શકો.

સમા. - તમારી વાત સત્ય છે પણ "अधिकं प्रविष्टं न तद्धानिकरम्" આ ન્યાયથી સંયોગની સાથે અમે સમવાયનું પણ ગ્રહણ કરી લીધું છે. આમ સાધ્યાભાવાધિકરણ પર્વત, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિદોષથી ગ્રસિત લક્ષણ બની જશે.

## गूढामृतलीला

**(२७) भवद्भिर्यद् संयोग-समवायैतदुभयसम्बन्धेन वह्न्यभावमादायाव्याप्तिः प्रदत्ता तद्दोषशमनार्थं साध्यनिष्ठ प्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धेतर-सम्बन्धानवच्छिन्नत्वं विशिष्यते । कृते च निवेशे प्रकृते साध्यतावच्छेदकसम्बन्धः संयोगसम्बन्धः तदितरसम्बन्धस्समवायसम्बन्धः, तेन समवायसम्बन्धेनावच्छिन्नेयं *संयोगसमवायोभयसम्बन्धावच्छिन्ना वह्न्यभावीया प्रतियोगिता, अनवच्छिन्ना* नास्ति । अतः नाऽयमभावो लक्षणघटकः । अपि तु केवल संयोगसम्बन्धेन वह्न्यभाव एव । तदधिकरणं जलह्रदादिकं तन्निरूपितवृत्तिता मीनादौ वृत्तित्वाभाव धूमे सत्त्वान्नाव्याप्तिः ।**

## शशीशीला

(૨૭) તમે જે રીતે સંયોગ-સમવાય આ ઉભય સંબંધથી વહ્ન્યભાવ લઈને અવ્યાપ્તિ આપી હતી તેને દૂર કરવા માટે અમે સાધ્યનિષ્ઠપ્રતિયોગિતામાં "સાધ્યતાવચ્છેદકસંબંધેતર સંબંધાનવચ્છિન્નત્વ"નો નિવેશ કરશું. આ દલનો નિવેશ કરવાથી જ પૂર્વમાં તમે જે સંયોગ-સમવાય ઉભય સંબંધથી વહ્ન્યભાવ લેતાં હતાં તે હવે નહીં લઈ શકો.

કેમકે સાધ્યતાવચ્છેદક સંબંધ-સંયોગ સંબંધ, તેનાથી ઈતર સમવાય સંબંધ અને આ સમવાય સંબંધથી અવચ્છિન્ન જ અભાવીય પ્રતિયોગિતા છે. અનવચ્છિન્ન નથી આથી સંયોગ-સમવાય એતદ્ ઉભય સંબંધથી વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે નહિ. પરંતુ શુદ્ધ સંયોગ સંબંધથી જ વહ્ન્યભાવ લેવો પડશે.

આમ સાધ્યાભાવ-સંયોગેન વહ્ન્યભાવ, તદધિકરણ જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિતા મીનાદિમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. કોઈ જ દોષ નહીં આવે.

## गूढामृतलीला

(२८) तथा च लक्षणस्वरूपम्-**साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्नसाध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसाध्यतावच्छेदकधर्मेतरधर्मानवच्छिन्नसाध्यतावच्छेदकावच्छिन्नसाध्यनिष्ठप्रतियोगिताकाभावाधिकरणनिरूपितहेतुतानिरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वे सति हेतुता निरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपित वृत्तित्वाभावो व्याप्तिः ।**

प्रकृतलक्षणे साध्यतावच्छेदक सम्बन्धावच्छिन्नत्वदलं किमर्थमुपात्तम् ? तथा हि न समवायेन वह्न्यभावमादायाव्याप्तिस्तु सम्भवत्येव । यतो हि प्रकृते **(पर्वतो वह्निमान् धूमादित्यत्र)** साध्यतावच्छेदकसम्बन्धः -संयोगसम्बन्धः, तदितर-सम्बन्धः समवायसम्बन्धः, तत्सम्बन्धावच्छिन्नेयं समवाय सम्बन्धेन वह्न्यभावीय-प्रतियोगिता जाता । न त्वनवच्छिन्ना । अतः नायमभावो लक्षणघटकः। साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्नत्वदलेनैवास्याव्याप्तेः वारण-सम्भवात् । साध्य निष्ठप्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धानवच्छिन्नत्वदलं व्यर्थम् । इति तु नाशङ्कनीयम् ।

## શશીશીલા

(૨૮) આમ લક્ષણનું સ્વરુપ આ પ્રમાણે થશે. સાધ્યતાવચ્છેદકસમ્બન્ધેતરસમ્બન્ધાનવચ્છિન્ન..... ઈત્યાદિ

શંકા - આ પ્રસ્તુત લક્ષણમાં તમે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ શા માટે ગ્રહણ કર્યું ?

સમા. - તેનું તો અમે પૂર્વમાં સમાધાન આપી દીધું છે છતાં પણ તમે પ્રશ્ન કર્યો આથી જણાવી દઈએ છીએ કે સાધ્યતાવચ્છેદક સંબંધ સિવાયના અન્ય સંબંધથી કોઈ અભાવ ન લઈ શકે તેના માટે મૂક્યું છે.

તમે જે કારણ આપ્યું કે સાધ્યતાવચ્છેદક સંબંધ સિવાયના અન્ય સંબંધથી અભાવ ન લેવાય તે માટે, પણ તે તો સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાનવચ્છિન્ન પદથી પણ થઈ શકે છે.

પ્રસ્તુત સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ માં સાધ્યતાવચ્છેદક સંબંધ-સંયોગ સંબંધ, તેનાથી ઈતર સમવાયાદિ સંબંધ અને આ સમવાયાદિ સંબંધથી (તમે જે અભાવ લીધો હતો સમવાયેન વહ્ન્યભાવ) આ અભાવીય પ્રતિયોગિતા અવચ્છિન્ન જ છે અનવચ્છિન્ન નથી. આથી આ અભાવ તો લક્ષણ ઘટક બનશે નહિ પરંતુ સંયોગેન વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે. આમ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલ એ નિરર્થક જ જશે. જો આ પ્રમાણે તમે કથન કરતાં હોવ તો ન કરતાં.

## गूढामृतलीला

(२९) यतो हि संयोग-कालिकैतदुभयसम्बन्धेन **महानसीय वह्निमान् धूमादित्यादावतिव्याप्तिवारकत्वात्** । तथा हि साध्यो महानसीय वह्निः, साध्याभावः

कालिक सम्बन्धेन महानसीयवह्न्यभावः तादृशाभावीया प्रतियोगिता साध्यता-वच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्ना वर्तते । यतो हि साध्यतावच्छेदक सम्बन्धः प्रकृते संयोग-कालिकैतदुभयसम्बन्धः तदितर सम्बन्धः-समवायसम्बन्धः तत्सम्बन्धानवच्छिन्नेयं कालिकसम्बन्धेन महानसीय-वह्न्यभावीय प्रतियोगिता जाता । तादृशप्रतियोगिताकाभावः-कालिकसम्बन्धेन महानसीयवह्न्यभावः तदधिकरणं गगनादिकं, तन्निरूपितवृत्तिता गगनत्वे वृत्तित्वाभांवस्य धूमे सत्त्वादतिव्याप्तिः ।

## શશીશીલા

(૨૯) ભલે, પર્વતો વહ્નિમાન્ ધૂમાત્માં અવ્યાપ્તિ ન આવે પરંતુ અન્ય સ્થળે અતિવ્યાપ્તિ દોષ ઉભો જ છે. સ્થળ આ પ્રમાણે છે, સંયોગ-કાલિક ઉભય સંબંધથી મહાનસીય વહ્નિ-સાધ્ય અને ધૂમ હેતુ

શંકા - પ્રસ્તુત સ્થળ અસદ્ધેતુવાળુ કેવી રીતે છે ?

સમા - આ સ્થળમાં સાધ્ય કેવલ મહાનસમાં જ રહે છે જ્યારે ધૂમ રુપ હેતુ અધિક દેશ પર્વત, ચત્વરાદિમાં પણ છે. અધિક દેશવૃત્તિત્વં અસદ્ધેતુત્વમ્, આમ અસદ્ધેતુ બનશે.

તમે લક્ષણમાં તો સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વનો નિવેશ કર્યો નથી, માત્ર સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાન-વચ્છિન્નત્વ મૂક્યું છે.

અહીં સાધ્યતાવચ્છેદક સંબંધ મહાનસાનુયોગિક સંયોગ-કાલિક ઉભય થશે. સાધ્ય-મહાનસીય વહ્નિ, સાધ્યાભાવ કાલિક સંબંધથી મહાનસીયવહ્ન્યભાવ આ અભાવીય પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકસંબંધથી ઈતરસંબંધ સમવાયાદિ સંબંધ, તે સમવાય સંબંધથી કાલિક સંબંધેન મહાનસીય વહ્ન્યભાવીય

પ્રતિયોગિતા અનવચ્છિન્ન જ છે. આથી કાલિકેન મહાનસીય વહ્ન્યભાવ એ લક્ષણ ઘટક બની જશે.

આમ સાધ્યાભાવ-કાલિકેન મહાનસીયવહ્ન્યભાવ, તદધિકરણ ગગનાદિ, તન્નિરુપિત વૃત્તિતા-ગગનત્વમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં અતિવ્યાપ્તિ આવશે કેમકે પ્રસ્તુત સ્થળ અસદ્ધેતુવાળુ છે.

## गूढामृतलीला

(३०) अतस्तद् वारणाय साध्य निष्ठ प्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वनिवेश आवश्यकः । कृते च निवेशे कालिकसम्बन्धावच्छिन्नमहानसीयवह्न्यभावीयप्रतियोगितायाः साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्नत्वेऽपि साध्यतावच्छेदकीभूत संयोग-कालिकैतदुभय सम्बन्धानवच्छिन्नतया साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वाभावात्, नाऽयमभावो लक्षणघटकः । अपि तु संयोगकालिकैतदुभयसम्बन्धेन महानसीयवह्न्यभाव एव । तदधिकरणं पर्वतादिकं तन्निरूपितवृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावाद् नातिव्याप्तिः ।

## शशीशीला

(૩૦) આ અતિવ્યાપ્તિને દૂર કરવા માટે તમારે સાધ્યનિષ્ઠપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ નો પ્રવેશ કરવો આવશ્યક બની જશે. નિરુકત પદનો પ્રવેશ કરવાથી આવતી અતિવ્યાપ્તિ દૂર થઈ જશે.

કાલિક સંબંધથી મહાનસીયવહ્ન્યભાવીયપ્રતિયોગિતા ભલેને સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાનવચ્છિન્ન હોવા છતાં પણ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન નથી. સાધ્યતાવચ્છેદક સંબંધ-મહાનસાનુયોગિક સંયોગ-કાલિક ઉભય જ થશે. નહીં કે કેવલ

કાલિક સંબંધ બને.

આથી પૂર્વમાં તમે જે કાલિકેન મહાનસીયવહ્‌ન્યભાવીય પ્રતિયોગિતા ગ્રહણ કરીને દોષ આપતાં હતાં તે હવે નહીં આપી શકાય કારણકે લક્ષણમાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વનો પ્રવેશ થયેલ છે અને આ સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન તો ઉભય જ થશે. એક-એક અલગ અલગ નહીં થઈ શકે. આમ કાંલિકેન મહાનસીયવહ્‌ન્યભાવ લક્ષણઘટક નહીં બને.

આમ તમારે જો અભાવ લેવો હશે તો મહાનસાનુયોગિક સંયોગ-કાલિક ઉભય સંબંધથી જ મહાનસીયવહ્‌ન્યભાવ લેવાશે. આ ઉભયસંબંધેન વહ્‌ન્યભાવાધિકરણ પર્વત બની જશે. તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ નહીં જાય. અસદ્ધેતુમાં લક્ષણ નો સમન્વય ન થતાં કોઈ દોષ નહીં આવે.

## गूढामृतलीला

**(३१) भवता कालिकसम्बन्धावच्छिन्न महानसीय वह्न्यभावमादायातिव्याप्ति वारणाय साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वदलसार्थक्यमुपदर्शितम् । परन्तु तन्न सम्यक् । यतो हि अस्याप्यभावस्य साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्नत्वदलेनैव वारण सम्भवात् । तथा हि प्रकृते साध्यतावच्छेदक सम्बन्धः-संयोग-कालिकैतदुभय सम्बन्धः तदतिरिक्त सम्बन्धः "एको न उभयम्" इति रीत्या कालिकसम्बन्धोऽपि । तत्सम्बन्धावच्छिन्नेयं कालिक सम्बन्धेन महानसीय वह्न्यभावीया प्रतियोगिता जाता । न त्वनवच्छिन्ना । अतः नाऽयमभावो लक्षण घटकः । संयोग-कालिकैतदुभयसम्बन्धेन महानसीयवह्न्यभावाधिकरण पर्वतादि निरूपितवृत्तितैव धूमे । वृत्तित्वाभावस्याभावाद् नातिव्याप्तिः । तद्वारणाय साध्यनिष्ठ प्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वनिवेशो व्यर्थः ।**

(૩૧) તમે કાલિક સંબંધથી મહાનસીયવહ્‌ન્યભાવને ગ્રહણ કરીને અતિવ્યાપ્તિ દોષ આપ્યો હતો તે દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન દલની સાર્થકતા બતાવતાં કહ્યું હતું કે ઉભયાવચ્છિ. ઉભય સંબંધ જ ગૃહીત થઈ શકે. એક-એક અલગ સંબંધને ગ્રહણ ન કરી શકાય. આથી કેવલ કાલિકેન મહાનસીય વહ્‌ન્યભાવ તમે ન લઈ શકો. પરંતુ આ વાત યુક્તિયુક્ત નથી.

કારણકે કાલિક સંબંધથી મહાનસીયવહ્‌ન્યભાવનું વારણ પણ સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાનવચ્છિન્ન દલથી શક્ય છે.

તે આ પ્રમાણે છે. પ્રસ્તુત સ્થળમાં સાધ્યતાવચ્છેદકસંબંધ-સંયોગ. કાલિક ઉભય સંબંધ, તેનાથી ઈતર સંબંધ કાલિક સંબંધ પણ થશે અને આ કાલિક સંબંધથી અવચ્છિન્ન જ કાલિક સંબંધેન મહાનસીયવહ્‌ન્યભાવીયપ્રતિયોગિતા થશે. અનવચ્છિન્ન નહીં થાય આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને. પરંતુ સંયોગ-કાલિક ઉભય સંબંધથી મહાનસીયવહ્‌ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે.

શંકા - તમે જે રીતે અતિવ્યાપ્તિ દૂર કરી અને સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલને નિરર્થક બનાવ્યું તે યુક્તિસહ નથી. કારણકે તમે શું કર્યુ. સાધ્યતાવચ્છેદકસંબંધ - સંયોગ-કાલિક ઉભય સંબંધ બતાવ્યા તેનાથી ઈતર સંબંધ તરીકે જે કાલિક સંબંધ બતાવ્યો તે કેવી રીતે શક્ય છે. કેમકે ઈતર સંબંધ પદથી ઉભય સંબંધથી અન્ય સંબંધ લેવો પડશે. ઉભય અન્તર્ગત આવેલ સંબંધને ઈતર સંબંધથી ન લઈ શકો. આથી ઈતરથી સમવાયાદિ લેવો પડશે અને આ સમવાય સંબંધથી અનવચ્છિન્ન કાલિકેન મહાનસીય વહ્‌ન્યભાવીય પ્રતિયોગિતા થશે. અભાવ લક્ષણ ઘટક બનતાં

અતિવ્યાપ્તિ સરળતાથી લાગી જશે. આથી આ અતિવ્યાપ્તિ દૂર કરવાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલ આવશ્યક બની જશે.

સમા. - તમે અમારી વાતને સમજયાં નથી કેમકે અમે સાધ્યતાવચ્છેદકસંબંધથી ઈતર સંબંધ તરીકે કાલિક સંબંધને ગણ્યો છે. તે અમે "एको न उभयम्" આ નીતિથી લીધો છે. એક એ ઉભય નથી. અર્થાત્ ઉભય અલગ છે અને એક અલગ છે. આ નિયમ દ્વારા અમે કાલિક સંબંધ પણ ઈતર પદથી ગ્રહણ કરશું. તેનાથી અવચ્છિન્ન જ કાલિકેન મહાનસીયવહ્ન્યભાવીયપ્રતિયોગિતા બનશે. અનવચ્છિન્ન ન બનતાં આ અભાવ લક્ષણ ઘટક નહીં બને પરંતુ સંયોગ કાલિક ઉભય સંબંધથી જ મહાનસીય વહ્ન્યભાવ લેવાશે.

આમ સાધ્યાભાવ - સંયોગ-કાલિક ઉભય સંબંધથી મહાનસીય વહ્ન્યભાવ, તદ્ધિકરણ - પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ નહીં જાય. અસદ્ધેતુમાં લક્ષણ સમન્વય ન થતાં કોઈ જ દોષ નહીં આવે. આથી સાધ્યનિષ્ઠપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલ નિરર્થક બની જશે.

## गूढामृतलीला

(३२) यद्युच्यते संयोग-कालिकैतदन्यतरसम्बन्धेन महानसीयवह्नेः साध्यतायां धूमहेतावतिव्याप्तिः । यतो हि साध्यः-संयोग-कालिकैतदन्यतरसम्बन्धेन महानसीय-वह्निः, साध्याभावः-कालिकसम्बन्धेन महानसीय वह्न्यभावः, तदधिकरणं गगनादिकं तन्निरूपितवृत्तिता गगनत्वे वृत्तित्वाभावस्य धूमेऽक्षतत्वादतिव्याप्तिः।

अतस्तद् वारणाय साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व प्रवेश आवश्यकः । कृते च निवेशे साध्यतावच्छेदकसम्बन्धः-संयोग-कालिकैतदन्यतरसम्बन्धः तेन सम्बन्धेन महानसीय वह्न्यभावाधिकरणं पर्वतादिकम् । यतो हि संयोग-कालिकान्यतर सम्बन्धान्तर्गतसंयोगसम्बन्धोऽप्यस्ति । तेन सम्बन्धेन महानसीय वह्न्यभावाधिकरण पर्वतादि निरूपित वृत्तितैव धूमे । वृत्तित्वाभावस्याभावान्नातिव्याप्तिः ।

(૩૨) ના, તો પણ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વદલ વ્યર્થ નહીં જાય કેમકે અમે સ્થળમાં થોડો ફેરફાર કરશું.

→ સ્થળ : સંયોગ-કાલિક એતદન્યતર સંબંધથી મહાનસીય-વહ્નિ - સાધ્ય, ધૂમ-હેતુ, આ સ્થળમાં અતિવ્યાપ્તિ આવશે.

તમે એમ ન કહેતાં કે પૂર્વમાં જે સ્થળ હતું તે જ સ્થળ તો છે. એવું નથી પૂર્વમાં સાધ્ય ઉભય સંબંધથી હતું. અહીં સાધ્ય અન્યતર સંબંધથી છે. આથી તમે "एको न उभयम्" આ નિયમ લગાડીને દોષનું વારણ કરતાં હતાં અને તેના દ્વારા સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ નિરર્થક કરતાં હતાં તે હવે નહીં થઈ શકે.

પ્રસ્તુત સ્થળે અતિવ્યાપ્તિ કેવી રીતે આવે છે તે બતાવે છે. સાધ્ય-સંયોગ-કાલિક અન્યતરસંબંધથી મહાનસીયવહ્નિ, સાધ્યાભાવ : કાલિકેન મહાનસીયવહ્ન્યભાવ ગ્રહણ કરશું. તમે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલનું ઉપાદાન તો કર્યુ નથી. આથી અમે અન્યતરત્વાન્તર્ગત કાલિક સંબંધ પણ ગ્રહણ કરી શકીએ.

કાલિક સંબંધથી કોઈપણ વસ્તુ જન્યમાં રહે. નિત્યમાં તેનો અભાવ રહેશે આથી કાલિક સંબંધેન વહ્ન્યભાવાધિકરણ-ગગન બનશે. તન્નિરુપિત વૃત્તિતા ગગનત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં અતિવ્યાપ્તિ આવી જશે.

આમ આવતી આ અતિવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ આવશ્યક બની જશે. આ પદનું ઉપાદાન કરતાં દોષ દૂર થઈ જશે. અતિવ્યાપ્તિ કેવી રીતે દૂર થાય છે તે બતાવે છે.

સાધ્યતાવચ્છેદક સંબંધ - મહાનસાનુયોગિક સંયોગ-કાલિકાન્યતર સંબંધ, હવે તમે આ સંબંધથી જ સાધ્યાભાવ લઈ શકો. તમે કેવલ કાલિક સંબંધથી અભાવ ન લઈ શકો. કેમકે સંયોગ-

કાલિકાન્યતર સંબંધાવચ્છિન્ન અન્યતર સંબંધ થશે. એક એક અલગ ન થઈ શકે.

નિરુક્ત સંબંધથી સાધ્યાભાવાધિકરણ-પર્વત બનશે. નિરુક્ત સંબંધની અન્તર્ગત કાલિક સંબંધ છે. આ સંબંધથી ભલે પર્વત ઉપર મહાનસીયવહ્નિ અને વહ્ન્યભાવ રહેતો પણ સંયોગ સંબંધથી તો પર્વત ઉપર મહાનસીય વહ્ન્યભાવ જ રહેશે. આમ સાધ્યાભાવાધિકરણ નિરૂપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અતિવ્યાપ્તિ નહીં આવે. આથી સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ આવશ્યક બની જશે.

## गूढामृतलीला

(३३) इदमपि वक्तुं न शक्यते । कृतेऽपि साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नत्वनिवेशे दोषोऽयं दुर्वार एव यतो हि **"द्वयोरेकोऽन्यतरः"** इति रीत्या संयोग-कालिकान्यतरान्तर्गत **"वादि भद्रन्न पश्यति"** इत्याख्यया कालिकेनापि महानसीयवह्न्यभावो धर्तुं शक्यते । तदधिकरणगगनादिनिरूपित-वृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वेन सम्भवत्येवातिव्याप्तिः । तद् वारणाय साध्यता-वच्छेदकसम्बन्धावच्छिन्नत्वप्रवेशो व्यर्थ एव ।

## શશીશીલા

(૩૩) તમે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન દલોપાદાન કરીને દોષ દૂર કર્યો એવું કથન કરીને સંતોષ ન માનતાં. કેમકે આ દલનું ઉપાદાન કરવાં છતાં અતિવ્યાપ્તિ દૂર થતી નથી.

અમે અહીં એક અન્ય નિયમ લગાડશું. "द्वयोरेकः अन्यतरः" બેમાંથી એક અન્યતર ગણાશે. આ નિયમથી સંયોગ-કાલિક અન્તર્ગત કાલિકા સંબંધ પણ ગૃહીત થઈ શકશે.

શંકા - તમે કાલિક સંબંધ ગ્રહણ કરશો પણ અમે સંયોગ સંબંધ ગ્રહણ કરશું. આથી દોષ નહીં આવે.

સમા. - "वादि भद्रं न पश्यति" આ નિયમથી વાદિ પુરુષો તમારા કલ્યાણને ઈચ્છતા નથી. તેઓ તો એ જ દેખે છે કે તમને દોષ કેવી રીતે લાગે છે. આથી કાલિક સંબંધ ગ્રહણ કરીને તમને દોષ આપશું.

આમ કાલિક સંબંધથી મહાનસીયવહ્ન્યભાવ ગ્રહણ કરતાં તદધિકરણ - ગગન બનશે. તન્નિરુપિતવૃત્તિતા ગગનત્વમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં અતિવ્યાપ્તિ આવી જશે.

આથી સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ મૂકવાં છતાં પણ દોષ દૂર થતો નથી.

## गूढामृतलीला

(३४) तत्रोच्यते । **समवायेन महानसानुयोगिकसंयोगविशिष्टत्वे सति कालिकेन वह्नेः साध्यतायां धूमादिहेतावतिव्याप्तिः** । अत्र च साध्यतावच्छेदक सम्बन्धः-समवायकालिकश्च । तदितर सम्बन्धः संयोगादि सम्बन्धः । तदनवच्छिन्ना या प्रतियोगिता कालिकेन वह्न्यभावीय प्रतियोगितापि जाता । तत्सम्बन्धावच्छिन्न-प्रतियोगिताकाभावः-कालिकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकवह्न्यभावः, तदधिकरणं गगनादिकं तन्निरूपित वृत्तिता गगनत्वे वृत्तित्वाभावस्य धूमे सत्त्वादतिव्याप्तिः ।

## શશીશીલા

(૩૪) વળી, અન્ય સ્થળે પણ દોષ લાગી શકે છે. સ્થળ - સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટત્વે સતિ કાલિકેન વહ્નિ - સાધ્ય, અને ધૂમ - હેતુ, આ સ્થળે અતિવ્યાપ્તિ લાગશે.

શંકા - પ્રસ્તુત સ્થળ અસદ્ધેતુ કેવી રીતે છે ?

સમા - ધૂમ તો પર્વતાદિ ઉપર છે જ્યારે મહાનસાનુયોગિક સંયોગ-કાલિક ઉભય સંબંધથી વહ્નિ પર્વત ઉપર નથી. આથી હેતુ અને સાધ્યનું એકાધિકરણ ન બનતાં તેમજ હેતુ અધિક દેશમાં રહેવાથી અસદ્ધેતુ બનશે.

અહીં સાધ્યતાવચ્છેદક સંબંધ - સમવાય અને કાલિક બનશે. તેનાથી ઈતર સંબંધ - સંયોગાદિ સંબંધ. તેનાથી અનવચ્છિન્ન તો કાલિકેન વહ્ન્યભાવીય પ્રતિયોગિતા બની જશે.

તાદૃશ કાલિક સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાક જે વહ્ન્યભાવ તેનું અધિકરણ ગગનાદિ બનશે. કેમકે કાલિક સંબંધથી કોઈપણ વસ્તુ જન્ય દ્રવ્યમાં જ રહેશે. નિત્ય દ્રવ્યમાં તેનો અભાવ મળશે. આમ વહ્ન્યભાવાધિકરણ-ગગનાદિ, તન્નિરુપિત વૃત્તિતા-ગગનત્વમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં અતિવ્યાપ્તિ.

## गूढामृतलीला

(३५) अत एतद्दोषशमनार्थं साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व दलं प्रतियोगितायां विशेषणीयमेव । तथा हि प्रकृते कालिकसम्बन्धेन वह्न्यभावीय प्रतियोगितायाः साध्यतावच्छेदकसम्बन्धेतर सम्बन्धानवच्छिन्नत्वेऽपि साध्यतावच्छेदकीभूत समवायसम्बन्धावच्छिन्नत्वकालिकसम्बन्धावच्छिन्नत्वाभावान्नायमभावो लक्षणघटकः । अपि तु समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट कालिकेन वह्नि र्नास्तीत्येवाभावो धर्तुं शक्यते । तदधिकरणं पर्वतादिकं तन्निरूपित वृत्तितैव धूमे वृत्तित्वाभावस्य धूमेऽभावान्नातिव्याप्तिः ।

## શશીશીલા

(૩૫) આવતી આ અતિવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલ પ્રતિયોગિતામાં મૂકવું

જોઈએ. પ્રસ્તુત દલનું ઉપાદાન કરતાં પૂર્વમાં તમે જે કાલિકેન વહ્ન્યભાવ લેતાં હતાં તે હવે નહીં લઈ શકો.

કાલિક સંબંધથી વહ્ન્યભાવીયપ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાનવચ્છિન્ન હોવા છતાં પણ સાધ્યતાવચ્છેદકીભૂત સંબંધ સમવાય સંબંધ અને કાલિક સંબંધ તેનાથી અવચ્છિન્ન નથી. કેવલ કાલિક સંબંધાવચ્છિન્ન જ છે. આથી કાલિકેન વહ્ન્યભાવ લક્ષણ ઘટક નહીં બને. પરંતુ સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટત્વે સતિ કાલિકેન વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે.

આ સાધ્યાભાવનું અધિકરણ પર્વતાદિ બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં કોઈ દોષ આવશે નહીં.

## गूढामृतलीला

(३६) **यत्तु वह्न्यभावः वह्निमान् वह्न्यभावत्वादित्यत्र** साध्यतावच्छेदक-सम्बन्धः-वह्नित्वावच्छिन्नप्रतियोगितासम्बन्धः, हेतुतावच्छेदकसम्बन्धश्च स्वरूप-सम्बन्धः । अत्र यदि साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं प्रतियोगितायां नोपादीयते तदाऽव्याप्तिः । तथा हि साध्यो वह्निः, साध्याभावः-महानसीयवह्नित्वावच्छिन्न-प्रतियोगितासम्बन्धेन वह्न्यभावः, तदधिकरणं वह्न्यभावः । तन्निरूपितवृत्तितैव वह्न्यभावत्वे वृत्तित्वाभावो नास्त्यतोऽव्याप्तिः ।

कृते च तन्निवेशे प्रकृते साध्यतावच्छेदकसम्बन्धः-वह्नित्वावच्छिन्न प्रतियोगितासम्बन्धः । न तु महानसीयवह्नित्वावच्छिन्नप्रतियोगिता सम्बन्धः । अतो न तेन सम्बन्धेनाभावो लक्षणघटकः । अपि तु वह्नित्वावच्छिन्नप्रतियोगिता-सम्बन्धेन वह्न्यभाव एव । तदधिकरणं घट-पटादिकं, तन्निरूपित वृत्तिता घटत्वादौ वृत्तित्वाभावस्य वह्न्यभावत्वे सत्त्वान्नाव्याप्तिः ।

(૩૬) યત્તુકારનો મત અલગ છે. તે કહે છે કે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ પ્રતિયોગિતામાં જો વિશેષણ તરીકે આપવામાં ન આવે તો वह्न्यभावः वह्निमान् वह्न्यभावत्वात् આ સ્થળમાં અવ્યાપ્તિ લાગી જાય.

સદ્ધેતુ નિરુપણ - વહ્ન્યભાવત્વ રુપ હેતુ વહ્ન્યભાવ સ્વરુપ જે પક્ષ છે તેમાં રહ્યો છે. અને તે જ પક્ષમાં વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિ પણ પ્રતિયોગિતા સંબંધથી રહી છે. આમ પક્ષમાં હેતુ અને સાધ્ય બને રહી ગયાં. પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકસંબંધ - વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધ અને હેતુતાવચ્છેદક સંબંધ સ્વરુપ સંબંધ છે.

સાધ્ય-વહ્નિ, સાધ્યાભાવ-મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધથી વહ્ન્યભાવ કેમકે તમે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદક સંબંધને વિશેષણ તરીકે તો મૂકયો નથી આથી સાધ્યાભાવ અમે ગમે તે સંબંધથી લઈ શકીશું.

આમ સાધ્યાભાવાધિકરણ - વહ્ન્યભાવ, તન્નિરૂપિત વૃત્તિતા-વહ્ન્યભાવત્વમાં, વૃત્તિત્વાભાવ ન જતાં લક્ષણ સમન્વય નહીં થાય. આથી અવ્યાપ્તિ આવશે.

આવતી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન દલનો નિવેશ કરશું. નિરુક્ત દલનો નિવેશ કરતાં તમે જે મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધથી જે વહ્ન્યભાવ લેતાં હતાં તે હવે નહીં લઈ શકો. કેમકે અહીં સાધ્યતાવચ્છેદક સંબંધ - વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધ છે. આથી સાધ્યાભાવ તરીકે તમે વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધથી વહ્ન્યભાવ જ લઈ શકશો. આ વહ્ન્યભાવાધિકરણ-ઘટ પટાદિ, તન્નિરુપિત વૃત્તિતા - ઘટત્વાદિમાં, વૃત્તિત્વાભાવ વહ્ન્ય-

ભાવત્વમાં જશે. લક્ષણ સમન્વય થઈ જતાં અવ્યાપ્તિ દૂર થઈ જશે.

## गूढामृतलीला

(३७) तच्चिन्त्यम् । यतो हि साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्नत्वदलेनैवास्या**व्याप्ति-वारण सम्भवात्** । तथा हि **वह्न्यभावः वह्निमान् वह्न्यभावत्वादित्यत्र** साध्यतावच्छेदकसम्बन्धः वह्नित्वावच्छिन्नप्रतियोगितासम्बन्धः तदितर महानसीयत्वं तदनवच्छिन्नत्वं नास्ति । अतः नायमभावो लक्षणघटकः । अपि तु वह्नित्वावच्छिन्नप्रतियोगितासम्बन्धेन वह्न्यभाव एव लक्षणघटकाभावः । तदधिकरणं जलह्रदादिकं, तन्निरूपितवृत्तिता मीनादौ वृत्तित्वाभावस्य वह्न्यभावत्वे सत्त्वान्नाव्याप्तिः । अतः साध्यनिष्ठ प्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व निवेशो व्यर्थ एव स्यात् ।

## શશીશીલા

(૩૭) તમારી આ વાત વિચારણીય છે. કેમકે તમે જે દોષનું વારણ કર્યું તે તો સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાનવચ્છિન્નત્વ દલથી પણ શક્ય છે તો પછી શા માટે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલોપાદાન કરવું ?

સાધ્યતાવચ્છેદક સંબંધેતર સંબંધાનવચ્છિન્નત્વથી અવ્યાપ્તિ દૂર થઈ શકે છે તે બતાવાય છે. સ્થળ - વહ્ન્યભાવ, વહ્નિમાન્, વહ્ન્યભાવત્વાત્

**લક્ષણ સમન્વય** - સાધ્યતાવચ્છેદક સંબંધ - વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધ, તેનાથી ઈતર - મહાનસીયત્વ અને તેનાથી અવચ્છિન્ન જ મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધથી વહ્ન્યભાવીય પ્રતિયોગિતા બનશે. અનવચ્છિન્ન ન બનતાં આ

મહાનસીયવહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા સંબંધથી વહ્ન્યભાવ તો લક્ષણ ઘટક નહીં બની શકે. પરંતુ શુદ્ધ વહ્નિત્વાચ્છિન્નપ્રતિયોગિતા સંબંધથી વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે.

આમ સાધ્યાભાવાધિકરણ-જલહ્રદ, તન્નિરૂપિત વૃત્તિતા મીનાદિમાં, વૃત્તિત્વાભાવ - વહ્ન્યભાવત્વમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. આથી કોઈ જ દોષ ન આવતાં સાધ્ય નિષ્ઠ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલનો નિવેશ એ અનર્થક થઈ પડશે.

## गूढामृतलीला

(३८) प्रकृते साध्यतावच्छेदक सम्बन्धेतरसम्बन्धा-नवच्छिन्नत्वमित्यत्र साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धकथनेन साध्यतावच्छेदक-सम्बन्धभिन्नसम्बन्धमेव विवक्षितम् । प्रकृते तु साध्यतावच्छेदकसम्बन्धः-वह्नित्वावच्छिन्नप्रतियोगिता-सम्बन्धः । तदितरसम्बन्धः समवायादि, न तु महानसीयत्वम् । तस्य सम्बन्धत्वाभावात् । साध्यतावच्छेदकसम्बन्धेतर सम्बन्ध-पदेन संयोगादिरेव धर्तुं शक्यते । तत्सम्बन्धानवच्छिन्नेयं महानसीयवह्नित्वावच्छिन्नप्रतियोगितासम्बन्धेन वह्न्यभावीयप्रतियोगिता जाता । तदभावाधिकरणीभूत वह्न्यभावनिरूपितवृत्तितैव वह्न्यभावत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः । अतस्तद् वारणाय प्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-त्वदलं सार्थकमेव ।

## શશીશીલા

(૩૮) તમે જે રીતે અવ્યાપ્તિ દૂર કરી તે તો ખરેખર પ્રશંસનીય છે. કેમકે દોષ દૂર નહોતો થતો છતાં પણ તમે કરી બતાવ્યો. વાસ્તવમાં તમે જે રીતે દોષ દૂર કર્યો તે પદ્ધતિ ખોટી છે.

કેમકે અહીં સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબધાનવચ્છિન્નત્વ

દલ જ મૂકયું છે તમે તો સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન મૂકવાનું તો ના પાડે છો.

પહેલાં તો એ સમજી લો સાધ્યતાવચ્છેદકસંબંધેતરસંબંધાનવચ્છિન્ન નો અર્થ શું છે. સાધ્યતાવચ્છેદક સંબંધથી ભિન્ન સંબંધ તેનાથી અનવચ્છિન્ન અભાવીય પ્રતિયોગિતા હોવી જોઈએ. આ જ અર્થ નિરુક્ત દલનો છે.

તમે શું કર્યું કે સાધ્યતાવચ્છેદકસંબંધ તરીકે તો વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા સંબંધ લીધો. તેનાથી ઈતર સંબંધ તરીકે તમે મહાનસીયત્વ લીધું. પરંતુ તે લઈ જ ન શકાય કેમકે મહાનસીયત્વ એ કાંઈ સંબંધ નથી તે તો ધર્મ છે. આથી ઈતરસંબંધ પદથી તમે મહાનસીયત્વ નહીં લઈ શકો પરંતુ સમવાયાદિ સંબંધ જ લઈ શકશો. અને આ સમવાય સંબંધથી તો મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધથી વહ્‌ન્યભાવીયપ્રતિયોગિતા અનવચ્છિન્ન જ છે. આથી આ મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન વહ્‌ન્યભાવ લક્ષણઘટક બની જશે.

આમ સાધ્યાભાવાધિકરણ - વહ્‌ન્યભાવ, તેમાં વહ્‌ન્યભાવત્વની વૃત્તિતા જ આવશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ તો આવશે જ. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યનિષ્ઠ પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિ. દલનો નિવેશ આવશ્યક થઈ પડશે. નિરુક્ત દલનો નિવેશ કરતાં અવ્યાપ્તિ દૂર થઈ જશે. અવ્યાપ્તિનું વારણ તો પૂર્વમાં કરી દીધું છે.

## गूढामृतलीला

(३९) तदा साध्यतावच्छेदकसम्बन्धेतरसम्बन्धानवच्छिन्नपदेनसाध्यतावच्छेदकसम्बन्धेतरानवच्छिन्नत्वमेव विवक्षितम् । तादृश विवक्षणे च प्रकृते साध्यतावच्छेदक सम्बन्धः वह्नित्वावच्छिन्नप्रतियोगितासम्बन्धः तदितर महानसीयत्वं

तदवच्छिन्नेयं न त्वनवच्छिन्ना । अतः नायमभावो लक्षणघटकः । वह्नित्वावच्छिन्नप्रतियोगितासम्बन्धेन वह्न्यभावाधिकरणभूतघटादिनिरूपित-वृत्तित्वाभावस्य वह्न्यभावत्वेऽक्षतत्वात् । साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं तु निरर्थकमेव ।

## શશીશીલા

(૩૯) અરે, તો પણ ચિંતા કરવાની જરૂર નથી. અમે જે રીતે અવ્યાપ્તિ દૂર કરી તે જ રીતે યોગ્ય છે. અમે તો લક્ષણને વધુ ટૂંકુ બનાવ્યું છે. અર્થાત્ સાધ્યતાવચ્છેદકસંબંધેતરાનવચ્છિન્નત્વ આટલું જ મૂકશું. ઈતર સંબંધ ન કહેતાં સાધ્યતાવચ્છેદકથી જે ઈતર હોય તેનાથી અનવચ્છિન્ન આટલું જ કહીશું.

આ પ્રમાણેની વિવક્ષા કરશું એટલે પૂર્વમાં જે મહાનસીય વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાસંબંધથી વહ્ન્યભાવ લેતાં હતાં તે હવે લઈ શકાશે. કેમકે સાધ્યતાવચ્છેદક સંબંધ - વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધ, તેનાથી જ ઈતર કહીએ છીએ, સંબંધ તો અમે કહેતાં નથી. એટલે ઈતર પદથી મહાનસીયત્વ ગ્રહણ થઈ શકશે અને આ મહાનસીયત્વથી મહાનસીયત્વાવચ્છિન્ન વહ્ન્ય-ભાવીય પ્રતિયોગિતા અવચ્છિન્ન જ છે, અનવચ્છિન્ન નથી. આથી આ મહાનસીયવહ્નિત્વાવચ્છિન્ન વહ્ન્યભાવ એ લક્ષણ ઘટક નહીં બને. પરંતુ શુદ્ધ વહ્નિત્વાચ્છિન્ન પ્રતિયોગિતા સંબંધથી વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે.

આમ સાધ્યાભાવાધિકરણ - ઘટાદિ, તન્નિરુપિત વૃત્તિતા ઘટત્વાદિમાં, વૃત્તિત્વાભાવ - વહ્ન્યભાવત્વમાં જતાં કોઈ દોષ નહીં આવે. આમ કોઈ દોષ ન આવતાં તમે પૂર્વમાં દોષ બતાવીને

તેને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ મૂક્યું છે તે નિરર્થક જશે.

## गूढामृतलीला

(४०) न च यदि साध्य निष्ठप्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धेतरानवच्छिन्नत्वं निवेश्यते तदासम्भवापत्तिः स्यात् । **तथा हि पर्वतो वह्निमान् धूमादित्यत्र** साध्यतावच्छेदकसम्बन्धः-संयोगसम्बन्धः, तदितर वह्नित्वं, तदवच्छिन्नेयं संयोगेन वह्न्यभावीय प्रतियोगिता न त्वनवच्छिन्ना । अतः संयोगेन वह्न्यभावोऽपि लक्षणघटकाभावपदेन धर्तुमशक्यतयासम्भव इति वाच्यम् ।

**तच्चाग्रे पर्याप्तिघटित कल्पे स्फुटीभविष्यति ।**

## શશીશીલા

(૪૦) અ હા હા ! તમે તો આવું લક્ષણ બનાવીને પ્રસિદ્ધ સ્થળમાં અસંભવાપત્તિ ઉભી કરી છે. તમે તો માત્ર સાધ્યતાવચ્છેદકેતરાનવચ્છિન્નત્વં નો જ નિવેશ કર્યો છે. ઈતર સંબંધ તો કહેતાં નથી.

સ્થળ - પર્વતો વહ્નિમાન્ ધૂમાત્

પ્રસ્તુત સ્થળમાં સાધ્યતાવચ્છેદક સંબંધ - સંયોગ સંબંધ, તેનાથી ઈતર સંબંધ તો કહેતાં નથી. આથી તેનાથી ઈતર પદથી વહ્નિત્વ પણ ગ્રહણ કરી શકાશે. અને આ વહ્નિત્વથી અવચ્છિન્ન વહ્ન્યભાવીય પ્રતિયોગિતા બનશે. અનવચ્છિન્ન નહી બને. આમ સંયોગ સંબંધથી વહ્ન્યભાવ પણ લક્ષણ ઘટક નહીં બની શકે. કોઈપણ અભાવ લક્ષણ ઘટક ન બનતાં અસંભવ દોષ લાગી જશે.

જો આ પ્રમાણે તમે કથન કરતાં હો તો ન કરતાં કેમકે તેનું સમાધાન અમે આગળ પર્યાપ્તિ ઘટિત લક્ષણ બતાવશું તેમાં સ્પષ્ટ કરશું.

## गूढामृतलीला

(४१) **तथा च लक्षण स्वरूपम् - साध्यतावच्छेदक सम्बन्धेतर-सम्बान्धानवच्छिन्न साध्यतावच्छेदकसम्बान्धावच्छिन्न साध्यता-वच्छेदकधर्मेतरधर्मानवच्छिन्न साध्यतावच्छेदकधर्मावच्छिन्न साध्यनिष्ठ प्रतियोगिताकाभावाधिकरण निरूपित हेतुता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वे सति हेतुता निरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपित वृत्तित्वाभावो व्याप्तिः ।**

साध्यः केन सम्बन्धेन ग्राह्यः स सम्बन्धो निश्चितः ।

अधुना साध्यतावच्छेदकधर्मोऽपि केन सम्बन्धेन साध्ये तिष्ठति । तस्मिन्नुपरि विचारणा क्रियते ।

लक्षणेऽस्मिन् साध्यतावच्छेदकावच्छिन्नत्वं नाम साध्यतावच्छेदकनिष्ठ-वच्छेदकता निरूपकत्वम् ।

अत्र साध्यतावच्छेदकनिष्ठवच्छेदकतायां साध्यतावच्छेदकतावच्छेदक-सम्बन्धावच्छिन्नत्वं निवेशनीयम् । **अन्यथा पर्वतो वह्निमान् धूमादित्यत्राव्याप्तिः** स्यात् ।

तथाहि साध्यो वह्निः, साध्यभावः विषयिता सम्बन्धेन वह्नित्वविशिष्टं नास्तीत्याकारकाभावः । स च ज्ञानस्वरूपः तदधिकरणं-पर्वतादिकम्, तन्निरूपितवृत्तितैव धूमे वृत्तित्वाभावस्याभावादव्याप्तिप्रसङ्गः ।

## शशीशीला

(४१) લક્ષણનું સ્વરુપ આ પ્રમાણે થશે. साध्यतावच्छेदक सम्बन्धेतरसम्बन्धानवच्छिन्न साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न साध्यता-वच्छेदक धर्मेतरधर्मानवच्छिन्न साध्यतावच्छेदकधर्मावच्छिन्न साध्यनिष्ठ प्रतियोगिताकाभावाधिकरणनिरूपितहेतुतानिरूपित संसर्गतावच्छेदकता

पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति हेतुता निरूपित संसर्गतानवच्छेदकानवच्छिन्ना या संसर्गता तन्निरूपित वृत्तित्वाभावो व्याप्तिः ।

પ્રસ્તુત વ્યાપ્તિના લક્ષણમાં વિચાર કરાય છે. આ લક્ષણમાં સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ પદનો અર્થ સાધ્યતાવચ્છેદક નિષ્ઠાવચ્છેદકતા નિરુપકત્વમ્ કરવો. વળી સાધ્યતાવચ્છેદક નિષ્ઠાવચ્છેદકતામાં તમારે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વનો નિવેશ કરવો જરૂરી છે. જો આ પદનો પ્રવેશ નહીં કરો તો પ્રસિદ્ધ સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ માં જ અવ્યાપ્તિ આવી જશે.

**સમન્વય** - સાધ્ય-વહ્નિ, સાધ્યતાવચ્છેદકતા - વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા, સાધ્યાભાવ-વિષયિતાસંબંધથીવહ્નિત્વ-વિશિષ્ટાભાવ, આ વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતા કયા સંબંધથી હોવી જોઈએ તેનું તો તમે નિયંત્રણ કર્યું નથી. આથી સાધ્યાભાવથી અમે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ લીધો છે. વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ એ વહ્નિત્વ વિશિષ્ટાભાવ ઈત્યાકારક જ્ઞાન સ્વરુપ થશે. આ જ્ઞાન કાંઈ પર્વત ઉપર રહેવાનું નથી.

આમ સાધ્યાભાવ-વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તદધિકરણ-પર્વત, તેમાં ધૂમની વૃત્તિ જ છે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ દોષ તો તદવસ્થ રહેશે.

## गूढामृतलीला

(૪૨) कृते च साध्यतावच्छेदकनिष्ठावच्छेदकतायां साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वनिवेशे नाव्याप्तिः ।

तथाहि प्रकृते साध्यतावच्छेदकम् - वह्नित्वम्, तच्च समवायसम्बन्धेन वह्नौ तिष्ठति । अतः साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः - समवाय सम्बन्धः, **“येन सम्बन्धेन साध्यतावच्छेदकवैशिष्ट्यं साध्ये भासते स सम्बन्धः**

**साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः"** इति नियमात् ।

प्रकृते साध्यो वह्निः, साध्याभावः विषयिता सम्बन्धेन वह्नित्व विशिष्टाभावः तदभावीयप्रतियोगितानिरूपितावच्छेदकता वह्नित्व निष्ठावच्छेदकता, सा न साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्ना अतो न तमादायाव्याप्तिः सम्भवति। साध्याभावपदेन समवायेन वह्नित्वविशिष्टं नास्तीत्याकारकाभाव एव ग्रहीतुं शक्यते ।

लक्षणसमन्वयप्रकारस्त्वित्थम् - साध्याभावः - समवायेन वह्नित्व-विशिष्टाभावः, तदधिकरणम् - न हि पर्वतादिकम्, अपितु जलह्रदादि एव । तन्निरूपित वृत्तिता मीनादौ, वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## शशीशीला

(४२) हवे साध्यतावच्छेदकनिष्ठावच्छेदकतामां साध्यता-वच्छेदकतावच्छेदक संबंधावच्छिन्नत्वनो निवेश करवाथी अव्याप्ति नहीं आवे.

प्रस्तुतमां, साध्य-वह्नि, साध्यतावच्छेदक-वह्नित्व, आ वह्नित्व ए समवाय संबंधथी वह्निमां रहे छे. आथी साध्यतावच्छेदकतावच्छेदक संबंध समवाय संबंध "येन सम्बन्धेन साध्यतावच्छेदकवैशिष्ट्यं साध्ये भासते स सम्बन्धः साध्यतावच्छेदकतावच्छेदक सम्बन्धः" (जे संबंधथी साध्यतावच्छेदकनुं वैशिष्टय साध्यमां जणाय ते संबंध साध्यतावच्छेदकतावच्छेदक संबंध जाणवो.)

प्रस्तुतमां साध्य-वह्नि, साध्याभाव-विषयिता संबंधथी वह्नित्वविशिष्टाभाव हवे लई नहीं शको. केमके विषयिता संबंध कांई साध्यतावच्छेदकतावच्छेदक संबंध नथी, परंतु समवाय संबंध ज छे. आथी तमारे अभाव लेवो हशे तो समवाय संबंधथी ज वह्नित्व विशिष्टाभाव लई शकाशे.

आम साध्याभाव-समवाय संबंधथी वह्नित्व विशिष्टाभाव,

તદધિકરણ પર્વતાદિ નહીં બની શકે કેમકે પર્વત ઉપર તો વહ્નિ વિદ્યમાન જ છે. આથી સાધ્યાભાવાધિકરણ-જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ ધૂમમાં જશે. આથી કોઈ જ દોષ નહીં આવે.

## गूढामृतलीला

(४३) कृते च एतादृशे लक्षणे प्रसिद्धे **पर्वतो वह्निमान् धूमादित्यत्र स्थले एवाव्याप्तिस्सञ्जायते** । तथाहि प्रकृते साध्यो वह्निः, साध्याभाव. न केवलं वह्न्यभावः अपितु महानसीयवह्न्यभावः । "**विशिष्टं शुद्धान्नातिरिच्यते**" इति रीत्या वह्न्यभावः एवम् महानसीयवह्न्यभावः समानमेव । तस्मात् साध्याभावपदेन अस्माभिः महानसीयवह्न्यभावो गृहीतः । तदधिकरणन्तु पर्वतादिकम् तन्निरूपितवृत्तितैव धूमे वर्तते । वृत्तित्वाभावस्याभावादव्याप्तिस्तु भवत्येव ।

## શશીશીલા

(૪૩) લક્ષણમાં આટલો પરિષ્કાર કર્યો તો પણ તમારું લક્ષણ અવ્યાપ્તિ દોષથી દૂષિત જ છે. તે પણ પ્રસિદ્ધ સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ માં જ દોષ લાગે છે.

પ્રસ્તુત સ્થળમાં સાધ્ય-વહ્નિ, સાધ્યાભાવ-વહ્ન્યભાવ ન લેતાં અમે મહાનસીયવહ્ન્યભાવ ગ્રહણ કરશું. આથી આ સાધ્યાભાવાધિકરણ પર્વત, તેમાં ધૂમની વૃત્તિ જ છે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવશે.

શંકા - તમે સાધ્યાભાવ તરીકે વહ્ન્યભાવ ન લેતાં મહાનસીય વહ્ન્યભાવ લીધો તે યુક્તિયુક્ત નથી.

સમા. - અમે મહાનસીયવહ્ન્યભાવ એમને એમ નથી લીધો પરંતુ નિયમ છે કે "विशिष्टं शुद्धान्नातिरिच्यते" આ નિયમને કારણે

પ્રસ્તુતમાં વિશિષ્ટ જે મહાનસીયવહ્ન્યભાવ છે તે શુદ્ધવહ્ન્યભાવથી અલગ નથી. તેથી તમે જો એમ કહો કે મહાનસીય વહ્ન્યભાવ ન લઈ શકાય તો તમારે નિયમની સાથે વિરોધ આવશે અને તમે પણ આ નિયમનો તો સ્વીકાર કરો જ છો તેથી અમે મહાનસીયવહ્ન્યભાવ સરળતાથી ગ્રહણ કરી શકીશું.

શંકા - આ નિયમને માનશો તો પણ આ અભાવ તમે નહીં લઈ શકો. કેમકે તમે વ્યાપ્તિનું લક્ષણ જે પ્રમાણે બનાવ્યું છે તેમાં સાધ્યતાવચ્છેદક ધર્મેતરધર્માનવચ્છિન્નનો પ્રવેશ કરેલો છે અને આ પદના પ્રવેશ દ્વારા જ તમે મહાનસીયવહ્ન્યભાવ ન લઈ શકો ?

કેમકે સાધ્યતાવચ્છેદક ધર્મ - વહ્નિત્વ તેનાથી ઈતર ધર્મ મહાનસીયત્વ તેનાથી અવચ્છિન્ન જ મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતા બનશે. અનવચ્છિન્ન ન બનતાં આ અભાવ લક્ષણ ઘટક નહીં બને પરંતુ શુદ્ધ વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે.

આમ સાધ્યાભાવાધિકરણ - પર્વત ન બનતાં જલહ્રદાદિ બનશે તન્નિરુપિત વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે કોઈ જ દોષ નહીં આવે.

સમા. - તમે સમજયાં નથી અમારી વાતને. કેમકે અમે જે મહાનસીય વહ્ન્યભાવ લીધો છે તેમાં મહાનસને સ્વરુપતઃ લીધું છે. અને જેનું સ્વરુપતઃ ગ્રહણ થયું હોય તેની અંદર કોઈ ધર્મ ભાસિત થતો નથી અર્થાત્ સ્વરુપતઃ જે મહાનસનું ગ્રહણ કર્યું છે તેમાં મહાનસીયત્વ ધર્મ ભાસિત નહીં થાય. તમે જે સાધ્યતાવચ્છેદક-વહ્નિત્વ તેનાથી ઈતર ધર્મ તરીકે મહાનસીયત્વને ગ્રહણ કરતાં હતાં તે હવે નહીં ગ્રહણ કરી શકો. આથી મહાનસીય વહ્ન્યભાવ લક્ષણ ઘટક તો બની જ જશે. આ અભાવ લક્ષણ ઘટક બનતાં સાધ્યાભાવાધિકરણ-પર્વત, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ તો લાગશે જ.

## गूढामृतलीला

(४४) अतस्तद् दोषवारणाय अस्माभिः प्रकारान्तरेण प्रतियोगिता-वच्छेदकतायाः पर्याप्ति घटितकल्पं स्वीक्रियते तथा च लक्षणस्य स्वरूपम् - **साध्यता निरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदक-रूपवृत्तिप्रतियोगिताकाभावाधिकरण निरूपित वृत्तित्वाभावो व्याप्तिः । रूपवृत्तित्वं च प्रतियोगितायां स्वनिरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताकपर्याप्त्य-नुयोगितावच्छेदकत्वसम्बन्धेन बोध्यम् ।**

लक्षणस्य स्वरूपे ईदृक्षे करणे पूर्वोक्ताव्याप्तिस्तु दूरीभविष्यति । तथा हि-प्रकृते साध्यतानिरूपितावच्छेदकता - वह्नित्व निष्ठावच्छेदकता, तादृशा-वच्छेदकतात्वावच्छिन्ना याऽवच्छेदकता सा पर्याप्ति सम्बन्धेन वह्नित्वे तिष्ठति । तथा च तादृशपर्याप्तिसम्बन्ध निरूपिता प्रतियोगिता-अवच्छेदकतानिष्ठा, अनुयोगिता -वह्नित्वनिष्ठा । तादृशानुयोगितावच्छेदक धर्मः - वह्नित्वगतैकत्वम्; तस्मिन् रूपवृत्ति प्रतियोगिता स्व निरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्वसम्बन्धेन विविक्षिता ।

तथा च प्रकृते स्वपदेन महानसीयवह्न्यभावीय प्रतियोगिता गृह्यते । तादृश प्रतियोगिता निरूपितावच्छेदकता-महानसीयत्व, वह्नित्व निष्ठा । अवच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेनाधिकरणं-महानसीयत्वं, वह्नित्वम् । पर्याप्ति सम्बन्ध निरूपितानुयोगितावच्छेदकता महानसीयत्व वह्नित्वगतद्वित्वे वर्तते । तस्माच्च रूपवृत्ति प्रतियोगिता नास्ति । अतः नायमभावो लक्षणघटकः । वह्न्यभावाधिकरणजलह्रदादि निरूपित वृत्तित्वाभावमादायाव्याप्तिवारण-सम्भवः ।

## શશીશીલા

(૪૪) આ અવ્યાપ્તિને દૂર કરવા માટે અમે સાધ્ય નિષ્ઠ પ્રતિયોગિતા વચ્છેદકતાનો પર્યાપ્તિ ઘટિત કલ્પ સ્વીકાર કરશું.

અર્થાત્ પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવીને અવ્યાપ્તિ દોષને દૂર કરશું. લક્ષણનું સ્વરુપ આ પ્રમાણે થશે - સાધ્યતા નિરૂપિતાવચ્છેદકતા-ત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક..... ઈત્યાદિ

**લક્ષણ સમન્વય :** પ્રસ્તુત સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ માં સાધ્ય-વહ્નિ, સાધ્યતાનિરૂપિતાવચ્છેદકતા - વહ્નિત્વ નિષ્ઠા અવચ્છેદકતા, આ વહ્નિત્વનિષ્ઠા જે અવચ્છેદકતા આવી તે અવચ્છેદકતાત્વાવચ્છિન્નાવચ્છેદકતા તે પર્યાપ્તિ સંબંધથી વહ્નિત્વમાં રહેશે. પર્યાપ્તિ સંબંધથી આ અવચ્છેદકતા પ્રતિયોગી બનશે જ્યારે અનુયોગી વહ્નિત્વ બનશે. અનુયોગિતાવચ્છેદક-વહ્નિત્વ ગતં એકત્વ બનશે.

(અહીં એક સ્પષ્ટતા કરવામાં આવે છે કે "सम्बन्धमात्रस्य किञ्चिदनुयोगिकत्वं किञ्चिद् प्रतियोगिकत्वम्" અર્થાત્ સંબંધનો એક પ્રતિયોગી હોય અને એક અનુયોગી હોય. "आधेयस्तु प्रतियोगी आधारस्तु अनुयोगी" આ નિયમથી એ સિદ્ધ થશે કે રહેનાર પ્રતિયોગી બને, અને રાખનાર અનુયોગી બને. પ્રસ્તુતમાં પણ અવચ્છેદકતા રહે છે અને વહ્નિત્વ તેને રાખે છે. આ બંને વચ્ચે પર્યાપ્તિ સંબંધ રહેલો છે. આથી અવચ્છેદકતા એ પ્રતિયોગી બનશે. વહ્નિત્વ એ અનુયોગી બનશે.)

અનુયોગિતાવચ્છેદકતા-વહ્નિત્વગતએકત્વમાં આવી. હવે જો આ વહ્નિત્વગતએકત્વમાં રૂપવૃત્તિતા અભાવીય પ્રતિયોગિતાની સમાન થાય તો જ જે અભાવ લેવામાં આવે તે લક્ષણ ઘટક બની શકે. અન્યથા તે અભાવ લક્ષણ ઘટક ન બની શકે. પૂર્વમાં તમે મહાનસીયવહ્ન્યભાવ લઈને દોષ આપ્યો હતો પરંતુ પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવ્યા પછી આ મહાનસીયવહ્ન્યભાવ લક્ષણ ઘટક બને છે કે નહીં તે જોઈએ.

"रूपवृत्तित्वं च प्रतियोगितायां स्व निरुपितावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्व सम्बन्धेन"

શંકા - અહીં સ્વ પદથી કોનું ગ્રહણ કરવું ?

સમા. - જે અભાવ લીધો છે તેનો પ્રતિયોગી જે બને તેને સ્વ પદથી લેવો. પ્રસ્તુતમાં મહાનસીય વહ્ન્યભાવ લીધો છે તેનો પ્રતિયોગી મહાનસીય વહ્નિ બનશે. આમ સ્વ પદથી મહાનસીય-વહ્નિ ગૃહિત થશે.

લક્ષણ સમન્વય : સ્વ - મહાનસીય વહ્નિ, સ્વ નિરૂપિતા-વચ્છેદકતા-મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠા અવચ્છેદકતા, આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ મહાનસીયત્વ, વહ્નિત્વ બનશે. પર્યાપ્તિ સંબંધથી આ અવચ્છેદકતા પ્રતિયોગી બનશે. જયારે અનુયોગી-મહાનસીયત્વ, વહ્નિત્વ બનશે. અનુયોગિતા-વચ્છેદક - મહાનસીયત્વ વહ્નિત્વ ગત દ્વિત્વ બનશે. આમ રૂપવૃત્તિતા સમાન ન થઈ. રૂપવૃત્તિતા સમાન ન થતાં મહાનસીય વહ્ન્યભાવ લક્ષણ ઘટક નહીં બને. પરંતુ વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે.

આમ સાધ્યાભાવ - વહ્ન્યભાવ, તદધિકરણ જલહ્રદાદિ તન્નિરુપિત વૃત્તિતા - મીનાદિ, વૃત્તિત્વાભાવ - ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. પૂર્વમાં જે અવ્યાપ્તિ આવતી હતી તે પર્યાપ્તિ ઘટિત લક્ષણ સ્વીકારવાથી દૂર થઈ જશે.

## गूढामृतलीला

(४५) यत्प्रकारमाश्रित्य पर्वतो वह्निमान् धूमादित्यत्र महानसीयवह्न्यभाव-मादायाव्याप्ति निराकृता । तेनैव प्रकारेणात्रापि विषयितया वह्नित्वविशिष्टाभाव-मादायाव्याप्तिवारणसम्भवः । साध्यतावच्छेदकनिष्ठवच्छेदकतायां साध्यता-वच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वनिवेशो व्यर्थः ।

तथाहि घटादीनां स्वरूपतः प्रतियोगितावच्छेदकत्वापत्ति भिया तत्सम्बन्धेन स्वरूपतः भान योग्यस्यैव तत्सम्बन्धेन स्वरूपतः प्रतियोगितावच्छेदकत्वम्" इति नियमस्वीकार आवश्यकः । तथा च प्रकृते समवाय सम्बन्धमात्रेण वह्नित्वरुप जातेः स्वरूपतः भानयोग्यत्वम् । न तु विषयिता सम्बन्धेन ।

प्रकृते तु विषयिता सम्बन्धेन यो हि वह्नित्वविशिष्टं नास्तीत्याकारकाभावः । तदभावीयप्रतियोगितानिरूपिता या वह्नित्वनिष्ठावच्छेदकता सा सावच्छिन्नैव । प्रकृते साध्यतानिरूपितावच्छेदकता तु निरवच्छिन्ना । अतः साध्यतानिरूपितावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकं यद्रूपं वह्नित्वगतमेकत्वम् । तत्र रूपवृत्तिप्रतियोगिता स्वनिरूपितावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक- पर्याप्त्यनुयोगितावच्छेदकत्वसम्बन्धेन विवक्षिता । तथा च विषयितया वह्नित्व विशिष्टाभावीयप्रतियोगितानिरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक-पर्याप्त्यनुयोगितावच्छेदकं रूपं वह्नित्वत्वम् । अतः रूपवृत्ति प्रतियोगिता न जाता । अतः नायमभावो लक्षणघटकः । लक्षणघटकाभावश्च समवायेन वह्नित्वविशिष्टाभाव एव । तदभावाधिकरणीभूत जलह्रदादि निरूपितवृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वादव्याप्त्यसम्भवः । अतः साध्यतावच्छेदकनिष्ठावच्छेदकतायां साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः निवेशो व्यर्थः ।

## શશીશીલા

(૪૫) આ પર્યાપ્તિ ઘટિત લક્ષણ કરવાથી પૂર્વોક્ત અવ્યાપ્તિ તો દૂર થઈ ગઈ પણ સાથે સાથે બીજો જે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ લઈને દોષ આપતાં હતાં તે પણ હવે દૂર થઈ જશે. કેમકે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ આ પર્યાપ્તિ ઘટિત લક્ષણ કરવાથી તમે નહીં લઈ શકો.

પૂર્વમાં આ અભાવ લઈને દોષ આવતો હતો તેને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદકનિષ્ઠાવચ્છેદકતામાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વનો પ્રવેશ કર્યો હતો. આ સંબંધનો પ્રવેશ

કરવાથી અવ્યાપ્તિ દૂર થઈ ગઈ હતી, પરંતુ પ્રસ્તુત લક્ષણ દ્વારા તમે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ લઈ જ નથી શકતાં. આથી તમારે નિરુક્ત અવચ્છેદકતામાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબધાવચ્છિન્ન નો પ્રવેશ વ્યર્થ જશે.

વહ્નિત્વ બે પ્રકારનાં છે. સાવચ્છિન્ન અને નિરવચ્છિન્ન. સમવાય સંબંધથી વહ્નિત્વ નિરવચ્છિન્ન છે. જયારે વિષયતા, કાલિક ઈત્યાદિ સંબંધથી વહ્નિત્વ સાવચ્છિન્ન છે. તથા અહીં બીજો પણ એક નિયમ લાગે છે. "उल्लिख्यमाना जातिः किञ्चिद् रुपेण भासते।" "अनुल्लिख्यमाना जातिः स्वरूपतः भासते।"

પ્રસ્તુતમાં તમે અભાવ લીધો છે. વિષયિતયા વહ્નિત્વ વિશિષ્ટાભાવ આ અભાવમાં તમે જાતિનો ઉલ્લેખ કર્યો છે. આથી આ અભાવની પ્રતીતિ किञ्चिद् ધર્મથી થશે.

વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવીય પ્રતિયોગિતા-વહ્નિત્વ વિશિષ્ટમાં, આ અભાવીય પ્રતિયોગિતા થી નિરૂપિત અવચ્છેદકતા - વહ્નિત્વનિષ્ઠા અવચ્છેદકતા, આ અવચ્છેદકતા સાવચ્છિન્ન છે, કેમકે વિષયતા સંબંધથી વહ્નિત્વ સાવચ્છિન્ન બનીને રહે છે. (વહ્નિત્વનો જાતિ તરીકે ઉલ્લેખ કર્યો છે.) જયારે પ્રસ્તુત સ્થળમાં સાધ્યતા નિરૂપિતા અવચ્છેદકતા એ નિરવચ્છિન્ન બનશે. કેમકે પ્રસ્તુત સાધ્યમાં જાતિનો ઉલ્લેખ કર્યો નથી આથી તેનું સ્વાભાવિક રીતે જ ભાન થશે.

**લક્ષણ સમન્વય :** સાધ્યતાનિરૂપિતા અવચ્છેદકતા-વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા તાદૃશ અવચ્છેદકતાત્વાવચ્છિ. અવચ્છે. પર્યાપ્તિ સંબંધથી - વહ્નિત્વમાં રહેશે. પર્યાપ્તિ સંબંધનો પ્રતિયોગી - અવચ્છેદકતા, અનુયોગી - વહ્નિત્વ, અનુયોગિતા - વહ્નિત્વમાં,

અનુયોગિતાવચ્છેદક - વહ્નિત્વ ગત એકત્વ બનશે.

જયારે અભાવ વિષયિતા સંબંધથી લીધો છે ત્યાં રૂપવૃત્તિતા સમાન નથી થતી. સ્વ-વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટ સ્વ નિરૂપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતા - વહ્નિત્વમાં, અનુયોગિતાવચ્છેદક - વહ્નિત્વ ગત એકત્વ નહીં બને પરન્તુ વહ્નિત્વત્વ બનશે કેમકે અભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતા વિષયિત્વ સંબંધાવચ્છિન્ન છે. (तत्सम्बन्धेन स्वरूपतः भान योग्यस्यैव तत्सम्बन्धेन स्वरूपतः प्रतियोगितावच्छेदकत्वम्" ।

જે જે સંબંધથી સ્વરુપતઃ ભાનને યોગ્ય હોય છે તેનું જ તે સંબંધથી પ્રતિયોગિતાવચ્છેદકત્વ મનાય છે.) આથી વિષયિતા સંબંધથી વહ્નિત્વ-વિશિષ્ટાભાવમાં વહ્નિત્વનું સ્વરૂપતઃ ભાન ન થતાં કિંચિદ્ ધર્મથી ભાન થશે.

આમ રૂપવૃત્તિતા સમાન નહીં થાય. આથી "विषयितया वह्नित्व विशिष्टाभावः" લક્ષણ ઘટક નહીં બને. પરંતુ સમવાય સંબંધથી વહ્નિત્વવિશિષ્ટાભાવ જ લક્ષણ ઘટક બનશે. તેનું અધિકરણ-જલહ્રદ તેમાં વૃત્તિતા-મીનાદિની, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં અવ્યાપ્તિ નહીં આવે.

આમ સાધ્યતાવચ્છે. નિષ્ઠાવચ્છેદકતામાં સાધ્યતા-વચ્છેદકતાવચ્છેદક સંબંધ વ્યર્થ જશે.

## गूढामृतलीला

(४६) भवता तत्सम्बन्धेन स्वरूपतः भानयोग्यस्यैव तत्सम्बन्धेन स्वरूपतः प्रतियोगितावच्छेदकत्वमिति नियममाश्रित्य विषयितया वह्नित्व विशिष्टाभावीय प्रतियोगितावच्छेदकतायां सावच्छिन्नत्वं प्रतिपादितम् । तन्न प्रतिभाति शोभनम् । यतो हि नियमेऽस्मिन् प्रमाणाभावात् । वह्नित्व जातेः समवायेन इव विषयितयापि

स्वरूपतः भानावश्यकत्वेन तस्य समवायमात्रेण स्वरूपतः भानयोग्यत्वस्यैवासिद्धेः ।

यदि एवं नियमोऽङ्गीक्रियते तदा गोत्वत्वाग्रहदशायामपि "अयं गौः" इति ज्ञानान्तरं गोत्वेनामुं जानामीति विषयितया ज्ञानांशे गोत्वस्यावगाहमानं प्रत्ययं न स्यात् । भवति चैतादृशी प्रतीतिः । अतः नायं नियमोऽङ्गीकार्यः ।

तथा च तत्रापि विषयितया वह्नित्वविशिष्टाभावीय प्रतियोगितावच्छेदकत्वस्यापि निरवच्छिन्नत्वमेवाङ्गीकरणीयम् । तथा च विषयितया वह्नित्वविशिष्टाभाव-मादायाव्याप्तिस्तु भवत्येव । तद् वारणाय साध्यतावच्छेदकनिष्ठावच्छेदकतायां साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वनिवेश आवश्यकः ।

## શશીશીલા

(૪૬) તમે જે નિયમ સ્વીકાર કર્યો છે. "तत्सम्बन्धेन स्वरूपतः भानयोग्यस्यैव तत्सम्बन्धेन स्वरूपतः प्रतियोगितावच्छेदकत्वम्" આ નિયમને આશ્રયીને જ તમે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવીય પ્રતિયોગિતાને સાવચ્છિન્ન બતાવી છે પણ તે યુક્ત જણાતી નથી.

→ **શંકા–** અમે તો જે નિયમ છે તે નિયમને અનુસારે લક્ષણ ઘટાવ્યું છે તેથી તમે જે કથન કરો છો કે તમારી વાત યુક્ત નથી તે જ વાત અયુક્ત છે.

→ **સમા–** ભાઈ, તમે સમજયાં નહીં આ નિયમમાં જ કોઈ પ્રમાણ નથી.

→ **શંકા–** આવું કથન તમે કેવી રીતે કરી શકયાં.

→ **સમા–** જો આ નિયમનો સ્વીકાર કરવામાં આવે તો એક આપત્તિ આવે તેમ છે. ગોત્વત્વનું જેને જ્ઞાન નથી તેને પણ આ ગાય છે. આ પ્રમાણેનું જ્ઞાન થયા પછી "गोत्वेनामूं जानामि" આ પ્રમાણે વિષયિતા સંબંધથી ગોત્વને અવગાહન કરનારી પ્રતીતિ ન થવી જોઈએ. કેમકે અહીં જાતિનો ઉલ્લેખ કરેલ

છે. જ્યારે પ્રતીતિ તો થાય છે જ, આથી તમારે એ સ્વીકારવું પડશે કે વિષયિતા સંબંધથી પણ સ્વરુપતઃ ભાન થઈ શકે અને આના દ્વારા એ સિદ્ધ થઈ જશે કે તમે જે નિયમ આપ્યો હતો તે નિયમમાં કોઈ પ્રમાણ નથી.

આથી આ નિયમનો સ્વીકાર કરવામાં નહીં આવે એટલે પૂર્વમાં તમે જે રુપવૃત્તિતા સમાન નહોતા બતાવતાં તે હવે સમાન થઈ જશે કેમકે સ્વ નિરૂપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્નાવચ્છેદકતા - વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા આ વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા છે પ્રતિયોગી જે પર્યાપ્તિ સંબંધમાં તેનો અનુયોગી વહ્નિત્વ, અનુયોગિતાવચ્છેદક-વહ્નિત્વત્વ નહી બનતાં વહ્નિત્વગતએકત્વ બનશે. કેમકે વિષયિતા સંબંધથી પણ સ્વરુપતઃ ભાન થઈ શકે છે. આમ રુપવૃત્તિ સમાન થશે. રુપવૃત્તિ સમાન થતાં અભાવ લક્ષણ ઘટક બનશે. વિષયિતા સંબંધથી વહ્નિત્વવિશિષ્ટાભાવને ગ્રહણ કરશું એટલે અવ્યાપ્તિ તો આવશે જ.

સાધ્યાભાવ - વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તદધિકરણ - પર્વત બનશે. કેમકે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટ માત્ર વહ્નિત્વ વશિષ્ટ વિષયક જ્ઞાન જ થશે. પર્વતમાં તો તેનો અભાવ જ મળશે. આમ સાધ્યાભાવાધિકરણ-પર્વત તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. ધૂમમાં વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે તમારે સાધ્યતાવચ્છેદક નિષ્ઠાવચ્છેદકતામાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન-ત્વનો નિવેશ કરવો આવશ્યક થઈ પડશે. નિરુક્ત પદનો નિવેશ કરવાથી તમે વિષયિતા સંબંધથી અભાવ નહીં લઈ શકો. કેવલ શુદ્ધ સાધ્યાભાવ જ લેવાશે. જે લેતાં લક્ષણ સમન્વય થઈ જશે.

## गूढामृतलीला

(४७) वस्तुतस्तु जाते विषयितया स्वरूपतः भानाङ्गीकारेपि न क्वाप्यनुपपत्तिः । अर्थात् न पूर्वोक्ताव्याप्तिः । **परन्तु वह्नित्व विशिष्टवान् धूमादित्यत्राव्याप्तिस्तु सम्भवत्येव** । यतो हि अत्र साध्यतावच्छेदकतापि सावच्छिन्न-वह्नित्वनिष्ठा । अथ च विषयितया वह्नित्व विशिष्टाभावीय प्रतियोगितावच्छेदकतापि सावच्छिन्न वह्नित्वनिष्ठा ।

तथा च साध्यतानिरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकरूपवृत्ति विषयितया वह्नित्व विशिष्टाभावीय प्रतियोगिता, स्व निरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्व सम्बन्धेन जाता । उभयोः सावच्छिन्नत्वात् ।

अतः विषयितया वह्नित्वविशिष्टाभावमादायाव्याप्तिः सम्भवत्येव । तद् वारणाय साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं साध्यतावच्छेदक निष्ठावच्छेदकतायामवश्यमभ्युपेयम् ।

## શશીશીલા

(૪૭) **શંકા** - વસ્તુતસ્તુ જે મતાનુસારીઓ વિષયિતા સંબંધથી સ્વરુપતઃ ભાન માનતાં નથી તેઓને મતે તો અવ્યાપ્તિ આવતી નથી. આથી તેમને તો સાધ્યતાવચ્છે. નિષ્ઠાવચ્છેદકતામાં સાધ્યતાવચ્છેદકતાવચ્છે. સંબંધાવચ્છિ.નો નિવેશ અનર્થક જ છે.

**સંભા.** - ના, તમારું આ કથન અયોગ્ય છે. માની લીધું કે પર્વતો વહ્નિમાન્‌માં અવ્યાપ્તિ નથી આવતી તેનો અર્થ એ તો નથી ને કે અન્ય કોઈપણ સ્થળે અવ્યાપ્તિ નથી આવતી. વહ્નિત્વ વિશિષ્ટવાન્ ધૂમાત્ આ સ્થળમાં અવ્યાપ્તિ આવે જ છે.

પ્રકૃતમાં સાધ્યતાનિરૂપિતાવચ્છેદકતા - વહ્નિત્વમાં આવશે. આ વહ્નિત્વમાં આવેલી અવચ્છેદકતા સાવચ્છિન્ન છે. કેમકે જાતિનો

ઉલ્લેખ કરેલ છે અને "उल्लिख्यमाना जातिः किञ्चिद् रुपेण भासते" આ નિયમથી વહ્નિત્વ એ વહ્નિત્વત્વથી જણાશે.

**લક્ષણ સમન્વય :** સાધ્યતાનિરૂપિતાવચ્છેદકતા - વહ્નિત્વ નિષ્ઠા, તાદૃશ અવચ્છેદકતાત્વાવચ્છિન્નાવચ્છેદકતા છે પ્રતિયોગી જે પર્યાપ્તિ સંબંધની તેનો અનુયોગી - વહ્નિત્વ, અનુયોગિતાવચ્છેદક-વહ્નિત્વત્વ બનશે. આમ સાધ્યતાવચ્છેદકતા સાવચ્છિન્ન બની. હવે અભાવીય પ્રતિયોગિતા છે તે દેખવાની રહી.

અભાવ છે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ. અહીં સ્વ નિરૂપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુ-યોગિતાવચ્છેદક પણ વહ્નિત્વત્વ બનશે. આમ સાધ્યતાવચ્છેદકતા અને પ્રતિયોગિતાવચ્છેદકતા બંને સાવચ્છિન્ન બની. આથી પ્રસ્તુત અભાવ વિષયિતા સંબંધથી વહ્નિત્વવિશિષ્ટાભાવ લક્ષણ ઘટક બની જશે. સાધ્યાભાવાધિકરણ - પર્વત તેમાં ધૂમની વૃત્તિ જ આવશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદક નિષ્ઠાવચ્છેદકતામાં સાધ્યતાવચ્છે. વચ્છે. સંબંધાવચ્છિ.નો નિવેશ આવશ્યક બની જશે.

પ્રસ્તુત દલનો નિવેશ કરવાથી તમે જે વિષયિતા સંબંધ લેતા હતાં તે હવે નહીં લઈ શકો. તેથી અવ્યાપ્તિ સહજતાથી દૂર થઈ જશે.

## गूढामृतलीला

(४८) एवं लक्षणे कृते सति **विषयित्व समवायान्यतर सम्बन्धेन वह्नित्व विशिष्टस्य संयोगेन साध्यतायां धूमादि हेतावव्याप्तिः ।**

तथाहि प्रकृते साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः-विषयित्व समवायान्य-तरसम्बन्धः, तयो र्मध्ये विषयित्वसम्बन्धोऽप्यस्ति । तत् सम्बन्धावच्छिन्नावच्छेद-

कताकप्रतियोगिताकाभावः - विषयित्वसम्बन्धावच्छिन्नवह्नित्वविशिष्टाभावः । तदभावाधिकरणीभूत पर्वतादि निरूपित वृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः ।

## શશીશીલા

(૪૮) તમે એમ ન સમજતાં કે તમે કરેલ આ લક્ષણમાં કોઈ દોષ નથી. કેમકે વિષયિત્વ સમવાયાન્યતર સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટ એ સંયોગ સંબંધથી - સાધ્ય, ધૂમ રુપ હેતુમાં અવ્યાપ્તિ તો આવવાની જ છે.

પ્રસ્તુત સ્થળમાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ - વિષયિતા સમવાયાન્યતર સંબંધ.

શંકા - સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ કોને કહેવાય ?

સમા. - સાધ્યતાવચ્છેદક જે સંબંધથી રહે તેને સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ કહેવાય. પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદક સંબંધ - સંયોગ સંબંધ, સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ વિષયિતા સમવાયાન્યતર સંબંધ.

આ અન્યતર સંબંધની મધ્યમાં વિષયિતા સંબંધ પણ છે. આથી વિષયિતા સંબંધાવચ્છિન્નાવચ્છેદકતાક પ્રતિયોગિતાકાભાવ પદથી વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ લઈ શકાશે. સાધ્યાભાવાધિકરણ - પર્વત, કેમકે વિષયિતા સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટ તો વહ્નિ ઈત્યાકારક જ્ઞાન બનશે તેનો અભાવ તો પર્વત ઉપર મળી જ જશે. આ પર્વત ઉપર ધૂમની વૃત્તિ જ છે. વૃત્તિત્વાભાવ ધૂમમાં નહીં જતાં અવ્યાપ્તિ આવી જશે.

## गूढामृतलीला

**(४९) एवं स्वाभाववन्निरूपितसंयोगसम्बन्धावच्छिन्नाधेयता सम्बन्धेन वह्नि विशिष्टस्य संयोगेन साध्यतायां जलरूप सद्धेतावव्याप्तिः ।**

तत्र साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः - स्वाभाववन्निरूपितसंयोग-सम्बन्धावच्छिन्नाधेयतासम्बन्धः । प्रकृते साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्ध नियामकत्वाभ्युपगमेऽपि वह्नि निष्ठावच्छेदकताया अवच्छेदकसम्बन्धः - संयोग-सम्बन्धावच्छिन्नाधेयतासम्बन्धोऽपि धर्तुं शक्यते । तत्सम्बन्धावच्छिन्नावच्छेदकता-कप्रतियोगिताकाभावः संयोगसम्बन्धावच्छिन्नाधेयतासम्बन्धेन वह्निविशिष्टाभावः । तदभावाधिकरणीभूतह्रदादिनिरूपितवृत्तितैव जलादौ वृत्तित्वाभावस्याभावाद-व्याप्तिः ।

## शशीशीला

(४९) આ જ પદ્ધતિથી અન્ય સ્થાને પણ અવ્યાપ્તિ આવે છે. સ્વાભાવવન્નિરુપિત સંયોગસંબંધાવચ્છિન્ન આધેયતા સંબંધથી વહ્નિ વિશિષ્ટને સંયોગ સંબંધથી - સાધ્ય કરતાં જલને હેતુ કરતાં અવ્યાપ્તિ આવશે.

પ્રસ્તુત સ્થળમાં સાધ્યતાવચ્છેદકતાવચ્છે. સંબંધ - સ્વાભાવવન્નિરુપિત સંયોગ સંબંધાવચ્છિન્ન આધેયતા સંબંધ, અહીં સ્વ પદથી વહ્નિ, સ્વાભાવ - વહ્ન્યભાવ, સ્વાભાવવત્ - વહ્ન્યભાવત્ જલહ્રદ આ જલહ્રદમાં સ્વાભાવવત્વ સંબંધથી વહ્નિ રહેશે. તમે સાધ્યતાવચ્છેદકતાવચ્છે. સંબંધ સાધ્યતાવચ્છે. નિષ્ઠાવચ્છેદકતામાં સ્વીકારવો એવું કથન ભલે કર્યું તો પણ પૂર્વમાં જેમ એકદેશાવચ્છિન્ન વિષયિત્વ સમવાયાન્યતરમાંથી વિષયિત્વ સંબંધ લઈને અવ્યાપ્તિ આવી હતી. તેમ અહીં પણ એકદેશાવચ્છિન્ન અભાવ લઈને તમને અવ્યાપ્તિ આપીએ છીએ. આથી અમે સંયોગ-સંબંધાવચ્છિન્ન આધેયતા સંબંધ પણ સ્વીકારી શકીએ તેમ છે.

તાદૃશ સંબંધાવચ્છિન્નાવચ્છેદકતાક પ્રતિયોગિતાકાભાવ - સંયોગ સંબંધાવચ્છિ. આધેયતા સંબંધથી વહ્નિ વિશિષ્ટાભાવ આ અભાવાધિકરણ હ્રદાદિ બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ જલરુપ હેતુમાં જતાં અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(५०) किञ्चिदत्र निरूप्यते । **अत्र साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं तावत् साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकेतरानवच्छिन्ना या संसर्गता तन्निरूपकत्वम् ।**

कृते चैतादृशे परिष्कारे पूर्वोक्ताव्याप्तिवारण सम्भवः । यतो हि समवायविषयित्वान्यतरसम्बन्धावच्छिन्न वह्नित्व विशिष्टवान् धूमादित्यत्र साध्यतावच्छेदकता निरूपित संसर्गता - समवायविषयित्वान्यतर निष्ठ संसर्गता, संसर्गतायाः अवच्छेदकं- समवायविषयित्वान्यतरत्वम्, अवच्छेदकतायाः पर्याप्त्यधिकरणम्- समवाय विषयित्वान्यतरत्वम्, तद्धर्मावच्छिन्ना संसर्गता - समवाय विषयित्वान्यतर निष्ठ संसर्गता ।

अथ च साध्यतावच्छेदकता निरूपित संसर्गता - समवाय विषयित्वान्यतर निष्ठ संसर्गता, संसर्गतायाः अवच्छेदकम् - समवाय विषयित्वान्यतरत्वम्, तदितरसंयोगत्वादि, तदनवच्छिन्ना या संसर्गता - समवाय विषयित्वान्यतरनिष्ठ संसर्गता, तन्निरूपकत्वं वह्नित्वनिष्ठवच्छेदकताकप्रतियोगिताकाभावीयप्रतियोगितावच्छेदकतायां वर्तते । अतः न केवलं विषयित्वसम्बन्धावच्छिन्नवह्नित्वनिष्ठवच्छेदकताक प्रतियोगिताकाभावो लक्षणघटकाभाव अपि तु विषयित्वसमवायान्यतरसम्बन्धावच्छिन्नावच्छेदकताकप्रतियोगिताकाभाव एव लक्षणघटकाभावपदेन वक्तुं शक्यते । तदभावाधिकरणं नहि पर्वतादिकम्, तत्र समवायसम्बन्धावच्छिन्नावच्छेदकताक प्रतियोगिताकाभावीयप्रतियोगिताश्रयस्य वह्नेः विद्यमानत्वात् । अपि तु जलह्रदादि एव । तन्निरूपितवृत्तित्वाभावस्य धूमे सत्त्वाद् नाव्याप्तिः ।

एवमेव स्वाभाववन्निरूपितसंयोगसम्बन्धावच्छिन्नाधेयत्व सम्बन्धावच्छिन्न वह्नि विशिष्टसाध्यकस्थलेऽव्याप्तिवारणप्रकारो बोधव्यः ।

## શશીશીલા

(૫૦) અહીં હવે કાંઈક વિચારણા કરાય છે. સાધ્યતાવચ્છેદકતાવચ્છે. સંબં. વચ્છિ.નો અમે અર્થ અલગ જ કરશું. જેથી પૂર્વમાં જે અવ્યાપ્તિ હતી તે સહજતાથી દૂર થઈ જશે.

साध्यतावच्छे. सम्बन्धावच्छिन्नत्व-साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकेतरानवच्छिन्ना या संसर्गता तन्निरूपकत्वम् ।

પ્રથમ જે સ્થળે નં. ૪૮માં અવ્યાપ્તિ આવતી હતી તે કેવી રીતે દૂર થાય છે તે બતાવે છે. સ્થળ : વિષયિત્વ સમવાયાન્યતર સંબંધાવચ્છિ. વહ્નિત્વ વિશિષ્ટવાન્ સાધ્ય અને ધૂમ : હેતુ છે. પ્રસ્તુત સ્થળમાં હવે લક્ષણ સમન્વય કરાશે.

**લક્ષણ સમન્વય :** સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતા - વિષયિત્વસમવાયાન્યતરનિષ્ઠસંસર્ગતા, આ સંસર્ગતાનો અવચ્છેદક - વિષયિત્વ સમવાયાન્યતરત્વ આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ - વિષયિત્વ સમવાયાન્યતરત્વ તાદૃશ ધર્માવચ્છિન્ન સંસર્ગતા - વિષયિત્વ સમવાયાન્યતર નિષ્ઠા સંસર્ગતામાં જ આવશે. નહીં કે એક એક સંબંધમાં આવે. વળી,

સાધ્યતાવચ્છેદકતાનિરૂપિત સંસર્ગતા - વિષયિત્વ સમવાયાન્યતર નિષ્ઠ સંસર્ગતા, સંસર્ગતાનો અવચ્છેદક - વિષયિત્વ સમવાયાન્યતરત્વ, તેનાથી ઈતર - સંયોગત્વાદિ, આ સંયોગત્વાદિથી અનવચ્છિ. જે સંસર્ગતા-વિષયિત્વ સમવાયાન્યતર નિષ્ઠ સંસર્ગતા આવશે.

આમ કેવલ વિષયિત્વ સંબંધથી વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતાક-પ્રતિયોગિતાક અભાવ એ લક્ષણ ઘટક નહી બને પરંતુ વિષયિત્વ સમવાયાન્યતર સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ જ લક્ષણ ઘટક બની શકશે અને આ અન્યતર સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવા-ધિકરણ પર્વતાદિ નહીં બને. કેમકે ત્યાં સમવાય સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટ વહ્નિ વિદ્યમાન છે. આથી જલહ્રદાદિ જ બનશે. તન્નિરુપિત વૃત્તિત્વાભાવ ધૂમમાં જતો રહેશે. આ જ પ્રમાણે સ્વાભાવન્નિરૂપિત સંયોગસંબંધાવચ્છિ. આધેયત્વ સંબંધાવચ્છિ. વહ્નિ વિશિષ્ટ સાધ્ય સ્થળમાં પણ અવ્યાપ્તિને દૂર કરવી.

## गूढामृतलीला

(५१) भवता साध्यतावच्छेदकतावच्छेकसम्बन्धावच्छिन्नत्वस्य साध्यता-वच्छेदकतानिरूपितसंसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वविशिष्ट-साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतावच्छेदकेतरानवच्छिन्ना या संसर्गता तन्नि-रूपकत्वम् परिष्कृतम् । एतादृशे परिष्कारे कृते पूर्वोक्त रीत्या समवाय-विषयित्वान्यतरसम्बन्धावच्छिन्न वह्नित्व विशिष्टवान् धूमादित्यत्र, स्वाभाववन्नि-रूपित संयोगावच्छिन्नाधेयत्वसम्बन्धावच्छिन्नवह्निविशिष्टवान् जलादित्यत्र चाव्याप्ति र्वारिता ।

न चात्रेयमाशङ्का जायते । यत्पूर्वोक्ताव्याप्ति वारणन्तु साध्यतावच्छेदकता-निरूपितसंसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नपदैनैव सम्भवात् । प्रकृतपरिष्कारे साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकेतरानवच्छिन्नत्व निवेशो व्यर्थः । व्यर्थविशेषणघटितत्वात् लक्षणमपि परित्याज्यमेवेति वाच्यम् ।

## શશીશીલા

(૫૧) તમે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્નનો પરિષ્કાર જે પ્રમાણે કર્યો છે તે વિસ્તૃત પરિષ્કાર છે. પૂર્વમાં જે સ્થાને અવ્યાપ્તિ આવતી હતી તેને દૂર કરવા માટે તો માત્ર વિશેષણ દલ પણ સમર્થ છે. વિશેષણ દલ અર્થાત્ (साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वम्).

આ લક્ષણ દ્વારા જ અવ્યાપ્તિ દૂર થઈ શકતી હોય તો વિશેષ્ય દલનું ઉપાદાન વ્યર્થ જશે અને વ્યર્થ વિશેષણથી ઘટિત લક્ષણ પણ દોષ યુક્ત બનતાં તે ત્યાજય જ બનવાનું છે.

## गूढामृतलीला

(५२) यदि भवद्भिः साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वपरिष्कारे साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकेतरानवच्छिन्ना या संसर्गता तन्निरूपकत्वमित्यस्मिन् परिष्कारघटकविशेष्यदलोपादानं न क्रियते तदा **पर्वतो वह्निमान् धूमादित्यत्रैवाव्याप्तिः** सम्भवति ।

तथा हि साध्यो वह्निः, साध्याभावः महानसीय वह्न्यनुयोगिक समवाय-सम्बन्धावच्छिन्न वह्नित्व विशिष्टाभावः । अस्यां महानसीय वह्न्यनुयोगिकसमवाय निष्ठ संसर्गतायां साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरण-धर्मावच्छिन्नत्वं वर्तते ।

तथाहि साध्यतावच्छेदकता निरूपित संसर्गता - समवाय निष्ठ संसर्गता, संसर्गताया अवच्छेदकम् - समवायत्वम्, पर्याप्ति सम्बन्धेनावच्छेदकता - समवायत्वे वर्तते । तथा च साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणीभूत धर्मः - समवायत्वम् तद्धर्मावच्छिन्ना संसर्गता "**अधिकं प्रविष्टं न तु तद्धानिकरं**" इति रीत्या महानसीयवह्न्यनुयोगिकसमवाय निष्ठ संसर्गता । तादृशसंसर्गता-कावच्छेदकताकप्रतियोगिताकाभावः - महानसीयवह्न्यनुयोगिक समवायेन वह्नित्व

विशिष्टाभावः । तदधिकरणपर्वतादिनिरूपित वृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः।

कृते च तन्निवेशे समवायत्वेतरमहानसीयवह्नयनुयोगिकत्वावच्छिन्नत्वात् । अनवच्छिन्नत्वाभावाच्चनायमभावो लक्षणघटकः । अतो नाव्याप्तिः ।

## શશીશીલા

(૫૨) તમે અમારી વાતને સમજયાં જ નથી. તમે કહ્યું કે વિશેષ્ય દલોપાદાન અનર્થક છે તે યુક્તિયુક્ત નથી. કેમકે વિશેષ્ય દલનું ઉપાદાન કરવામાં નહીં આવે તો પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આં સ્થળે જ અવ્યાપ્તિ આવી જશે. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે વિશેષ્ય દલ આવશ્યક બનશે. અવ્યાપ્તિ કેવી રીતે આવે છે તે બતાવે છે.

સાધ્ય - વહ્નિ, સાધ્યાભાવ - વહ્ન્યભાવ ન લેતાં મહાનસીય વહ્ન્યનુયોગિક સમવાયસંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તમે તો પ્રસ્તુત લક્ષણમાં વિશેષ્ય દલનું ગ્રહણ કર્યું નથી. આથી આ પ્રસ્તુત અભાવમાં વિશેષણ દલ ઘટે છે કે નહિ તે દેખવાનું છે. આ મહાનસીય વહ્ન્યનુયોગિક સમવાયસંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ નિરુક્ત લક્ષણમાં ઘટી જશે. અર્થાત્ વિશેષણ દલમાં આ અભાવનો સમન્વય થઈ જશે.

**સમન્વય :** સાધ્યતાવચ્છેદકતાનિરૂપિતસંસર્ગતા - સમવાય સંબંધમાં આવશે, આ સમવાય સંબંધનો અવચ્છેદક - સમવાયત્વ પર્યાપ્તિ સંબંધથી અવચ્છેકતા - સમવાયત્વમાં આવશે. આમ સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્મ - સમવાયત્વ તાદૃશ ધર્માવચ્છિન્ન સંસર્ગતા - કેવલ સમવાયત્વ નિષ્ઠ સંસર્ગતા ન લેતાં મહાનસાનુયોગિક સમવાય નિષ્ઠ સંસર્ગતા લઈશું.

**શંકા –** સમવાયત્વાવચ્છિન્ન તો સમવાય જ બની શકે તમે કેવી રીતે મહાનસાનુયોગિક સમવાય લીધો.

**સમા. –** "अधिकं प्रविष्टं न तद् हानिकरम्" આ ન્યાયથી કેવલ સમવાય ન લેતાં અમે મહાનસાનુયોગિક સમવાય લીધો છે.

આમ મહાનસાનુયોગિક સમવાય નિષ્ઠ સંસર્ગતાકવચ્છેદકતાક પ્રતિયોગિતાકાભાવ - મહાનસીય વહ્ન્યનુયોગિક સમવાય સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ તદધિકરણ - પર્વતાદિ બનશે. કેમકે આ નિરુક્ત સંબંધથી તો વહ્નિ કેવલ મહાનસમાં જ રહેશે. પર્વતાદિમાં તેનો અભાવ મળશે. આમ સાધ્યાભાવાધિકરણ - પર્વત, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવશે.

આ અવ્યાપ્તિને દૂર કરવા માટે વિશેષ્ય દલ આવશ્યક બની જશે. વિશેષ્યદલનો નિવેશ કરતાં અવ્યાપ્તિ દૂર થઈ જશે તે બતાવે છે સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા - સમવાયત્વ નિષ્ઠાવચ્છેદકતા તેનાથી ઈતર-મહાનસીયત્વ બનશે અને આ મહાનસીયત્વથી અવચ્છિન્ન જ મહાનસાનુયોગિકવહ્નિત્વ-વિશિષ્ટાભાવ બનશે. અનવચ્છિન્ન ન બનતાં આ અભાવ લક્ષણ ઘટક નહીં બને. લક્ષણ ઘટક શુદ્ધ વહ્ન્યભાવ જ બનશે. તદધિકરણ-જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિતા - મીનાદિમાં, વૃત્તિત્વાભાવ - ધૂમમાં જતાં અવ્યાપ્તિ નહીં આવે.

## गूढामृतलीला

(५३) एवं लक्षणे कृते सति **तादात्म्येन द्रव्यस्य साध्यतायां गगनत्व हेतावव्याप्तिः ।** तथाहि साध्यः - तादात्म्येन द्रव्यम्, साध्याभावः - समवायेन द्रव्यत्ववद् कालिकेन द्रव्यत्ववन्नेत्याकारको भेदः । तदधिकरणं नित्यद्रव्यादिकं

तन्निरूपित वृत्तितैव गगनत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

अत्र समवायेन द्रव्यत्ववद् कालिकेन द्रव्यत्ववन्नेत्याकारकभेदीय प्रतियोगितावच्छेदकतानिरूपितयोः कालिकनिष्ठ-समवायनिष्ठ संसर्गतयोः परस्परं भेदेन साध्यतावच्छेदकतानिरूपित संसर्गतावच्छेदकता पर्याप्ति सम्बन्धेन समवायत्वे तिष्ठति ।

तथा च साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्य-धिकरणधर्मावच्छिन्नत्वं समवायनिष्ठसंसर्गतायां वर्तते । अथ च साध्यतावच्छेदकता-निरूपितसंसर्गतावच्छेदकेतर कालिकत्वानवच्छिन्नाऽपि समवायनिष्ठसंसर्गता जाता । अतः साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण-धर्मावच्छिन्नत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकेतरानवच्छिन्ना या संसर्गता तन्निरूपितावच्छेदकताक प्रतियोगिताकाभावः - समवायेन द्रव्यत्ववद् कालिकेन द्रव्यत्ववन्नेत्याकारको भेदः, तदधिकरण-गगनादि निरूपित वृत्तित्वा-भावस्य गगनत्वादावसत्त्वादव्याप्तिः ।

## શશીશીલા

(૫૩) આ પ્રમાણે લક્ષણ કરવા છતાં પણ અવ્યાપ્તિ દૂર થવાની નથી. અવ્યાપ્તિ સ્થળ : તાદાત્મ્ય સંબંધથી દ્રવ્ય - સાધ્ય, ગગનત્વ - હેતુ.

સાધ્ય - તાદાત્મ્યથી દ્રવ્ય, સાધ્યાભાવ - સમવાયેન દ્રવ્યત્વ-વદ્ કાલિકેન દ્રવ્યત્વવદ્ ન આવો ભેદ લઈશું. તદધિકરણ - નિત્ય દ્રવ્યાદિ, તન્નિરુપિત વૃત્તિતા - ગગનત્વમાં, વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

→ **સમન્વય :** સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતા-વચ્છેદકતા - સમવાયત્વ નિષ્ઠાવચ્છેદકતા આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ - સમવાયત્વ, તાદૃશ ધર્માવચ્છિન્ન સમવાય બનશે. પ્રથમ દલ સમવાયમાં ગયું. હવે દ્વિતીયદલ વિચારાય છે.

→ સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા - સમવાયત્વનિષ્ઠાવચ્છેદકતા, તેનાથી ઈતર - કાલિકત્વ, તેનાથી અનવચ્છિન્ન-સમવાય નિષ્ઠ સંસર્ગતા બનશે.

કેમકે સમવાય નિષ્ઠ સંસર્ગતા ભિન્ન છે અને કાલિક નિષ્ઠ સંસર્ગતા ભિન્ન છે. આથી આ અભાવ લક્ષણ ઘટક બની જશે.

અહીં ધ્યાન રાખવું કે સમવાયેન દ્રવ્યત્વવદ્ સર્વ દ્રવ્ય થશે. પરંતુ સમવાયેન દ્રવ્યત્વવદ્ હોવાની સાથે સાથે કાલિકેન દ્રવ્યત્વવદ્ કેવલ જન્યદ્રવ્ય જ થશે. આમ આ સંબંધથી નિત્ય દ્રવ્યમાં અભાવ મળી જશે.

આમ, साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वे सति साध्यतावच्छेदकतानिरूपित संसर्गतावच्छेदकेतरानवच्छिन्ना या संसर्गता तन्निरूपितावच्छेदकताक प्रतियोगिताकाभावः - સમવાયેન દ્રવ્યત્વવદ્ કાલિકેન દ્રવ્યત્વવદ્ ન આ ભેદ મળશે. આ સાધ્યાભાવાધિકરણ - ગગનાદિ બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ ગગનત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવવાની જ છે.

## गूढामृतलीला

(५४) अतस्तद् वारणाय साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व-पदार्थस्यान्यार्थः परिष्करणीयः । **तच्च साध्यतावच्छेदकता निरूपित संसर्गता-नवच्छेदकावच्छिन्न संसर्गत्वानिरूपकत्वे सति साध्यतावच्छेदकतानिरूपितसंसर्गता-वच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्न संसर्गता निरूपकत्वम् ।**

प्रकृते च द्रव्यत्वनिष्ठावच्छेदकतायां साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्न संसर्गता निरूपकत्वेऽपि प्रकृत-परिष्कारघटकसाध्यतावच्छेदकता निरूपित संसर्गतानवच्छेदकावच्छिन्न संसर्गत्वानिरूपकत्वस्याविद्यमानत्वान्नायमभावो लक्षणघटकः ।

तथा हि साध्यतावच्छेदकतानिरूपितसंसर्गता-समवाय निष्ठ संसर्गता संसर्गताया अवच्छेदकम् - समवायत्वं, तत्रावच्छेदकता पर्याप्तिसम्बन्धेन तिष्ठति । तथा च साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरण-धर्मावच्छिन्ना संसर्गता - समवायनिष्ठ संसर्गता तन्निरूपकत्वं यद्यपि द्रव्यत्व-निष्ठवच्छेदकतायां वर्तते । तथापि साध्यतावच्छेदकता निरूपित संसर्गताया अनवच्छेदकम् - कालिकत्वम्, तदवच्छिन्ना या संसर्गता - कालिक निष्ठ संसर्गता तन्निरूपकत्वमेव द्रव्यत्वनिष्ठावच्छेदकतायां वर्तते । नत्वनिरूपकत्वम् । अतो नायमभावो लक्षण घटकः । लक्षणघटकाभावश्च समवायेन द्रव्यत्ववन्नेत्याकारको भेद एव । तदधिकरण - गुणादि निरूपित वृत्तित्वाभावस्य गगनत्वे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૫૪) આવતી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે અમે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પદનો અર્થ અલગ જ કરશું. જેથી અવ્યાપ્તિ દૂર થઈ જાય.

**નૂતન લક્ષણ :** साध्यतावच्छेदकता निरूपित संसर्गतानवच्छेदका-वच्छिन्न संसर्गत्वानिरूपकत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नसंसर्गतानिरूपकत्वम् ।

સ્થળ : તાદાત્મ્ય સંબંધથી દ્રવ્ય - સાધ્ય, ગગનત્વ - હેતુ

પ્રસ્તુત સ્થળમાં દ્રવ્યત્વનિષ્ઠાવચ્છેદકતામાં વિશેષ્ય દલ હોવા છતાં પણ નૂતન પરિષ્કાર ઘટક સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતાનવચ્છેદકાવચ્છિન્ન સંસર્ગત્વાનિરુપકત્વ રુપ (વિશેષણ દલ) વિદ્યમાન ન હોવાથી નિરુક્ત અભાવ લક્ષણ ઘટક નહી બની શકે.

સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતા - સમવાય નિષ્ઠ સંસર્ગતા, આ સમવાય નિષ્ઠ સંસર્ગતાનો અવચ્છેદક - સમવાયત્વ,

આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ - સમવાયત્વ બનશે. તાદૃશ ધર્માવચ્છિ. સંસર્ગતા - સમવાય નિષ્ઠ સંસર્ગતા, તન્નિરુપકત્વ જો કે દ્રવ્યત્વનિષ્ઠાવચ્છેદકતામાં છે. તો પણ સાધ્યતાવચ્છેદકતા - દ્રવ્યત્વનિષ્ઠાવચ્છેદકતા તન્નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા - સમવાયત્વ નિષ્ઠાવચ્છેદકતા, તેનો અનવચ્છેદક કાલિકત્વ, તાદૃશ કાલિકત્વાવચ્છિન્ન - કાલિક નિષ્ઠા સંસર્ગતા, તન્નિરુપકત્વ જ દ્રવ્યત્વ નિષ્ઠાવચ્છેદકતામાં છે. અનિરુપકત્વ નથી.

આમ લક્ષણગત વિશેષ્યદલ અભાવીય પ્રતિયોગિતામાં ઘટી જશે પરંતુ વિશેષણ દલ ન ઘટતાં "एकसत्त्वेऽपि द्वयं नास्ति" આ નિયમથી "સમવાયેન દ્રવ્યત્વવદ્ કાલિકેન દ્રવ્યત્વવદ્ ન" ઈત્યાકારક ભેદ એ લક્ષણ ઘટક નહીં બની શકે. પરંતુ "સમવાયેન દ્રવ્યત્વવદ્ ન" ઈત્યાકારક ભેદ જ લક્ષણ ઘટક બની શકશે.

આમ સાધ્યાભાવ - સમવાય સંબંધથી દ્રવ્યત્વવન્ન, તદધિકરણગુણાદિ, તન્નિરુપિત વૃત્તિતા - ગુણત્વમાં, વૃત્તિત્વાભાવ-ગગનત્વમાં જતાં કોઈ દોષ નહીં આવે.

## गूढामृतलीला

(५५) भवता साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वस्य **साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतानवच्छेदकावच्छिन्न संसर्गत्वानिरूपकत्वे सति साध्यतावच्छेदकतानिरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्न संसर्गतानिरूपकत्वं** परिष्कृतम् । कृते चैतादृशे परिष्कारे समवायेन द्रव्यत्ववद् कालिकेन द्रव्यत्ववन्नेत्याकारकम् भेदमादायाव्याप्ति र्निराकृता । तन्न सम्यक् ।

यतो हि एक निष्ठावच्छेदकता संसर्गद्वयावच्छिन्ना न भवति । तथा च संसर्गद्वयनिरूपकैकावच्छेदकतायाः प्रमाणासंस्पृष्टत्वेन समवायेन द्रव्यत्ववद् कालिकेन

द्रव्यत्ववद्भेदीय प्रतियोगिता निरूपितयो कालिक सम्बन्धावच्छिन्नावच्छेदकत्व समवायसम्बन्धावच्छिन्नावच्छेदकत्वयोः भेदात् । समवायावच्छिन्नावच्छेदकतायां साध्यतावच्छेदकता निरूपिता या संसर्गता तन्निरूपिता याऽवच्छेदकता - समवायत्व निष्ठवच्छेदकता, अनवच्छेदकीभूतो धर्मः - कालिकत्वादिकम्, तदवच्छिन्ना या संसर्गता - कालिकनिष्ठसंसर्गता, तादृशसंसर्गताया अनिरूपकत्वम् समवाया-वच्छिन्नावच्छेदकतायां निराबाधात् । भवति च समवायेन द्रव्यत्ववद् कालिकेन द्रव्यत्ववन्नेत्याकारको भेदः लक्षणघटकः । तदभावाधिकरणीभूतगगनादिनिरूपित वृत्तितैव गगनत्वे, वृत्तित्वाभावस्याभावादव्याप्तितादवस्थ्यम् ।

## શશીશીલા

(૫૫) તમે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વનો અર્થ કર્યો કે "साध्यतावच्छेदकता निरूपित संसर्गतानवच्छेदकावच्छिन्न संसर्गत्वानिरूपकत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्न संसर्गता निरूपकत्वम् ।"

આ પ્રમાણે લક્ષણ કરવા દ્વારા તમે જે રીતે પૂર્વમાં અવ્યાપ્તિને દૂર કરી હતી તે યુક્ત નથી.

કેમકે એક નિષ્ઠાવચ્છેદકતા એ સંસર્ગદ્વયાવચ્છિન્ના ન થઈ શકે, વળી સંસર્ગદ્વયથી નિરુપિકા એકાવચ્છેદકતા હોય એમાં કોઈ જ પ્રમાણ નથી. સમવાય સંબંધથી દ્રવ્યત્વવદ્ કાલિકેન દ્રવ્યત્વવદ્ ભેદીય પ્રતિયોગિતાનો નિરુપક કાલિક સંબંધ અને સમવાય સંબંધ પરસ્પર ભિન્ન છે.

સમવાયાવચ્છિન્નાવચ્છેદકતા રુપ જે સાધ્યતાવચ્છેદકતા તેનાથી નિરૂપિત જે સંસર્ગતાવચ્છેદકતા - સમવાયત્વ નિષ્ઠાવચ્છેદકતા, તેનો અનવચ્છેદક ધર્મ - કાલિકત્વાદિ, તેનાથી અવચ્છિન્ન જે સંસર્ગતા - કાલિક નિષ્ઠ સંસર્ગતા, આ કાલિક નિષ્ઠ

સંસર્ગતાનો અનિરુપક-સમવાયાવચ્છિન્નાવચ્છેદકતા સહજતાથી થઈ શકશે. કેમકે સમવાયાવચ્છિન્નાવચ્છેદકતા અને કાલિકાવચ્છિન્નાવચ્છેદકતા પરસ્પર ભિન્ન છે.

આમ સમવાય સંબંધથી દ્રવ્યત્વવદ્ કાલિક સંબંધથી દ્રવ્યત્વવદ્ ન ઈત્યાકારક ભેદ જ લક્ષણ ઘટક બની શકશે. સાધ્યાભાવાધિકરણ - ગગનાદિ, તન્નિરુપિત વૃત્તિતા ગગનત્વમાં, વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ તાદવસ્થ્ય રહેશે.

## गूढामृतलीला

(५६) अत एतादृशाव्याप्तिवारणाय प्रतियोगितायां साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्न साध्यतावच्छेदक निष्ठावच्छेदकताकत्वमित्यनेन-**साध्यतावच्छेदकता निरूपित संसर्गतानवच्छेदकधर्मावच्छिन्न संसर्गताकावच्छेदकत्वा निरूपकत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्न संसर्गताकत्वं विवक्षितम् ।**

तथा च प्रकृते समवायेन द्रव्यत्त्ववद् कालिकेन द्रव्यत्त्ववद् भेदीय-प्रतियोगितायाः साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतानवच्छेदकीभूतकालिकत्वधर्मावच्छिन्नसंसर्गताकावच्छेदकता निरूपकत्वमस्ति । अनिरूपकत्वाभावान्नायमभावो लक्षणघटकः ।

यद्यपि साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण-धर्मावच्छिन्नसंसर्गताक साध्यतावच्छेदक निष्ठवच्छेदकता निरूपकत्वं वर्तते । तथापि "**एकसत्त्वेऽपि द्वयं नास्ति**" इति रीत्या विशेषणदलाभावादभावोऽयन्न लक्षणघटकः । समवायेन द्रव्यत्त्ववन्नेत्याकारको भेद एव । तदधिकरणगुणादि-निरूपितवृत्तित्वाभावस्य गगनत्वे सत्त्वान्नाव्याप्तिः ।

(૫૬) આવતી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે પ્રતિ-યોગિતામાં થોડો ઉમેરો કરશું. साध्यतावच्छेदकतावच्छेदक सम्बन्धावच्छिन्न साध्यतावच्छेदक निष्ठावच्छेदकत्वम् નો અર્થ આ પ્રમાણે કરશું.

साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतानवच्छेदकधर्मावच्छिन्न संसर्गताकावच्छेदकत्वानिरूपकत्वे सति साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गताक साध्यतावच्छेदक निष्ठावच्छेदकता निरूपकत्वम् આ અર્થની વિવક્ષા કરી છે.

પ્રસ્તુતમાં સમવાયેન દ્રવ્યત્વવદ્ કાલિકેન દ્રવ્યત્વવદ્ ભેદીય પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતાનવચ્છેદકીભૂત કાલિકત્વધર્માવચ્છિ. સંસર્ગતાકાવચ્છેદકતાનો નિરુપક જ છે. અનિરુપક નથી. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને.

**લક્ષણ સમન્વય :** સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતા - સમવાય નિષ્ઠ સંસર્ગતા સંસર્ગતાનો અવચ્છે. - સમવાયત્વ, અનવચ્છેદક - કાલિકત્વ, તાદૃશ કાલિકત્વાવચ્છિ. સંસર્ગતાકાવચ્છેદકતાનો નિરુપક જ પ્રસ્તુત અભાવ બનશે. અનિરુપક નહિ બને. જો કે સાધ્યતાવચ્છેદકતા નિરૂપિત સંસર્ગતાવચ્છેદકતા - સમવાયત્વ નિષ્ઠાવચ્છેદકતા આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિ. - સમવાયત્વ તાદૃશધર્માવચ્છિન્ન સંસર્ગતા - સમવાયમાં, આ સમવાય એ સાધ્યતાવચ્છેદક નિષ્ઠાવચ્છેદકતાનો નિરુપક જ બનશે. આ વિશેષણ દલ લક્ષણ ઘટક બનશે.

**શંકા :** પૂર્વમાં અવ્યાપ્તિ લાવવા માટે તમે કહ્યું કે એક નિષ્ઠાવચ્છેદકતા એ સંસર્ગદ્વયાવચ્છિન્ના ન થઈ શકે તો અહીં આ નિયમ નહીં લાગે ?

**સમા.:** તમે અમારી વાત સમજ્યાં નહીં. પ્રતિયોગિતાવચ્છેદકતા સંસર્ગદ્વયાવચ્છિન્ના ન હોઈ શકે પરંતુ પ્રતિયોગિતા તો સંસર્ગદ્વયાવચ્છિન્ના હોવામાં કોઈ જ વાંધો નથી.

"एकसत्त्वेऽपि द्वयं नास्ति" આ નિયમથી વિશેષણ દલ અભાવીય પ્રતિયોગિતામાં ઘટતું હોવા છતાં પણ વિશેષ્ય દલ ન ઘટવાથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે પરંતુ શુદ્ધ સમવાયેન દ્રવ્યત્વવદ્ ન ઈત્યાકારક ભેદ જ લક્ષણ ઘટક બનશે.

આમ સાધ્યાભાવ - સમવાયેન દ્રવ્યત્વવદ્ ન તદધિકરણ - ગુણાદિ તન્નિરુપિત વૃત્તિતા - ગુણત્વાદિમાં, વૃત્તિત્વાભાવ - ગગનત્વમાં જતાં અવ્યાપ્તિ નહીં આવે.

## गूढामृतलीला

(५७) एवं लक्षणे कृते सति **कालिकेन महानसानुयोगिक संयोगविशिष्ट समवायेन वह्नित्व विशिष्टस्य संयोगेन साध्यतायां धूमादि हेतावव्याप्तिः ।**

अत्र साध्यो वह्नित्वविशिष्टः, साध्याभावः समवायेन महानसानुयोगिक-संयोगविशिष्टकालिकेनवह्नित्वविशिष्टस्य संयोगेनाभावः । तदभावीयप्रतियोगिता-वच्छेदकतानिरूपित संसर्गता साध्यतावच्छेदकतानिरूपितसंसर्गतावच्छेदकता-पर्याप्त्यधिकरण धर्मावच्छिन्नत्वात् ।

तथाहि साध्यतावच्छेदकतानिरूपित संसर्गता - कालिक, समवाय निष्ठ संसर्गता, तदवच्छेदकता-कालिकत्व, समवायत्व निष्ठ, अवच्छेदकतायाः पर्याप्त्य-धिकरण धर्मः - कालिकत्वं समवायत्वम्, तदवच्छिन्ना संसर्गता - समवाय-कालिक निष्ठ संसर्गता, तादृश संसर्गताकावच्छेदकताकप्रतियोगिताकाभावः-समवायेन महानसानुयोगिकसंयोगविशिष्ट कालिकेन वह्नित्वविशिष्टाभावः। तदभावाधिकरणीभूत पर्वतादि निरूपित वृत्तितैव धूमे, वृत्तित्वाभावस्याभावाद-व्याप्तिः ।

(૫૭) આ પ્રમાણે લક્ષણ કરવા છતાં પણ કાલિકેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટને સંયોગ સંબંધથી - સાધ્ય, ધૂમ - હેતુમાં અવ્યાપ્તિ આવી જશે. અભાવ-સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ.

**સદ્ધેતુ નિરુપણ :** કાલિકેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટ જે વહ્નિ છે તે તો પર્વત, ચત્વર, મહાનસાદિમાં સર્વ ઠેકાણે છે અને ત્યાં ધૂમની વૃત્તિ જ છે. આમ સાધ્ય અને હેતુ એકાધિકરણમાં રહેવાથી સદ્ધેતુ બનશે.

અહીં સાધ્ય - વહ્નિત્વ વિશિષ્ટ, સાધ્યાભાવ - સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ, કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટનો સંયોગ સંબંધથી અભાવ અર્થાત્ વહ્નિત્વ વિશિષ્ટાભાવ. અહીં સાધ્યનો જે સંબંધ છે તેનાથી વિપરીત સંબંધથી અભાવ લીધો છે. આ વહ્નિત્વવિશિષ્ટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકતા થી નિરુપિત જે સંસર્ગતા તે સાધ્યતાવચ્છેદકતા નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્ન છે.

**સમન્વય :-** અહીં સાધ્યતાવચ્છેદકતા નિરુપિત સંસર્ગતા-કાલિક-સમવાયનિષ્ઠા સંસર્ગતા, આ સંસર્ગતાનો અવચ્છેદક કાલિકત્વ, સમવાયત્વ આ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ ધર્મ-કાલિકત્વ, સમાવાયત્વ, તાદૃશ ધર્માવચ્છિન્ન-સંસર્ગતા - કાલિક, સમવાય નિષ્ઠા સંસર્ગતા, તાદૃશ સંસર્ગતાકાવચ્છેદકતાક પ્રતિયોગિતાકાભાવ-સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ થશે. આ વહ્નિત્વ વિશિષ્ટાભાવાધિકરણ-પર્વતાદિ બનશે. કેમકે

સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટ કેવલ મહાનસ જ બનશે. તેના સિવાય અન્યત્ર સર્વ ઠેકાણે તેનો અભાવ મળશે.

આમ સાધ્યાભાવાધિકરણ-પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(५८) अतस्तद् दोष-शमनार्थं साध्यतावच्छेदकता निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गताक साध्यतावच्छेदकनिष्ठवच्छेदकताकेत्यनेन **साध्यतावच्छेदकता विशिष्टावच्छेदकता निरूपकत्वं विवक्षितम् । अवच्छेदकता वैशिष्टयञ्चावच्छेदकतायां स्व सामानाधिकरण्य, स्व निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गताकत्वोभय सम्बन्धेन** बोध्यम् ।

अत्र स्व पद साध्यतावच्छेदकपरम् । तथा च कालिकेन महानसानुयोगिकसंयोगविशिष्ट समवायेन वह्नित्वविशिष्टसंयोगेन साध्यतास्थले समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट कालिकेन वह्नित्व विशिष्टस्य संयोगेनाभावस्य न लक्षण-घटकत्वम् । तदभावीय प्रतियोगितावच्छेदकतयोः स्व सामानाधिकरण्य साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धानवच्छिन्नत्वात् ।

यतो हि कालिकेन महानसानुयोगिक संयोगनिष्ठवच्छेदकतायाः समवायेन महानसानुयोगिकसंयोगनिष्ठवच्छेदकताया भेदात् । तथा च न तदभावमादाया व्याप्तिः ।

## શશીશીલા

(૫૮) આવતી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે **સાધ્યતાવચ્છેદકતા નિષ્ઠાવચ્છેદકતાકત્વ** આ પદ દ્વારા

સાધ્યતાવચ્છેદકતા વિશિષ્ટાવચ્છેદકતા નિરુપકત્વં આ પ્રમાણેની વિવક્ષા કરેલી છે.

અહીં સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ જે પ્રતિયોગિતાવચ્છેદકતા છે તેના માટે બે સંબંધ મૂકવામાં આવે છે.

**સંબંધ દ્વય :** (૧) સ્વ સામાનાધિકરણ્ય અને (૨) સ્વનિરુપિત સંસર્ગતાવચ્છેદકતાપર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્ન સંસર્ગતાકત્વ ઉભય સંબંધથી સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટય અવચ્છેદકતામાં જાણવું.

અહીં સ્વ સામાનાધિકરણ્ય છે. કેમકે સાધ્યતાવચ્છેદકતા પણ મહાનસાનુયોગિકત્વનિષ્ઠાવચ્છેદકતામાં છે અને અભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતા પણ મહાનસાનુયોગિકત્વમાં જ છે. આથી સામાનાધિકરણ્ય રુપ પ્રથમ દલ ઘટી જશે. દ્વિતીય દલ હવે ઘટે છે કે નહિ તે બતાવે છે.

સ્વ પદથી સાધ્યતાવચ્છેદકને લેવો સ્વ-મહાનસાનુયોગિકત્વ તન્નિરુપિત સંસર્ગતા-કાલિકનિષ્ઠા સંસર્ગતા, આ સંર્સગતાની અવચ્છેદકતા-કાલિકત્વ નિષ્ઠાવચ્છેદકતા, તાદૃશાવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ-કાલિકત્વ, તાદૃશ કાલિકત્વ ધર્માવચ્છિન્ન સંસર્ગતા-કાલિકનિષ્ઠા સંસર્ગતા, આ કાલિકનિષ્ઠ સંસર્ગતાથી નિરુપિત અભાવીય પ્રતિયોગિતા નહીં બની શકે. પરંતુ અનિરુપિત બનશે. કેમકે કાલિક સંબંધથી મહાનસાનુયોગિક સંયોગ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ન છે અને સમવાય સંબંધથી મહાનસાનુયોગિક સંયોગ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ન છે, એક સમવાય સંબંધથી નિરુપિત છે અને એક કાલિક સંબંધથી નિરુપિત છે. આથી સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટાવચ્છેદકતા નહીં બની શકે.

આમ સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ લક્ષણ ઘટક નહીં બની શકે. પરંતુ કાલિકેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ લક્ષણ ઘટક બનશે.

આમ સાધ્યાભાવાધિકરણ પર્વતાદિ ન બનતાં જલહ્રદાદિ બનશે, તન્નિરૂપિત વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

## गूढामृतलीला

(५९) भवता समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट कालिकेन-वह्नित्वविशिष्टाभावमादायाव्याप्तिवारणाय साध्यतावच्छेदकताविशिष्टावच्छेदकता निरूपकत्वं विवक्षितम् । तत्र वैशिष्ट्यं पूर्वोक्तोभयसम्बन्धेन प्रदर्शितम् । **तथापि कालिकेन महानसानुयोगिक संयोग विशिष्ट समवायेन वह्नित्वविशिष्टसाध्यकस्थले समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट समवायेन वह्नित्व विशिष्टाभावमादायाव्याप्तिस्तु** भवत्येव ।

तथाहि समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट समवायेन वह्नित्व विशिष्टाभावीयप्रतियोगिता निरूपित महानसानुयोगिक संयोग निष्ठवच्छेदकतायां स्व सामानाधिकरण्य, स्व निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्न संसर्गताकत्वोभयसम्बन्धेन समवायावच्छिन्नवह्नित्वनिष्ठवच्छेदकता वैशिष्ट्य सत्त्वात् । स्व - वह्नित्व निष्ठ साध्यतावच्छेदकता, तत्सामानाधिकरण्यं - वह्नित्व निष्ठप्रतियोगितावच्छेदकतायामस्ति । एवञ्च द्वितीय स्व पदेन वह्नित्वनिष्ठ साध्यतावच्छेदकता, तन्निरूपिता या संसर्गता - समवाय निष्ठ संसर्गता, तदवच्छेदकतायाः पर्याप्त्यधिकरणो धर्मः - समवायत्वम् तदवच्छिन्ना या संसर्गता-समवाय निष्ठ संसर्गता, तन्निरूपकत्वम् - वह्नित्व निष्ठ प्रतियोगितावच्छेदकता-यामस्त्येव ।

तथा च साध्यतावच्छेदकताविशिष्टावच्छेदकताक प्रतियोगिताकाभावः- समवायेन महानसानुयोगिकसंयोग विशिष्ट समवायेन वह्नित्वविशिष्टाभावः । तदभावाधिकरणीभूत पर्वतादि निरूपित वृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः ।

## શશીશીલા

(૫૯) પૂર્વોક્ત સ્થળે જે અવ્યાપ્તિ આવતી હતી તેને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટાવચ્છેદકતા નિરુપકત્વ અર્થની વિવક્ષા કરી હતી તેનાથી પૂર્વના સ્થળમાં તો અવ્યાપ્તિ દૂર થઈ. પરંતુ અન્ય સ્થળે આ વિવક્ષા કરવા છતાં પણ અવ્યાપ્તિ દૂર થતી નથી.

**સ્થળ :** કાલિકેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વવિશિષ્ટઃ- સાધ્ય, ધૂમ-હેતુ, અભાવ-સમવાય સંબંધથી મહાસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાય સંબંધથી વહ્નિત્વ વિશિષ્ટાભાવ પ્રસ્તુત સ્થળે અવ્યાપ્તિ તો આવવાની જ છે.

ધ્યાનમાં રાખવું કે સાધ્યતાવચ્છેદકતા મહાનસાનુયોગિક સંયોગ નિષ્ઠાવચ્છેદકતામાં છે અને વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા બંનેમાં છે. તે જ રીતે પ્રતિયોગિતાવચ્છેદકતા પણ બંનેમાં છે. સાધ્યવચ્છેદકતાથી વિશિષ્ટ અભાવીય પ્રતિયોગિતા મહાન-સાનુયોગિકસંયોગ નિષ્ઠાવચ્છેદકતામાં ભલે અસંભવ છે તોપણ વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતામાં તો બંને સંબંધ ઘટી જશે.

સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વવિશિષ્ટાભાવીયપ્રતિયોગિતાથી નિરુપિત મહાનસાનુયોગિક સંયોગ નિષ્ઠાવચ્છેદકતામાં સ્વ સામાનાધિકરણ્ય, સ્વ-નિરુપિત સંસર્ગતાવચ્છેદકતાપર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિ. સંસર્ગતાકત્વ-ઉભયસંબંધથી વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતામાં વૈશિષ્ટ્ય આવશે.

**સમન્વય:** સ્વ-વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતા, તેનું સામાનાધિકરણ્ય -વહ્નિત્વનિષ્ઠા પ્રતિયોગિતાવચ્છેદકતામાં છે આથી પ્રથમ સંબંધ ઘટી ગયો. દ્વિતીય સંબંધ :- અહીં સ્વ પદથી-વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા લેવી, તન્નિરુપિતા યા સંસર્ગતા-સમવાય નિષ્ઠા સંસર્ગતા, આ સંસર્ગતાની અવચ્છેદકતાનો પર્યાપ્તિ સંબંધથી અધિકરણ ધર્મ-સમવાયત્વ, તાદૃશ સમવાયત્વાવચ્છિન્ન જે સંસર્ગતા સમવાય નિષ્ઠ સંસર્ગતા, તન્નિરુપકત્વ વહ્નિત્વ નિષ્ઠા પ્રતિયોગિતા-વચ્છેદકતામાં પણ છે. કેમકે દ્વિતીય સંબંધમાં સંબંધની મુખ્યતા રહે છે અર્થાત્ દ્વિતીય દલ સંબંધમાં જાય છે.

પ્રસ્તુતમાં વહ્નિત્વનિષ્ઠા સાધ્યતાવચ્છેદકતા સમવાય સંબંધથી છે અને પ્રતિયોગિતાવચ્છેદકતા પણ સમવાય સંબંધથી છે. આમ બંને જગ્યાએ સમવાય સંબંધ આવવાથી દ્વિતીય સંબંધ દલ ઘટી જશે.

આમ સાધ્યતાવચ્છેદકતાવિશિષ્ટાવચ્છેદકતાક પ્રતિયોગિતા-કાભાવ-સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તેનું અધિકરણ-પર્વતાદિ બનશે, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે, વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ તો આવશે.

## गूढामृतलीला

(६०) इति तु नाशङ्कनीयम् । यतो हि प्रतियोगितायां साध्यतावच्छेदकता विशिष्टान्यावच्छेदकत्वानिरूपकत्वस्यैव निवेशनीयत्वात् । अत्रापि अवच्छेदकता वैशिष्टयं स्व सामानाधिकरण्य, स्व निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरण-धर्मावच्छिन्नसंसर्गताकत्वैतदुभयसम्बन्धेन बोध्यम् ।

तथा च समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट समवायेन वह्नित्व-

विशिष्टाभावीयप्रतियोगितावच्छेदकत्वयो र्मध्ये वह्नित्व निष्ठवच्छेदकतायां स्व सामानाधिकरण्य, स्व निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्न संसर्गताकत्वैतदुभय सम्बन्धेन साध्यतावच्छेदकतावैशिष्ट्यसत्त्वेऽपि महानसानुयोगिक संयोगनिष्ठवच्छेदकतायां स्व सामानाधिकरण्यादावभावात् । साध्यतावच्छेदकताविशिष्टान्यावच्छेदकता पदेन महानसानुयोगिक संयोगनिष्ठवच्छेदकता धर्तुं शक्यते । तादृशावच्छेदकताया निरूपिकैव समवायेन महानसानुयोगिक संयोग विशिष्ट समवायेन वह्नित्व विशिष्टाभावीय प्रतियोगिता वर्तते । न त्वनिरूपिका । अतः नायमभावो लक्षणघटकः । लक्षणघटकाभावश्च कालिकेन महानसानुयोगिक संयोग विशिष्ट समवायेन वह्नित्वविशिष्टाभाव एव । तदधिकरणम् जलह्रदादि, तन्निरूपितवृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૬૦) આ પ્રમાણે તમે શંકા ન કરતાં. પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકતાવિશિષ્ટાન્યાવચ્છેદકત્વાનિરુપકત્વનો નિવેશ કરવો આવશ્યક થઈ પડશે. અને આનો નિવેશ કરતાં જ પૂર્વોક્ત અવ્યાપ્તિ દૂર થઈ જશે અહીં પણ અવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય પૂર્વોક્ત સંબંધદ્વયથી જાણવું.

અહીં સમવાયેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વવિશિષ્ટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકતાની મધ્યમાં ભલે વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતામાં ઉભય સંબંધથી સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય છે તો પણ મહાનસાનુયોગિક સંયોગ નિષ્ઠાવચ્છેદકતામાં સ્વ સામાનાધિકરણ્ય આવશે પરંતુ દ્વિતીય સંબંધ નહીં આવે. આમ "એકસત્ત્વેઽપિ દ્વયં નાસ્તિ" આ નિયમથી સંબંધ દ્વયનો અભાવ મળશે.

આમ સાધ્યતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકતા પદથી અમે

મહાનસાનુયોગિક સંયોગનિષ્ઠાવચ્છેદકતા પણ ગ્રહણ કરી શકીશું. નિરુક્ત અવચ્છેદકતાની નિરુપિકા જ અભાવીય પ્રતિયોગિતા બનશે. અનિરુપિકા નહીં બને. જ્યારે અમારે તો વિશિષ્ટાન્યાવચ્છેદકતાની જે અનિરુપિકા હોય તે જ અભાવીય પ્રતિયોગિતા લક્ષણ ઘટક બની શકે. આથી અનિરુપિકા અભાવીય પ્રતિયોગિતા ન બનતાં પ્રસ્તુત અભાવ લક્ષણ ઘટક નહીં બને.

પરંતુ કાલિકેન મહાનસાનુયોગિક સંયોગ વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ અર્થાત્ સાધ્યાભાવ જ લક્ષણ ઘટક બનશે. તાદૃશ સાધ્યાભાવાધિકરણ-જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

**લક્ષણ સમન્વય :** સ્વ નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા-કાલિકત્વનિષ્ઠાવચ્છેદકતા, સ્વ પદથી સાધ્યતાવચ્છેદકતા ગ્રહણ કરવી. તાદૃશ અવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ ધર્મ-કાલિકત્વ, આ કાલિકત્વાવચ્છિન્ન સંસર્ગતા-કાલિકનિષ્ઠા સંસર્ગતા, તેનાથી અભાવીય પ્રતિયોગિતા નિરુપિત નથી.

સ્વ સામાનાધિકરણ્ય છે. પરંતુ સંબંધ દ્વય ન હોવાથી ઉભય સંબંધાભાવ મળી જશે. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને.

## गूढामृतलीला

(६१) तथा च लक्षणस्वरूपम् - **साध्यतावच्छेदकता विशिष्टान्यावच्छेदकत्वानिरूपितप्रतियोगिताकाभावाधिकरणनिरूपित वृत्तित्वाभावो व्याप्तिः ।** वैशिष्ट्यञ्च स्वसामानाधिरण्य, स्व निरूपित संसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरण-धर्मावच्छिन्नसंसर्गताकत्वैतदुभय सम्बन्धेन ।

एवं लक्षणे कृतेऽपि **कालिकेन गन्धविशिष्टत्त्वे सति समवायेन गुण विशिष्टस्य तादात्म्येन साध्यतायां जन्यद्रव्यत्वहेतावव्याप्तिः।**

तथाहि साध्यनिष्ठ प्रतियोगिताकाभावपदेन समवायेन गन्ध विशिष्टत्वे

सति कालिकेन गुण विशिष्टभेदोऽपि धर्तुं शक्यते । गन्ध विशिष्ट तद्भेदीय-प्रतियोगितावच्छेदकताया गुणनिष्ठ साध्यतावच्छेदकताविशिष्टत्वात् । एवञ्च गुणनिष्ठ तत्प्रतियोगितावच्छेदकताया अपि गन्धनिष्ठ साध्यतावच्छेदकता-विशिष्टत्वात् । यतो ह्युभयो र्गुणत्वात् स्व सामानाधिकरण्यमस्ति । अथ च स्व निरूपितसंसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्न संसर्गताकत्वमपि वर्तते । अतः साध्यतावच्छेदकताया वैशिष्ट्यमेव समवायेन गन्धनिष्ठ एवं कालिकेन गुणनिष्ठयाऽवच्छेदकता तस्यामस्ति । अतः भवति समवायेन गन्धविशिष्टत्वे सति कालिकेन गुणविशिष्टाभावो लक्षणघटकः । तदभावाधिकरणीभूतजलह्रदादि-निरूपितवृत्तितैव जन्यद्रव्यत्वे । वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૬૧) આમ લક્ષણનું સ્વરુપ આ પ્રમાણે થશે. સાધ્યતાવચ્છે-દકતાવિશિષ્ટાન્યાવચ્છેદકત્વાનિરુપિત પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિઃ વૈશિષ્ટ્યં સ્વ સામાનાધિકરણ્ય સ્વ નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા-પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્ન સંસર્ગતાકત્વૈતદુભયસમ્બન્ધેન.

આ પ્રમાણે લક્ષણ કરાયું હોવા છતાં પણ કાલિકેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ સમવાયેન ગુણ વિશિષ્ટને તાદાત્મ્યથી-સાધ્ય, જન્યદ્રવ્યત્વ-હેતુ આ સ્થળે અવ્યાપ્તિ આવશે. અહીં અભાવ-સમવાયેન ગન્ધ વિશિષ્ટત્વેસતિ કાલિકેન ગુણ વિશિષ્ટં ન ભેદ લેવાશે.

સદ્ધેતુ નિરુપણ :- હેતુ-જન્યદ્રવ્યત્વ છે તે નિત્ય દ્રવ્યોને છોડીને સર્વ જન્ય દ્રવ્યોમાં છે. જ્યારે સાધ્ય-સમવાયેન ગુણ વિશિષ્ટ સર્વ દ્રવ્ય થશે જ્યારે કાલિકેન ગન્ધ વિશિષ્ટ માત્ર જન્ય દ્રવ્ય થશે. હેતુ અને સાધ્યનું એકાધિકરણ બનતાં સદ્ધેતુ બનશે.

**લક્ષણ સમન્વય :-** સ્વ સામાનાધિકરણ્ય-ગન્ધ વિશિષ્ટ ભેદીય પ્રતિયોગિતાવચ્છેદકતા ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા થી વિશિષ્ટ છે. એ જ પ્રમાણે ગુણ નિષ્ઠ ભેદીય પ્રતિયોગિતાવચ્છેદકતા ગન્ધ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ છે કેમકે બંને ગુણ સ્વરુપ જ છે. આથી સ્વ સામાનાધિકરણ્ય ઘટી જશે.

સ્વ નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્ન સંસર્ગતાકત્વ પણ આ અભાવીય પ્રતિયોગિતામાં છે સ્વ-સાધ્યતાવચ્છેદકતા, સ્વનિરુપિત સંસર્ગતા-કાલિક, સમવાય નિષ્ઠા સંસર્ગતા, સંસર્ગતાવચ્છેદકતા-કાલિકત્વ, સમવાયત્વ નિષ્ઠા, તાદૃશઅવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ ધર્મ-કાલિકત્વ, સમવાયત્વ, તાદૃશધર્માવચ્છિન્ન સંસર્ગતા-કાલિક, સમવાય નિષ્ઠા સંસર્ગતા.

આથી સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય સમવાયેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ કાલિકેન ગુણ નિષ્ઠાવચ્છેદકતામાં છે.

આમ સાધ્યાભાવ થી સમવાયેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ કાલિકેન ગુણ વિશિષ્ટં ન ભેદ લઈ શકાશે. આમ સાધ્યાભાવાધિ-કરણ-જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતા જ જન્યદ્રવ્યત્વમાં છે. વૃત્તિત્વા-ભાવ હેતુમાં ન જતાં અવ્યાપ્તિ.

## गूढामृतलीला

(६२) अतस्तद् दूषणदूषणाय वैशिष्ट्य नियामक सम्बन्धमध्ये (स्व सामानाधिकरण्य, स्व निरूपितसंसर्गतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्न संसर्गताकत्व मध्ये) व्यापकत्वमपि निवेश्यते ।

कृते च निवेशे **कालिकेन गन्धविशिष्टत्वे सति समवायेन गुणविशिष्टस्य तादात्म्येन साध्यता स्थले** यो हि समवायेन गन्ध विशिष्टत्वे सति कालिकेन गुण विशिष्टाभावो गृहीतः । तदभावीयप्रतियोगितानिरूपिता गन्धनिष्ठप्रतियोगिता-

वच्छेदकताया गुणनिष्ठसाध्यतावच्छेदकताव्यापकत्वाभावेन साध्यतावच्छेदकता विशिष्टान्यतया तादृशोभेदः साध्यतावच्छेदकता विशिष्टान्यावच्छेदकताया निरूपक एव न त्वनिरूपकः । अतः न तमादायाव्याप्तिः ।

**साध्यतावच्छेदकता व्यापकत्वञ्च साध्यतावच्छेदकतावन्निष्ठात्यन्ताभावाप्रतियोगित्वम्** । प्रकृते साध्यतावच्छेदकता कालिकेन गन्ध निष्ठा अथ च समवायेन गुण निष्ठा । अवच्छेदकतावान् गन्धो गुणश्च तन्निष्ठे योऽभावः समवायेन गन्धनिष्ठ कालिकेन गुणनिष्ठावच्छेदकता नास्तीत्याकारकाभावः । तत्प्रतियोगित्वमेव समवायेन गन्धनिष्ठ कालिकेन गुणनिष्ठावच्छेदकतायां वर्तते । अप्रतियोगित्वन्नास्ति । अतः साध्यतावच्छेदकताव्यापकत्वाभावान्नायमभावो लक्षणघटकः । अतो नाव्याप्तिः ।

## શશીશીલા

(૬૨) આ અવ્યાપ્તિ દૂર કરવા માટે અમે વૈશિષ્ટ્ય નિયામક જે સંબંધ છે તેમાં ફેરફાર કરશું. સ્વ સામાનાધિકરણ્યને બદલે સ્વ વ્યાપકત્વનો નિવેશ કરશું.

સ્વ વ્યાપકત્વનો સંબંધમાં પ્રવેશ થતાં પૂર્વોક્ત સ્થળે જે અભાવ તમે ગ્રહણ કરતાં હતાં તે હવે ગ્રહણ નહી કરી શકો. કેમકે પૂર્વમાં તમે ગન્ધ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતાને ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ બનાવતાં હતાં. પરંતુ તે હવે ગ્રહણ નહીં થઈ શકે. ગન્ધ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા તો કેવલ પૃથ્વીમાં જ રહે છે જ્યારે ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા તો સર્વ જન્ય દ્રવ્યોમાં છે અર્થાત્ પૃથ્વી કરતાં અધિક દેશમાં વૃત્તિ થશે. અભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતા એ વ્યાપક બને તો જ લક્ષણ ઘટક બની શકે. જ્યારે અહીં અભાવીય પ્રતિયોગિતાથી નિરુપિત એવી ગન્ધ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા એ ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા ને વ્યાપક

ન બનતી હોવાથી સાધ્યતાવચ્છેદકતાથી અભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતા એ વિશિષ્ટ નથી બનતી. પરંતુ વિશિષ્ટાન્ય બનશે.

આમ સાધ્યતાવચ્છેદકતાવિશિષ્ટાન્ય પ્રતિયોગિતાવચ્છેદકતા હોવાથી પ્રસ્તુત ભેદ એ સાધ્યતાવચ્છેદકતાવિશિષ્ટાન્ય અવચ્છેદકતાનો નિરુપક જ બનશે અનિરુપક નહીં બને. આથી નિરુક્ત ભેદ એ લક્ષણ ઘટક બની શકે નહીં આથી તે અભાવને લઈને જે અવ્યાપ્તિ આપતાં હતાં તે પણ હવે નહીં આપી શકાય.

**શંકા** :- સાધ્યતાવચ્છેદકતા વ્યાપકત્વનો અર્થ શું છે ?

**સમા** :- સાધ્યતાવચ્છેદકતાવન્નિષ્ઠાત્યન્તાભાવાપ્રતિયોગિત્વમ્.

પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકતા-કાલિક સંબંધથી ગન્ધ નિષ્ઠા અને સમવાય સંબંધથી ગુણ નિષ્ઠા છે. આ જે અવચ્છેદકતા છે તેનું અધિકરણ અર્થાત્ અવચ્છેદકતાવત્-ગન્ધ અને ગુણ થશે. તન્નિષ્ઠ જે અભાવ-સમવાયેન ગન્ધ નિષ્ઠ અને કાલિકેન ગુણ નિષ્ઠાવચ્છેદકતા નાસ્તિ એ પ્રમાણે નો અભાવ મળશે. અને આ અભાવનો પ્રતિયોગિ જ સમવાયેન ગન્ધનિષ્ઠ, કાલિકેન ગુણનિષ્ઠાવચ્છેદકતા બનશે અપ્રતિયોગિ નહીં થાય. આથી સાધ્યતાવચ્છેદકતા ને વ્યાપક ન હોવાથી પ્રસ્તુત અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે. પરંતુ કાલિકેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ સમવાયેન ગુણ વિશિષ્ટાભાવ લક્ષણ ઘટક બનશે.

**શંકા :** સારું, પૂર્વમાં અમે જે અભાવ લીધો હતો તે વ્યાપક નહોતો બની શકતો આથી એ અભાવ લક્ષણ ઘટક ન બની શકે પરંતુ તમે જે કાલિકેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ સમવાયેન ગુણ વિશિષ્ટાભાવ (અર્થાત્ શુદ્ધ સાધ્યાભાવ) લીધો છે તે સાધ્યતાવચ્છેદકતાને કેવી રીતે વ્યાપક બની શકશે.

**સભા. :** તમે સમજયાં નહી, સ્વ સ્વનો વ્યાપ્ય અને વ્યાપક બંને ગણાય છે આ નિયમથી પ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાને વ્યાપક બની જશે. આમ સાધ્યાભાવ એ લક્ષણ ઘટક બનશે.

## गूढामृतलीला

(६३) अस्तु तावत् व्यापकत्व निवेशे पूर्वोक्ताव्याप्ति वारणम् । तथापि **विषयितया स्वरूपतः ज्ञानत्व विशिष्ट समवायेन ज्ञानत्वत्वावच्छिन्न विशिष्टस्य तादात्म्येन साध्यतायां ज्ञानत्व हेतावव्याप्तिस्तु** दुर्धरैव ।

तथाहि तत्र साध्याभावपदेन विषयितया ज्ञानत्वत्वावच्छिन्न विशिष्ट समवायेन स्वरूपतः ज्ञानत्ववन्नेत्याकारको भेदोऽपि धर्तुं शक्यते । तद्भेदीय-प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकता विशिष्टैव वर्तते । यतो हि तद्भेदीय प्रतियोगितावच्छेदकतयो र्ज्ञानत्वमात्रनिष्ठयोः स्वसामानाधिकरण्यं एवञ्च साध्यता-वच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वात् स्वनिरूपित संसर्गतावच्छेदकता-पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गतानिरूपकत्व, स्वव्यापकत्वमपि वर्तते । अतो भवत्यभावोऽयं लक्षणघटकः । तदभावाधिकरणम् - विषयितया स्वरूपतः ज्ञानत्व-विशिष्ट समवायेन ज्ञानत्वत्वावच्छिन्न ज्ञानम् । तन्निरूपितवृत्तितैव ज्ञानत्वे । वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૬૩) માની લીધું કે તમે "વ્યાપકત્વ"નો પ્રવેશ કરીને પૂર્વોક્ત અવ્યાપ્તિ દૂર કરી. તો પણ અન્ય સ્થળે અવ્યાપ્તિ તો આવી જ રહી છે.

સ્થળ : વિષયિતા સંબંધથી સ્વરુપતઃ જ્ઞાનત્વ વિશિષ્ટ, સમવાય સંબંધથી જ્ઞાનત્વત્વાવચ્છિ. વિશિષ્ટને તાદાત્મ્ય સંબંધથી-સાધ્ય, જ્ઞાનત્વ-હેતુ, અભાવ-વિષયિતા સંબંધથી જ્ઞાનત્વત્વાવચ્છિ. વિશિષ્ટ સમવાય સંબંધથી, સ્વરુપતઃ જ્ઞાનત્વવન્ન આ પ્રમાણેનો

ભેદ ગ્રહણ કરશું.

પ્રસ્તુતમાં અભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદક થી વિશિષ્ટ જ બનશે. વિશિષ્ટાન્ય નહીં બને.

- કેમકે ભેદીય પ્રતિયોગિતાવચ્છેદકતા જ્ઞાનત્વ નિષ્ઠ છે. આથી સ્વ સામાનાધિકરણ્ય જતું રહેશે.
- બંને વિષયિત્વ અને સમવાય સંબંધાવચ્છિન્ન છે આથી સ્વ નિરુપિત સંસર્ગતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્માવચ્છિન્ન સંસર્ગતા નિરુપકત્વ દલ પણ ઘટી જશે.
- બંને સમનિયત હોવાથી સ્વવ્યાપકત્વ દલ ઘટી જશે.

આથી આ ભેદ લક્ષણ ઘટક બની જશે. તે અભાવનું અધિકરણ-વિષયિતા સંબંધથી સ્વરુપતઃ જ્ઞાનત્વ વિશિષ્ટ સમવાય સંબંધથી જ્ઞાનત્વત્વાવચ્છિન્ન વિષયક જ્ઞાન બનશે. તન્નિરૂપિત વૃત્તિતા જ જ્ઞાનત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(६४) अतस्तदव्याप्तिवारणार्थं साध्यतावच्छेदकता विशिष्टान्यावच्छेदकत्वानिरुपकत्वमित्यत्र साध्यतावच्छेदकता वैशिष्ट्यमवच्छेदकतायां न स्व सामानाधिकरण्य, स्व निरूपित संसर्गतावच्छेदकतापर्याप्त्यधिकरणधर्मावच्छिन्नसंसर्गताकत्वैतदुभय सम्बन्धेन विवक्षितम्। अपि तु स्वसजातीयत्व, स्वव्यापकत्व, स्वनिरूपितसंसर्गताविशिष्टसंसर्गता-निरुपकत्वमेतत्त्रितय सम्बन्धेन बोध्यम् ।

स्व साजात्यञ्च सावच्छिन्नत्व, निरवच्छिन्नत्वैतदन्यतररूपेण । कृते चैतादृशे परिष्कारे विषयितया स्वरूपतः ज्ञानत्व विशिष्ट समवायेन ज्ञानत्वत्वावच्छिन्नविशिष्टवज्ज्ञानत्वादित्यत्र नाव्याप्तिः ।

तथाहि विषयितया ज्ञानत्वत्वावच्छिन्न विशिष्ट समवायेन स्वरूपतः

ज्ञानत्ववद्भेदीयप्रतियोगितानिरूपितज्ञानत्वत्वावच्छिन्न ज्ञानत्वनिष्ठ विषयित्व-सम्बन्धावच्छिन्नावच्छेदकतायां स्वरूपतः ज्ञानत्व निष्ठ विषयित्वसम्बन्धावच्छिन्न निरवच्छिन्नसाध्यतावच्छेदकतायाः स्व व्यापकत्वमेवं स्व निरूपित संसर्गता विशिष्ट संसर्गता निरुपकत्वैतत् द्वितीयतृतीयसम्बन्धयोः सत्त्वेऽपि विषयित्व सम्बन्धावच्छिन्न ज्ञानत्वत्वावच्छिन्न ज्ञानत्व निष्ठ प्रतियोगितावच्छेदकतायाः सावच्छिन्नत्वेन । अथ च विषयित्वसम्बन्धावच्छिन्न स्वरूपतः ज्ञानत्व निष्ठ साध्यतावच्छेदकताया निरवच्छिन्नत्वेन स्व सजातीयत्व स्वरूप प्रथमसम्बन्धाभावेन नायमभावो लक्षणघटकः । लक्षणघटकाभावश्च विषयितया स्वरूपतः ज्ञानत्वविशिष्ट समवायेन ज्ञानत्वत्वावच्छिन्न विशिष्टो न । तद्भेदाधिकरणीभूतघट-पटादिनिरूपित-वृत्तित्वाभावस्य ज्ञानत्वे सत्त्वान्नाव्याप्तिः ।

## शशीशीલા

(६४) આથી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે “સાધ્યતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકત્વાનિરુપકત્વમ્” અહીં અવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય સ્વ સામાનાધિકરણ્ય, સ્વ નિરુપિત સંસર્ગતાવચ્છેદકતાપર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્નસંસર્ગતાકત્વ આ ઉભય સંબંધથી વિવક્ષા નહી કરીને સ્વ સજાતીયત્વ, સ્વ વ્યાપકત્વ, સ્વ નિરુપિત સંસર્ગતા વિશિષ્ટ સંસર્ગતા નિરુપકત્વ આ ત્રણ સંબંધથી જાણવું.

સાજાત્ય સાવચ્છિન્નત્વ, નિરવચ્છિન્નત્વ આ અન્યતરરુપથી જાણવું આવું કથન કરવાથી તમે વિષયિતા સંબંધથી સ્વરૂપતઃ જ્ઞાનત્વ વિશિષ્ટ, સમવાયેન જ્ઞાનત્વત્વાવચ્છિન્નવિશિષ્ટવદ્ જ્ઞાનત્વ આમાં અવ્યાપ્તિ નહીં આવે.

કેમકે વિષયિતા સંબંધથી જ્ઞાનત્વત્વાવચ્છિન્ન વિશિષ્ટ સમવાય સંબંધથી સ્વરુપતઃ જ્ઞાનત્વવદ્ ભેદીય પ્રતિયોગિતા થી નિરુપિત જે જ્ઞાનત્વત્વાવચ્છિન્ન જ્ઞાનત્વ નિષ્ઠ વિષયતા

સંબંધાવચ્છિન્નસાધ્યતાવચ્છેદકતા છે, તેમાં સ્વરુપતઃ જ્ઞાનત્વ નિષ્ઠ વિષયિત્વ સંબંધાવચ્છિન્ન નિરવચ્છિન્ન સાધ્યતાવચ્છેદકતાનું વ્યાપકત્વ, અને સ્વ નિરુપિત સંસર્ગતા વિશિષ્ટ સંસર્ગતા નિરુપકત્વ આ બંને સંબંધો રહેવા છતાં પણ સ્વ સજાતીયત્વ સંબંધ નહી જાય.

કેમકે વિષયિત્વ સંબંધાવચ્છિન્ન જ્ઞાનત્વત્વાવચ્છિ. જ્ઞાનત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા સાવચ્છિન્ન હોવાથી અને વિષયિતા સંબંધથી સ્વરુપતઃ જ્ઞાનત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા નિરવચ્છિન્ન હોવાથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે.

લક્ષણ ઘટક અભાવ સાધ્યાભાવ જ બની શકશે. આ ભેદનું અધિકરણ - ઘટ, પટાદિ બનશે. તન્નિરુપિત વૃત્તિતા ઘટત્વ, પટત્વાદિમાં, વૃત્તિત્વાભાવ જ્ઞાનત્વમાં જતાં કોઈ દોષ નહીં આવે.

## गूढामृतलीला

(६५) भवता साध्य निष्ठ प्रतियोगितायां साध्यतावच्छेदकावच्छिन्नत्वं निवेशितम् । तेन तत्तद्वह्नित्वावच्छिन्नाभावमादाय नाव्याप्तिरित्युक्तम् । अत्र किञ्चिद् विचार्यते ।

**"सम्भवति च लघुधर्मे गुरौ तदभावात्"** इति नियमाङ्गीकारेऽति प्रसङ्गाद्यनापादक लघुधर्मसमानाधिकरण गुरोरनवच्छेदकत्वस्य दीधितिकारैरभिधानात् । एवं स्वीकारे **प्रमेयवह्निमान् धूमादित्यादावव्याप्तिः** ।

यतो हि साध्यः प्रमेयवह्निः, साध्याभावः प्रमेयवह्नित्वावच्छिन्न प्रतियोगिताकाभावः । स चाप्रसिद्धः पूर्वोक्तनियमात् । अतः साध्याभावस्य लक्षणघटकाभावपदेनागृहीततयाव्याप्तिः ।

## શશીશીલા

(૬૫) તમે સાધ્યનિષ્ઠપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકા-

વચ્છિન્નત્વ દલનો પ્રવેશ કર્યો છે. જેનું કારણ તમે પૂર્વમાં બતાવ્યું છે કે તદ્ તદ્ વહ્નિઃ નાસ્તિ આ અભાવ લઈને દોષ ન આપી શકાય માટે જ નિરુક્ત દલનો પ્રવેશ કરેલ છે. અહીં કાંઈક તેના માટે વિચારણા કરાય છે.

આ દલનો નિવેશ કરવા છતાં પણ અવ્યાપ્તિ દોષ તો આવે જ છે.

**સ્થળ** : પ્રમેયવહ્નિમાન ધૂમાત્

એક નિયમ છે કે "सम्भवति लघुधर्मे गुरौ तदभावात्" આ નિયમનો સ્વીકાર કરતાં દીધિતિકારે કહ્યું છે કે અતિવ્યાપ્તિ ઈત્યાદિ દોષ જો ન લાગતો હોય તો લઘુધર્મનો સમાનાધિકરણ એવો ગુરુધર્મ અવચ્છેદક બની શકતો નથી. હવે અવ્યાપ્તિ દોષ બતાવતાં કહે છે.

પ્રસ્તુતમાં સાધ્ય-પ્રમેયવહ્નિ, સાધ્યાભાવ-પ્રમેયવહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકપ્રમેયવહ્ન્યભાવ, આ પ્રમેયવહ્ન્યભાવ તો અપ્રસિદ્ધ છે, નિરુક્ત નિયમને આધારે. અહીં વહ્નિત્વ એ લઘુધર્મ છે જ્યારે ગુરુધર્મ પ્રમેયત્વ થી વિશિષ્ટ વહ્નિત્વ છે. નિયમાનુસાર ગુરુધર્મીય પ્રતિયોગિતા અપ્રસિદ્ધ બનતાં સાધ્યાભાવ લક્ષણ ઘટક નહીં બની શકે. આથી અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(६६) प्रमेयवह्निमान् धूमादित्यत्र साध्यतावच्छेदकीभूत प्रमेय वह्नित्वावच्छिन्नप्रतियोगिताया अप्रसिद्धावपि तद् घटक वह्नित्वावच्छिन्न प्रतियोगितायाः प्रसिद्धतया तामदायैव लक्षणसमन्वय सम्भवः ।

तथा हि साध्यः प्रमेयवह्निः साध्याभावो वह्नित्वावच्छिन्न प्रतियोगिताक-वह्न्यभावः । तदधिकरणम्-जलह्रदादिकम्, तन्निरूपित वृत्तिता मीनादौ वृत्तित्वा-भावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૬૬) તમારી વાત ઠીક છે, પણ અમે જે રીતે કહીએ છીએ તે રીતે અમને કોઈ જ દોષ નથી આવતો.

પ્રસ્તુત સ્થળ પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં અમે એમ કહીએ છીએ કે સાધ્યતાવચ્છેદકીભૂત પ્રમેયવહ્નિત્વાવચ્છિન પ્રતિયોગિતા ભલે અપ્રસિદ્ધ છે તો પણ તેના ઘટકભૂત જે વહ્નિત્વ છે તાદૃશ વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા તો પ્રસિદ્ધ જ છે. આથી વહ્નિત્વાવચ્છિન્ન વહ્ન્યભાવીય પ્રતિયોગિતાને ગ્રહણ કરીને લક્ષણ સમન્વય થઈ જશે.

આમ સાધ્ય-પ્રમેયવહ્નિ, સાધ્યાભાવ-વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકવહ્ન્યભાવ, સાધ્યાભાવાધિકરણ-જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

## गूढामृतलीला

(६७) एवं पूर्वोक्तक्रममाश्रित्य **महानसीय वह्निमान् धूमादित्यत्राति व्याप्तिः** । प्रस्तुतस्थलंत्वसद्धेतोरेव । यतो हि धूमस्य पर्वतादावपि सत्त्वेन महानसीय वह्नेः संयोग सम्बन्धेन महानसे एव विद्यमानत्वेन नाऽयं सद्धेतुः । "व्याप्ति पक्षधर्मताविरहितत्वरूपासद्धेतुलक्षणस्य तत्राक्षतत्वात्" । तथा हि साध्यो महानसीय वह्निः, साध्याभावः वह्नित्वावच्छिन्न प्रतियोगिताकाभावः । तदधिकरणं जलह्रदादिकम्, तन्निरूपित वृत्तिता मीनादौ, वृत्तित्वाभावस्य धूमे सत्त्वादति-व्याप्तिः ।

## શશીશીલા

(૬૭) અહા, હા ! શું તમે નવી જ પદ્ધતિ બતાવી છે. જો આ રીતે પ્રમેયવહ્નિમાન્ માં દોષ દૂર કરવા માટે પ્રયત્ન કરશો તો

તો પછી મહાનસીયવહ્નિમાન્ ધૂમાત્ માં અતિવ્યાપ્તિ આવી જશે.

પ્રસ્તુત સ્થળ એ અસદ્ધેતુવાળુ છે. કેમકે ધૂમરુપ હેતુ તો પર્વતાદિમાં પણ છે જયારે મહાનસીય વહ્નિ સંયોગ સંબંધથી મહાનસમાં જ વિદ્યમાન છે પર્વતાદિમાં મહાનસીય વહ્ન્યભાવ મળશે આથી આ અસદ્ધેતુ છે. અને અસદ્ધેતુનું જે લક્ષણ છે તે અહીં અખંડિત જ છે.

લક્ષણ : "વ્યાપ્તિપક્ષધર્મતાવિરહિત્વમ્" વ્યાપ્તિ અને પક્ષ ધર્મતાથી રહિત જે છે હેતુ છે તે અસદ્ધેતુ જાણવો.

**શંકા** : અતિવ્યાપ્તિ કેવી રીતે આવે છે ?

**સમા.** : તમે તો સાધ્યતાવચ્છેદક ઘટકીભૂત અભાવ ગ્રહણ કરો છો. તાદૃશ અભાવ લઈને તમે પૂર્વમાં દોષ દૂર કર્યો હતો. તે જ પદ્ધતિથી અમે મહાનસીયવહ્નિમાન્ રુપ સાધ્યમાં મહાનસીય વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકમહાનસીયવહ્ન્યભાવ ન લેતાં તેના ઘટકભૂત કેવલ વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકવહ્ન્યભાવ લઈશું.

આમ સાધ્ય-મહાનસીયવહ્નિ, સાધ્યાભાવ-વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકવહ્ન્યભાવ, તેનું અધિકરણ-જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં અતિવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(६८) अतस्तद् वारणाय साध्यतावच्छेदकता पर्याप्त्यधिकरण धर्मावच्छिन्न प्रतियोगितायां विवक्षणीयतया भवति पूर्वोक्तातिव्याप्ति वारणम् ।

पर्याप्तिनिवेशे लक्षणस्वरूपन्तावत् - **साध्यतावच्छेदकतात्वावच्छिन्न-प्रतियोगिताकपर्याप्त्यनुयोगितावच्छेदकरूपवृत्ति प्रतियोगिताकाभावाधिकरण निरूपितवृत्तित्वाभावो व्याप्तिः ।**

तथा च प्रकृते साध्यतावच्छेदकता महानसीयत्व वह्नित्व निष्ठा, पर्याप्ति-

सम्बन्धेनावच्छेदकता महानसीयत्वे वह्नित्वे च तिष्ठति । अतोऽनुयोगिता महानसीयत्व वह्नित्व निष्ठ । अनुयोगितावच्छेदकरूपम्-महानसीयत्ववह्नित्वगतं द्वित्वम् । तादृश रूपावच्छिन्ना या साध्यतावच्छेदकता पर्याप्त्यधिकरणो धर्मः - महानसीयत्व वह्नित्वरूपो धर्मः । तद्धर्मावच्छिन्न प्रतियोगिताकाभावः - न हि केवलं वह्नित्वावच्छिन्नप्रतियोगिताकाभावः, अपि तु महानसीयवह्नित्वावच्छिन्न प्रतियोगिताकाभाव एव । तदधिकरणम्-पर्वतादिकम्, तन्निरूपित वृत्तितैव धूमे, वृत्तित्वाभावस्याभावान्नातिव्याप्तिः ।

## શશીશીલા

(૬૮) આ અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં અમે થોડો ફેરફાર કરશું. પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્નત્વ નો પ્રવેશ કરશું. જેથી પૂર્વોક્ત અતિવ્યાપ્તિ દૂર થઈ જશે.

**લક્ષણ સ્વરુપ :** સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક રૂપવૃત્તિ પ્રતિયોગિતાકાભાવાધિકરણનિરૂપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિ :.

લક્ષણ આ પ્રમાણે કરવાથી હવે તમે કેવલ વહ્ન્યભાવ નહીં લઈ શકો કેમકે પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકતા-મહાનસીયત્વ, વહ્નિત્વ નિષ્ઠા; તાદૅશ સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્નાવચ્છેદકતા-મહાનસીયત્વ, વહ્નિત્વમાં; આ અવચ્છેદકતા પર્યાપ્તિ સંબંધથી-મહાનસીયત્વ વહ્નિત્વમાં રહેશે. પર્યાપ્તિ સંબંધનો અનુયોગિ-મહાનસીયત્વ વહ્નિત્વ બનશે. અનુયોગિતાવચ્છેદકરુપ-મહાનસીયત્વ વહ્નિત્વગદ્વિત્વ બનશે. તાદૅશ રુપાવચ્છિન્ન જે સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ ધર્મ મહાનસીયત્વ વહ્નિત્વ રુપ ધર્મ જ થશે. તાદૅશધર્માવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ-મહાનસીયવહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક મહાનસીયવહ્ન્યભાવ જ

થશે. કેવલ વહ્ન્યભાવ નહીં બની શકે.

આમ સાધ્યાભાવ-મહાનસીયવહ્ન્યભાવ તેનું અધિકરણ-પર્વતાદિ તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અતિવ્યાપ્તિ નહીં આવે.

## गूढामृतलीला

(६९) भवता साध्यतावच्छेदकता पर्याप्त्यधिकरणधर्मावच्छिन्नत्वं निवेश्य महानसीयवह्निमान् धूमादित्यादौ यथातिव्याप्तिर्वारिता तथैव पूर्वोक्त **प्रमेयवह्निमान् धूमादित्यादावव्याप्तिः** दुरुद्धरैव ।

तथाहि प्रकृते साध्यतावच्छेदकता-प्रमेयवह्नित्वनिष्ठ, साध्यतावच्छेदकताया पर्याप्तिसम्बन्धेनाधिकरणम् - प्रमेयत्वं वह्नित्वञ्च, तद्धर्मावच्छिन्नप्रतियोगिताकाभावः - नहि केवलं वह्नित्वावच्छिन्न प्रतियोगिताकाभावः । अपि तु प्रमेयवह्नित्वावच्छिन्न-प्रतियोगिताकाभाव एव । तादृशाभावीयप्रतियोगितायां लघुधर्मसमनियतगुरुभूत प्रमेयवह्नित्वावच्छिन्नप्रतियोगिताऽप्रसिद्धयाव्याप्तिः ।

## શશીશીલા

(૬૯) "ઈતો વ્યાઘ્રઃ ઈતસ્તટી" આ ન્યાય અહીં બરોબર લાગે છે. તમે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણધર્માવચ્છિન્નત્વનો પ્રવેશ કરીને જે રીતે મહાનસીય વહ્નિમાન્ ધૂમાત્ માં અતિવ્યાપ્તિ દૂર કરી તે જ રીતથી પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં અવ્યાપ્તિ આવી જશે.

જો પર્યાપ્તિ ઘટિત લક્ષણ કરશો તો અવ્યાપ્તિ આવશે. અને જો પર્યાપ્તિ ઘટિત લક્ષણ નહીં બનાવો તો મહાનસીયવહ્નિમાન્ ધૂમાત્માં અતિવ્યાપ્તિ આવશે. આથી બંને બાજુથી તમે ફસાયેલાં છો.

પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્માં અવ્યાપ્તિ કેવી રીતે આવે છે તે બતાવે છે પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકતા-પ્રમેયવહ્નિત્વમાં, સાધ્યતાવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ-પ્રમેયત્વ, વહ્નિત્વ, તાદૃશધર્માવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ-શુદ્ધ વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકવહ્ન્યભાવ ન બનતાં પ્રમેયવહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પ્રમેયવહ્ન્યભાવ જ થશે. અને આ પ્રમેયવહ્ન્ય-ભાવીય પ્રતિયોગિતા તો અપ્રસિદ્ધ જ છે જે અમે પૂર્વમાં જણાવી જ દીધું છે. આમ અપ્રસિદ્ધિ થવાથી અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(७०) भवता महानसीयवह्निमान् धूमादित्यत्रातिव्याप्तिवारणाय पर्याप्ति र्निवेश्यते । तेन च प्रमेयवह्निमान् धूमादित्यत्राव्याप्तिः प्रसाधिता । तन्न प्रतिभाति सम्यक् ।

यतो हि पर्वतो धूमवान् वह्नेरित्यत्र धूमाभावाधिकरण जलह्रदादि निरूपित वृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वेनातिव्याप्तिः । अतस्तद् वारणाय साध्याभावा-धिकरणनिरूपितवृत्तित्वाभाव इत्यत्र साध्यतावच्छेदकावच्छिन्न प्रतियोगिताका-भाववद् वृत्तित्वत्वावच्छिन्नप्रतियोगिताकाभावस्यैव विवक्षितत्वात् । (अर्थात् वृत्तित्वसामान्याभावं निवेश्यते)

कृते चैतादृशे निवेशे धूमत्वावच्छिन्नप्रतियोगिताकाभाववद् वृत्तित्व-सामान्यान्तर्गतायोगोलकनिरूपितवृत्तितापि जाता । वृत्तित्वाभावस्य वह्नाव-भावान्नातिव्याप्तिः । तथैव महानसीय वह्निमान् धूमादित्यत्रापि महानसीय-वह्नित्वावच्छिन्नप्रतियोगिताकाभाववत् वृत्तित्व सामान्यान्तर्गत पर्वतनिरूपित-वृत्तिताप्यस्ति, वृत्तित्वाभावस्याभावान्नातिव्याप्तिः । तद् वारणाय न्यूनवारक पर्याप्तेरनावश्यकत्वेन प्रमेयवह्निमान् धूमादित्यत्र वह्नित्वावच्छिन्न प्रतियोगिता-काभावाधिकरण जलह्रदनिरूपितवृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वान्नाव्याप्तिः ।

(૭૦) તમે ચિંતા ન કરો. કેમકે અમે પર્યાપ્તિ ઘટિત લક્ષણ જ નહીં બનાવીએ.

શંકા : તો તો પછી મહાનસીયવહ્નિમાન્ ધૂમાત્ માં અતિવ્યાપ્તિ ઉભી રહેશે.

સમા. : તે અતિવ્યાપ્તિનું વારણ તો અમે બીજી રીતે કરશું.

તમે મહાનસીયવહ્નિમાન્ ધૂમાત્ માં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે પર્યાપ્તિનો પ્રવેશ કરો છો પણ તે યુક્ત નથી.

પર્વતો ધૂમવાન્ વહ્નેઃ આ અસદ્ધેતુ સ્થળમાં અતિવ્યાપ્તિ આવે છે. કેમકે સાધ્ય-ધૂમ, સાધ્યાભાવ-ધૂમાભાવ, તદધિકરણ-જલહ્રદ તન્નિરુપિત વૃત્તિત્વાભાવ-વહ્નિમાં જતાં અતિવ્યાપ્તિ આવશે. તમે અહીં વૃત્તિત્વ સામાન્યાભાવનું કથન તો કર્યુ નથી તેથી જેમ અયોગોલક તમે લો તેમ અમે જલહ્રદ લઈને તમને દોષ તો આપી જ શકીએ છીએ. "વાદિ ભદ્રં ન પશ્યતિ"

આમ આ અતિવ્યાપ્તિનું વારણ કરવા માટે તમારે સાધ્યા-ભાવાધિકરણનિરુપિતવૃત્તિત્વાભાવ નો અર્થ સાધ્યતાવચ્છેદકા-વચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરૂપિત વૃત્તિત્વત્વાવચ્છિ. પ્રતિયોગિતાકાભાવ કરવો પડશે જેથી ધૂમાભાવાધિકરણ જલહ્રદ ન લઈ શકાય કેમકે ધૂમત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવાધિકરણમાં વૃત્તિત્વ સામાન્ય ની અંદર તો જેમ જલહ્રદ નિરુપિત વૃત્તિતા છે. તેમ અયોગોલક નિરુપિત વૃત્તિતા પણ છે આથી વૃત્તિત્વાભાવ વહ્નિરુપ હેતુમાં ન જતાં અતિવ્યાપ્તિ નહીં આવે જે રીતે અહીં અતિવ્યાપ્તિ દૂર કરવા માટે તમે આ પરિષ્કાર કર્યો છે તે પરિષ્કાર દ્વારા

જ મહાનસીયવહ્નિમાન્ ધૂમાત્ માં પણ અતિવ્યાપ્તિ દૂર થઈ જશે.

મહાનસીયવહ્નિમાન્ ધૂમાત્ આ સ્થળમાં પણ મહાનસીય-વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવવદ્ વૃત્તિત્વ સામાન્યની અંદર પર્વત નિરુપિત વૃત્તિતા પણ છે. આ સાધ્યાભાવાધિકરણ પર્વતની અંદર ધૂમ હેતુની વૃત્તિ જ છે. વૃત્તિત્વાભાવ ન જતાં અતિવ્યાપ્તિ નહીં આવે આ અતિવ્યાપ્તિને દૂર કરવા તમે પૂર્વમાં જે ન્યૂનવારક પર્યાપ્તિનો પ્રવેશ કરવાનું કહેતાં હતાં તે હવે નિરર્થક જશે કેમકે અતિવ્યાપ્તિ તો નિરુક્ત પરિષ્કાર દ્વારા જ દૂર થઈ જાય છે.

આમ પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવ-વહ્‌ન્યભાવ, તાદૃશ વહ્‌ન્યભાવાધિકરણ-જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં અવ્યાપ્તિ નહીં આવે.

## गूढामृतलीला

(७१) भवता वृत्तित्वसामान्यभावं निवेश्य पूर्वोक्तातिव्याप्तिवारणं कृतम् । एवञ्च पर्याप्ति निवेशोऽनावश्यकत्वेन प्रमेयवह्निमान् धूमादित्यत्राव्याप्ति वारिता । तन्न युक्तम् । यतो हि **वह्निघटान्यतरवान् धूमादित्यादावव्याप्तिः ।**

तथाहि साध्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकाभावपदेन घटत्वावच्छिन्न-प्रतियोगिताकाभावोऽपि धर्तुं शक्यते । तदभावाधिकरणीभूतपर्वतादिनिरूपित-वृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः । अतस्तद् वारणाय न्यूनवारकपर्याप्तेरा वश्यकत्वेन प्रमेयवह्निसाध्यक धूमहेतुकस्थलेऽव्याप्तिः दुर्धरैव ।

## શશીશીલા

(૭૧) તમે વૃત્તિત્વ સામાન્યાભાવ નો પ્રવેશ કરીને પૂર્વોક્ત અતિવ્યાપ્તિને દૂર કરી તેમજ પર્યાપ્તિ ઘટિત લક્ષણનો નિવેશ અનાવશ્યક બનાવાથી પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં પણ અવ્યાપ્તિ દૂર

કરી પરંતુ આ યુક્ત નથી કેમકે અન્ય સ્થળે અવ્યાપ્તિ આવે છે.

**સ્થળ : વહ્નિઘટાન્યતરવાન્ ધૂમાત્**

**ધ્યાન રાખવું** કે પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનશે ત્યાં પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં અવ્યાપ્તિ આવશે.

અહીં સાધ્યતાવચ્છેદકાવચ્છિ. પ્રતિયોગિતાકાભાવ આ પદ દ્વારા ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવ પણ ગ્રહણ કરી શકાય છે કેમકે "દ્વયોરેકઃ અન્યતરઃ" આથી સાધ્યાભાવ પદથી ઘટાભાવ પણ લેવાશે.

આમ સાધ્યાભાવધિકરણ-પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે પર્યાપ્તિનો નિવેશ આવશ્યક છે.

પર્યાપ્તિઘટિત લક્ષણ : સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક રુપવૃત્તિ પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિ.

રુપવૃત્તિત્વઞ્ચ સ્વનિરુપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકપર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદકસમ્બન્ધેન બોધ્યમ્.

લક્ષણ સમન્વય : પ્રસ્તુત સ્થળ વહ્નિઘટાન્યતરવાન્ ધૂમાત્ માં અભાવ ઘટાભાવ લઈશું. અહીં સાધ્ય વહ્નિઘટાન્યતર, સાધ્યતાવચ્છેદક-વહ્નિઘટાન્યતરત્વ, તાદૃશવહ્નિઘટાન્યતરત્વાવચ્છિન્નાવચ્છેદકતા -વહ્નિઘટાન્યતરનિષ્ઠાવચ્છેદકતા આ અવચ્છેદકતા છે પ્રતિયોગી જે પર્યાપ્તિ સંબંધનો તેનો અનુયોગિતાવચ્છેદકરુપ-વહ્નિ ઘટાન્યતરત્વ ગત દ્વિત્વમાં જશે.

અભાવીય પ્રતિયોગિતામાં જો રુપવૃત્તિ સમાન થશે તો જ અભાવ લક્ષણ ઘટક બનશે અહીં સ્વ નિરુપિતાવચ્છેદકતા-ઘટત્વનિષ્ઠાવચ્છેદકતા, તાદૃશઅવચ્છેદકતાત્વાવચ્છિન્ન

પ્રતિયોગિતાકપર્યાપ્ત્યનુયોગિતા-ઘટત્વમાં, અનુયોગિતાવચ્છેદક ઘટત્વગત એકત્વ છે. આમ રુપવૃત્તિ સમાન ન થતાં ઘટાભાવ એ લક્ષણ ઘટક નહીં બની શકે. આથી ઘટાભાવ લઈને જે અવ્યાપ્તિ આવતી હતી તે નહીં આવે અહીં તમારે અભાવ વહ્નિઘટાન્યતરાભાવ જ લેવો પડશે.

આમ સાધ્યાભાવ-વહ્નિઘટાન્યતરાભાવ, તદધિકરણ-જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

પરંતુ પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનતાં જ પૂર્વોક્ત પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં અવ્યાપ્તિ તો ઉભી જ રહેશે.

## गूढामृतलीला

(७२) अत्र केचित् साक्षादवच्छेदकत्वस्यैव प्रतियोगितावच्छेदकत्वमिति-नियममाश्रित्य प्रतियोग्यंशे साध्यतानिरूपित साक्षादवच्छेदकताश्रयधर्मावच्छिन्नत्वं निवेश्यान्यतरत्वघटकभेद विशेषणतया परम्परया साध्यतावच्छेदक घटत्वावच्छिन्न प्रतियोगिताकाभावमादायाव्याप्तिः सम्भवत्येव नहि ।

यतो हि प्रतियोग्यंशे साध्यतानिरूपित साक्षादवच्छेदकताया प्रवेशेन प्रकृते यो हि घटत्वावच्छिन्नप्रतियोगिताकाभावः तदभावीय प्रतियोगितावच्छेदकताया साक्षादवच्छेदकत्वाभावेन लक्षणघटकाभावपदेन वक्तुमशक्यत्वात् । लक्षण-घटकाभावपदेन वह्निघटान्यतरन्नास्तीत्याकारकाभावः, तदधिकरणजलह्रदादि निरूपित वृत्तित्वाभावस्य धूमे विद्यमानत्वेनाव्याप्त्यसम्भवान्न्यूनवारकपर्याप्ते नैष्फल्यमिति वदन्ति तन्न ।

## શશીશીલા

(૭૨) અરે, વહ્નિઘટાન્યતરવાન્ ધૂમાત્ માં અવ્યાપ્તિને દૂર કરવા માટે પર્યાપ્તિઘટિત લક્ષણ બનાવવું જરૂરી નથી. આ અવ્યાપ્તિ

તો અન્ય રીતે પણ દૂર થઈ શકે.

પ્રતિયોગ્યંશમાં "સાધ્યતાનિરુપિત સાક્ષાદવચ્છેદકતાશ્રય ધર્માવચ્છિન્નત્વ" નો નિવેશ કરશું અહીં પૂર્વમાં જે પ્રમાણે જણાવ્યું હતું કે "સાક્ષાદવચ્છેદકસ્યૈવ પ્રતિયોગિતાવચ્છેદકત્વમ્" સાક્ષાત્ જે અવચ્છેદક હોય તે જ પ્રતિયોગિતાવચ્છેદક બની શકે.

આ નિયમનો સ્વીકાર થતાં જ હવે તમે ઘટાભાવ નહીં લઈ શકો કેમકે વહ્નિઘટાન્યતરત્વ અર્થાત્ "વહ્નિઘટભિન્ન ભિન્નત્વમ્" અહીં ઘટત્વ એ પરંપરાથી વિશેષણ બનવાથી સાધ્યતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકઘટાભાવ લઈને દોષ આપી જ ન શકાય. કેમકે પ્રતિયોગી અંશમાં સાધ્યતા નિરુપિત સાક્ષાત્ અવચ્છેદકતાનો પ્રવેશ કરેલ છે. પ્રસ્તુતમાં ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવ-ઘટાભાવ, એ ઘટાભાવીય પ્રતિયોગિતા-વચ્છેદકતામાં અન્યતરત્વ સાક્ષાત્ અવચ્છેદક ન હોવાથી સાધ્યાભાવ પદ દ્વારા તે લઈ શકાશે નહિ. પરંતુ સાધ્યાભાવ દ્વારા વહ્નિઘટાન્યતરાભાવ જ લઈ શકાશે.

આમ સાધ્યાભાવ-વહ્નિઘટાન્યતરાભાવ, તદધિકરણ-જલહ્રદાદિ તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિ, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થતાં અવ્યાપ્તિ દૂર થઈ જશે. આથી ન્યૂનવારક પર્યાપ્તિનો નિવેશ કરવો અનાવશ્યક થઈ જશે. જો તમે આવું કથન કરો તો ન કરતાં.

## गूढामृतलीला

(७३) वह्निघटान्यतरवान् धूमादित्यादौ साध्यतानिरूपित साक्षादवच्छेदकताश्रयधर्मावच्छिन्नत्वं निवेश्याव्याप्तिस्तु वारिता । परन्तु **विषयितया वह्नित्वत्वावच्छिन्नविशिष्टस्य तादात्म्येन साध्यतायां तज्ज्ञानत्वस्वरूपहेताव-व्याप्तिः ।**

तथाहि वह्नित्व निष्ठ निरवच्छिन्न प्रतियोगितावच्छेदकताक स्वरूपतः विषयितया वह्नित्ववन्नेत्याकारकभेदोऽपि साध्याभावपदेन धर्तुं शक्यते। तद्भेदाधिकरणं - विषयितया वह्नित्वत्वावच्छिन्नविशिष्टज्ञानम्। तन्निरूपित-वृत्तितैव तज्ज्ञानत्वरूपहेतौ विद्यमानत्वात्। वृत्तित्वाभावस्याभावादव्याप्तिः। तद् वारणाय न्यूनवारकपर्याप्तेरावश्यकत्वेन **प्रमेयवह्निमान् धूमादित्यादावव्याप्तिः।**

## शशीशीला

(७3) ભલે તમે વહ્નિઘટાન્યતરવાન્ ધૂમાત્ માં સાધ્યતા નિરુપિત સાક્ષાત્ અવચ્છેદકતાશ્રયધર્માવચ્છિન્નત્વનો પ્રવેશ કરીને અવ્યાપ્તિ દૂર કરી તો પણ વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્ન વિશિષ્ટને તાદાત્મ્યસંબંધથી સાધ્ય કરતાં અને તદ્જ્ઞાનત્વ-હેતુ બનાવતાં અવ્યાપ્તિ તો આવશે જ.

અહીં સાધ્યાભાવ - સ્વરુપતઃ વિષયિતા સંબંધથી વહ્નિત્વવન્ન આ ભેદ ગ્રહણ કરીશું. આ ભેદનું અધિકરણ-વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્ન વિશિષ્ટ જ્ઞાન બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ તદ્જ્ઞાનત્વ રુપ હેતુમાં વિદ્યમાન છે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે. આ અવ્યાપ્તિને દૂર કરવા માટે તમારે ન્યૂનવારક પર્યાપ્તિનો પ્રવેશ આવશ્યક થઈ પડશે.

પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવતાં જ અવ્યાપ્તિ દૂર થઈ જશે કેમકે સાધ્યતાવચ્છેદક અને પ્રતિયોગિતાવચ્છેદક બંનેની રુપવૃત્તિતા સમાન નહીં આવે સાધ્યતાવચ્છેદકતા સાવચ્છિન્ના છે જ્યારે પ્રતિયોગિતાવચ્છેદકતા નિરવચ્છિન્ના છે.

**લક્ષણ** : સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક રુપવૃત્તિ પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિઃ

**સમન્વય :** સાધ્યતાવચ્છેદકતા - વહ્નિત્વનિષ્ઠા, તાદૃશ વહ્નિત્વત્વાચ્છિન્નાવચ્છેદકતા વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતા, આ વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતા છે પ્રતિયોગિ જે પર્યાપ્તિ સંબંધનો એનો અનુયોગી - વહ્નિત્વ, અનુયોગિતાવચ્છેદક-વહ્નિત્વત્વ. કેમકે વહ્નિત્વ એ સાવચ્છિન્ન છે. વહ્નિત્વનો સાધ્યમાં વહ્નિત્વત્વેન ઉલ્લેખ કર્યો છે માટે સાવચ્છિન્ન છે (**"उल्लिख्यमाना जातिः किञ्चिद्रूपेण भासते"।**)

રુપવૃત્તિત્વઞ્ચ સ્વનિરુપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક સમ્બન્ધેન ।

સ્વ - સ્વરુપતઃ વિષયિતા સંબંધથી વહ્નિત્વવદ્ સ્વનિરુપિતાવચ્છેદકતા-વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતા તાદૃશ વહ્નિત્વત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતા-વહ્નિત્વ નિષ્ઠા અનુયોગિતાવચ્છે. વહ્નિત્વત્વ ન બનતાં વહ્નિત્વ ગત એકત્વ બનશે કેમકે અહીં અભાવ સ્વરુપતઃ લીધો છે જે નિરવચ્છિન્ન છે. આથી વહ્નિત્વત્વ અવચ્છેદક ન બની શકે (**"अनुल्लिख्यमाना जातिः स्वरूपतः भासते"**) રુપવૃત્તિ સમાન ન થતાં આ અભાવ લક્ષણ ઘટક નહીં બને. પરંતુ સાધ્યાભાવ "વહ્નિત્વત્વાવચ્છિ. વિશિષ્ટં ન" ભેદ લઈને લક્ષણ સમન્વય થઈ જશે.

લક્ષણ પર્યાપ્તિઘટિત બન્યું છે આથી પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં અવ્યાપ્તિ તો ઉભી જ છે.

## गूढामृतलीला

(७४) कृतेऽपि पर्याप्तिनिवेशे दोषस्तु सम्भवत्येव । तथा च विषयितया स्वरूपतः वह्नित्वविशिष्टस्य तादात्म्येन साध्यतायां तज्ज्ञानत्व रूपहेतावव्याप्तिः । तथाहि साध्यतावच्छेदकता पर्याप्त्यधिकरण वह्नित्व घटित वह्नित्वत्वावच्छिन्ना वच्छिन्नं नेत्याकारकभेदोऽपि साध्याभावपदेन धर्तुं शक्यते । तादृश प्रतियोगिताक-भेदाधिकरणं - स्वरूपतः वह्नित्व विषयकं ज्ञानम्, तन्निरूपितवृत्तितैव तज्ज्ञानत्वे ।

वृत्तित्वाभावस्याभावादव्याप्तिः । अतस्तद् वारणाय साध्यतावच्छेदक-विशिष्टावच्छेदकताप्रतियोगिकत्वं विवक्षणीयम् । वैशिष्टयञ्च स्व सजातीयत्व स्व समानाधिकरणत्व, स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वैतत्त्रितय सम्बन्धेन बोध्यम् ।

तथा च स्वरूपतः वह्नित्वस्य साध्यतावच्छेदकस्थले वह्नित्वत्वावच्छिन्ना-वच्छेदकताया इव वह्नित्वत्वेन वह्नित्वस्य साध्यतावच्छेदकतायां वह्नित्वनिष्ठ-निरवच्छिन्नावच्छेदकताया साध्यतावच्छेदकता साजात्यविरहेण तादृशावच्छेदकता-प्रतियोगिताकभेदमादाय नाव्याप्तिः । तद् वारणाय न्यूनवारकपर्याप्तेरनावश्यकत्वेन न पूर्वोक्ताव्याप्तिः ।

## शशीशीला

(૭૪) અમે તો કહીએ છીએ કે તમે પર્યાપ્તિઘટિત લક્ષણ બનાવશો તો પણ દોષ તો ઉભો જ છે.

સ્થળ : વિષયિતા સંબંધથી સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટ ને તાદાત્મ્ય સંબંધથી - સાધ્ય અને તદ્જ્ઞાનત્વ - હેતુ અહીં અવ્યાપ્તિ આવી જશે.

સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્ત્યધિકરણ-વહ્નિત્વ, તાદૅશ વહ્નિત્વ ઘટિત, વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિન્નં ન આ ભેદ સાધ્યાભાવ દ્વારા ગ્રહણ કરશું. તાદૅશ વહ્નિત્વત્વાવચ્છિન્નનાવચ્છિનાધિકરણ - સ્વરુપતઃ વહ્નિત્વ વિષયક જ્ઞાન બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ તદ્જ્ઞાનત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ.

આથી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદક વિશિષ્ટાવચ્છેદકતાક પ્રતિયોગિકત્વની વિવક્ષા કરશું આથી લક્ષણ આ પ્રમાણે થશે.

"સાધ્યતાવચ્છેદકવિશિષ્ટાવચ્છેદકતાક પ્રતિયોગિતાકા ભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિઃ" અવચ્છેદકતાયાં વૈશિષ્ટયં ચ - સ્વ સજાતીયત્વ, સ્વ સામાનાધિકરણ્યત્વ,

સ્વાવચ્છેદક સમ્બન્ધાવચ્છિન્નત્વ" એતત્ત્રિતય સમ્બન્ધેન

વહ્નિત્વેન વહ્નિત્વને જ્યાં સાધ્યતાવચ્છેદક કર્યું છે તેમજ અભાવ-સ્વરૂપતઃ વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિન્નં ન લીધો છે ત્યાં જેવી રીતે સાજાત્ય ઘટતું નથી તેની જેમ જ્યાં સ્વરૂપતઃ વહ્નિત્વને સાધ્યતાવચ્છેદક બનાવ્યો છે તેમજ અભાવ-વહ્નિત્વત્વાવચ્છિન્ના-વચ્છિન્નં ન લીધો છે ત્યાં પણ સાજાત્ય ઘટી શકતું નથી.

આમ સાધ્યતાવચ્છેદકતાનો પ્રતિયોગિતાવચ્છેદકતાની સાથે સાજાત્યનો વિરહ થવાથી પ્રસ્તુત અભાવ લક્ષણ ઘટક નહીં બને. સાધ્ય વહ્નિત્વ વિશિષ્ટને સ્વરુપ થી લીધું છે તે નિરવચ્છિન્ન છે જ્યારે અભાવ વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિન્નં ન એ સાવચ્છિન્ન છે. આથી સાજાત્ય નહીં ઘટે કેમકે સાજાત્યનો અર્થ કર્યો છે. સાવચ્છિન્નત્વ, નિરવચ્છિન્નત્વ એતદ્ અન્યતર રુપથી અર્થાત્ કાં તો બંને સાવચ્છિન્ન હોવા જોઈએ અથવા બંને નિરવચ્છિન્ન હોવા જોઈએ. જ્યારે અહીં એક સાવચ્છિન્ન છે એક નિરવચ્છિન્ન છે આથી સાજાત્ય નથી ઘટતું.

અન્ય બે સંબંધો ઘટતાં હોવા છતાં સાજાત્ય ન ઘટવાથી સાધ્યતાવચ્છેદકતાથીવિશિષ્ટાવચ્છેદકતા પ્રતિયોગિતા વચ્છેદકતાની નહીં બને. આથી પ્રસ્તુત અભાવ લઈને તમે અવ્યાપ્તિ નહીં આપી શકો. વળી તમે જે કહ્યું હતું નિરુક્ત અભાવ લઈશું એટલે અવ્યાપ્તિ આવશે તેને દૂર કરવા પર્યાપ્તિઘટિત લક્ષણ કરવું પડશે અને પર્યાપ્તિ ઘટિત લક્ષણ કરવાથી પ્રમેયવહ્નિમાન્ માં અવ્યાપ્તિ આવશે. આવું કાંઈ જ નહીં બને કેમકે પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવીએ તો દોષ આવે. અમે પર્યાપ્તિ ઘટિત લક્ષણ કર્યા વગર જ દોષ દૂર કર્યો છે.

## गूढामृतलीला

(७५) भवता विषयितया वह्नित्वत्वेन वह्नित्वस्य साध्यतावच्छेदकतायां स्वरूपतः वह्नित्वावच्छिन्नभेदमादाय, अथ च विषयितया स्वरूपतः वह्नित्वस्य साध्यतावच्छेदकतायां वह्नित्वत्वावच्छिन्नं नेत्याकारकं भेदमादाय दोषासम्भवेऽपि **विषयितया वह्नित्वत्वावच्छिन्न विशिष्टसाध्यक तज्ज्ञानत्वहेतुकस्थले विषयितया जातित्व विशिष्टावच्छिन्नं नेत्याकारकभेदमादायाव्याप्ति र्दुवारा ।**

तथाह्यत्र साध्यतावच्छेदकतापि सावच्छिन्ना अथ च जातित्व निष्ठ प्रतियोगितावच्छेदकतापि सावच्छिन्नैव । जातित्वावच्छिन्न तद्भेद प्रतियोगितावच्छेदकतायां वह्नित्वत्वावच्छिन्नसाध्यतावच्छेदकता साजात्यघटितसम्बन्धत्रयस्य सत्त्वात् न्यूनवारक पर्याप्तेरावश्यकीति मन्यते । तथा च पूर्वोक्ताव्याप्तिस्तु दुर्वारैव ।

## शशीशीला

(७५) અથવા તો વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વેન વહ્નિત્વવદ્દને સાધ્ય અને તદ્દજ્ઞાનત્વ-હેતુ તેમાં સ્વરુપતઃ વહ્નિત્વાવચ્છિન્નં ન આ ભેદ ગ્રહણ કરશો તો પણ દોષ નહીં લાગે. પ્રસ્તુત સ્થળમાં ફેરફાર એટલો જ કર્યો છે કે પૂર્વમાં (નં.:-૭૪માં) સાધ્ય જે નિરવચ્છિન્ન હતું તે અહીં સાવચ્છિન્ન કર્યુ છે અને પૂર્વમાં અભાવ સાવચ્છિન્ન હતો તે અહીં નિરવચ્છિન્ન કર્યો છે. આમ સાધ્ય અને અભાવ માં સાવચ્છિન્ન નિરવચ્છિન્ન બદલ્યું છે. આથી અહીં પણ સાજાત્ય તો જવાનું જ નથી કેમકે એક સાવચ્છિન્ન છે બીજું નિરવચ્છિન્ન છે. આમ અહીં પણ દોષ નથી સંભવી શકતો તો પણ અમે અન્ય સ્થળે દોષ આપીએ છીએ.

**સ્થળ** : વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્ન વિશિષ્ટને તાદાત્મ્યથી-સાધ્ય, તદ્દજ્ઞાનત્વ-હેતુ, અભાવ-વિષયિતા સંબંધથી

જાતિત્વ વિશિષ્ટાવચ્છિન્નં ન આ ભેદને ગ્રહણ કરીને અવ્યાપ્તિ દોષ આવે છે.

તમે તો લક્ષણમાં ત્રિતય સંબંધને ગ્રહણ કર્યો છે. જે પ્રસ્તુત અભાવમાં ઘટી જશે.

**લક્ષણ સમન્વય :** સ્વ સજાતીયત્વ-બંને સાવચ્છિન્ન છે. સાધ્યતાવચ્છે. નો વહ્નિત્વત્વેન ઉલ્લેખ કર્યો છે. પ્રતિયોગિતાવચ્છે. નો જાતિત્વેન ઉલ્લેખ કર્યો છે આથી સ્વ સજાતીયત્વ દલ ઘટી જશે.

સ્વાવચ્છે. સંબંધાવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છે. સંબંધ અને પ્રતિયોગિતાવચ્છે. સંબંધ બંને વિષયિતા સંબંધથી છે. આથી સામાનાધિકરણ્ય દલ પણ ઘટી જશે.

આમ ત્રિતય સંબંધ ઘટી જવાથી પ્રસ્તુત અભાવ વિષયિતા સંબંધથી જાતિત્વ વિશિષ્ટાવચ્છિન્નં ન ભેદ લક્ષણ ઘટક બની જશે. આ ભેદ લક્ષણ ઘટક બનતાં અવ્યાપ્તિ આવશે કેમકે વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાચ્છિન્ન વિશિષ્ટ જ્ઞાન ભિન્ન છે. અને વિષયિતા સંબંધથી જાતિત્વવિશિષ્ટાવચ્છિન્ન જ્ઞાન ભિન્ન છે.

આમ સાધ્યાભાવ - જાતિત્વવિશિષ્ટાવચ્છિન્નં ન ભેદ, તદધિકરણવહ્નિત્વત્વાવચ્છિન્ન વિશિષ્ટ વહ્નિ, તન્નિરુપિત વૃત્તિતા જ તદ્જ્ઞાનત્વમાં જશે વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ.

આ અવ્યાપ્તિને દૂર કરવા માટે પર્યાપ્તિઘટિત લક્ષણ બનાવવું પડશે. પર્યાપ્તિઘટિતલક્ષણ બનતાં પૂર્વમાં આવતી અવ્યાપ્તિ દૂર થઈ જશે. કેમકે પર્યાપ્તિ ઘટિત લક્ષણ - સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિ પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છે.-વહ્નિત્વત્વ બનશે. જ્યારે સ્વ નિરુપિતાવચ્છેદકતાત્વાવચ્છિ. પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુ-યોગિતાવચ્છે.-જાતિત્વ બનશે. અહીં રુપવૃત્તિ સમાન ન થતાં

વિષયિતયા જાતિત્વવિશિષ્ટાવચ્છિન્નં ન ભેદ નહીં લઈ શકો. પરંતુ સાધ્યાભાવ વહ્નિત્વત્વાવચ્છિન્ન વિશિષ્ટં ન ભેદ જ લેવો પડશે. અને આ અભાવ લેતાં લક્ષણ સમન્વય થઈ જશે. આથી અવ્યાપ્તિ દૂર થઈ જશે. પરંતુ પર્યાપ્તિઘટિત લક્ષણ બન્યું છે આથી પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં તો અવ્યાપ્તિ આવશે જ.

## गूढामृतलीला

(७६) इत्थं प्रकारेण विषयितया वह्नित्वत्वावच्छिन्नावच्छिन्नस्य तादात्म्येन साध्यतायां तज्ज्ञानत्वहेतौ पूर्वोक्तयुक्त्याव्याप्तिवारणेपि तत्रैव विषयितया वह्नित्वत्वावच्छिन्नविशिष्ट विषयितया जातित्वावच्छिन्न विशिष्टं नेत्याकारक-भेदस्यापि साध्यतावच्छेदकता विशिष्टावच्छेदकताभावपदेन धर्तुं शक्यत्वात् । एतादृशाभावीयप्रतियोगितानिरूपित विषयित्वसम्बन्धावच्छिन्न वह्नित्त्वत्वा-वच्छिन्न निष्ठावच्छेदकतायां साध्यतावच्छेदकीभूत विषयित्व सम्बान्धावच्छिन्न वह्नित्वनिष्ठवच्छेदकताया वैशिष्ट्यसत्त्वात् । अतः विषयितया वह्नित्वत्वावच्छिन्न-विशिष्टविषयितया जातित्वावच्छिन्नविशिष्टं नेत्याकारक भेदोऽपि साध्याभावपदेन ग्रहीतुं शक्यते । तदधिकरण वह्नित्वत्वावच्छिन्नविशिष्टविषयकज्ञाननिरूपितवृत्तितैव तज्ज्ञानत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिस्तु भवत्येव ।

## શશીશીલા

(૭૬) તમે પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવીને દોષ દૂર કર્યો પરંતુ અમે પુનઃ તમને અન્ય રીતે દોષ આપીએ છીએ.

સ્થળ : વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિન્ન ને તાદાત્મ્યથી - સાધ્ય અને તદ્જ્ઞાનત્વ-હેતુ અભાવ-વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્નવિશિષ્ટ વિષયિતા સંબંધથી જાતિત્વાવચ્છિ. વિશિષ્ટં ન આ ભેદ લીધો.

પૂર્વમાં જે અભાવ લીધો હતો તેમાં થોડોક ઉમેરો કરીને અહીં અભાવ લીધો છે. આ ભેદ લેતાં પૂર્વમાં તમે જે રીતે પર્યાપ્તિ ઘટિત લક્ષણ લઈને દોષ દૂર કર્યો હતો તે અહીં પુનઃ લાગશે કેમકે સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિ. પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુ- યોગિતાવચ્છે.- વહ્નિત્વત્વ બન્યો જ્યારે સ્વ નિરુપિતાવચ્છે- દકતાત્વાવચ્છિ. પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છે. વહ્નિત્વત્વ, જાતિત્વ બનશે. અહીં રુપવૃત્તિ સમાન બનશે. કેમકે "અધિકં પ્રવિષ્ટ ન તદ્ધાનિકરમ્" આ નિયમથી જાતિત્વ ભલેને વધારાનો અવચ્છે. બનતો હોય તો પણ કોઈ મુશ્કેલી આવતી નથી આમ રુપવૃત્તિ સમાન બનતાં અભાવ લક્ષણ ઘટક બની જશે. આથી અવ્યાપ્તિ આવશે. કેમકે વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિ. જ્ઞાન ભિન્ન છે અને વિષયિતા સંબંધથી વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિ. વિષયિતયા જાતિત્વાવચ્છિ. વિશિષ્ટ જ્ઞાન ભિન્ન છે. આમ સાધ્યાભાવાધિકરણવહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિન્ન વહ્નિ બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ તદ્જ્ઞાનત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે. આમ પર્યાપ્તિ ઘટિત લક્ષણ કરવા છતાંપણ અવ્યાપ્તિ દોષ દૂર થતો નથી.

## गूढामृतलीला

(७७) अतस्तद् वारणाय साध्यतावच्छेदकता विशिष्टावच्छेदकताक- प्रतियोगिताकाभावाधिकरणनिरूपित वृत्तित्वाभावो व्याप्तिः । इत्यत्रावच्छेदकता वैशिष्ट्यं पूर्वोक्तसम्बन्धत्रयेण इत्यपहाय स्व सजातीयत्व, स्वानवच्छेदका- नवच्छिन्नत्व, स्वावच्छेदक सम्बन्धावच्छिन्नत्व, स्व सामानाधिकरण्यैतच्चतुष्टय- सम्बन्धेन साध्यतावच्छेदकताविशिष्टान्यावच्छेदकत्वानिरूपकत्वस्य निवेशनीय- त्वात् ।

कृते च निवेशे साध्यतावच्छेदकतानवच्छेदकीभूत जातित्वत्वावच्छिन्न-वच्छेदकताक जातिमद्भेदवारणात् । तत्र प्रसिद्धसम्बन्धचतुष्टयमध्ये स्वानवच्छेदकानवच्छिन्नत्वाभावात् । तदनुरोधेन न्यूनवारकपर्याप्तेरनावश्यकत्वात् ।

तथा च प्रमेयवह्निमान् धूमादित्यादौ पूर्वोक्तचतुष्टयसम्बन्धेन वह्नित्वनिष्ठ साध्यतावच्छेदकता विशिष्ट वह्नित्व निष्ठ निरवच्छिन्नावच्छेदकतामात्रनिरूपक-प्रतियोगिताकाभावमादाय लक्षणसङ्गतिरिति चेन्न ।

## શશીશીલા

(૭૭) આ અવ્યાપ્તિને દૂર કરવા લક્ષણ નવું બનાવશું "સાધ્યતાવચ્છેદકતાવિશિષ્ટાવચ્છેદકતાકપ્રતિયોગિતાકાભાવાધિકરણનિરુપિતવૃત્તિત્વાભાવો વ્યાપ્તિ:" અહીં અવચ્છેદકતાના વૈશિષ્ટ્ય માટે સંબંધ ચતુષ્ટય મૂકશું. આ ચતુષ્ટય સંબંધથી સાધ્યતાવચ્છેદકતા વિશિષ્ટ અવચ્છેદકતાથી અન્ય જે અવચ્છેદકતા બને તેનો અનિરૂપક અભાવ હોવો જોઈએ. જો અનિરૂપક બને તો જ અભાવ લક્ષણ ઘટક બની શકે.

સ્વ સજાતીયત્વ, સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ, સ્વાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ, સ્વ સામાનાધિકરણ્ય આ સંબંધ ચતુષ્ટયનો પ્રવેશ કરશું જેથી પૂર્વોક્ત અવ્યાપ્તિ દૂર થઈ જશે. સ્થળ તો પૂર્વમાં જે છે તે જ જાણવું.

→ **સ્વ સજાતીયત્વ :** સાધ્યતા વચ્છે. અને પ્રતિયોગિતા વચ્છે. બંને સાવચ્છિન્ન છે કેમકે બંનેનો વહ્નિત્વત્વેન ઉલ્લેખ કર્યો છે.

→ **સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ :** સાધ્યતાવચ્છે. સંબંધ અને પ્રતિયોગિતાવચ્છે. સંબંધ બંનેના વિષયિતા સંબંધ છે. આથી દ્વિતીય દલ પણ ઘટી જશે

→ **સ્વ સામાનાધિકરણ્ય :** સાધ્યતાવચ્છે. અને

પ્રતિયોગિતા વચ્છે. બંને વહ્નિત્વ માં છે. પ્રતિયોગિતાવચ્છે. માં જાતિત્વ વધુ આવશે તો પણ વહ્નિત્વની સાથે સામાનાધિકરણ્ય ઘટી જ જાય છે.

→ **સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ :** સ્વ પદથી સાધ્યતાવચ્છેદકતા, અહીં સાધ્યતાવચ્છેદકતા - વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા, તેનો અનવચ્છેદક - જાતિત્વાવચ્છિન્નાવચ્છેદકતા તેનાથી અનવચ્છિન્ન વહ્નિત્વત્વાવચ્છિ. વિશિષ્ટ જાતિત્વાવચ્છિન્ન વિશિષ્ટાભાવીય પ્રતિયોગિતા નથી થતી પરંતુ અવચ્છિન્ન જ છે. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે.

અહીં સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટાન્યપ્રતિયોગિતા-વચ્છેદકતા તેની નિરુપિકા જ પ્રતિયોગિતા બનશે. અનિરુપિત પ્રતિયોગિતા ન બનતાં પ્રસ્તુત અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે શુદ્ધ સાધ્યાભાવ લેવો પડશે. અર્થાત્ વહ્નિત્વત્વાવચ્છિન્નાવચ્છિન્નં ન ભેદ લેતાં લક્ષણ સમન્વય થઈ જશે. આથી સંબંધ ચતુષ્ટય પુરસ્સર લક્ષણ જ યુક્ત રહેશે

વળી આ પ્રમાણેનું લક્ષણ કરતાં પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં પણ અવ્યાપ્તિ દૂર થઈ જશે. પ્રમેયવહ્નિમાન સ્થળે લક્ષણ સમન્વય કરતાં ખ્યાલ આવી જશે કેવીરીતે દોષ દૂર થાય છે.

**લક્ષણ સમન્વય :-** પ્રસ્તુત સ્થળમાં અભાવ - વહ્ન્યભાવ લઈશું આ અભાવમાં સંબંધ ચતુષ્ટય જોવાનાં રહેશે.

→ **સ્વ સજાતીયત્વ** - બંને નિરવચ્છિન્ન છે કેમકે સાધ્યતાવચ્છે. કે પ્રતિયોગિતાવચ્છે. બંનેમાથી કોઈનો જાતિત્વેન ઉલ્લેખ કર્યો નથી આથી પ્રથમદલ ઘટી જશે.

→ **સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ** - પ્રતિયોગિતાવચ્છેદક અને સાધ્યતાવચ્છેદક બંનેનો સંબંધ સમવાય સંબંધ છે. આથી

દ્વિતીયદલ પણ ઘટી જશે.

→ **સ્વ સામાનાધિકરણ્ય** – પ્રતિયોગિતાવચ્છેદક અને સાધ્યતાવચ્છેદક બંનેનું સામાનાધિકરણ્ય વહ્નિમાં છે.

→ **સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ** – સ્વ-સાધ્યતાવચ્છેદકતા-પ્રમેયત્વ વહ્નિત્વ નિષ્ઠા, તેનો અનવચ્છેદક - ઘટત્વાદિ, તેનાથી અનવચ્છિન્ન - વહ્નિત્વ વિશિષ્ટાભાવીય પ્રતિયોગિતા થશે. આમ સંબંધ ચતુષ્ટય આ અભાવીય પ્રતિયોગિતામાં ઘટી જશે. આથી સાધ્યાભાવ પદથી વહ્ન્યભાવ ગ્રહણ થઈ શકશે.

આમ સાધ્યાભાવ - વહ્ન્યભાવ, તદધિકરણ - જલહ્રદ, તન્નિરુપિત વૃત્તિતા - મીનાદિમાં, વૃત્તિત્વાભાવ - ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. આથી બંને સ્થળેથી દોષ દૂર થઈ જશે. આથી આ લક્ષણ જ ઉચિત ગણાશે.

## गूढामृतलीला

(७८) **विषयित्वसम्बन्धावच्छिन्न महानसीयवह्निसाध्यक तज्ज्ञानत्वहेताव-व्याप्तिः** । तथा हि साध्यतावच्छेदकता महानसीयत्व वह्नित्वनिष्ठा तत्राभावपदेन शुद्धवह्नित्वावच्छिन्न विषयित्वसम्बन्धावच्छिन्न प्रतियोगिताकाभावोऽपि ग्रहीतुं शक्यते । अभावीय प्रतियोगितानिरूपितावच्छेदकता विषयित्वसम्बन्धावच्छिन्न-वह्नित्व निष्ठा तस्यामवच्छेदकतायां साध्यतावच्छेदकीभूत वह्नित्वनिष्ठ-वच्छेदकतायाः स्वसजातीयत्व, स्वानवच्छेदकीभूत घटत्वाद्यनवच्छिन्नत्व, स्वावच्छेदकीभूत समवायसम्बन्धावच्छिन्नत्व, स्व सामानाधिकरण्यैतच्चतुष्टय सम्बन्धेन वैशिष्टयमेव वर्तते । विशिष्टान्यावच्छेदकता-घटत्व पटत्वादिनिष्ठावच्छेदकता । तादृशावच्छेदकताक-प्रतियोगिताकाभावः विषयित्व सम्बन्धावच्छिन्न वह्नित्वावच्छिन्नाभावः, तदधिकरणं महानसीयवह्निविषयकं ज्ञानम्, तन्निरूपित-वृत्तितैव तज्ज्ञानत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः । एतदव्याप्तिभिया न्यूनवारकपर्याप्तिघटित साध्यतावच्छेदकावच्छिन्नत्वमपि प्रतियोगितायां देयम् । एवञ्च प्रमेयवह्निमान् धूमादित्यादावव्याप्तिः दुर्वारैव ।

(૧૮) આ સંબંધ ચતુષ્ટય પુરસ્સરનું લક્ષણ તમે નિર્દુષ્ટ જણાવો છો પણ તે ઉચિત નથી કેમકે વિષયિતા સંબંધથી મહાનસીયવહ્નિ - સાધ્ય અને તદ્જ્ઞાનત્વ - હેતુ માં અવ્યાપ્તિ આવશે. અહી અભાવ ૨.ન વિષયિતા સંબંધથી વહ્નિત્વાવચ્છિન્નાભાવ લઈશું.

આ અભાવ જે લીધો છે તે અભાવીય પ્રતિયોગિતાથી નિરુપિત અવચ્છેદકતા - વિષયિતા સંબંધથી વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા થશે. આ વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતામાં સાધ્યતાવચ્છેદકીભૂત વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતાનું ચતુષ્ટય સંબંધથી વૈશિષ્ટ્ય જોવાનું છે.

→ **સ્વ સજાતીયત્વ** - બંને (સાધ્યતાવચ્છેદક અને પ્રતિયોગિતાવચ્છેદક) સાવચ્છિન્ન છે

→ **સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ** - બંને વિષયિતા સંબંધથી છે.

→ **સ્વ સામાનાધિકરણ્ય** - બંનેનું સામાનાધિકરણ્ય વહ્નિત્વમાં છે.

→ **સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ** - સ્વ(સાધ્યતાવચ્છેદકતા) - મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠા, તેનો અનવચ્છેદક - ઘટત્વ પટત્વાદિ, તેનાથી અનવચ્છિન્ન - શુદ્ધ વહ્નિત્વાવચ્છિન્નાભાવીય પ્રતિયોગિતા બનશે. આથી અભાવીય પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક થી વિશિષ્ટ બનશે. વિશિષ્ટાન્યાવચ્છેદકતા-ઘટત્વ, પટત્વાદિ નિષ્ઠાવચ્છેદકતા, તાદૃશાવચ્છેદકતાકપ્રતિયોગિતાકાભાવ-વિષયિતા સંબંધથી વહ્નિત્વાવચ્છિન્નાભાવ બનશે. તેનું અધિકરણ મહાનસીય-વહ્નિવિષયક જ્ઞાન બનશે તન્નિરૂપિત વૃત્તિતા જ તદ્જ્ઞાનત્વમાં જશે વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

અહીં ધ્યાન રાખવું કે વિષયિતા સંબંધથી મહાનસીય વહ્નિ વિષયક જ્ઞાન ભિન્ન છે. અને વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિ વિષયક જ્ઞાન ભિન્ન છે.

આ અવ્યાપ્તિને દૂર કરવા માટે તમારે ન્યૂનવારક પર્યાપ્તિ ઘટિત સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વનો પણ પ્રતિયોગિતામાં પ્રવેશ કરવો પડશે. નિરુક્ત પદનો પ્રવેશ કરતાં તમે જે વહ્નિત્વાવચ્છિન્નાભાવ લઈને દોષ આપતાં હતાં તે હવે નહીં આપી શકો. કેમકે આ અભાવ એ સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન નથી આથી આ અભાવ નહીં લઈ શકો. તમારે અભાવ લેવો હશે તો મહાનસીય વહ્નિત્વાવચ્છિન્નાભાવ જ લેવો પડશે. જેથી લક્ષણ સમન્વય થઈ જતાં દોષ નહીં આવે.

પરંતુ આ દોષ કાઢવા માટે તમે જે ન્યૂનવારક પર્યાપ્તિ નો પ્રવેશ કર્યો તેના દ્વારા આ દોષ દૂર થઈ જશે પરંતુ પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ માં દોષ આવી જશે. કેમકે સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રમેય વહ્ન્યભાવ જ અપ્રસિદ્ધ થશે.

## गूढामृतलीला

(७९) वस्तुतस्तु न्यूनवारकपर्याप्त्यनिवेशे प्रमेयवह्निमान् धूमादित्यादावव्याप्त्यभावेऽपि स्वाघटक लघुधर्मसमनियत गुरुधर्मावच्छिन्नसाध्यके **कम्बुग्रीवादिमद्वान् घटादित्यादावव्याप्तिः ।**

यतो हि "सम्भवति लघुधर्मे गुरौ तदभावात्" इति नियमानुरोधेन कम्बुग्रीवादिमत्त्वसमनियतघटत्वस्य कम्बुग्रीवादिमदभावीयप्रतियोगिता वच्छेदकतया साध्यतावच्छेदकीभूत कम्बुग्रीवादिमत्त्वावच्छिन्न प्रतियोगित्वाप्रसिद्धयाव्याप्तिः ।

(૭૯) હવે વસ્તુતસ્તુ કરીને બીજે સ્થાને દોષ બતાવવામાં આવે છે માની લીધું કે પર્યાપ્તિનો નિવેશ ન કરતાં પ્રમેયવહ્નિમાન્ માં અવ્યાપ્તિ આવતી નથી તો પણ લઘુધર્મને સમનિયત ગુરુધર્માવચ્છિન્ન સાધ્યક સ્થળે અવ્યાપ્તિ આવશે.

અહીં સ્વાઘટક માં સ્વ પદથી પ્રસ્તુત સાધ્ય કમ્બુગ્રીવાદિમત્ તેમાં અઘટક જે લઘુધર્મ - ઘટત્વ તેને સમનિયત ગુરુધર્મ - કમ્બુગ્રીવાદિમત્ત્વ, તાદશધર્માવચ્છિન્ન કમ્બુગ્રીવાદિમત્ બનશે.

શંકા :- સમનિયત એટલે શું ?

સમા :- સ્વ વ્યાપ્યત્વે સતિ સ્વ વ્યાપકત્વમ્ - સમનિયતત્વમ્ કમ્બુગ્રીવાદિમત્વ એ ઘટત્વને વ્યાપ્ય પણ છે અને ઘટત્વનો વ્યાપક પણ છે. કેમકે સ્વ સ્વનો વ્યાપ્ય અને વ્યાપક બંને હોય છે આથી કમ્બુગ્રીવાદિમત્ એ સમનિયત બનશે.

સ્થળ :- કમ્બુગ્રીવાદિમદ્વાન્ - સાધ્ય, ઘટાત્ - હેતુ અહીં અવ્યાપ્તિ આવશે.

કેમકે "સમ્ભવતિ લઘુધર્મે ગુરૌતદભાવાત્" આ નિયમ દ્વારા ગુરુધર્મીય પ્રતિયોગિતાનો સ્વીકાર કરાતો નથી.

કમ્બુગ્રીવાદિમત્ત્વને સમનિયત ઘટત્વ ધર્મ છે ત્યારે કમ્બુગ્રીવાદિમત્ત્વાવચ્છિન્ન અભાવીય પ્રતિયોગિતા એ અપ્રસિદ્ધ બનશે. તમે સાધ્યનો એક દેશ લઈને પ્રમેયવહ્નિમાં લક્ષણસમન્વય કરતાં હતાં તે અહીં નહીં કરી શકો. આથી અવ્યાપ્તિ દોષ તો દૂર થશે નહી.

## गूढामृतलीला

(८०) तथापि साध्यतावच्छेदकावच्छिन्नत्वं न स्वरूपसम्बन्धरूपम् । किन्तु व्यापकत्वमेव । व्यापकत्वन्तावत् तदधिकरणवृत्त्यत्यन्ताभावाप्रतियोगित्वम्, तदधिकरणवृत्त्यत्यन्ताभावीयप्रतियोगितानवच्छेदकधर्मवत्त्वम् वा ।

कृते चैतादृशे परिष्कारे प्रमेयवह्निमान् धूमादित्यत्र वह्न्यभावीय प्रतियोगितायाः प्रमेयवह्नित्वानवच्छिन्नत्वेऽपि तद् व्यापकत्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૮૦) તો પણ સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન ને સ્વરૂપ સંબંધ રુપે ન માનતાં વ્યાપકત્વ રુપે સ્વીકાર કરશું,

આ પ્રમાણેનો પરિષ્કાર કરવાથી પ્રમેયવહ્નિમાન્ ધૂમાત્ સ્થળમાં ગુરુધર્મ હોવાથી પ્રમેયવહ્નિત્વ વહ્ન્યભાવીય પ્રતિયોગિતાનો જો કે અવચ્છેદક નહીં બની શકે તો પણ સાધ્યતાવચ્છેદકતાની વ્યાપિકા વહ્નિ નિષ્ઠા પ્રતિયોગિતા બની જશે.

કેમકે સાધ્યતાવચ્છેદક વત્ - વહ્નિ તેમાં રહેવાવાળો અભાવ વહ્ન્યભાવીય પ્રતિયોગિતા નાસ્તિ આ અભાવ નહીં મળી શકે પરંતુ ઘટાભાવીય પ્રતિયોગિતા નાસ્તિ ઈત્યાકારક અભાવ મળશે. આ અભાવનો પ્રતિયોગિતાવચ્છેદક-ઘટત્વ અનવચ્છેદક પ્રતિયોગિતાત્વ, તદ્ધર્મવત્વ - પ્રતિયોગિતામાં જતો રહેશે. તાદૃશ પ્રતિયોગિતાકાભાવાધિકરણ - જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિત્વાભાવ ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

## गूढामृतलीला

(८१) पूर्वोक्तयुक्त्या साध्यतावच्छेदकावच्छिन्नत्वस्य स्वरूपसम्बन्धस्वरूपत्वं परित्यज्य व्यापकत्वं परिष्कृतम् । एवं कृते च साध्यतावच्छेदकव्यापकप्रतियोगिताकाभावाधिकरणनिरूपित वृत्तित्वाभावो व्याप्तिः । एतादृशं लक्षणं स्वीक्रियते ।

एवं कृतेऽपि नानाव्यक्तिसाध्यकस्थले **पर्वतो वह्निमान् धूमादित्यत्राव्याप्तिः** । तथा हि प्रतियोगितायाः स्वरूप सम्बन्धात्मिकाया प्रतिव्यक्तिभिन्नत्वेन तत्र साध्यतावच्छेदकव्यापकत्वाभावात् । तथा च साध्यतावच्छेदकव्यापकप्रतियोगिताकाभावपदेन साध्याभावस्य ग्रहणमसम्भवादव्याप्तिः ।

## શશીશીલા

(૮૧) પૂર્વમાં દોષને દૂર કરવા માટે તમે સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ નો અર્થ સ્વરુપસંબંધરુપ ન લેતાં વ્યાપકત્વરુપે સ્વીકાર્યો આ પ્રમાણે અર્થ કરવાથી દોષ આવતો નથી.

લક્ષણ : સાધ્યતાવચ્છેદકવ્યાપકપ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિ : આ પ્રમાણે લક્ષણ થશે.

આ પ્રમાણે વ્યાપકત્વ અર્થ કરવા છતાં અવ્યાપ્તિ તો આવવાની જ છે. નાનાવ્યક્તિ સાધ્યક સ્થળ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ માં અવ્યાપ્તિ આવશે. લક્ષણ પ્રમાણે સાધ્યતાવચ્છેદકની વ્યાપક પ્રતિયોગિતા હોવી જોઈએ જે અહીં ઘટશે નહિ

કેમકે પ્રતિયોગિતા એ સ્વરુપ સંબંધ રુપ છે અને આ પ્રતિયોગિતા એ સ્વરુપ સંબંધ રૂપ હોવાથી પ્રતિવ્યક્તિમાં ભિન્ન થશે. અર્થાત્ વહ્ન્યભાવીય પ્રતિયોગિતા ભિન્ન છે. ચત્વરીય, મહાનસીય સર્વે પ્રતિયોગિતા ભિન્ન છે આથી સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ ને વ્યાપક પ્રતિયોગિતા નહીં બને

આમ સાધ્યતાવચ્છેદક વ્યાપક પ્રતિયોગિતાકાભાવ - સાધ્યાભાવ વહ્ન્યભાવ નહીં લઈ શકાય. આથી સાધ્યાભાવનું જ અગ્રહણ થતાં અવ્યાપ્તિ આવી જશે.

## गूढामृतलीला

(८२) भवता प्रतियोगिताया स्वरूपसम्बन्धात्मिकाया प्रतिव्यक्तिभिन्नतया वह्नित्वादि साध्यतावच्छेदकताव्यापकत्वाभावात् नानाव्यक्तिसाध्यकस्थलेऽव्याप्तिः प्रदर्शिता । तद् वारणाय प्रतियोगितात्वेन प्रतियोगितायां साध्यतावच्छेदक व्यापकत्वं विवक्षितम् ।

एतादृशीविवक्षाकृते सति न प्रतियोगितायां व्यापकत्वभङ्गः । तथा हि प्रतियोगितात्वेन प्रतियोगिताऽपि साध्यतावच्छेदकीभूत वह्नित्व समनियतत्वात् । अतः साध्यतावच्छेदकव्यापकप्रतियोगिताकाभावपदेन साध्याभावस्य धर्तुं शक्यते । तदधिकरण जलहृदादि निरूपित वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૮૨) તમે પ્રતિયોગિતાને સ્વરુપ સંબંધ રુપ બતાવીને તે પ્રતિવ્યક્તિમાં ભિન્ન છે, અને ભિન્ન હોવાથી તે પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકને વ્યાપક નહીં બને. આથી નાનાવ્યક્તિ સાધ્યક સ્થળમાં અવ્યાપ્તિ તમે બતાવી પણ તેને દૂર કરવા માટે અમે અલગ માર્ગ અપનાવીએ છીએ.

અહીં પ્રતિયોગિતાત્વ રુપથી પ્રતિયોગિતા લઈશું. આ પ્રતિયોગિતાત્વ રુપથી પ્રતિયોગિતા તો એક જ છે હવે પ્રતિયોગિતા એક બની જવાથી તે સાધ્યતાવચ્છેદકીભૂત વહ્નિત્વ ને સમનિયત થવાથી વ્યાપક બની જશે

આમ પ્રતિયોગિતા વ્યાપક બનતાં સાધ્યતાવચ્છેદક વ્યાપક

પ્રતિયોગિતાકાભાવથી - સાધ્યાભાવ વહ્ન્યભાવ ગ્રહણ થઈ શકશે. તદધિકરણ - જલહ્રદ તન્નિરુપિત વૃત્તિત્વાભાવ - ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે. આથી અવ્યાપ્તિ નહીં આવે.

## गूढामृतलीला

(८३) एवं लक्षणे कृते सति पुनः **पर्वतो वह्निमान् धूमादित्यत्राव्याप्तिः ।** यतो हि साध्यतावच्छेदकव्यापक प्रतियोगिताकाभावपदेन घटाभावोऽपि धर्तुं शक्यते । तथाहि साध्यतावच्छेदकं - वह्नित्वं, तच्च यत्र यत्र वर्तते तत्र प्रमेयत्वेन घटाभावीय प्रतियोगिताऽपि वर्तते । "सामान्य धर्मेण विशेषाभावोऽपि सामान्यभाव एव" । इति नियमात्

तथा च साध्यतावच्छेदकव्यापकप्रतियोगिताकाभावः - घटाद्यभावः तदधिकरणं पर्वतादि, तन्निरूपित वृत्तितैव धूमे, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

अतस्तद् वारणाय प्रतियोगितायां साध्यतावच्छेदकवन्निष्ठ भेद प्रतियोगिताकानवच्छेदकावच्छिन्नत्वस्य निवेशनीयत्वात् । एवं कृते च नाव्याप्तिः।

यतो हि प्रकृते **पर्वतो वह्निमान धूमादित्यत्र** यो हि घटाद्यभावो गृहीतः । तदभावीय प्रतियोगिता साध्यतावच्छेदकवन्निष्ठ भेद प्रतियोगितानवच्छेदकावच्छिन्ना नास्ति । तथाहि साध्यतावच्छेदकवत्-वह्निः, तन्निष्ठ यो हि भेदः-घटो नेत्याकारको भेदः, भेदीय प्रतियोगिताया अवच्छेदकम्-घटत्वम्, अनवच्छेदकम्-वह्नित्वम्, तद-वच्छिन्नत्वं घटाभावीयप्रतियोगितायां नास्ति । अतः नायमभावो लक्षणघटकः। अतो नाव्याप्तिः ।

## शशीलेखा

(૮3) તમે આ પ્રમાણે લક્ષણ બનાવ્યું તેમ છતાં પણ અવ્યાપ્તિ દૂર નથી થવાની **સ્થળ – પર્વતો વહ્નિમાન્ ધૂમાત્**

અહી સાધ્યતાવચ્છેદક - વહ્નિત્વ આ વહ્નિત્વ જયાં જયાં છે

ત્યાં ત્યાં પ્રમેયત્વ રુપેણ ઘટાભાવીય પ્રતિયોગિતા પણ છે. કેમકે પ્રતિયોગિતાત્વેન રુપથી સર્વ પ્રતિયોગિતા એક જ થવાની છે આથી વહ્ન્યભાવીય પ્રતિયોગિતા જેમ સંપૂર્ણ વહ્નિમાં છે તેમ પ્રમેયત્વેન ઘટાભાવીય પ્રતિયોગિતા પણ બધા જ પ્રતિયોગિમાં રહેશે નિયમ પણ છે "સામાન્ય ધર્મેણ વિશેષભાવોઽપિ સામાન્યાભાવ એવ" અર્થાત્ સામાન્ય ધર્મથી વિશેષાભાવ પણ સામાન્યાભાવ જ છે પ્રમેયત્વરુપેણ ઘટાભાવીય પ્રતિયોગિતા નિખિલ પ્રમેય સ્વરૂપ થાય છે.

આમ સાધ્યતાવચ્છેદક વ્યાપકપ્રતિયોગિતાકાભાવ - ઘટાભાવ, તદધિકરણ - પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ આવશે.

આ અવ્યાપ્તિને દૂર કરવા માટે અમે પ્રતિયોગિતામાં "સાધ્યતાવચ્છેદકવન્નિષ્ઠભેદ પ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છિન્નત્વ" નો પ્રવેશ કરશું જેથી અવ્યાપ્તિ દૂર થઈ જશે.

પ્રસ્તુત પર્વતો વહ્નિમાન ધૂમાત્ સ્થળમાં તમે પૂર્વમાં ઘટાભાવ ગ્રહણ કરીને દોષ આપ્યો હતો પરંતુ હવે તે ગ્રહણ નહીં થઈ શકે કેમકે ઘટાભાવીયપ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકવન્નિષ્ઠભેદ પ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છિન્ના નથી પ્રસ્તુતમાં સાધ્ય - વહ્નિ, સાધ્યતાવચ્છેદક - વહ્નિત્વ, તદ્વત્ - વહ્નિ, આ વહ્નિમાં ભેદ મળશે - ઘટો ન, આ ભેદનો પ્રતિયોગિતાવચ્છેદક - ઘટત્વ, અનવચ્છેદક - વહ્નિત્વ, તદવચ્છિન્ન - ઘટાભાવીય પ્રતિયોગિતા નથી આથી ઘટાભાવ એ લક્ષણઘટક નહી બને પરંતુ વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે.

આથી સાધ્યાભાવ - વહ્ન્યભાવ, તદધિકરણ - જલહ્રદ,

તન્નિરુપિત વૃત્તિત્વાભાવ - ધૂમમાં જતાં લક્ષણ સમન્વય થઈ જશે.

## गूढामृतलीला

(८४) तथा च साध्यतावच्छेदकव्यापकप्रतियोगिताकाभावाधिकरण निरूपित वृत्तित्वाभावो व्याप्तिः ।

एवं लक्षणे कृते सति **पर्वतो वह्निमान् धूमादित्यत्रैवाव्याप्तिः** । तथा हि साध्यतावच्छेदकव्यापकप्रतियोगिताकाभावपदेन वह्निघटोभयाभावोऽपि धर्तुं शक्यते । तादृशाभावीयप्रतियोगिता साध्यतावच्छेदकीभूत वह्नित्व व्यापिका वर्तते । तथा च वह्नित्वव्यापकप्रतियोगिताकाभावः - वह्निघटोभयाभावः, तदधिकरण पर्वतादि-निरूपित वृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः ।

## શશીશીલા

(૮૪) લક્ષણનું સ્વરુપ - સાધ્યતાવચ્છેદકવ્યાપક પ્રતિ-યોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિ :

આ પ્રમાણેનું લક્ષણ કરવા છતાં પર્વતો વહ્નિમાન ધૂમાત્ અહીંજ અવ્યાપ્તિ આવી જશે. કેમકે ભલે વ્યાપકત્વ થી પૂર્વ પરિસ્કાર પ્રમાણે ઘટાભાવ ન લઈ શકીએ પરંતુ-વહ્નિ-ઘટ ઉભયાભાવ તો લઈ શકીશું

આમ સાધ્યાભાવ - વહ્નિ - ઘટોભયાભાવ, તદધિકરણ - પર્વતાદિ તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ.

## गूढामृतलीला

(८५) अतस्तद् वारणाय प्रतियोगितायां साध्यतावच्छेदकव्याप्यत्वमपि निवेशनीयम् । अर्थात् साध्यतावच्छेदकसमनियतप्रतियोगिताकाभावाधिकरण निरूपित वृत्तित्वाभावो व्याप्तिः ।

कृते चैतादृशे परिष्कारे नाव्याप्तिः । तथाहि वह्निघटोभयाभावीय प्रतियोगितायां वह्नित्वव्यापकत्वसम्भवेऽपि वह्नित्वव्याप्यत्वाभावाद् वह्नि घटोभयाभावीयप्रतियोगितायाः साध्यतावच्छेदकीभूत वह्नित्व समनियताभावात्

नायमभावो लक्षणघटकः । लक्षणघटकाभावश्च वह्न्याद्यभाव एव । तदधिकरणं जलह्रदादि तन्निरूपित वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## શશીશીલા

(૮૫) આ અવ્યાપ્તિને દૂર કરવા માટે સાધ્યતાવચ્છેદકને વ્યાપ્યત્વ પણ પ્રતિયોગિતામાં નિવેશ કરશું. અર્થાત્ સાધ્યતાવચ્છેદક સમનિયત પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિ :

→ **અહીં સમનિયતત્વ શું છે ?**

→ **સ્વ વ્યાપ્યત્વે સતિ સ્વ વ્યાપકત્વમ્**

આ પ્રમાણેનું લક્ષણ કરવાથી અવ્યાપ્તિ નહીં આવે. કેમકે તમે વહ્નિ-ઘટોભયાભાવ લઈને પૂવમાં દોષ આપ્યો હતો આ અભાવ હવે લક્ષણ ઘટક નહીં બની શકે

કેમકે વહ્નિ ઘટોભયાભાવની પ્રતિયોગિતા વહ્નિત્વની વ્યાપિકા હોવા છતાં પણ વહ્નિત્વ થી વ્યાપ્ય નથી. આથી વહ્નિ ઘટોભયા ભાવીય પ્રતિયોગિતાએ સાધ્યતાવચ્છેદક જે વહ્નિત્વ છે તેની સમનિયત ન બની આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને પરંતુ વહ્ન્યભાવ જ લક્ષણઘટક થઈ શકશે. તેનુ અધિકરણ - જલહ્રદ તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જતાં અવ્યાપ્તિ દૂર થઈ જશે.

## ગૂઢામૃતલીલા

(૮૬) महानसीयवह्न्यभावमादायाव्याप्तिवारणाय साध्यतावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदक रूपवृत्ति र्या प्रतियोगिता तादृश प्रतियोगिताकाभावाधिकरण निरूपित वृत्तित्वाभावो व्याप्तिः । रूपवृत्तित्वञ्च

प्रतियोगितायां स्व निरूपितावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्त्व सम्बन्धेन विवक्षणीयम् ।

कृते चैतादृशपरिष्कारे नाव्याप्तिः । समन्वय प्रकारस्त्वित्थम् । वह्निमान् धूमादित्यादौ साध्यो वह्निः, साध्यतावच्छेदकम् - वह्नित्वम्, साध्यतावच्छेदकता - वह्नित्वे पर्याप्तिसम्बन्धेन वर्तते । साध्यवच्छेदकतानिष्ठयाः सांसर्गिक प्रतियोगिताया अवच्छेदकं यत्साध्यतावच्छेदकतात्वं, तदवच्छिन्ना या साध्यतावच्छेदकतानिष्ठ सांसर्गिकप्रतियोगिता, तादृशप्रतियोगितानिरूपकपर्याप्त्यनुयोगि-वह्नित्वम् तन्निष्ठानुयोगितावच्छेदकम् - यद्वह्नित्वगतैकत्वम्, तत्र वह्नि र्नास्तीत्य भावीयप्रतियोगितैव वर्तते न तु महानसीयवह्निर्नास्तीत्यभावीयप्रतियोगिता ।

तथाहि स्वं वह्नि निष्ठ प्रतियोगिता, तन्निरूपितावच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेन वह्नित्व निष्ठयाः सासर्गिकप्रतियोगितावच्छेदकीभूत प्रतियोगितावच्छेदकतात्वावच्छिन्ना या प्रतियोगितावच्छेदकता निष्ठ सांसर्गिक प्रतियोगिता, तन्निरूपक पर्याप्त्यनुयोगितावच्छेदकीभूत वह्नित्व गतैकत्वे, इति तादृशरूपवृत्ति प्रतियोगिताकाभावो वह्न्यभावः । महानसीय वह्न्यभावीय प्रतियोगिता तु तादृशसम्बन्धेन महानसीयत्व वह्नित्व गत द्वित्वे वर्तते । न तु साध्यतावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकीभूत वह्नित्वगतैकत्वे इति महानसीयवह्न्यभावो न लक्षणघटकः । महानसीयवह्निसाध्यकस्थले तु साध्यतावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकीभूत महानसीयत्व वह्नित्व गत द्वित्वे महानसीय वह्न्यभावीय प्रतियोगितैव वर्तते, न तु प्रत्येकाभावीयप्रतियोगिता, तत्र महानसीयाभावीयप्रतियोगिता महानसीयत्वत्वे, एवं वह्न्यभावीयप्रतियोगिता वह्नित्वगतैकत्वे इति तयो र्व्युदासः ।

परन्तु तन्न प्रतिभाति सम्यक् । यतो हि महानसीयवह्निमान् तज्ज्ञानत्वादित्यादावव्याप्तिः । तत्र साध्याभावपदेन वह्नि महानसीयाभावोऽपि धर्तुं शक्यते । तथा च प्रकृते साध्यतावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकरूपम् - महानसीयत्वं, वह्नित्वगतद्वित्वम् । तत्र रूपवृत्ति प्रतियोगिता वह्नि महानसीयाभावीय वह्निमहानसीयनिष्ठ प्रतियोगिता तु स्व निरूपितावच्छेदकतात्वा-

वच्छिन्नप्रतियोगिताकपर्याप्त्यनुयोगितावच्छेदकत्व सम्बन्धेन वर्तते । स्वं - वह्नि-महानसीयाभावीयप्रतियोगिता । अतः रूपवृत्ति प्रतियोगिताकाभावः वह्नि-महानसीयाभावः, तदधिकरणम्, - महानसीयवह्नि विषयकं ज्ञानम्, तन्निरूपित वृत्तितैव तज्ज्ञानत्वे, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः इति चेन्न ।

## શશીશીલા

(૮૬) પૂર્વમાં પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આ સ્થળમાં મહાનસીયવહ્ન્યભાવ ને ગ્રહણ કરીને જે દોષ આવતો હતો તેને દૂર કરવા માટે પર્યાપ્તિઘટિત લક્ષણ બનાવ્યું.

લક્ષણ :- સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક રુપવૃત્તિ યા પ્રતિયોગિતા તાદૃશ પ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિઃ રુપવૃત્તિત્વં ચ પ્રતિયોગિતાયાં સ્વ નિરુપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્તનુયોગિતાવચ્છેદકત્વ સમ્બન્ધેન ।

આ પ્રમાણે લક્ષણ બનાવશું તો કોઈ દોષ નહીં આવે.

લક્ષણ સમન્વય :- વહ્નિમાન ધૂમાત્ અહીં સાધ્ય - વહ્નિ સાધ્યતાવચ્છેદક-વહ્નિત્વ, સાધ્યતાવચ્છેદકતા - વહ્નિત્વમાં પર્યાપ્તિ સંબંધથી છે. "સમ્બન્ધમાત્રસ્ય કિઞ્ચિદનુયોગિકત્વં કિઞ્ચિદ્ પ્રતિયોગિકત્વમ્" સંબંધનો એક અનુયોગી છે અને એક પ્રતિયોગી છે "આધારસ્તુ અનુયોગી આધેયસ્તુ પ્રતિયોગી"

અહીં પણ પર્યાપ્તિ સંબંધ છે. અવચ્છેદકતા રહે છે અને વહ્નિત્વ તેને રાખે છે આથી અવચ્છેદકતા - પ્રતિયોગિ બનશે. વહ્નિત્વ-અનુયોગિ બનશે. સાધ્યતાવચ્છેદકતા પર્યાપ્તિ સંબંધની પ્રતિયોગિ બની. આથી સાધ્યતાવચ્છેદકમાં સાંસર્ગિક (સંસર્ગ સંબંધી) પ્રતિયોગિતા આવી.

અહીં સાધ્યતાવચ્છેદકતા નિષ્ઠા જે સાંસર્ગિક પ્રતિયોગિતા આવી. તે પ્રતિયોગિતાનો અવચ્છેદક - સાધ્યતાવચ્છેદકતાત્વ, તદવચ્છિન્ન - સાધ્યતાવચ્છેદકતા નિષ્ઠા સાંસર્ગિક પ્રતિયોગિતા, આ પ્રતિયોગિતાનો નિરુપક પર્યાપ્તિ સંબંધ નો અનુયોગિ - વહ્નિત્વ, અનુયોગિતા - વહ્નિત્વમાં, અનુયોગિતાવચ્છેદક - વહ્નિત્વ ગત એકત્વમાં આવી. આ વહ્નિત્વ ગત એકત્વમાં રુપવૃત્તિ જોવાની, ત્યાં રુપવૃત્તિ સમાન થતી હોય તો અભાવ લક્ષણ ઘટક બની શકે અને રુપવૃત્તિ સમાન ન થાય તો તે અભાવ ન લઈ શકાય. વહ્નિત્વ ગત એકત્વમાં વહ્ન્યભાવીય પ્રતિયોગિતા જ મળશે પરંતુ મહાનસીયવહ્ન્યભાવીય પ્રતિયોગિતા નહીં મળે.

અનુયોગિતાવચ્છેદક (વહ્નિત્વ ગતએકત્વ)માં રુપવૃત્તિ :- સ્વ-વહ્નિનિષ્ઠા પ્રતિયોગિતા, તન્નિરુપિતાવચ્છેદકતા - વહ્નિત્વમાં પર્યાપ્તિ સંબંધ થી રહેશે, આ સાંસર્ગિક પ્રતિયોગિતાવચ્છેદકી ભૂત જે પ્રતિયોગિતાવચ્છેદકતાત્વ તેનાથી અવચ્છિન્ન - પ્રતિયોગિતા-વચ્છેદકતાનિષ્ઠા સાંસર્ગિકપ્રતિયોગિતા, તન્નિરુપક પર્યાપ્તિ સંબંધનો અનુયોગિતાવચ્છેદક - વહ્નિત્વ ગત એકત્વ બનશે. આથી રુપવૃત્તિ સમાન થતાં પ્રસ્તુત વહ્ન્યભાવ લક્ષણ ઘટક બનશે.

જ્યારે મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતા આ સંબંધથી મહાનસીયત્વ, વહ્નિત્વ ગત દ્વિત્વમાં રહેશે આથી અભાવ લક્ષણ ઘટક નહીં બને સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિ. પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદકી ભૂત - વહ્નિત્વ ગત એકત્વમાં મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતા નિરુપિતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્તિનુયોગિતાવચ્છેદકત્વ - મહાનસીયત્વ વહ્નિત્વ ગત દ્વિત્વ બનતાં રુપવૃત્તિ સમાન નહીં થાય. આથી મહાનસીય વહ્નિત્વ ગત દ્વિત્વ બનતાં રુપવૃત્તિ સમાન નહીં થાય. આથી

મહાનસીય વહ્ન્યભાવ લક્ષણ ઘટક નહીં બને આથી મહાનસીય વહ્નયભાવને લઈને દોષ નહીં આપી શકાય.

જયારે મહાનસીય વહ્નિ-સાધ્ય હશે ત્યાં "સાધ્યતાવચ્છેદકતા-ત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક" મહાનસીયત્વ વહ્નિત્વ ગત દ્વિત્વ બનશે. અને આ દ્વિત્વમાં રુપવૃત્તિ સમાન તો મહાનસીય વહ્ન્યભાવની જ મળશે. અર્થાત્ પ્રત્યેકા-ભાવીય પ્રતિયોગિતા નહીં બને કેમકે તે તો મહાનસીયત્વત્વમાં અથવા વહ્નિત્વ ગત એકત્વ માં રહેશે. કેમકે અભાવ મહાનસીયાભાવ અને વહ્ન્યભાવ છે. આથી અવચ્છેદકતા એક એક માં જ રહેશે. આથી આ મહાનસીયાભાવ કે વહ્ન્યભાવ લઈને અતિવ્યાપ્તિ નથી લાગતી.

પરંતુ તમારું આ કથન યુક્ત નથી. કેમકે પર્યાપ્તિ ઘટિત લક્ષણ બનાવવા છતાંપણ મહાનસીયવહ્નિમાન્ તદ્દજ્ઞાનત્વાત્ આ સ્થળમાં અવ્યાપ્તિ લાગશે. કેમકે અહીં સાધ્યાભાવ પદથી અમે વહ્નિમહાનસીયાભાવ પણ લઈ શકશું.

પ્રસ્તુતમાં સાધ્ય - મહાનસીયવહ્નિ, સાધ્યતાવચ્છેદકતાત્વા વચ્છિન્નપ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદકરુપ - મહાનસીયત્વ, વહ્નિત્વ ગત દ્વિત્વ થશે. આ દ્વિત્વમાં રુપવૃત્તિ પ્રતિયોગિતાની સમાન થશે.

સ્વ પદથી અહીં વહ્નિમહાનસીયાભાવીય વહ્નિ મહાનસીય નિષ્ઠ પ્રતિયોગિતા ગ્રહણ થશે. આથી સ્વનિરુપિતાવચ્છેદકતા - વહ્નિ મહાનસીયાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકતા તાદૃશ અવચ્છેદકતાત્વાચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતા - વહ્નિત્વ, મહાનસીયત્વમાં અનુયોગિતાવચ્છેદક - વહ્નિત્વ મહાનીસયત્વ ગત દ્વિત્વ, આમ રુપવૃત્તિ સમાન થતાં વહ્નિ મહાનસીયાભાવ લક્ષણ ઘટક બનશે.

· ધ્યાન રાખવું કે મહાનસીય વહ્નિ વિષયક જ્ઞાન ભિન્ન છે અને વહ્નિમહાનસીય વિષયક જ્ઞાન ભિન્ન છે. આથી વહ્નિમહાનસીયાભાવ નું અધિકરણ-મહાનસીય વહ્નિ વિષયક જ્ઞાન બનશે. તન્નિરુપિત વૃત્તિતા-તદ્દજ્ઞાનત્વમાં જશે. વૃત્તિત્વાભાવ તદ્દજ્ઞાનત્વમાં ન જતાં અવ્યાપ્તિ આવશે. જો તમે આવું કથન કરો તો ન કરતાં.

## गूढामृतलीला

(८७) द्वित्वस्यापेक्षाबुद्धिविशेषविषयत्वरूपेण धीभेदेन भिन्नत्वात्, धीभेदस्य विषयताभेदकत्वात् । तथा च साध्यतावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताकपर्याप्त्यनुयोगितावच्छेदकं यद्रूपं - महानसीयत्वं, वह्नित्वगत द्वित्वम्, अथ च वह्निमहानसीयाभावीयप्रतियोगिता निरूपितावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताकपर्याप्त्यनुयोगितावच्छेदकं यद् रूपं - वह्नित्वं महानसीयत्वगत द्वित्वम। तयो र्द्वित्वयो परस्परं भेदेन । एवं महानसीयवह्निमान्, वह्निमहानसीयवानिति ज्ञानयोर्वैलक्षण्यञ्च - महानसीयः वह्निमानिति ज्ञाने वह्नित्वं धर्मितावच्छेदकीकृत्य महानसीयत्वं भासते । वह्निः महानसीयवानित्यत्र य महानसीयत्वं धर्मितावच्छेदकीकृत्य वह्नित्वं भासते । इति तयो र्विपरित शाब्दधीः । सुन्दरः पर्वतः, पर्वतः सुन्दर इति शाब्धघीः यथा जायते तथैवात्रापि ।

अतः रूपवृत्ति प्रतियोगिता वह्नि महानसीयाभावीय प्रतियोगिता न जाता । अतो नायमभावो लक्षणघटकः । महानसीयवह्न्यभावमादाय लक्षणसमन्वयः ।

## શશીશીલા

(૮૭) દ્વિત્વ અપેક્ષાબુદ્ધિથી ઉત્પન્ન થાય છે. અને અપેક્ષાબુદ્ધિ અનિત્ય અને ભિન્ન ભિન્ન હોય છે. આથી તેનાથી ઉત્પન્ન થનાર દ્વિત્વ પણ ભિન્ન ભિન્ન થશે. આથી જ્ઞાનના ભેદથી વિષય ભિન્ન ભિન્ન થશે. વિષય ભેદમાં જ્ઞાનભેદક થાય છે.

પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક

પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક જે મહાનસીયત્વ વહ્નિત્વ ગત દ્વિત્વ છે, અને વહ્નિ મહાનસીયાભાવીયપ્રતિયોગિતાનિરુપિતાવચ્છેદકતા ત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક જે વહ્નિત્વ મહાનસીયત્વ ગત દ્વિત્વ છે તે પરસ્પરમાં ભિન્ન ભિન્ન છે.

કેમકે મહાનસીય વહ્નિમાન્ અને વહ્નિ મહાનસીયવાન્ આ બંને જ્ઞાનમાં કાંઈક વૈલક્ષણ્ય પણ છે. જેમ મહાનસીય વહ્નિમાન્ આ જ્ઞાનમાં ધર્મી વહ્નિ છે ધર્મિતાવચ્છેદક=વહ્નિત્વ છે. તેમાં મહાનસીયત્વનો અવભાસ થાય છે. જ્યારે વહ્નિ મહાનસીયવાન્ આ જ્ઞાનમાં મહાનસીયત્વ ને ધર્મિતાવચ્છેદક બનાવીને વહ્નિત્વ પ્રકાર વિધેયા ભાસિત થાય છે આથી બંને જ્ઞાન માં જેમ પર્વત સુંદર છે અને સુંદર પર્વત છે આમાં અલગ અલગ શાબ્દબોધ થાય છે. તેમ આ બંને જ્ઞાનમાં પણ પરસ્પર વિપરિત શાબ્દબોધ થશે.

એકવાર વહ્નિ મુખ્ય વિશેષ્યક શાબ્દબોધ અને એકવાર મહાનસીય મુખ્ય વિશેષ્યક શાબ્દબોધ થશે. આ રીતે રુપવૃત્તિ પ્રતિયોગિતાકાભાવ પદ થી વહ્નિ મહાનસીયાભાવ લક્ષણ ઘટક નહીં બની શકે પરંતુ મહાનસીયવહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બનશે. આથી અવ્યાપ્તિ નહીં આવી શકે.

## गूढामृतलीला

(८८) एवं लक्षणे कृते सति यत्राव्याप्तिवारणार्थं पर्याप्तिघटितकल्पं स्वीक्रियते तत्राव्याप्तिस्तु दुरुद्धरैव । अर्थात् पर्वतो वह्निमान् धूमादित्यत्र महानसीय वह्न्यभाववारणासम्भवः । तादृशमहानसीयवह्न्यभावीय प्रतियोगितानिरूपिता वच्छेदकताया अवच्छेदकतात्वेनरूपेण व्यासज्यवृत्तित्वेपि स्वनिरूपितवह्नित्व वृत्तित्वविशिष्टनिष्ठावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताकपर्याप्त्यनुयोगिता-वच्छेदकत्वसम्बन्धेन महानसीयवह्न्यभावीयप्रतियोगितापि वह्नित्वगतैकत्वरूपे सत्त्वात् ।

तथाहि साध्यतावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकं यद् रूपं प्रकृते वह्नित्वगतैकत्वम्, तत्र रूपवृत्तिः महानसीय वह्न्यभावीय प्रतियोगिता पूर्वोक्त सम्बन्धेन विवक्षिता । तत्र स्वं - महानसीय वह्न्यभावीय प्रतियोगिता, तादृशीप्रतियोगितानिरूपितावच्छेदकता - वह्नित्व वृत्तित्वविशिष्टनिष्ठावच्छेदकता, तादृशावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकं रूपमपि वह्नित्वगतैकत्वमेव ।

अतः रूपवृत्ति प्रतियोगिताकाभावपदेन महानसीयवह्न्यभावोऽपि धर्तुं शक्यते । तदभावाधिकरणीभूत पर्वतादिनिरूपितवृत्तितैव धूमे सत्त्वात्, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૮૮) આ પ્રમાણેનું લક્ષણ કરવા છતાં પણ જે અવ્યાપ્તિને દૂર કરવા માટે પર્યાપ્તિ ઘટિત કલ્પ સ્વીકાર્યો છે ત્યાં જ અવ્યાપ્તિ લાગી જશે. કેમકે મહાનસીયવહ્ન્યભાવીયપ્રતિયોગિતાથી નિરુપિત જે અવચ્છેદકતા તે અવચ્છેદકતાત્વધર્મથી યુક્ત હોવાથી જો કે બંનેમાં રહેશે. તો પણ વહ્નિત્વ વૃત્તિત્વ વિશિષ્ટ નિષ્ઠાવચ્છેદકતાત્વ રુપ ધર્મથી યુક્ત અવચ્છેદકતા કેવલ વહ્નિત્વ માત્રમાં રહેશે. આ અવચ્છેદકતાનો અનુયોગિ-વહ્નિત્વ બનશે અનુયોગિતાવચ્છેદક-વહ્નિત્વ ગત એકત્વ બનશે. સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક જે રુપ તે પણ વહ્નિત્વ ગત એકત્વમાં રહેશે. આથી રુપવૃત્તિ પ્રતિયોગિતા-મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતા થઈ જશે. આવો અભાવ મહાનસીય વહ્ન્યભાવ, તદધિકરણ-પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ધૂમમાં ન જતાં અવ્યાપ્તિ લાગી જશે.

## गूढामृतलीला

(८९) अतस्तद् वारणाय स्वनिरूपितावच्छेदकतात्वावच्छिन्न प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्वरूपसम्बन्धकोटौ निरूपितत्वसम्बन्धावच्छिन्न स्वनिष्ठ-वच्छेदकताया भिन्नत्वे सति अवच्छेदकतात्व-निष्ठवच्छेदकताभिन्ना याऽन्या-वच्छेदकता तद-निरूपिका, अथ चैतादृशावच्छेदकताद्वय निरूपिका यावच्छेदकता-निष्ठसांसर्गिकप्रतियोगिता तादृशप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्वं विवक्षितम् ।

कृते चैतादृश्यां विवक्षायां महानसीयवह्न्यभावीयप्रतियोगिता निरूपिता-वच्छेदकताया निरूपितत्वसम्बन्धावच्छिन्नमहानसीयत्ववह्नित्व निष्ठ-वच्छेदकता भिन्नत्वेन, अवच्छेदकतात्वनिष्ठवच्छेदकता भिन्नत्वेन च तत्तद्व्यक्तिवृत्तित्व-वैशिष्ट्य निष्ठवच्छेदकत्वेन निरूपिततया रूपवृत्तिप्रतियोगिता न जाता ।

यतो हि महानसीयत्ववह्नित्वनिष्ठावच्छेदकता भिन्नत्वे सति अवच्छेदकतात्व-निष्ठवच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तदनिरूपिका, अथ च महानसीयत्व वह्नित्व निष्ठवच्छेदकता निरूपिका यावच्छेदकतानिष्ठसांसर्गिक प्रतियोगिता तादृश प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकरूपम् - महानसीयत्वं, वह्नित्वगत द्वित्वमेव । अतः रूपवृत्ति प्रतियोगिता न जाता ।

अतः नायमभावो लक्षणघटकः । वह्न्यभावमादाय लक्षण समन्वयः ।

## शशीशीला

(८९) પૂર્વોક્ત દોષ દૂર કરવા માટે "સ્વ નિરુપિતાવચ્છેદક-તાત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક સ્વરુપ" સંબંધની નિરુપિતત્વ સંબંધાવચ્છિન્ન સ્વ નિષ્ઠ અવચ્છેદકતાથી ભિન્ન, એવં અવચ્છેદકતાત્વ નિષ્ઠ અવચ્છેદકતાથી ભિન્ન જે અન્ય અવચ્છેદકતા તેની અનિરુપિકા તથા આ બંને અવચ્છેદકતાથી નિરુપિત જે અવચ્છેદકતામાં રહેવાવાળી સાંસર્ગિક પ્રતિયોગિતા

તે પ્રતિયોગિતાથી નિરુપિત પર્યાપ્તિ સંબંધનો અનુયોગિતાવચ્છેદક ધર્મની અહીં વિવક્ષા કરવામાં આવે છે.

આવું કહેવાથી મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતાથી નિરુપિત જે વહ્નિત્વ વૃત્તિત્વ વિશિષ્ટ નિષ્ઠ જે અવચ્છેદકતા છે તે મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન અવચ્છેદકતાત્વ નિષ્ઠ અવચ્છેદકતાથી ભિન્ન જે વહ્નિત્વ વૃત્તિત્વ વૈશિષ્ટ્ય છે તેનાથી નિરુપિત જ છે. અનિરુપિત નથી.

આથી સ્વનિરુપિતાવચ્છેદકતા પદથી વહ્નિત્વ વૃત્તિત્વ નિષ્ઠાવચ્છેદકતા નહીં લેવાય પરંતુ મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા જ લેવાશે. આ અવચ્છેદકતાથી નિરુપિત પર્યાપ્તિ સંબંધનો અનુયોગિતાવચ્છેદક ધર્મ-મહાનસીયત્વ વહ્નિત્વ ગત દ્વિત્વ થશે. આથી પ્રતિયોગિતા રુપવૃત્તિ ન થઈ, આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને. વહ્ન્યભાવને લઈને લક્ષણ સમન્વય થઈ જશે.

## गूढामृतलीला

(९०) एवं लक्षणे कृते सति पुनः **पर्वतो वह्निमान् धूमादित्यत्र महानसीयवह्न्यभावमादायाव्याप्ति तादवस्थ्यमेव ।**

तथाहि साध्यतानिरूपितावच्छेदकतात्वावच्छिन्नप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकं रूपम् - वह्नित्वगतैकत्वम्, तत्र रूपवृत्ति महानसीय वह्न्यभावीय प्रतियोगिता जाता । स्व - महानसीय वह्न्यभावीय प्रतियोगिता, स्व निरूपितावच्छेदकता-वह्नित्ववृत्तित्वविशिष्टनिष्ठवच्छेदकता, तादृशावच्छेदकता निष्ठसांसर्गिक प्रतियोगितायां महानसीयत्ववह्नित्वनिष्ठवच्छेदकताभिन्नत्वे सति, अवच्छेदकतात्वनिष्ठवच्छेदकता भिन्ना यान्यावच्छेदकता - तत्तद् व्यक्तिवृत्तित्ववैशिष्ट्यनिष्ठवच्छेदकता, तन्निरूपकत्व सत्त्वेऽपि तादृशावच्छेदकतानिरूपकत्व घटोभया

निरूपिकावच्छेदकतानिष्ठसांसर्गिक प्रतियोगिता जाता । तादृश प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकं रूपम् - वह्नित्वगतैकत्वं जातम् ।

अतः रूपवृत्ति प्रतियोगिता महानसीयवह्न्यभावीय प्रतियोगिता जाता । तादृश प्रतियोगिताकाभावः - महानसीय वह्न्यभावः, तदधिकरण पर्वतादि निरूपित वृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः ।

## શશીશીલા

(૯૦) આ પ્રમાણેનું લક્ષણ કરવા છતાંપણ પર્વતો વહ્નિમાન્ ધૂમાત્માં મહાનસીયવહ્ન્યભાવને લઈને અવ્યાપ્તિ લાગશે જ.

કેમકે સાધ્યતાવચ્છેદકતાત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક પર્યાપ્ત્યનુયોગિતાવચ્છેદક રુપ જે વહ્નિત્વ ગત એકત્વ છે ત્યાં મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતા રુપવૃત્તિ થઈ જશે.

સ્વ પદથી મહાનસીયવહ્ન્યભાવીય પ્રતિયોગિતા તેનાથી નિરુપિતાવચ્છેદકતા-વહ્નિત્વ વૃત્તિત્વનિષ્ઠાવચ્છેદકતા, આ અવચ્છેદકતામાં રહેવાવાળી જે સાંસર્ગિક પ્રતિયોગિતા છે તેમાં મહાનસીયત્વ, વહ્નિત્વ નિષ્ઠ અવચ્છેદકતાથી ભિન્ન, અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન જે વહ્નિત્વ વૃત્તિત્વ વિશિષ્ટ નિષ્ઠાવચ્છેદકતા તેનાથી નિરૂપિત થવા છતાં પણ વહ્નિત્વ વૃત્તિત્વ વિશિષ્ટ નિષ્ઠાવચ્છેદકતા નિરુપકત્વ, ઘટ એતદ્ ઉભયથી અનિરુપિતા અવચ્છેદકતામાં રહેવાવાળી સાંસર્ગિક પ્રતિયોગિતા થઈ જશે. આ પ્રમાણેની પ્રતિયોગિતાથી નિરુપિત પર્યાપ્તિ સંબંધનો અનુયોગિતાવચ્છેદક રુપ વહ્નિત્વ ગત એકત્વ થઈ જશે. આથી રુપવૃત્તિ પ્રતિયોગિતા થી નિરુપિત મહાનસીય વહ્ન્યભાવ થઈ જશે. આ અભાવનું અધિકરણ-પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ન જવાથી અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(९१) अतस्तद् वारणाय निरूपितत्वसम्बन्धावच्छिन्न स्व निष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्वनिष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तादृशावच्छेदकत्वा निरूपकेत्यनेन (तादृशावच्छेदकता) निरूपकत्वत्वनिष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकत्वनिष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तदनिरूपिका, अथ चेदृशावच्छेदकताद्वयनिरूपिका या निरूपकत्व निष्ठ प्रतियोगिता तादृश प्रतियोगिताकाभावस्य विवक्षितत्वात् ।

एतादृशविवक्षाकृते सति न पूर्वोक्ताव्याप्तिः । तथाहि पर्वतो वह्निमान् धूमादित्यत्र यो हि महानसीयवह्न्यभावो गृहीतः तन्न लक्षणघटकः । यतो हि महानसीयत्व वह्नित्व निष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्व निष्ठावच्छेदकता भिन्ना यान्यावच्छेदकता, एवञ्च निरूपकत्वत्व निष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकत्व निष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तदनिरूपिका अथ चेदृशावच्छेदकताद्वयनिरूपिका या निरूपकत्वनिष्ठप्रतियोगिता, तादृश प्रतियोगिताकाभावपदेन तत्तद्व्यक्तिवृत्तित्ववैशिष्ट्यनिष्ठावच्छेदकता निरूपकत्वघटोभयाभावो ग्रहीतुं न शक्यते । तादृशावच्छेदकता निरूपकत्वघटोभयाभावीय प्रतियोगिताया निरूपकत्वत्वनिष्ठावच्छेदकता भिन्नेन घटत्वनिष्ठावच्छेदकत्वेन निरूपकत्वात्, रूपवृत्ति प्रतियोगिताकाभावपदेन महानसीयवह्न्यभावो ग्रहीतुमशक्यः । अतः न तमादायाव्याप्तिः सम्भवति ।

## શશીશીલા

(૯૧) આવતી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે "નિરુપિતત્વ સમ્બન્ધાવચ્છિન્ન સ્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના સતિ અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના યાન્યાવચ્છેદકતા તાદૃશાવચ્છેદકતાઽનિરૂપકત્વ" આ અંશથી "નિરુપકત્વત્વ નિષ્ઠાવચ્છેદકતા તદનિરુપિતા" એવં આ બંને અવચ્છેદકતાથી નિરુપિત જે નિરુપકત્વ નિષ્ઠ

પ્રતિયોગિતા છે આ પ્રતિયોગિતાથી નિરુપિત જ અભાવની અમે વિવક્ષા કરી છે.

આવું કરવાથી પૂર્વોક્ત અવ્યાપ્તિ નહી આવે. કેમકે પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આ સ્થળમાં જે તમે મહાનસીયવહ્ન્યભાવ લીધો છે તે લક્ષણ ઘટક નહીં થાય કેમકે મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન હોવાની સાથે સાથે અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન જે અન્ય અવચ્છેદકતા, અને નિરૂપકત્વત્વનિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન હોવાની સાથે સાથે અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન જે અન્ય અવચ્છેદકતા તેનાથી અનિરુપિત, અને આ બંને અવચ્છેદકતાથી નિરુપિત જે નિરુપકત્વ નિષ્ઠા પ્રતિયોગિતા, આવી પ્રતિયોગિતાથી નિરુપક જે અભાવ, આ અભાવ પદથી વહ્નિત્વવૃત્તિત્વવિશિષ્ટનિષ્ઠાવચ્છેદકતા નિરુપકત્વ ઘટોભયાભાવ નહીં લઈ શકાય.

કેમકે વહ્નિત્વવૃત્તિત્વવિશિષ્ટનિષ્ઠાવચ્છેદકતા નિરુપકત્વ ઘટોભયાભાવીય જે પ્રતિયોગિતા છે તે નિરુપકત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન ઘટત્વ નિષ્ઠ અવચ્છેદકતાથી નિરુપિત જ છે અનિરુપિત નથી આથી રુપવૃત્તિ પ્રતિયોગિતાકાભાવ પદથી મહાનસીય વહ્ન્યભાવ નહીં લઈ શકાય આથી આ અભાવને લઈને અવ્યાપ્તિ નહીં લાગે.

## गूढामृतलीला

(९२) तथापि तत्रैव पुनरव्याप्तिः । यतो हि पुनः पूर्वोक्तरीत्यैव महानसीय-वह्न्यभावीयप्रतियोगितानिरूपितावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्व निष्ठवच्छेदकता भिन्ना यान्यावच्छेदकता तन्निरूपित निरूपकत्वत्व निष्ठ-वच्छेदकता भिन्ना सति अवच्छेदकत्वनिष्ठवच्छेदकताभिन्ना याऽन्यावच्छेदकता

तन्निरूपितनिरूपकत्वत्वनिष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्वनिष्ठा-वच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तादृशावच्छेदकता निरूपकत्व घटोभयत्वानिरूपिकेयं महानसीय वह्न्यभावीय प्रतियोगिता निरूपितावच्छेदकता निष्ठ सांसर्गिक प्रतियोगिता, तादृशप्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकं रूपम् वह्नित्वगतैकत्वम् । अतः रूपवृत्ति प्रतियोगिताकाभावः - महानसीय वह्न्यभावः । तदधिकरणपर्वतादि निरूपितवृत्तित्वाभावस्य धूमेऽभावादव्याप्तिः ।

## શશીશીલા

(૯૨) તો પણ આ જ પદ્ધતિથી આ જ સ્થળમાં અવ્યાપ્તિ પુનઃ લાગી જશે.

કેમકે મહાનસીય વહ્ન્યભાવીયપ્રતિયોગિતા નિરુપિતા-વચ્છેદકતા ભિન્ન હોવાની સાથે સાથે અવચ્છેદકતાત્વ નિષ્ઠ અવચ્છેદકતાથી ભિન્ન જે અન્યાવચ્છેદકતા છે તેનાથી નિરુપિત નિરુપકત્વત્વ નિષ્ઠાવચ્છેદકતા થી ભિન્ન હોવાની સાથે સાથે અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન જે અન્યાવચ્છેદકતા તન્નિરુપકત્વત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન જે અન્યાવચ્છેદકતા તાદૅશાવચ્છેદકતા નિરુપકત્વ ઘટોભયત્વથી અનિરુપિકા મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતા નિરુપિતાવચ્છેદકતા નિષ્ઠ સાંસર્ગિક પ્રતિયોગિતા, તાદૅશ પ્રતિયોગિતાથી નિરુપિત પર્યાપ્તિ સંબંધનો અનુયોગિતા વચ્છેદક રુપ વહ્નિત્વ ગત એકત્વ થશે.

આથી રુપવૃત્તિપ્રતિયોગિતાકાભાવ પદથી મહાનસીય વહ્ન્યભાવ લઈ શકાશે. તદધિકરણ પર્વતાદિ થી નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

## गूढामृतलीला

(९३) यदि तत्रापि निरूपितत्व सम्बन्धावच्छिन्न स्व निष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्व निष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तन्निरूपित निरूपकत्वत्वनिष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकत्वनिष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तन्निरूपित निरूपकत्वत्व निष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्वनिष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तंन्निरूपित निरूपकत्वनिष्ठावच्छेदकता भिन्ना सति अवच्छेदकतात्वनिष्ठावच्छेदकता भिन्ना याऽन्यावच्छेदकता तदनिरूपिका या सांसर्गिक प्रतियोगिता, तादृश प्रतियोगिताक पर्याप्त्यनुयोगितावच्छेदकत्वम् सम्बन्धपदेन विवक्षितम् ।

तदैतादृशाऽप्रामाणिकानन्तकल्पनासमाप्त्यभावरूपानवस्थापत्तिः स्यात् ।

## शशीशीला

(૯૩) જો તમે આ અવ્યાપ્તિને દૂર કરવા માટે "નિરુપિતત્વ સમ્બન્ધાવચ્છિન્ન સ્વનિષ્ઠાવચ્છેદકતા ભિન્ના સતિ અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના યાઽન્યાવચ્છેદકતા" તેનાથી નિરુપિત નિરુપકત્વત્વ નિષ્ઠાવચ્છેદકતાથી ભિન્ન હોવાની સાથે સાથે "અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના યાઽન્યાવચ્છેદકતા" તેનાથી નિરુપિત "નિરુપકત્વત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના સતિ અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના યાઽન્યાવચ્છેદકતા" તેનાથી નિરુપિત "નિરુપકત્વત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના સતિ અવચ્છેદકતાત્વ નિષ્ઠાવચ્છેદકતા ભિન્ના યાઽન્યાવચ્છેદકતા" તેનાથી અનિરુપિત જે સાંસર્ગિક પ્રતિયોગિતા છે. તે સાંસર્ગિક પ્રતિયોગિતાથી નિરુપિત પર્યાપ્તિ સંબંધનો અનુયોગિતાવચ્છે. ધર્મવત્વ સંબંધ જો વિવક્ષિત કરો તો અપ્રામાણિક અનંતકલ્પનાની સમાપ્તિના અભાવરુપ અનવસ્થાની આપત્તિ આવી જશે.

આથી આ પરિષ્કાર પૂર્વક અવ્યાપ્તિનું વારણ અસંભવ બની જશે.

## गूढामृतलीला

(९४) अतस्तद् वारणाय साध्यताविशिष्टप्रतियोगिताकाभाव एव साध्याभावपदेन विवक्षितत्वात् । तथा च लक्षणस्वरूपम् - साध्यताविशिष्ट प्रतियोगिताकाभावाधिकरणनिरूपितवृत्तित्वाभावो व्याप्तिः । प्रतियोगितायां साध्यता वैशिष्ट्यञ्च स्व निरूपितावच्छेदकताविशिष्टान्यावच्छेदकत्वानिरूपितत्व स्व वृत्तित्वैतदुभयसम्बन्धेन । अवच्छेदकतावैशिष्टयञ्च अवच्छेदकतायां स्व सामानाधिकरण्य, स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्व, स्वानवच्छेदकानवच्छिन्नत्व, स्व वृत्तित्वैतच्चतुष्टय सम्बन्धेन । स्ववृत्तित्वञ्च स्वानवच्छेदकानवच्छिन्नत्व-सम्बन्धेन । स्व वृत्तित्वञ्च स्व निरूपितावच्छेदकताविशिष्टान्या-वच्छेदकत्वा निरूपकत्व सम्बन्धेन । तत्रापि अवच्छेदकतावैशिष्टयञ्च अवच्छेदकतायां स्व-सामानाधिकरण्य, स्वावच्छेदक सम्बन्धावच्छिन्नत्व, स्वानवच्छेदकानवच्छिन्नत्व, स्व वृत्तित्वैतच्चतुष्टय सम्बन्धेन । स्ववृत्तित्वमपि स्वानवच्छेदकानवच्छिन्नत्व-सम्बन्धेन ।

कृते चैतादृशे लक्षणे पर्वतो वह्निमान् धूमादित्यत्र महानसीयवह्न्यभावो न लक्षणघटकः । तथा हि साध्यता - वह्नि निष्ठ, तद्वैशिष्ट्यं प्रतियोगितायां स्व निरूपितावच्छेदकता विशिष्टान्यावच्छेदकत्वानिरूपितत्व, स्व वृत्तित्वैतदुभय सम्बन्धेन विवक्षितः ।

तत्र स्वम्- वह्नित्वनिष्ठसाध्यतावच्छेदकता, तस्य सामानाधिकरण्यं महानसीयत्व, वह्नित्वनिष्ठप्रतियोगितावच्छेदकतायामस्ति, अथ च स्व - वह्नित्व निष्ठावच्छेदकता, तदवच्छेदकसम्बन्धावच्छिन्नत्वं - महानसीयत्ववह्नित्वनिष्ठ-प्रतियोगितावच्छेदकतायामस्ति । एवञ्च वह्नित्वनिष्ठावच्छेदकताया अनवच्छेदकी-भूतो यो धर्मः महानसीयत्वत्वरूपो धर्मः तदवच्छिन्नत्वमेव वर्तते, न तु

अनवच्छिन्नत्वम् । स्व वृत्तित्वञ्च स्वानवच्छेदकानवच्छिन्नत्वसम्बन्धेन ।

तत्र स्व - वह्नित्व, महानसीयत्वनिष्ठाप्रतियोगितावच्छेदकता, तस्यानवच्छेदकी भूतो यो धर्मः घटत्वपटत्वादि रूपो धर्मः, तदनवच्छिन्नेयं - वह्नित्व निष्ठावच्छेदकता तु जाता । अतः तृतीय सम्बन्धाभावान्नायमभावो लक्षणघटकः । लक्षणघटकाभावो वह्न्यभाव एव । तदधिकरणजलह्रदादिनिरूपित वृत्तित्वाभावस्य धूमे सत्त्वान्नाव्याप्तिः ।

## शशीशीला

(૯૪) આથી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે અન્ય લક્ષણ બનાવીએ છીએ. લક્ષણમાં સાધ્યાભાવ પદથી સાધ્યતા થી વિશિષ્ટ પ્રતિયોગિતાકાભાવ જ સાધ્યાભાવથી વિવક્ષિત છે.

પ્રતિયોગિતામાં સાધ્યતા વૈશિષ્ટ્યના નિયામક સંબંધ બ છે.

(૧) સ્વનિરુપિતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકત્વા નિરુપિતત્વ,

(૨) સ્વવૃત્તિત્વ, આ બંને સંબંધની મધ્યમાં પ્રથમ સંબંધ ઘટક સ્વ નિરુપિતાવચ્છેદકતાથી વિશિષ્ટ જે અન્ય અવચ્છેદકતા, તે અવચ્છેદકતા વૈશિષ્ટ્યના નિયામક ચાર સંબંધ છે. (૧) સ્વ સામાનાધિકરણ્ય, (૨) સ્વાવચ્છેદકસમ્બન્ધાવચ્છિન્નત્વ, (૩) સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ, (૪) સ્વવૃત્તિત્વ, આ સંબંધોની મધ્યમાં સ્વ વૃત્તિત્વ પણ સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ સંબંધથી જાણવું.

દ્વિતીય સંબંધ સ્વ વૃત્તિત્વ પણ "સ્વ નિરુપિતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકત્વાનિરુપકત્વ" સંબંધથી વિવક્ષિત છે. આ સંબંધમાં પણ જે અવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય છે તે પણ પૂર્વોક્ત ચતુષ્ટય સંબંધથી જાણવું.

આવું કરવાથી પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આ સ્થળમાં મહાનસીયવહ્ન્યભાવ લક્ષણ ઘટક નહીં થઈ શકે.

કેમકે પ્રસ્તુતમાં સાધ્યતા વહ્નિ નિષ્ઠા છે. તેનું વૈશિષ્ટ્ય મહાનસીય વહ્ન્યભાવીય પ્રતિયોગિતામાં સ્વ નિરુપિતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકત્વાનિરુપિતત્વ, સ્વવૃત્તિત્વ આ બંને સંબંધોથી જાણવાનું છે. અહીં સ્વ પદથી સાધ્યતા લેવાની રહેશે. (યદ્ વૈશિષ્ટયં યત્ર ભાસતે સ એવ સ્વપદ ગ્રાહ્યઃ ઈતિ નિયામાત્) તેનાથી નિરુપિતાવચ્છેદકતા-વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા તેનું વૈશિષ્ટ્ય મહાનસીય વહ્ન્યભાવથી નિરુપિત જે મહાનસીયત્વ, વહ્નિત્વમાં રહેવાવાળી અવચ્છેદકતા છે તેમાં પૂર્વોક્ત સંબંધ ચતુષ્ટયથી જાણવું.

- ત્યાં પણ સ્વ પદથી મહાનસીયત્વ વહ્નિત્વમાં રહેવાવાળી અવચ્છેદકતા લેવામાં આવશે. તેની મધ્યમાં મહાનસીયત્વમાં રહેવાવાળી અવચ્છેદકતાનું સામાનાધિકરણ્ય સાધ્યતાવચ્છેદકતામાં નથી.

- બીજા સંબંધમાં સ્વ પદથી મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા લેવામાં આવશે. તદવચ્છેદક સંબંધ-સમવાય સંબંધ થશે. તત્સમ્બન્ધાવચ્છિન્નત્વ પણ વહ્નિત્વમાં રહેવાવાળી સાધ્યતાવચ્છેદકતામાં છે.

- તૃતીય સંબંધમાં પણ સ્વ પદથી મહાનસીયત્વ વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતાનો અનવચ્છેદક ધર્મ જે ઘટત્વ પટત્વાદિ છે તેનાથી અનવચ્છિન્ન પણ વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા છે

- ચતુર્થ સંબંધ જે સ્વવૃત્તિત્વ, તેમાં પણ સ્વ પદથી મહાનસીયત્વ-વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા, તેમાં વૃત્તિ સાધ્યતા-વચ્છેદકતા પણ "સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ" સંબંધથી જાણવું જોઈએ. અહીં સ્વ પદથી વહ્નિત્વમાં રહેવાવાળી સાધ્યતાવચ્છેદકતા

લેવી તેનો અનવચ્છેદક ધર્મ-મહાનસીયત્વત્વ રુપ ધર્મ થશે. તેનાથી અવચ્છિન્ન જ મહાનસીયત્વ નિષ્ઠાવચ્છેદકતા છે. અનવચ્છિન્ન નથી. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બને. શુદ્ધ વહ્ન્યભાવ જ લક્ષણ ઘટક બની શકશે. આ વહ્ન્યભાવનું અધિકરણ-જલહ્રદાદિ તન્નિરુપિત વૃત્તિતા-મીનાદિમાં, વૃત્તિત્વાભાવ-ધૂમમાં જશે. આથી અવ્યાપ્તિ નહીં આવે.

## गूढामृतलीला

(९५) भवता पूर्वोक्त लक्षणे साध्यताविशिष्टप्रतियोगिताकाभावेत्यत्र साध्यताया वैशिष्ट्यं प्रतियोगितायां स्वनिरूपितावच्छेदकता विशिष्टान्या-वच्छेदकत्वानिरूपितत्व स्व वृत्तित्वैतदुभयसम्बन्धेनोक्तम् । तत्रापि वैशिष्ट्यं प्रसिद्ध चतुष्टय- सम्बन्धेन विवक्षितम् ।

एतेषां सम्बन्धानां मध्ये स्व सामानाधिकरण्यं किमर्थमुपात्तम् । यतो हि महानसीय वह्न्यभावमादायाव्याप्तिम्तु स्व वृत्तित्वघटक स्वानवच्छेदकानवच्छिन्नत्व-सम्बन्धेनैव वारणात् ।

## શશીશીલા

(૯૫) તમે લક્ષણ ઘટક સાધ્યાભાવ પદથી સાધ્યતા વિશિષ્ટ પ્રતિયોગિતાકાભાવની વિવક્ષા કરી છે ત્યારે સાધ્યતાનું વૈશિષ્ટ્ય પ્રતિયોગિતામાં સ્વ નિરુપિતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકત્વા નિરુપિતત્વ, અને સ્વવૃત્તિત્વ આ બંને સંબંધોથી કહ્યું. આમાં પણ અવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય અવચ્છેદકતામાં સ્વ સામાનાધિકરણ્ય, સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ, સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ, સ્વ વૃત્તિત્વ આ ચાર સંબંધથી કહ્યું. તેમાં પણ જે સ્વ વૃત્તિત્વ છે તેને સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ સંબંધથી કહ્યું.

પરંતુ આ સંબંધોની મધ્યમાં મહાનસીય વહ્ન્યભાવનું વારણ તો સ્વવૃત્તિત્વ ઘટક સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ સંબંધથી જ થઈ જશે. તેના માટે સંબંધ ઘટક સ્વ સામાનાધિકરણ્ય દલ મૂકવાની જરૂર નથી.

## गूढामृतलीला

(९६) यदि सम्बन्धघटक स्व सामानाधिकरण्यदलं न दीयते चेत्, तदा **पर्वतो वह्निमान् धूमादित्यादावव्याप्तिः ।**

तथाहि तत्र साध्याभावपदेन तार्णवह्न्यभावोऽपि धर्तुं शक्यते । तार्ण वह्निनिष्ठप्रतियोगिता वह्निनिष्ठसाध्यताविशिष्टा वर्तते । यतो हि स्व - वह्नि निष्ठ साध्यता, तन्निरूपितावच्छेदकता - वह्नित्व निष्ठा, तद्वैशिष्ट्यं तार्णत्वनिष्ठा-वच्छेदकतायां प्रसिद्धत्रितयसम्बन्धेनास्ति ।

तत्र तार्णत्वमपि समवायसम्बन्धावच्छिन्ना, वह्नित्वमपि समवाय सम्बन्धावच्छिन्ना । अतः स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं वर्तते । उभयो रनवच्छिन्नत्वात् स्वानवच्छेदकानवच्छिन्नत्वमपि वर्तते ।

एवञ्च निरवच्छिन्नत्वादेव स्ववृत्तित्वमपि तिष्ठत्येव । अत एतद्-त्रितयसम्बन्धेन स्वनिरूपितावच्छेदकता विशिष्टा तार्णत्वनिष्ठवच्छेदकता जाता । विशिष्टान्यावच्छेदकता - घटत्व पटत्वादिनिष्ठवच्छेदकता, तादृशावच्छेदकत्वा निरूपिता या प्रतियोगिता तार्णवह्न्यभावीय प्रतियोगिता तादृशप्रतियोगिताकाभावः-तार्णवह्न्यभावः, तदधिकरणपर्वतादि निरूपित वृत्तितैव धूमे सत्त्वात्, वृत्तित्वा भावस्याभावादव्याप्तिः ।

कृते च स्वसामानाधिकरण्ये प्रवेशे वह्नित्वनिष्ठावच्छेदकताया सामानाधिकरण्यं तार्णत्वनिष्ठ प्रतियोगितावच्छेदकतायां नास्ति । अतो न तमादाया व्याप्तिः ।

(૯૬) જો તમે સંબંધ ઘટક સ્વ સામાનાધિકરણ્ય દલ નહીં મૂકો તો પર્વતો વહ્નિમાન્ ધૂમાત્ આ પ્રસિદ્ધ સ્થળમાં જ અવ્યાપ્તિ આવી જશે.

પ્રસ્તુત સ્થળમાં સાધ્યાભાવ પદથી તાર્ણ વહ્ન્યભાવ પણ લઈ શકાશે. તાર્ણ વહ્નિમાં રહેવાવાળી જે પ્રતિયોગિતા છે તે વહ્નિમાં રહેવાવાળી સાધ્યતા થી વિશિષ્ટ થઈ જશે.

કેમકે સ્વનિરુપિતાવચ્છેદકતાવિશિષ્ટાન્યાવચ્છેદકત્વા નિરુપિતત્વ આ સંબંધઘટક સ્વ પદથી વહ્નિમાં રહેવાવાળી સાધ્યતાનું ગ્રહણ થશે તેનાથી નિરુપિત અવચ્છેદકતા વહ્નિત્વમાં રહેશે તે વહ્નિત્વમાં રહેવાવાળી અવચ્છેદકતામાં વૈશિષ્ટ્ય તાર્ણત્વમાં રહેવાવાળી અવચ્છેદકતાનું પ્રસિદ્ધ એવા ત્રણેય સંબંધથી થઈ જશે.

- તાર્ણત્વ પણ સમવાય સંબંધથી રહે છે અને વહ્નિત્વ પણ સમવાય સંબંધથી રહે છે. આથી ત્રણેય સંબંધની મધ્યમાં રહેલ "સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ" દલ ઘટી જશે.

- તાર્ણત્વ પણ નિરવચ્છિન્ન છે અને વહ્નિત્વ પણ નિરવચ્છિન્ન છે આથી સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલ પણ ઘટી જશે.

- બંને નિરવચ્છિન્ન હોવાને કારણે સ્વ વૃત્તિત્વ રહેશે. આથી આ ત્રણેય સંબંધોથી વહ્નિત્વનિષ્ઠ અવચ્છેદકતાથી વિશિષ્ટ તાર્ણત્વ નિષ્ઠાવચ્છેદકતા થઈ જશે. અન્યાવચ્છેદકતા ઘટત્વ પટત્વમાં રહેવાવાળી અવચ્છેદકતા થશે. આ અવચ્છેદકતાથી અનિરુપિતા તાર્ણ વહ્ન્યભાવીય પ્રતિયોગિતા થઈ જશે.

આ પ્રતિયોગિતાનો નિરુપક અભાવ-તાર્ણવહ્ન્યભાવ, તદધિકરણ-પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે, વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

સ્વ સામાનાધિકરણ્યનો પ્રવેશ કરવાથી વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનું સામાનાધિકરણ્ય તાર્ણત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતામાં નથી. આથી સ્વ સામાનાધિકરણ્ય દલ નહીં જાય આથી આ અભાવને લઈને અવ્યાપ્તિ દોષ નહીં લાગી શકે.

## गूढामृतलीला

(९७) एवं लक्षणे कृतेऽपि **कालिकेन गन्ध विशिष्टस्य समवायेन गुण विशिष्टस्य तादात्म्येन साध्यतायां जन्यद्रव्यत्वहेतावव्याप्तिस्तु भवत्येव ।**

तथाहि तत्र साध्यभावपदेन समवायेन गन्धविशिष्टस्य कालिकेन गुण विशिष्टं नेत्याकारकोभेदोऽपि ग्रहीतुं शक्यते । तद्भेदीयप्रतियोगिता निरूपिता गुणनिष्ठवच्छेदकतायामपि गन्ध निष्ठ साध्यतावच्छेदकतायाः वैशिष्ट्यसम्भवात्।

यतो हि साध्यतानिरूपितावच्छेदकता-गन्धनिष्ठ, तद्वैशिष्ट्यम्-गन्ध निष्ठ प्रतियोगितावच्छेदकतायां विवक्षितम् । अतः स्व - गन्धनिष्ठसाध्यता वच्छेदकता, तस्य सामानाधिकरण्यं गन्धनिष्ठप्रतियोगितावच्छेदकतायामस्ति । एवञ्च गुणनिष्ठसाध्यतावच्छेदकतायां स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वमपि वर्तते । उभयोः समवायसम्बन्धावच्छिन्नत्वात् । गुणनिष्ठसाध्यतावच्छेदकताया अनवच्छेदकीभूतो धर्मः - घटत्व पटत्वादि रूपो धर्मः, तदनवच्छिन्नापि गुणनिष्ठ प्रतियोगितावच्छेदकता जाता । अतः स्वानवच्छेदकानवच्छिन्नत्वमपि जातम् । एवञ्च स्ववृत्तित्वमप्यस्त्येव ।

तथा च गुणनिष्ठभेदीयप्रतियोगितावच्छेदकताया अपि गन्धनिष्ठ साध्यतावच्छेदकताविशिष्टत्वात् । विशिष्टान्यावच्छेदकता - घटत्वपटत्वादि रूपावच्छेदकता, तदनिरूपिका या समवायेन गन्ध विशिष्ट कालिकेन गुण विशिष्ट भेदीय प्रतियोगिता, तादृश प्रतियोगिताकाभावः - समवायेन गन्ध विशिष्ट कालिकेन गुण विशिष्टं नेत्याकारको भेदः, तदधिकरण जलादि निरूपित वृत्तितैव जन्यद्रव्यत्वे, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

(૯૭) આવું લક્ષણ કરવા છતાં પણ કાલિક સંબંધથી ગન્ધ વિશિષ્ટ હોવાની સાથે સમવાય સંબંધથી ગુણ વિશિષ્ટને તાદાત્મ્ય સંબંધથી સાધ્ય બનાવતાં અને જન્ય દ્રવ્યત્વને હેતુ કરતાં આ સ્થળે અવ્યાપ્તિ આવી જશે.

અહીં સાધ્યાભાવ પદથી સમવાયેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ કાલિકેન ગુણ વિશિષ્ટં ન આ ભેદ પણ લઈ શકાશે. આ ભેદથી નિરુપિત પ્રતિયોગિતાવચ્છેદકતા જે ગુણ નિષ્ઠા છે. આ અવચ્છેદકતામાં ગન્ધ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય આવી જશે.

કેમકે સાધ્યતાનિરુપિતાવચ્છેદકતા પણ ગન્ધમાં છે પ્રતિયોગિતાવચ્છેદકતા પણ ગન્ધમાં છે. આ બંનેમાં વૈશિષ્ટ્ય વિવક્ષિત છે. આથી સ્વ પદથી ગન્ધમાં રહેવાવાળી સાધ્યતા-વચ્છેદકતા તેનું સામાનાધિકરણ્ય ગન્ધમાં રહેવાવાળી પ્રતિયોગિતાની સાથે છે.

- ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતામાં સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ છે કેમકે બંને સમવાય સંબંધથી રહે છે.

- ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનો અનવચ્છેદકી ભૂત ધર્મ જે ઘટત્વ પટત્વાદિ છે તેનાથી અનવચ્છિન્ન ગુણ નિષ્ઠ પ્રતિયોગિતા વચ્છેદકતા છે આથી સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલ ઘટી જશે. આ જ પદ્ધતિથી સ્વ વૃત્તિત્વ પણ ચાલ્યું જશે.

આથી ગુણમાં રહેવાવાળી ભેદીય પ્રતિયોગિતાવચ્છેદકતા પણ ગન્ધનિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ થઈ જશે. વિશિષ્ટાન્યાવચ્છેદકતા ઘટત્વ પટત્વ નિષ્ઠાવચ્છેદકતા થશે તેનાથી અનિરુપિત સમવાયેન ગન્ધ વિશિષ્ટત્વે સતિ કાલિકેન ગુણ વિશિષ્ટ

ભેદીય પ્રતિયોગિતા થઈ જશે તેનાથી નિરુપિત અભાવ સમવાયેન ગન્ધ વિશિષ્ટ કાલિકેન ગુણ વિશિષ્ટં ન આ ભેદ થશે. તદધિકરણ-જલહ્રદાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ જન્યદ્રવ્યત્વમાં જશે વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ લાગશે.

## गूढामृतलीला

(९८) अतस्तद् वारणाय स्व सामानाधिकरण्यपदेन स्व व्यापकत्वं विवक्षितम् । कृते चैतादृशे परिष्कारे नाव्याप्तिः । यतो हि गन्ध निष्ठ प्रतियोगितावच्छेदकतायाः साध्यतावच्छेदकता व्यापकत्वाभावेन साध्यतावच्छेदकता विशिष्टा न जाता । तस्य विशिष्टान्यतया तादृशभेदस्य लक्षणाघटकत्वात् ।

तथाहि कालिकेन गन्धनिष्ठसाध्यतावच्छेदकता, अथ च समवायेन गुणनिष्ठसाध्यतावच्छेदकताया अधिकरणम् - कालिकेन गन्धः समवायेन गुणश्च, स तु निखिलजन्यद्रव्ये वर्तते । परन्तु समवायेन गन्ध निष्ठावच्छेदकता, कालिकेन गुणनिष्ठावच्छेदकता पृथिव्यामेव वर्तते । अतः साध्यतावच्छेदकव्यापिका समवायेन गन्धनिष्ठा अथ च कालिकेन गुणनिष्ठावच्छेदकता न जाता । तस्य विशिष्टान्यतया, तन्निरूपितेयं समवायेनगन्ध विशिष्ट कालिकेनगुण विशिष्ट भेदीय प्रतियोगिता, नत्वनिरूपिका । अतो नायमभावो लक्षणघटकः । साध्याभावमादायाव्याप्त्यसम्भवः ।

## શશીશીલા

(૯૮) આથી આ અવ્યાપ્તિને દૂર કરવા માટે સ્વ સામાનાધિકરણ્ય અંશથી સ્વ વ્યાપકત્વ વિવક્ષિત છે.

આવી વિવક્ષા કરવાથી અવ્યાપ્તિ નહીં લાગે. કેમકે ગન્ધ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા સાધ્યતાવચ્છેદકતાની વ્યાપિકા ન બનવાથી સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ નહીં બને. વિશિષ્ટાન્ય બનવાથી આ ભેદ લક્ષણ ઘટક નહીં બની શકે.

કેમકે કાલિકેન ગન્ધ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા અને સમવાયેન ગુણ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનું અધિકરણ કાલિકેન ગન્ધ અને સમવાયેન ગુણ થશે. તે નિખિલ જન્ય દ્રવ્યોમાં રહેશે.

પરંતુ સમવાય સંબંધથી ગન્ધ નિષ્ઠાવચ્છેદકતા અને કાલિક સંબંધથી ગુણનિષ્ઠાવચ્છેદકતા પૃથ્વીમાં જ રહેશે. આથી સાધ્યતા-વચ્છેદકનો વ્યાપક સમવાયેન ગન્ધ નિષ્ઠ અને કાલિકેન ગુણ નિષ્ઠાવચ્છેદક નહી થઈ શકે. તે વિશિષ્ટાન્યવચ્છેદક બનશે. તેનાથી નિરુપિત જ સમવાયેન ગન્ધ વિશિષ્ટ કાલિકેન ગુણ વિશિષ્ટ ભેદીય પ્રતિયોગિતા થઈ જશે. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે. આથી કોઈ દોષ નહીં આવી શકે.

## गूढामृतलीला

(९९) स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वानुपादाने **समवायेन वह्नित्व विशिष्टस्य संयोगेन साध्यतायां धूम हेतावव्याप्तिः** । तत्र साध्याभावपदेन समवायेन वह्नित्व विशिष्टत्वे सति तद् वह्न्यनुयोगिक कालिकेन वह्नित्व विशिष्टं यत् तदभावोऽपि ग्रहीतुं शक्यते ।

तथा ह्यत्र साध्यतावच्छेदकतापि - वह्नित्वनिष्ठा, प्रतियोगितावच्छेदकतापि - वह्नित्व निष्ठैव । अतः स्व सामानाधिकरण्यं वर्तते । उभयोः सावच्छिन्नत्वात्, वह्नित्वनिष्ठसाध्यतावच्छेदकताया अनवच्छेदकीभूतो यो धर्मः - घटत्व, पटत्वादिरूपो धर्मः, तदनवच्छिन्ना-वह्नित्वनिष्ठाप्रतियोगितावच्छेदकता जाता । अतः स्वानवच्छेदकानवच्छिन्नत्वमप्यस्ति ।

एतादृश्या रीत्या स्व वृत्तित्वमपि वर्तते । तथा च साध्यतावच्छेदकता विशिष्टावच्छेदकता - समवायेन वह्नित्व निष्ठा एवञ्च तद् वह्न्यनुयोगिक कालिकेन वह्नित्व निष्ठावच्छेदकता जाता । विशिष्टान्यावच्छेदकता - घटत्व, पटत्वादि निष्ठावच्छेदकता, तदनिरूपिका - समवायेनवह्नित्व विशिष्टत्वे सति तद् वह्न्यनुयोगिक कालिकेनवह्नित्व विशिष्टाभावीय प्रतियोगिता जाता । तादृश

प्रतियोगिताकाभावः - समवायेन वह्नित्व विशिष्टत्वे सति तद् वह्न्यनुयोगिक कालिकेन वह्नित्व विशिष्टाभावः, तदधिकरणं पर्वतादिकम्, तन्निरूपित वृत्तितैव धूमे, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

## શશીશીલા

(૯૯) જો સંબંધ ઘટક સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વનું ગ્રહણ કરવામાં ન આવે તો સમવાયેન વહ્નિત્વવિશિષ્ટ ને સંયોગ સંબંધથી સાધ્ય કરતાં અને ધૂમ હેતુ બનાવતાં અવ્યાપ્તિ લાગી જશે.

કેમકે સાધ્યાભાવ પદથી સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટ હોવાની સાથે તદ્વહ્ન્યનુયોગિક કાલિક સંબંધેન વહ્નિત્વ વિશિષ્ટ નો અભાવ પણ લઈ શકાશે.

- પ્રસ્તુત સ્થળમાં સાધ્યતાવચ્છેદકતા પણ વહ્નિત્વમાં છે અને પ્રતિયોગિતાવચ્છેદકતા પણ વહ્નિત્વમાં છે. આથી સ્વ સામાનાધિકરણ્ય ચાલ્યું જશે.

- બંને સાવચ્છિન્ન હોવાથી વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનો અનવચ્છેદકી ભૂત ધર્મ-ઘટત્વ પટત્વાદિરુપ ધર્મ થશે. તેનાથી અનવચ્છિન્ન વહ્નિત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા થઈ જશે આથી સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલ ઘટી જશે. આ જ પદ્ધતિથી સ્વવૃત્તિત્વ દલ પણ ઘટી જશે.

આથી સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ સમવાયેન વહ્નિત્વ નિષ્ઠ એવં તદ્દવહ્ન્યનુયોગિક કાલિકેન વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતા થઈ જશે. વિશિષ્ટાન્યાવચ્છેદકતા-ઘટત્વ પટત્વાદિ નિષ્ઠાવચ્છેદકતા, તેનાથી અનિરુપિતા સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટત્વે સતિ તદ્દ વહ્ન્યનુયોગિક કાલિકેન વહ્નિત્વવિશિષ્ટાભાવીય પ્રતિયોગિતા થઈ જશે. તાદૃશ પ્રતિયોગિતાકાભાવ-સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટત્વે સતિ તદ્દવહ્ન્યનુયોગિક કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તદધિકરણ-

પર્વતાદિ, તન્નિરુપિત વૃત્તિતા જ ધૂમમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

સ્વાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ કહી દેવાથી વહ્નિત્વ નિષ્ઠાવચ્છેદકતાનો અવચ્છેદક સંબંધ સમવાય થશે. નહીં કે તદ્દવહ્ન્યનુયોગિક કાલિકાદિ. આથી તે સંબંધને લઈને અભાવ નહીં લઈ શકાય આથી અવ્યાપ્તિ લાગી નહી શકે.

## गूढामृतलीला

(१००) इतरवारकपर्याप्तौ साध्यताया वैशिष्टय नियामक स्व निरूपितावच्छेदकता विशिष्टान्यावच्छेदकत्वानिरूपितत्व सम्बन्धघटक वैशिष्ट्य-नियामक सम्बन्धानां मध्ये स्वानवच्छेदकानवच्छिन्नत्वानुपादाने **समवायेन स्वरूपतः वह्नित्वविशिष्टस्य विषयितासम्बन्धेन साध्यतयां तज्ज्ञानत्व हेतावव्याप्तिः ।**

तथाहि साध्याभावपदेन समवायेनस्वरूपतः वह्नित्व विशिष्टत्वे सति वह्नित्वत्वेन वह्नित्व विशिष्टं नास्तीत्याकारकाभावोऽपि धर्तुं शक्यते । सा वह्नित्व निष्ठ प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकता विशिष्टा जाता । यतो हि तत्रा वच्छेदकताया वह्नित्व निष्ठत्वात् स्व सामानाधिकरण्यं वर्तते । उभयोः समवाय सम्बन्धावच्छिन्नत्वात् स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वमपि वर्तते । वह्नित्व निष्ठ साध्यतावच्छेदकताया निरवच्छिन्नत्वात् स्ववृत्तित्वमप्यस्त्येव । तथा च साध्यता-वच्छेदकताविशिष्टावच्छेदकता-वह्नित्वनिष्ठवच्छेदकता, विशिष्टान्यावच्छेदकता-घटत्व, पटत्वादिनिष्ठवच्छेदकता, तादृशावच्छेदकत्वानिरूपितप्रतियोगिताकाभावः - समवायेन स्वरूपतः वह्नित्वविशिष्टत्वे सति वह्नित्वत्वेन वह्नित्वविशिष्टाभावः। तदधिकरणं - समवायेन स्वरूपतः वह्नित्वविशिष्टविषयकं ज्ञानम्, तन्निरूपित वृत्तिता - तज्ज्ञानत्वे, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

कृते च तन्निवेशे स्वानवच्छेदकीभूत वह्नित्वत्वेनावच्छिन्नेयमवच्छेदकता, अनवच्छिन्ना नास्ति । अतः नायमभावो लक्षणघटकः । अतो नाव्याप्तिः ।

(૧૦૦) આ ઈતરવારક પર્યાપ્તિમાં સાધ્યતા નો વૈશિષ્ટ્ય નિયામક જે સ્વનિરુપિતાવચ્છેદકતા વિશિષ્ટાન્યાવચ્છેદકત્વા-નિરુપિતત્વ સંબંધ છે તદ્દઘટક વૈશિષ્ટ્ય નિયામક સંબંધોમાં સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલ જો મૂકવામાં ન આવે તો સમવાય સંબંધથી સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટને વિષયિતા સંબંધથી સાધ્ય કરતાં અને તદ્દજ્ઞાનત્વને હેતુ બનાવતાં અવ્યાપ્તિ લાગી જશે.

અહીં સાધ્યાભાવ પદથી સમવાયેન સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટ હોવાની સાથે વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટં નાસ્તિ આ અભાવ પણ લઈ શકાશે.

વહ્નિત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા, વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ થઈ જશે. બંને વહ્નિત્વ નિષ્ઠા છે આથી સ્વ સામાનાધિકરણ્ય દલ જતું રહેશે.

- બંને સમવાય સંબંધથી છે આથી સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ પણ ઘટી જશે.

- બંને સાવચ્છિન્ન છે આથી સ્વવૃત્તિત્વ પણ ચાલ્યું જશે. આથી સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ વહ્નિત્વ નિષ્ઠ પ્રતિયોગિતા-વચ્છેદકતા થઈ જશે. વિશિષ્ટાન્યાવચ્છેદકતા-ઘટત્વ, પટત્વાદિ નિષ્ઠાવચ્છેદકતા તેનાથી અનિરુપિત સમવાયેન સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટત્વે સતિ વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટાભાવીય પ્રતિયોગિતા બની જશે. આ અભાવનું અધિકરણ સમવાયેન સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટ વિષયક જ્ઞાન બનશે. તન્નિરુપિત વૃત્તિતા જ તદ્દજ્ઞાનત્વમાં, વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

આનો નિવેશ કરવાથી સ્વનો અનવચ્છેદકી ભૂત જે વહ્નિત્વત્વ ધર્મ છે તેનાથી અવચ્છિન્ન જ આ અવચ્છેદકતા થઈ જશે

અનવચ્છિન્ના ન થવાથી પ્રસ્તુત અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે આથી અવ્યાપ્તિ નહીં લાગી શકે.

## गूढामृतलीला

(१०१) यदि भवता सम्बन्धघटक स्व वृत्तित्वं नोपादीयते तदा **वह्नित्वत्वेन वह्नित्व विशिष्टस्य विषयितया साध्यत्वे तज्ज्ञानत्व हेतावव्याप्तिः ।** तत्र साध्याभाव-पदेन समवायेन स्वरूपतः वह्नित्व विशिष्टं नास्तीत्याकारकभावोऽपि ग्रहीतुं शक्यते ।

तथा च समवायेन स्वरूपतः वह्नित्वविशिष्टाभावीय प्रतियोगितायां साध्यतावैशिष्ट्य सम्भवात् । तत्र स्वरूपतः वह्नित्वनिष्ठ प्रतियोगितावच्छेदकतायां वह्नित्वत्वेन वह्नित्वनिष्ठ साध्यतावच्छेदकतायाः वैशिष्ट्यसम्भवात् । तथाहि उभयो र्वह्नित्व निष्ठत्वात् स्व सामानाधिकरण्यं वर्तते । एवञ्च समवाय-सम्बन्धावच्छिन्नत्वात् स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वमपि वर्तते । अथ च वह्नित्व निष्ठ प्रतियोगितावच्छेदकताया निरवच्छिन्नत्वात् स्वानवच्छेदकानवच्छिन्नत्वमप्य-स्त्येव । अतः प्रसिद्धत्रितयसम्बन्धेन साध्यतावच्छेदकता विशिष्टा वह्नित्व निष्ठ प्रतियोगितावच्छेदकता जाता । तादृशावच्छेदकताक प्रतियोगिताकाभावः - समवायेन स्वरूपतः वह्नित्व विशिष्टाभावः । तदधिकरणं वह्नित्वत्वेन वह्नित्वविशिष्टं ज्ञानम्, तन्निरूपितवृत्तितैव तज्ज्ञानत्वे, वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

कृते च निवेशे स्ववृत्तित्व घटक स्वानवच्छेदकानवच्छिन्नत्वमित्यत्र स्व-प्रतियोगितावच्छेदकता, स्वानवच्छेदकीभूत - वह्नित्वत्वेनावच्छिन्नेयमवच्छेदकता न त्वनवच्छिन्ना, अतो न तमादायाव्याप्तिः ।

## શશીશીલા

(૧૦૧) જો તમે સંબંધ ઘટક સ્વ વૃત્તિત્વ પદનું ઉપાદાન નહીં કરો તો વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટ ને વિષયિતા સંબંધથી

સાધ્ય અને તદ્દજ્ઞાનત્વ હેતુ આ સ્થળમાં અવ્યાપ્તિ લાગશે.

કેમકે અહીં સાધ્યાભાવ પદથી સમવાય સંબંધથી સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટં નાસ્તિ આ અભાવ પણ લઈ શકાશે. કેમકે સમવાયેન સ્વરુપતઃ વહ્નિત્વવિશિષ્ટાભાવીયપ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ થઈ જશે.

અહીં સ્વરુપતઃ વહ્નિત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતામાં વહ્નિત્વત્વેન વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય છે.

- બંને વહ્નિત્વ નિષ્ઠ છે. આથી સ્વ સામાનાધિકરણ્ય દલ ઘટી જશે.

- બંને વિષયિત્વસંબંધાવચ્છિન્ન હોવાથી સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ પણ ઘટી જશે.

- વહ્નિત્વનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા નિરવચ્છિન્ન હોવાથી સ્વાનવચ્છેદકાનવચ્છિન્ન પણ ઘટી જશે.

આમ પ્રસિદ્ધ ત્રિતય સંબંધથી સાધ્યતાવચ્છેદકતાથી વિશિષ્ટ વહ્નિત્વનિષ્ઠા પ્રતિયોગિતાવચ્છેદકતા થઈ જશે. આ અવચ્છેદકતાથી નિરુપિત અભાવ સમવાયેન સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તદધિકરણ-વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટ વિષયક જ્ઞાન બનશે. તન્નિરુપિત વૃત્તિતા-તદ્દજ્ઞાનત્વમાં, વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

સ્વ વૃત્તિત્વનો પ્રવેશ કરવાથી સ્વ વૃત્તિત્વ ઘટક જે સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ છે. તેમાં અહીં સ્વ પદથી પ્રતિયોગિતાવચ્છેદકતા તેનો અનવચ્છેદકી ભૂત ધર્મ - વહ્નિત્વત્વ બનશે. તેનાથી અવચ્છિન્ન જ વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા થઈ જશે. આથી આ અભાવ લઈને અવ્યાપ્તિ તમે આપી નહીં શકો.

# गूढामृतलीला

(१०२) पूर्वोक्त सम्बन्धयो र्मध्ये स्ववृत्तित्वमपि स्व निरूपितावच्छेदकता विशिष्टान्यावच्छेदकत्वा निरूपितत्व सम्बन्धेन, तत्र अवच्छेदकता वैशिष्ट्यष्टञ्च अवच्छेदकतायां पूर्वोक्त चतुष्टय सम्बन्धेन बोधव्यम् । तत्र स्व सामानाधि-करण्यप्रवेशे तार्णवह्नेः प्रतियोगिता सम्बन्धेन साध्यत्वे तदभावत्वहेतावव्याप्तिः । तत्र साध्याभावपदेन तार्णाभावोऽपि ग्रहीतुं शक्यते । अथवा वह्न्यभावोऽपि धर्तुं शक्यते । तत्र तार्णत्वनिष्ठप्रतियोगितावच्छेदकतायाः प्रसिद्धत्रितयसम्बन्धेन वैशिष्ट्यं वर्तते ।

तथाहि उभयोः समवायसम्बन्धावच्छिन्नत्वात्, अथ च निरवच्छिन्नत्वात् स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वमेवं स्वानवच्छेदकानवच्छिन्नत्वं, स्व वृत्तित्वमैत-त्त्रितय सम्बन्धेन वैशिष्टयमस्त्येव । तादृशावच्छेदकताक प्रतियोगिताकाभावः-तार्णाभावः । तदधिकरणं तार्णवह्न्यभावः, तन्निरूपित वृत्तितैव तदभावत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

कृते च तन्निवेशे तार्णत्वस्य सामानाधिकरण्यं वह्नित्वेऽभावेन स्व सामानाधिकरण्याभावान्नाव्याप्तिः ।

# શશીશીલા

(૧૦૨) પૂર્વોક્ત બંને સંબંધની મધ્યમાં સ્વ વૃત્તિત્વને પણ પ્રસિદ્ધ ચતુષ્ટય સંબંધથી જાણવો. આ ચારેય સંબંધની મધ્યમાં જો સ્વ સામાનાધિકરણ્ય નો પ્રવેશ કરવામાં ન આવે તો જ્યાં તાર્ણવહ્નિ ને પ્રતિયોગિતા સંબંધથી - સાધ્ય અને તદભાવત્વ - હેતુ કરશું તે સ્થળમાં અવ્યાપ્તિ થઈ જશે.

અહીં સાધ્યાભાવ પદથી તાર્ણાભાવ પણ લઈ શકાશે અથવા શુદ્ધ વહ્ન્યભાવ પણ લઈ શકાશે. અહીં તાર્ણત્વ નિષ્ઠા પ્રતિયોગિતાવચ્છેદકતા પ્રસિદ્ધ ત્રિતય સંબંધથી વિશિષ્ટ થઈ જશે.

બંને સમવાય સંબંધથી હોવાને કારણે સ્વાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલ ઘટી જશે.

- બંને નિરવચ્છિન્ન હોવાથી સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ અને સ્વ વૃત્તિત્વ દલ ઘટી જશે.

આથી આ અભાવ તાર્ણાભાવ થશે. તેનું અધિકરણ-તાર્ણવહ્ન્યભાવ થશે. તન્નિરુપિતવૃત્તિતા જ તદભાવત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ લાગશે.

સ્વ સામાનાધિકરણ્ય પદનો નિવેશ કરવાથી તાર્ણત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતાનું સામાનાધિકરણ્ય તાર્ણવહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતામાં નથી. આથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે. આથી અવ્યાપ્તિ નહીં લાગી શકે.

## गूढामृतलीला

(१०३) न्यूनवारक पर्याप्तौ यदि स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं नोपादीयते **तदा समवायेन वह्नित्व विशिष्टत्वे सति तद् वह्न्यनुयोगिक कालिकेन वह्नित्व विशिष्टं यत्तस्य प्रतियोगिता सम्बन्धेन साध्यतायां तदभावत्च हेतावव्याप्तिः ।**

तत्र साध्याभावपदेन समवायेन वह्नित्व विशिष्टाभावोऽथवा केवलं तद् वह्न्यनुयोगिक कालिकेन वह्नित्व विशिष्टाभावोऽपि धर्तुं शक्यते ।

तथा च वह्नित्वनिष्ठप्रतियोगितावच्छेदकतायाः वह्नित्वनिष्ठसाध्यता वच्छेदकतायां वैशिष्ट्यं स्व सामानाधिकरण्य, स्वानवच्छेदकानवच्छिन्नत्च, अथ च स्ववृत्तित्व एतत्त्रितय सम्बन्धेन वर्तते । तादृशावच्छेदकताकप्रतियोगिताकाभावः - समवायेन वह्नित्वविशिष्टाभावः, तदधिकरणं - समवायेन वह्नित्व विशिष्टत्वे सति तद् वह्न्यनुयोगिक कालिकेन वह्नित्व विशिष्टाभावः, तन्निरूपित- वृत्तितैव तदभावत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

कृते चैतादृशे निवेशे समवायेन वह्नित्वविशिष्टाभावीय प्रतियोगितावच्छेदकतायाः स्वावच्छेदकीभूत समवाय, अथ च तद् वह्न्यनुयोगिक कालिक

सम्बन्धानवच्छिन्नतया स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वाभावात् । न तमादाया-व्याप्तिः ।

## શશીશીલા

(૧૦૩) ન્યૂનવારક પર્યાપ્તિ ઘટક જો સ્વાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ દલ ન આપવામાં આવે તો સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટત્વે સતિ તદ્વહ્ન્યનુયોગિક કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટં યદ્ આને પ્રતિયોગિતાસંબંધથી સાધ્ય કરતાં અને તદભાવત્વ ને હેતુ બનાવશો તો અવ્યાપ્તિ લાગી જશે.

અહીં સાધ્યાભાવ પદથી સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ અથવા કેવલ તદ્ વહ્ન્યનુયોગિક કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ પણ લઈ શકાશે.

વહ્નિત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતામાં વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય સ્વ સામાનાધિકરણ્ય, સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ અને સ્વ વૃત્તિત્વ આ ત્રિતય સંબંધથી છે.

આ પ્રમાણેની અવચ્છેદકતાથી નિરુપિત પ્રતિયોગિતાનો અભાવ-સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તેનું અધિકરણ-સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટત્વે સતિ તદ્વહ્ન્યનુયોગિક કાલિકેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ થશે. તન્નિરુપિત વૃત્તિતા-તદભાવત્વમાં, વૃત્તિત્વાભાવ ન જવાથી અવ્યાપ્તિ લાગી જશે.

સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વનો નિવેશ કરવાથી સમવાયેન વહ્નિત્વ વિશિષ્ટાભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતા સ્વાવચ્છેદકી ભૂત જે સમવાય સંબંધ છે અને તદ્ વહ્ન્યનુયોગિક કાલિક સંબંધ આ ઉભય સંબંધથી અનવચ્છિન્ન હોવાથી તેમાં સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ નહી જવાથી આ અભાવ લઈને અવ્યાપ્તિ નહીં આવી શકે.

## गूढामृतलीला

(१०४) यदि च स्ववृत्तित्वघटक वैशिष्ट्य नियामक सम्बन्धानां मध्ये स्वानवच्छेदकानवच्छिन्नत्वं नोपादीयते तदा **वह्नित्वत्वेन वह्नित्व विशिष्टस्य प्रतियोगितासम्बन्धेन साध्यतायां तदभावत्व हेतावव्याप्तिः ।**

तत्र साध्याभावपदेन स्वरूपतः वह्नित्व विशिष्टाभावोऽपि धर्तुं शक्यते । तादृशाभावीय प्रतियोगिता निरूपिता वह्नित्व निष्ठवच्छेदकतायाः वह्नित्व निष्ठ साध्यतावच्छेदकतायां वैशिष्ट्यं त्रितयसम्बन्धेनास्ति ।

तथाहि उभयो र्वह्नित्व निष्ठत्वात् स्व सामानाधिकरण्यम्, अथ च समवाय सम्बन्धावच्छिन्नत्वात् स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वम्, एवञ्च वह्नित्व निष्ठ साध्यतावच्छेदकताया अनवच्छेदकी भूतो धर्मः - घटत्व, पटत्वादिरूपो धर्मः, तदनवच्छिन्ना - वह्नित्व निष्ठ प्रतियोगितावच्छेदकता जाता । अतः स्ववृत्तित्वमप्यस्त्येव । तथा च तादृशावच्छेदकताकप्रतियोगिताकाभावः - स्वरूपतः वह्नित्व विशिष्टाभावः, तदधिकरणम् - वह्नित्वत्वेन वह्नित्व विशिष्टाभावः, तन्निरूपित वृत्तितैव तदभावत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

कृते च तन्निवेशे प्रतियोगितावच्छेदकतानवच्छेदकीभूत वह्नित्वत्वेनावच्छिन्नेयमवच्छेदकता, न त्वनवच्छिन्ना । अतः स्वानवच्छेदकानवच्छिन्नत्वाभावात् नैतादृशोऽभावो लक्षणघटकः । अतो नाव्याप्तिः ।

## शशीशीला

(१०४) જો સ્વવૃત્તિત્વ ઘટક સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલનું ગ્રહણ કરવામાં ન આવે તો જ્યાં વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટને પ્રતિયોગિતા સંબંધથી સાધ્ય અને તદભાવત્વ ને હેતુ બનાવતાં અવ્યાપ્તિ આવી જશે.

અહીં સાધ્યાભાવ પદથી સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટાભાવ પણ લઈ શકાશે. આ અભાવની પ્રતિયોગિતાવચ્છેદકતામાં

સાધ્યતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય ત્રિતય સંબંધથી આવી જશે.

- બંને વહ્નિત્વ નિષ્ઠ છે આથી સ્વ સામાનાધિકરણ્ય દલ ઘટી જશે.

- બંને સમવાય સંબંધથી હોવાને કારણે સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ દલ ઘટી જશે.

- વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતાનો અનવચ્છેદકી ભૂત ધર્મ-જે ઘટત્વ પટત્વાદિ છે તેનાથી અનવચ્છિન્ન વહ્નિત્વ નિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા છે આથી સ્વ વૃત્તિત્વ દલ પણ ઘટી જશે.

આ અભાવનું અધિકરણ-વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ થશે. તન્નિરુપિત વૃત્તિતા જ તદભાવત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ લાગશે.

સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ દલનું ઉપાદાન કરવાથી પ્રતિયોગિતાવચ્છેદકતાનો અનવચ્છેદકી ભૂત જે વહ્નિત્વત્વ ધર્મ છે તેનાથી અવચ્છિન્ન જ વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા થઈ જશે અનવચ્છિન્ન ન થવાથી આ અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે આથી અવ્યાપ્તિનો અસંભવ થશે.

## गूढामृतलीला

(१०५) स्व वृत्तित्वानुपादाने **स्वरूपतः वह्नित्व विशिष्टं यत्तस्य प्रतियोगिता सम्बन्धेन साध्यत्वे तद्भावत्व हेतावव्याप्तिः ।**

तत्रापि साध्याभावपदेन वह्नित्वत्वेन वह्नित्वविशिष्टभावोऽपि ग्रहीतुं शक्यते । तदभावीयप्रतियोगितानिरूपितावच्छेदकतायाः साध्यतावच्छेदकतायां वैशिष्ट्यं त्रितयसम्बन्धेनास्त्येव । उभयो र्वह्नित्व निष्ठत्वात् स्व सामानाधिकरण्यम्, अथ च समवायसम्बन्धावच्छिन्नत्वात् स्वावच्छेदकसम्बन्धावच्छिन्नत्वम्, एवञ्च स्वरूपतः वह्नित्वनिष्ठवच्छेदकतायां स्वानवच्छेदकानवच्छिन्नत्वमप्यस्त्येव । तथा च तादृशावच्छेदकताक प्रतियोगिताकाभावः - वह्नित्वत्वेन वह्नित्व विशिष्टाभावः,

तदधिकरणम् - स्वरूपतः वह्नित्व विशिष्टाभावः, तन्निरूपित वृत्तितैव तदभावत्वे वृत्तित्वाभावस्याभावादव्याप्तिः ।

कृते च तन्निवेशे स्ववृत्तित्वघटकस्वानवच्छेदकानवच्छिन्नत्मित्यत्र स्व-वह्नित्व निष्ठ साध्यतावच्छेदकता, तस्या अनवच्छेदकीभूत वह्नित्वत्वेनावच्छिन्ने यमवच्छेदकता, न त्वनवच्छिन्ना । अतो न तादृशाभावमादायाव्याप्तिः ।

## શશીશીલા

(૧૦૫) જો આ લક્ષણમાં સ્વ વૃત્તિત્વ પદનું ઉપાદાન કરવામાં ન આવે તો સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટને પ્રતિયોગિતા સંબંધથી-સાધ્ય અને તદભાવત્વ-હેતુ બનાવતાં આ સ્થળમાં અવ્યાપ્તિ લાગી જશે.

અહીં સાધ્યાભાવપદથી વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ પણ લઈ શકાશે. આ અભાવની પ્રતિયોગિતાથી નિરુપિતાવચ્છેદકતાનું વૈશિષ્ટ્ય સાધ્યતાવચ્છેદકતામાં ત્રિતય સંબંધથી ચાલ્યું જશે.

- બંને વહ્નિત્વ નિષ્ઠ હોવાથી સ્વસામાનાધિકરણ્ય દલ, સમવાય સંબંધાવચ્છિન્ન છે આથી સ્વાવચ્છેદક સંબંધાવચ્છિન્નત્વ અને સ્વરુપતઃ વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતામાં સ્વાનવચ્છેદકા-નવચ્છિન્નત્વ દલ ઘટી જશે.

આથી આ અભાવ વહ્નિત્વત્વેન વહ્નિત્વ વિશિષ્ટાભાવ, તેનું અધિકરણ-સ્વરુપતઃ વહ્નિત્વ વિશિષ્ટાભાવ થશે તન્નિરુપિત વૃત્તિતા જ તદભાવત્વમાં જશે. વૃત્તિત્વાભાવ ન જતાં અવ્યાપ્તિ આવશે.

સ્વવૃત્તિત્વ પદનો પ્રવેશ કરવાથી સ્વવૃત્તિત્વ ઘટક જે સ્વાનવચ્છેદકાનવચ્છિન્નત્વ છે. તેમાં અહીં સ્વ પદથી વહ્નિત્વ નિષ્ઠ સાધ્યતાવચ્છેદકતા તેનો અનવચ્છેદકી ભૂત ધર્મ - વહ્નિત્વત્વ બનશે તેનાથી અવચ્છિન્ન જ પ્રતિયોગિતાવચ્છેદકતા બની જશે અનવચ્છિન્ના

न બનવાથી પ્રસ્તુત અભાવ લક્ષણ ઘટક નહીં બની શકે. આથી અવ્યાપ્તિ નહીં લાગી શકે.

## गूढामृतलीला

(१०६) साध्य निष्ठ प्रतियोगिताकाभाव इत्यस्य साध्यतावच्छेदकावच्छिन्न प्रतियोगिताकाभावो विवक्षितः । कृते चैतादृशे परिष्कारे निरवच्छिन्नसाध्यक **अयमात्माज्ञानादित्यादावव्याप्तिः ।**

तथाहि अत्र साध्याभावपदेन साध्यतावच्छेदकावच्छिन्न प्रतियोगिताकाभाव एव ग्रहीतुं शक्यते । प्रकृते तु साध्यस्य निरवच्छिन्नत्वात् । साध्यतावच्छेदकताया अप्रसिद्धत्वादव्याप्तिः ।

## શશીશીલા

(૧૦૬) સાધ્ય નિષ્ઠ પ્રતિયોગિતાકાભાવ પદથી જે તમે સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવ વિવક્ષિત કર્યો છે તે ઉચિત નથી.

કેમકે આવો પરિષ્કાર કરવાથી અયં આત્મા જ્ઞાનાત્ આ સ્થળમાં અવ્યાપ્તિ આવી જશે.

અહીં સાધ્યાભાવ પદથી સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવ જ લઈ શકાશે પરંતુ અહીં સાધ્ય નિરવચ્છિન્ન હોવાથી સાધ્યતાવચ્છેદક જ અપ્રસિદ્ધ બની જશે. આથી અવ્યાપ્તિ લાગી જશે.

## गूढामृतलीला

(१०७) अतस्तद् वारणाय साध्य साधन भेदेन व्याप्ते र्भेदादिति रीत्यात्र साध्यतावच्छेदकावच्छिन्न प्रतियोगिताकाभावाधिकरणनिरूपितवृत्तित्वाभावो व्याप्तिः । इति तु न स्वीक्रियते ।

**अयमात्मा ज्ञानादित्यत्र** साध्यवदन्यावृत्तित्वरूपा व्याप्तिरेव स्वीक्रीयते । तथा च नाव्याप्तिः । साध्यः आत्मत्व, साध्यवानात्मा, तत्प्रतियोगिताको यो भेदः - आत्मा नेत्याकारको भेदः, तदधिकरणगुणादि निरूपित वृत्तित्वाभावस्य ज्ञानादिहेतौ सत्त्वान्नाव्याप्तिः ।

## શશીકલા

(૧૦૭) સાધ્ય સાધનના ભેદથી વ્યાપ્તિ ભિન્ન ભિન્ન થાય છે. આથી અહીં પણ નિરવચ્છિન્ન સાધ્યક સ્થળમાં સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવ વ્યાપ્તિઃ. આ વ્યાપ્તિ સ્વીકૃત નથી.

પરંતુ અયં આત્મા જ્ઞાનાત્ આ સ્થળમાં સાધ્યવદન્યાવૃત્તિત્વ રુપ વ્યાપ્તિ માન્ય થશે. આવું કરવાથી અવ્યાપ્તિ નહીં લાગી શકે. કેમકે સાધ્યવદ્-આત્મા, તત્પ્રતિયોગિક ભેદ-આત્મા ન ઈત્યાકારક ભેદ, તેનુ અધિકરણ-ગુણાદિ, તન્નિરુપિત વૃત્તિતા-ગુણત્વમાં, વૃત્તિત્વાભાવ-જ્ઞાનમાં જવાથી કોઈ દોષ નહીં આવી શકે.

## गूढामृतलीला

(१०८) यत्तु **अयमात्मा ज्ञानादित्यत्र** आत्मत्वत्वेतरधर्मानवच्छिन्न प्रतियोगिताकाभावाधिकरण निरूपित वृत्तित्वाभावो व्याप्तिः, इत्याकारक विशेष्यैव व्याप्तिः स्वीकार्या ।

एतादृशीव्याप्तेः स्वीकारे नाव्याप्तिः । तथाहि प्रकृते आत्मत्व निष्ठ साध्यताया निरवच्छिन्नतया आत्मत्वत्वेतरेण घटत्वादि धर्मेणानवच्छिन्नेयमात्मत्व निष्ठ प्रतियोगिता । तादृश प्रतियोगिताकाभावः - आत्मत्वाभावः, तदधिकरण घटादि निरूपित वृत्तित्वाभावस्य ज्ञानादिहेतौ सत्त्वान्नाव्याप्तिः ।

**इति व्याप्तिपञ्चक प्रथमलक्षणोपरि**

**गूढामृतलीला नामधेया टीका समाप्ता ।।**

(૧૦૮) યત્તુકારનો મત કાંઈક અલગ છે. તેમનું કથન એવું છે કે પૂર્વમાં જે "અયં આત્મા જ્ઞાનાત્" આ સ્થળમાં અવ્યાપ્તિ આવી હતી તેને દૂર કરવા માટે વિશેષ વ્યાપ્તિનો સ્વીકાર કર્યો છે.

- આ વિશેષવ્યાપ્તિ શું છે ?

- આત્મત્વત્વેતર ધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવાધિકરણ નિરુપિત વૃત્તિત્વાભાવો વ્યાપ્તિઃ

અહીં આત્મત્વ કોઈપણ ધર્મથી અવચ્છિન્ન ન હોવાથી આત્મત્વત્વ થી ઈતરધર્મથી અનવચ્છિન્ન સ્વતઃ થઈ જ જશે.

આથી આ અભાવ - આત્મત્વાભાવ, તેનું અધિકરણ - ગુણાદિ, તન્નિરુપિત વૃત્તિતા - ગુણત્વમાં, વૃત્તિત્વાભાવ - જ્ઞાનમાં જવાથી કોઈ દોષ નહીં આવે. આથી વિશેષ વ્યાપ્તિનો જ સ્વીકાર કરવો એ યત્તુકારનો મત છે.

આ પ્રમાણે વ્યાપ્તિપંચકની પ્રથમ વ્યાપ્તિ ઉપર શશીશીલા નામની ટીકા પૂર્ણ થઈ.

મૃગશીર્ષ શુક્લા સપ્તમી
ગુરુદેવનો 74મો જન્મદિન
વિમોચન દિન

# अनेकांत दर्शननी समुद्ररुपता

उदधाविव सर्व सिन्धवः ।
समुदीर्णास्त्वयि सर्वदृष्टयः ।।
न च तासु भवानुदीक्ष्यते ।
प्रविभक्तासु सरित्स्विवोदधिः ।।

જેમ નદીઓનો સમસ્ત સમુદાય
મહાસાગરમાં લીન બને છે.
પરંતુ ભિન્ન ભિન્ન નદીમાં
મહાસાગર દેખાતો નથી.
તેમ સર્વ દર્શનરૂપી નદીઓ
સ્યાદ્વાદમય જૈન દર્શનના
મહાસાગરમાં સમાઈ જાય છે,
પરંતુ
એકાંતવાદને પકડીને અલગ અલગ
રહેલતે તે દર્શનરૂપી નદીઓમાં
સ્યાદ્વાદ સ્વરૂપ મહાસાગર
દૃષ્ટિ ગોચર નથી થતો.

પ્રિન્ટીંગ:જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪